તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧ પેટા વિભાગ-સી ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી લક્ષ્મણ દુદાભાઈ મોઢવાડીયાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, ૨૨મી ઓકટોબર, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૨૭૯/૨૦૦૮.—નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદરનો એવો અભિપ્રાય છે. નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની તકરાર (૧) વન સંરક્ષકશ્રી, વન વિભાગ, પોરબંદર (૨) ફોરેસ્ટ ઓફીસરશ્રી, રાણાવાવ તથા તેના શ્રમયોગી શ્રી કરશન હીરાભાઈ માડ્ર, મુ. ટુકડા (મીયાણી), તા. જિ. પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કે.એચ./એસએચ/આઇ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની અનુસૂચિ-૨ની અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧ પેટા વિભાગ-સી ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી કરશન હીરાભાઈ માડ્રને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, ૨૨મી ઓકટોબર, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૨૮૦/૨૦૦૮.—નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદરનો એવો અભિપ્રાય છે. નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની તકરાર (૧) વન સંરક્ષકશ્રી, વન વિભાગ, પોરબંદર (૨) ફોરેસ્ટ ઓફીસરશ્રી, રાણાવાવ તથા તેના શ્રમયોગી શ્રી બાબુ દેવાભાઈ માગલીયા, મુ. સતાપર (ઢોરાવા), તા. કલ્યાણપુર જિ. જામનગર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કે.એચ./એસએચ/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની અનુસૂચિ-૨ની અનુસૂચિ-૩ ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજ્યના મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧ પેટા વિભાગ-સી ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી બાબુ દેવાભાઈ માગલીયાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, ૨૨મી ઓકટોબર, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૨૯૧/૨૦૦૮.—નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદરનો એવો અભિપ્રાય છે. નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની તકરાર (૧) વન સંરક્ષકશ્રી, વન વિભાગ, પોરબંદર (૨) ફોરેસ્ટ ઓફીસરશ્રી, રાણાવાવ તથા તેના શ્રમયોગી શ્રી ભેનીબેન હીરાભાઈ મારૂ, મુ. ટુકડા (મીયાણી), તા. જિ. પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કે.એચ./એસએચ/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની અનુસૂચિ-૨ની અનુસૂચિ-૩ ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧ પેટા વિભાગ-સી ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રીમતી ભેનીબેન હીરાભાઈ મારૂને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, ૨૨મી ઓકટોબર, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૨૮૨/૨૦૦૮.—નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદરનો એવો અભિપ્રાય છે. નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની તકરાર (૧) વન સંરક્ષકશ્રી, વન વિભાગ, પોરબંદર (૨) ફોરેસ્ટ ઓફીસરશ્રી, રાણાવાવ તથા તેના શ્રમયોગી શ્રીમતી ઢેલીબેન અરજણભાઈ ઓડેદરા, મુ. ટુકડા (મીયાણી), તા. જિ. પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કે.એચ./એસએચ/આઇ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની અનુસૂચિ-૨ની અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજ્યના મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧ પેટા વિભાગ-સી ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રીમતી ઢેલીબેન અરજણભાઈ ઓડેદરાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, ૨૨મી ઓકટોબર, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૨૮૩/૨૦૦૮.—નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદરનો એવો અભિપ્રાય છે. નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની તકરાર (૧) વન સંરક્ષકશ્રી, વન વિભાગ, પોરબંદર (૨) ફોરેસ્ટ ઓફીસરશ્રી, રાણાવાવ તથા તેના શ્રમયોગી શ્રીમતી ઉજ્જબેન હીરાભાઈ મારૂ, મુ. ટુકડા (મીયાણી), તા. જિ. પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કે.એચ./એસએચ/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની અનુસૂચિ-૨ની અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧ પેટા વિભાગ-સી ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રીમતી ઉજ્જબેન હીરાભાઈ મારૂને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, ૨૨મી ઓકટોબર, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૨૮૪/૨૦૦૮.—નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદરનો એવો અભિપ્રાય છે. નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની તકરાર (૧) વન સંરક્ષકશ્રી, વન વિભાગ, પોરબંદર (૨) ફોરેસ્ટ ઓફીસરશ્રી, રાણાવાવ તથા તેના શ્રમયોગી શ્રીમતી કારીબેન કાનાભાઈ સાદિયા, મુ. ટુકડા (મીયાણી), તા. જિ. પોરબંદર વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કે.એચ./એસએચ/આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની અનુસૂચિ-૨ની અનુસૂચિ-૩ ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧ પેટા વિભાગ-સી ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રીમતી કારીબેન કાનાભાઈ સાદિયાને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, ૨૨મી ઓકટોબર, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નં. કેએચ/એચએચએમસી/૬૩/૦૮/એજેપી/આડીઆર/૭૨/૦૮.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પરિક્ષેત્ર વન અધિકારીની કચેરી, મોડાસા અને તેના શ્રમયોગી શ્રી ખરાડી મણીલાલ સરૂભાઈ મુ. મોટી પંડોલી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ (૧) અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક : નં. કેએચ/એમએચ/૩૬૭/ આઈ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની પેટા-વિભાગ ૧ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા વિભાગ (૧) ની પેટા વિભાગ (સી) થી તારીખ ૫મી જુન, ૧૯૮૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/એમસી/૧૦૬૬૧/આઈ.ડી.સી./૭૦૯૫ થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ શ્રમ આયુક્ત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક : નં. કેએચ/એસ/૧૦૪૬/આઈડીએ-૨૦૭૭/સી-૩૭૦૧ (૧) ઝેડથી રચાયેલ કોર્ટ નં. ૧ ની બનેલી શ્રમ અદાલત, હિંમતનગરને સદરહુ તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ખરાડી મણીલાલ સરૂભાઈના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

હિંમતનગર, તારીખ ૨૩મી ઓકટોબર, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
મદદનીશ શ્રમ આયુક્ત,
હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

POSTAL REGISTRATION
No. VDR-E/14/2009-2011

The Gujarat Government Gazette
PUBLISHED BY AUTHORITY

Vol. XLX] THURSDAY, JANUARY. 15, 2009 / PAUSA 25, 1930 [No. 3

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૬/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, શ્રી રાજેશ જગન્નાથ ભાતેલીયા, રાજકોટ અને રાજકોટ નાગરીક સહકારી બેંક લી., રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના ડીસેમ્બર માસના ૨જા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૬

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ.

અપીલ (આઈ. સી.) નંબર ૧૦/૨૦૦૪

INDEX

શ્રી રાજેશભાઈ જગન્નાથ ભાતેલીયા,
C/o. ધ્રુવકુમાર સી. જોષી, એડવોકેટ,
૩૨૧, રોનક કોમર્શીયલ કોમ્પ્લેક્ષ,
ગોંડલ રોડ, રાજકોટ. — એપેલન્ટ (મુળ અરજદાર);

વિરૂધ્ધ

(૧) રાજકોટ નાગરિક સહકારી બેંક લી.,
એસ. વી. પી. બ્રાંચ, ગુંદાવાડી હોસ્પિટલ સામે,
કેનાલ રોડ, રાજકોટ.

(૨) રાજકોટ નાગરિક સહકારી બેંક લી.,
મુખ્ય શાખા, ઢેબરભાઈ રોડ, રાજકોટ. — રીસ્પોન્ડન્ટ (મુળ સામાવાળા).

બાબત : બી.આર.આઈ. એક્ટ ૧૯૪૬ની કલમ-૮૪ અન્વયેની અપીલનો ચુકાદો.

હાજર રહ્યા : એપેલન્ટ તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી ધ્રુવકુમાર સી. જોષી.
રીસ્પોન્ડન્ટ તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી જે. સી. દોશી.

ચુકાદો

(૧) હાલના એપેલન્ટ દ્વારા ઉપરોકત અપીલનું કામ દાખલ કરવાનું કારણ એ ઉપસ્થિત થયેલ છે કે, મજૂર અદાલત, રાજકોટ સમક્ષની બી.આઈ.આર. અરજી નંબર ૧૩/૯૪ના કામે મજુર અદાલત દ્વારા તારીખ ૨૪મી જુન, ૨૦૦૪ના રોજ આપેલ ચૂકાદાથી નારાજ થવાથી એપેલન્ટ દ્વારા હાલની અપીલ ફાઈલ કરેલ છે.

(૨) અપીલ મેમોમાં દર્શાવેલ બાબતોને ધ્યાને લેતાં મુખ્યત્વે એપેલન્ટ દ્વારા જણાવાયેલ છે કે, એપેલન્ટ રિસ્પોડન્ટને ત્યાં ૧૯૮૫થી કલાર્ક તરીકે સતત અને સળંગ ફરજો બજાવતાં હતાં. રિસ્પોડન્ટના પોતાના સ્થાયી હુકમો કાયમી કરવા બાબત અરજી નંબર ૧૩/૯૪ના કામે દાખલ કરેલ છે અને એપેલન્ટ ૧૯૮૫ થી ૧૯૯૪ સુધી સતત અને સળંગ નોકરીની ફરજો એકધારી બજાવેલ છે અને તે દરમિયાન રિસ્પોડન્ટ તરફથી કોઈ મેમો કે ઠપકો મળેલ નથી. અપીલના કારણોમાં મુખ્યત્વે એપેલન્ટની રજુઆતોને ધ્યાને લેવામાં આવે તો, એપેલન્ટે જણાવેલ છે કે, એપેલન્ટ ૨૪૦ દિવસથી વધારે ફરજો બજાવેલ છે અને તે અંગેનો રેકર્ડ આંક-૨૩/૪૮ થી ૨૩/૪૯ મુજબ રજુ થયેલ છે અને જેને પાકા આંક પડેલ હોવા છતાં અરજદારે ૨૪૦ દિવસ ફરજ બજાવેલ છે તેમ છતાં મજુર અદાલતે ૨૪૦ દિવસની ફરજો બાબતે પુરવાર કરી શકેલ નથી તેવું તારણ કાઢેલ છે જે બિનપાયાદાર અને રદ થવાને પાત્ર છે. આમ મજુર અદાલતે રેકર્ડને ધ્યાને લીધેલ નથી અને કાયદાની આ હકીકત ભુલભરેલી [illegible] અદાલતનો ચુકાદો રદ થવાને પાત્ર છે. વધુ કારણોમાં એવો પણ ઉલ્લેખ છે કે

વિનંતી પત્ર બાબતે રિસ્પોડન્ટના સાક્ષી શ્રી બકુલભાઈ દોશીએ જણાવેલ કે, ૧૯૯૪ના ઈનવર્ડ રજિસ્ટરમાં એપ્રોચ લેટર આવ્યો હોય તો તે બાબતે ૧૯૯૪નું ઈનવર્ડ રજિસ્ટર રજુ કરશે અને તે સોગંદ ઉપર જણાવેલ હોવા છતાં રિસ્પોડન્ટે રજુ ન કરતાં લોઅર કોર્ટે એપ્રોચ લેટર સમયમર્યાદા બહાર આપેલ છે. તે તારણ કાયદાથી વિરૂદ્ધ અનુમાન કરેલ છે. વધુમાં એવો પણ ઉલ્લેખ છે કે, વિનંતી પત્ર આપેલ છે તેવું મજુર અદાલતે કબુલ કરેલ છે પરંતુ સમયમર્યાદા બહારના મજુર અદાલતના તારણ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. વધુમાં અપીલના કામે દર્શાવેલ છે કે રિસ્પોડન્ટ બેંકમાં એપેલન્ટે ૧૯૮૫થી કેજ્યુઅલ વર્કર તરીકે કામ કરતાં હતા અને તેઓનો પગાર વાઉચર ઉપર ચુકવાતો હતો કે જેની ઝેરોક્ષ નકલ આંક-૨૩ના ડી લીસ્ટથી રજુ કરેલ છે અને સને ૧૯૮૮ પછીના સંસ્થાના સાક્ષીએ વાઉચરો રજુ કરવા જણાવેલ હોવા છતાં તેઓએ રજુ કરેલ નથી. આમ ૨૪૦ દિવસની હાજરી પુરવાર થઈ જતી હોઈ મજુર અદાલતનું તારણ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી છે. વધુમાં એપેલન્ટની હાજરી અંગેના રિસ્પોડન્ટે કોઈ સ્ટેટમેન્ટ રજુ કરેલ નથી તેમજ એપેલન્ટના મધરનું પેન્શન બેંકમાં જમા થતું હતું તે અંગેના દસ્તાવેજ આંક-૨૩/૨૧ થી ૨૩/૩૦ દસ્તાવેજ રજુ કરેલ છે. તેમજ સંસ્થાના સાક્ષી શ્રી બકુલભાઈ દોશીએ વાઉચર રજુ કરવાનું સોગંદ ઉપર જણાવવા છતાં જાણીબુઝીને રજુ કરેલ નથી. તેમજ શ્રી દોશીએ જુબાનીને આધારે અલગથી સંબંધિત આંક-૩૧ બાબત કોઈ સોગંદનામું આપેલ નથી વધુમાં વિનંતી પત્ર બાબતે અપીલ મેમોમાં રજુઆત છે કે, નામદાર મજુર અદાલતે એવું જણાવેલ છે કે એપેલન્ટ એપ્રોચ લેટર ૧૯૯૨માં આપેલ છે આમ મુખ્યત્વે ઉપરોકત પ્રકારે અપીલ મેમો રજુ કરી મજુર અદાલતે એપેલન્ટ સંસ્થાના જુનિયર તેજસભાઈ ગોહિલનો વિવાદ એપેલન્ટ જેવો જ હતો અને તેઓને નોકરીમાં પુનઃસ્થાપિત કરી કાયમી કરી દીધેલ છે જે હકીકત બેંકના સાક્ષીએ જુબાનીમાં આક-૩૧થી જણાવેલ છે તેથી બેંકે આઈ.ડી. ૧૯૪૭ની કલમ-૨૫-જી અને કલમ-૨૫-એચનો પણ ભંગ કરેલ છે. વધુમાં એપેલન્ટે અપીલ ૫ થી ૬ દિવસ મોડી દાખલ કરેલ છે જે અંગેના કારણોમાં એપેલન્ટના પત્રનો અકસ્માત થયેલ હોવાથી અને ચિંતા તેમજ દોડાદોડીમાં હોવાથી ૫ થી ૬ દિવસ અપીલ મોડી દાખલ કરેલ છે. આમ આ પ્રકારે અપીલ મેમોમાં રજુઆત કરી દાદ માગેલ છે કે મજુર અદાલત ૧૩/૯૪માં તારીખ ૨૪મી જુન, ૨૦૦૪ના રોજ આપેલ ચૂકાદો સેટેસાઈટ કરવા વિનંતી કરેલ છે અને એપેલન્ટને બેંકમાં ૨૪૦ દિવસ થયા ત્યારથી લાગુ પડતા વહીવટી નિયમ મુજબ કામના લાભો આપવા અરજ કરેલ છે અને એપેલન્ટે અરજી નંબર ૧૩/૯૪ દાખલ કર્યા બાદ ઈરાદાપૂર્વક રિસ્પોડન્ટને કામ આપેલ ન હોઈ તેઓને કાયમી કરી અને કાયમીનો પગાર આપે તેવી પણ દાદ માગેલ છે. અપીલ મેમોની સાથે મજુર અદાલતે આપેલ ચૂકાદાની ટાઈપ નકલ રજુ કરેલ છે તેમજ વિલંબ માફ કરવાની અરજી પણ રજુ કરેલ છે.

(૩) હવે મુળ રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો મુળ અરજી ૧૩/૯૪ તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના રોજ મજુર અદાલતમાં દાખલ થયેલ છે જેમાં દર્શાવેલ કારણોને ધ્યાને લેતાં

INDEX

બેંકના સ્ટેન્ડીંગ ઓર્ડર લાગુ પડે છે જેની જોગવાઈ અનુસાર ડીસીપ્લીનની કાર્યવાહી કરવામાં આવે છે અને મુખ્યત્વે મુળ અરજીમાં અરજદાર તેમની નોકરી અને તેના હોદા અંગેની વિગતો દર્શાવી સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ લાંબા સમય સુધી રોજમદાર રાખી શકાતા નથી અને વધુમાં વધુ છ માસ બાદ કાયમી નિમણુંક આપવા સ્થાયી હુકમમાં જોગવાઈ છે અને તેઓને કાયમી કરવામાં ન આવતાં બ્રાંચ મેનેજર શ્રુ બી.આર.આઈ. એકટ હેઠળ વિનંતી પત્ર આપેલ છે જે એનેક્ષર-એ થી ટી માં રજુ કરેલ છે અને મુળ અરજીમાં બેંકનું રોજમદાર રાખવાનું પગલું ગેરકાયદેસર ઠરાવવા અને અરજદારને કાયમી કરી તમામ લાભો ચુકવી આપવા હુકમ કરવા વિનંતી કરેલ છે તેમજ અન્ય દાદ માગેલ છે. મુળ કામે બેંકના જવાબને ધ્યાને લેતાં અદાલતને મુળ અરજી ચલાવવાની હકુમત બાબતે રજુઆત થયેલ છે તેમજ વિનંતી પત્ર અરજી દાખલ કરતાં અગાઉ આપેલ ન હોવાની રજુઆત કરી અને તે આપેલ ન હોવાથી અરજી મેઈન્ટેબલ નથી તેમજ બેંકને પોતાના પ્રમાણિત સ્ટેન્ડીંગ ઓર્ડર છે જયારે મુખ્યત્વે જવાબમાં રજુઆત છે કે કાયમી કર્મચારીની ગેરહાજરીમાં વધારાના કામને પહોંચી વળવા થોડા દિવસ પુરતી કેજયુઅલ એટલે કે પરચુરણ કર્મચારી તરીકે અરજદારને રાખેલ હતાં. જેથી નોકરીમાં તેમનો કોઈ હક્ક કે લિયન બનતું નથી વધુમાં કાયમી કરવા સંબંધે જવાબમાં રજુઆત છે કે સામાવાળા સંસ્થામાં કાયમી કરવા સંબંધમાં નિયમ છે અને તેની જરૂરી લાયકાત નક્કી કરેલ છે જેમાં ભરતી કરવાની જાહેરાત સામાવાળા કરે ત્યારે ઉમેદવાર તેઓની લેખિત અરજી આપવી આવશ્યક છે અને પ્રમાણપત્રો સાથે કરવાની હોય છે અને ત્યારબાદ ઈન્ટરવ્યુ પરીક્ષા વગેરે પ્રક્રિયાબાદ ઉમેદવારોમાંથી પસંદગી મુજબ નિમણુંક કરવાનો ઠરાવ કરી ઉમેદવારોને જાહેર કરાય છે. વધુમાં જવાબમાં દર્શાવેલ બાબતને જોતાં નોકરીમાં કાયમી કરવાનો કોઈ એપ્રોચ લેટર જણાતો નથી બેંકના પોતાના સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડર છે જે આંક-૨૭થી રજુ કરેલ છે અને બંને પક્ષકારો તરફે ગુણદોષ પર રજુઆતો થયાનું જણાય આવે છે અને બંને પક્ષને સાંભળી મજુર અદાલતે તારીખ ૨૪મી જુન, ૨૦૦૪ના રોજ આખરી હુકમ પસાર કરેલ છે અને જે હુકમથી અરજદારની અરજી રદ કરેલ છે.

(૪) અત્રેની અદાલત સમક્ષ અપીલના કામે બંને પક્ષકારોએ લંબાણપૂર્વકની દલીલો કરેલ છે અને મુળ રેકર્ડ અને અપીલના કામે થયેલ લેખિત રજુઆતની વિગતો દોહરાવેલ છે. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં અત્રેની અદાલતે એ બાબત નક્કી કરવાની રહે છે કે, મજુર અદાલત દ્વારા મુળ કામે જે આખરી હુકમ પસાર કરાયેલ છે તે યોગ્ય કાયદેસર અને ન્યાયી છે કે કેમ ?

(૫) સૌ પ્રથમ અપીલ મેમોને ધ્યાને લેતાં અપીલ વિલંબથી ફાઈલ થવા બાબતમાં વિલંબ અરજી રજુ થયેલ છે જે સંબંધે વિચારણાં કરતાં અપીલ દાખલ કરવા બાબત મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬માં અપીલ સંબંધે કરેલ જોગવાઈને ધ્યાને લેવામાં આવે છે.

૮૪-અપીલ :(૧) કલમ-૮૩માં ગમે તે મજકૂર હોય છતાં, નીચેનાની સામે ઔદ્યોગિક કોર્ટને અપીલ થઈ શકશે.

INDEX

(એ) કલમ-૭૮ની પેટાકલમ-(૧)ના પરિચ્છેદના ખંડ (એ) અથવા (સી) નીચે આવતી કોઈ બાબતના સંબંધમાં લેબર કોર્ટે આપેલા નિર્ણયમાં કોઈ હડતાલ, (તાળાબંધી, કારખાનાબંધી અથવા કામબંધી) ગેરકાયદેસર હતી કે નહિ તે બાબતમાં જે કાંઈ નિર્ણય કર્યો હોય તે સિવાય, તે નિર્ણયના સામે, ભાગે સામે અથવા સદરહુ કલમની પેટાકલમ (૧)ના પરિચ્છેદ (સી) મુજબ તેવી કોર્ટના નિર્ણય સામે;

(બી) લેબર કોર્ટે દોષિત ઠરાવ્યાની સામે, દોષિત ઠરાવેલી વ્યક્તિ તરફથી;

(સી) ખાસ હકૂમત ચલાવીને લેબર કોર્ટે નિર્દોષ છોડાવી મૂકવાના ઠરાવ સામે, (રાજ્ય) સરકાર તરફથી;

(ડી) ખાસ હકૂમત ચલાવીને લેબર કોર્ટે કરેલી સજા વધારવા માટે (રાજ્ય) સરકાર તરફથી.

(૨) દરેક અપીલ, યથાપ્રસંગ નિર્ણય, દોષસિદ્ધિ, દોષમુક્તિ અથવા સજાની તારીખથી ત્રીસ દિવસની અંદર કરવી જોઈશે. પરંતુ ઔદ્યોગિક કોર્ટ સદરહુ મુદત પુરી થયા પછી પૂરતા કારણસર કોઈ અપીલ દાખલ કરી શકશે.

અપીલ દાખલ કરવા સંબંધે થયેલ વિલંબને માફ કરવાની હકુમત રહેલી છે. આ સંબંધમાં કાયદાની જોગવાઈ તેમજ કેસના રેકર્ડને ધ્યાને લેતાં એપેલન્ટ તરફે રજુ થયેલ વિલંબ અરજીને મંજુર કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય છે અને તેથી વિલંબ માફ અરજીને મંજુર કરી થયેલ વિલંબને ધ્યાને લઈ વિલંબ માફ કરવાનો હુકમ કરવામાં આવે છે અને મુળ અપીલ ગુણદોષ પર સાંભળવાનો નિર્ણય કરવામાં આવે છે.

(૬) હવે અપીલ મેમો સંબંધે ચર્ચા કરેલ તે તમામ બાબતોને ધ્યાને લેતાં તેમજ મજુર અદાલતે હુકમ પસાર કરેલ છે અને તેમાં નક્કી કરેલ મુદ્દા કે જેનો ઉલ્લેખ મજુર અદાલતના હુકમના પાના નંબર ૩ પર કરેલ છે. તે બાબતને ધ્યાને લેતાં વિવાદિત બાબત મુળ અરજીની એ છે કે અરજદારે મુળ અરજીમાં માંગેલ દાદ મુજબ તેમને નોકરીમાં કાયમી થવા હક્કદાર બને છે કેમ ? તે કાયમી થવા બાબતે અરજદારે જે વિવાદ મજુર અદાલત સમક્ષ ઉપસ્થિત કરેલ છે તે વિવાદ ઉપસ્થિત કરતાં અગાઉ બી. આર. આઈ. એક્ટની કલમ ૪૨ (૪) અન્વયે વિનંતી પત્ર આપવો જરૂરી છે કે કેમ ? તે મુદ્દાને ધ્યાને લેતાં મજુર અદાલતે તારણ કાઢેલ છે જે સંબંધમાં એટલે કે, વિનંતી પત્ર મુળ અરજી ફાઈલ કરતાં અગાઉ આપવા બાબતે મજુર અદાલતે જે તારણ કાઢેલ છે. તે તારણ કેસનું રેકર્ડ કરતાં યોગ્ય વ્યાજબી અને ન્યાયી જણાય છે કારણ કે મુળ અરજીમાં ઉપસ્થિત કરેલ વિવાદની બાબત તે બી. આઈ. આઈ. એક્ટની અનુસુચિ-૩ની આઈટમ-૬ પેટા આઈટમ-૧ મુજબની હોવાનું જણાય છે. અને

INDEX

બી. આર. આઈ. એકટની કલમ ૪૨ (૪) ની જોગવાઈને ધ્યાને લેતાં તે પ્રસ્થાપિત હકીકત છે કે, જો વિવાદ અનુસૂચિ-૩ મુજબનો હોય તો, સામાવાળા સંસ્થાને વિનંતી પત્ર આપવો જરૂરી છે. હવે આ સંબંધે મુળ કેસનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો એપેલન્ટ તરફે વિનંતી પત્ર આપ્યા સંબંધમાં તેની નકલ કે તે વિનંતી પત્ર સંસ્થાને મળ્યા સંબંધમાં તેનો પૂરાવો અદાલતમાં રેકર્ડમાં રજુ થયેલો જણાતો નથી. આમ જ્યારે અરજદાર મુળ અરજીનું કામ દાખલ કરતા પહેલા વિનંતી પત્ર આપવો જરૂરી છે. હવે આ સંબંધે મુળ કેસનું રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો એપેલન્ટ તરફે વિનંતી પત્ર આપ્યા સંબંધમાં તેની નકલ કે તે વિનંતી પત્ર સંસ્થાને મળ્યા સંબંધમાં તેનો પૂરાવો અદાલતના રેકર્ડમાં રજુ થયેલો જણાતો નથી. આમ જ્યારે અરજદાર મુળ અરજીનું કામ દાખલ કરતા પહેલા વિનંતી પત્ર આપેલ હોવાનું અને તે પૂરવાર કરેલ હોવાનું જણાતું ન હોય મજુર અદાલતે વિનંતી પત્રની બાબતે જે તારણ કાઢેલ છે તે કાયદેસર, વ્યાજબી અને ન્યાયી છે. વધુમાં વિનંતી પત્ર આપવાની જે જોગવાઈ છે તે વિનંતી પત્ર કામદાર દ્વારા આપવામાં આવેલ નથી અને ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વિનંતી પત્ર જો આપવામાં આવેલ હોય તો તેનો પૂરાવો રજુ કરી તે બાબત રેકર્ડ પર સાબિત કરવુ જરૂરી છે અને તે અંગેનો બોજ કામદારના શીરે રહેલ છે અને કલમ-૭૯ની જોગવાઈઓને ધ્યાને લેતાં વિનંતી પત્ર મળ્યાના ૩ મહિનાની અંદર તકરાર અદાલત સમક્ષ ઉપસ્થિત કરવી જોઈએ તે બાબતને પણ ચકાસતાં અરજદારની અરજી સમય મર્યાદામાં ન હોવાનું મજુર અદાલતનું તારણ માનવાને કારણ બને છે. વધુમાં આ તબક્કે અત્રેની અદાલતે અગાઉ ઉપરોક્ત ચર્ચા કરી તે સંબંધે કાયદાથી પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેવો જરૂરી હોય આ ચૂકાદામાં તેની ચર્ચા કરેલ છે. જેનાં નામદાર સુપ્રિમકોર્ટે મેસર્સ છોટાભાઈ જેઠાભાઈ પટેલ એન્ડ કું. વિરૂદ્ધ ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ મહારાષ્ટ્ર નાગપુર બેંચનો જે એ.આઈ. આર. ૧૯૭૨ સુપ્રિમકોર્ટ કેસીસ પાના નંબર ૧૨૬૮ પર પ્રસિદ્ધ થયેલ છે. તેમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને ધ્યાને લેતાં અદાલતે ઉપરોક્ત અગાઉ ચર્ચા કરી તે મુજબ બી. આઈ. આર. એકટની કલમ ૪૨ (૪)નું વિનંતી પત્ર જરૂરી છે. આમ ઉપરોક્ત તમામ બાબતોને જોતાં મજુર અદાલતે જે અરજદારની મુળ અરજી સંબંધે વિનંતી પત્ર બાબત જે તારણ કાઢેલ છે. તે તારણ સાથે ઉપરોક્ત ચર્ચા મુજબ આ અદાલત મજુર અદાલતના તારણ સાથે સંમત થાય છે. આમ ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં જ્યારે મુળ અરજદાર દ્વારા કાયદાથી પ્રસ્થાપિત જોગવાઈઓનું પાલન ન કરવામાં આવેલ હોય તે સંજોગોમાં સંબંધિત અરજદારે ઉપસ્થિત કરાયેલ મુળ અરજી ટકી શકે તેમ ના હોય અને તે કારણે મજુર અદાલતે અરજી દર કરવાનું કાઢેલ તે તારણમાં હસ્તક્ષેપ કરવાનું યોગ્ય જણાતું નથી. વધુમાં મજુર અદાલતે જે ૨૪૦ દિવસની કામગીરી બાબતમાં વિવરણ કરેલ છે. તે મુદ્દા સંબંધમાં ઉપરોક્ત વિનંતી પત્ર સંબંધે ચર્ચા કરેલ મુદ્દાને ધ્યાને લેતાં તે મુદ્દા સંબંધે અદાલત હવે વિચારણા કરવા પાત્ર રહેતી નથી. આમ મજુર અદાલતના આખરી હુકમમાં કોઈપણ હસ્તક્ષેપ ન કરતા મજુર અદાલતે તા. ૨૪-૬-૨૦૦૪ના રોજ પસાર કરેલ આખરી હુકમ યોગ્ય, કાયદેસર અને ન્યાયી હોવાનું આ અદાદલ ઠેરવે છે અને નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

INDEX

હુકમ

(૧) મજુર અદાલત, રાજકોટે તા. ૨૪-૬-૨૦૦૪ના રોજ પસાર કેરલ હુકમને કાયદેસર, યોગ્ય અને ન્યાયી ઠરાવવામાં આવે છે. અને અરજદાર તરફે ઉપસ્થિત કરેલ અપીલ આઈ. સી. નંબર ૧૦/૦૪ માંગેલ કોઈપણ દાદ મેળવવાપાત્ર થતા ન હોઈ તેઓની અપીલ નામંજુર કરી રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૨૦૦૮.

અશ્વિન. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ.

રાજકોટ, તા. ૨જી ડીસેમ્બર, ૨૦૦૮.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૭/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, અમરસિંહજી મીલ્સ પ્રો. કોરસ (ઈ) લી., વાંકાનેર અને (૧) મંત્રીશ્રી ટેક્ષટાઈલ લેબર યુનિયન વાંકાનેર (૨) શ્રી મોહનસિંહજી ડી. રાજપુતની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના ડીસેમ્બર માસના ૨જા દિને આથી નોંધ કરૂ છું.

INDEX

આંક-૧૧

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ.

અપીલ (આઈ. સી.) ૨/૨૦૦૭ (ઈન બી.આઈ. આર. અરજી નં. ૧૧/૯૪)

(૧) અમરસિંહજી મીલ્સ પ્રો. કોરસ (ઈન્ડીયા) લી. અરજદાર ;
ઠે. મીલ પ્લોટ, મુ. વાંકાનેર

વિરૂધ્ધ

મંત્રીશ્રી, સામાવાળા.
ટેક્ષટાઈલ લેબર યુનિયન,
ઠે. મીલ પ્લોટ, વાંકાનેર.

અપીલ (આઈ. સી.) ૩/૨૦૦૭ (ઈન બી.આઈ. આર. અરજી નં. ૧૧/૯૪)

(૧) શ્રી મોહનસિંહજી ડી. રાજપૂત. અરજદાર ;

વિરૂધ્ધ

અમરસિંહજી મીલ્સ પ્રો. કોરસ (ઈન્ડીયા) લી., સામાવાળા.
ઠે. સ્ટેશન રોડ, મુ. વાંકાનેર.

બાબત :- મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૮૪ અન્વયેની અપીલનો ચૂકાદો સંયુક્ત

હાજર રહ્યા : કામદાર તરફે વિદ્વાન એડવોકેટ શ્રી ભૂષણભાઈ વચ્છરાજાની
સંસ્થા તરફે વિદ્વાન એડવોકેટ શ્રી એ. એસ. ગોગીયા

ચુકાદો

(૧) મજુર અદાલત રાજકોટ દ્વારા મુળ બી. આર. આઈ. અરજી નંબર ૧૧/૯૪ના કામે તા. ૧૮-૧૨-૨૦૦૬ના રોજ આપેલ આખરી હુકમથી નારાજ થઈ પક્ષકારો દ્વારા ઉપરોક્ત નંબરની અપીલ અદાલત સમક્ષ દાખલ થયેલ છે. આ ચૂકાદામાં હવે પછીથી શ્રી મોહનસિંહજી ડી. રાજપૂતને કામદાર તરીકે ઉલ્લેખ કરવામાં આવશે અને શ્રી અમરસિંહજી મીલ્સ પ્રો. (કોરસ) ઈન્ડીયા લી. ને સંસ્થા તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. ઉપરોક્ત કામમાં બંને પક્ષકારો એક જ હોઈ અને બંને પક્ષકારોના વકીલો પણ એકજ હોવાથી બંને અપીલનો આ સંયુક્ત ચૂકાદો આપવામાં આવે છે.

INDEX

(૨) બંને પક્ષકારોની અપીલોમાં દર્શા□વેલી બાબતનો અભ્યાસ કરતાં સૌ પ્રથમ સંસ્થાની અપીલ નંબર ૨/૨૦૦૭ ને ધ્યાને લેતાં તેઓની મુખ્યત્વે રજુઆત એ છે કે, કામદારને આપેલ સૂચનાનું પાલન ન કરતાં એપોઈમેન્ટ લેટરની શરત નંબર ૧૩ ધ્યાને લઈ કામદારે ડીશઓબીડીયન્સ કરેલ કારણને ધ્યાને લઈ તેઓને નોકરીમાંથી છુટા કરેલા જેથી મજુર અદાલત જે અરજદાર કામદારને છૂટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ અને રૂા. ૨૫,૦૦૦/-નું વળતર ચુકવવાનો જે હુકમ કરેલ તે ભુલભરેલ અને ગેરકાયદેસરનો છે તેવી તકરાર ઉપસ્થિત કરી તેઓની અપીલને માન્ય રાખવા અને તેઓની તરફેણમાં દાદ આપવા અરજી કરાયેલ છે.

(૩) કામદાર તરફની અપીલ નંબર ૩/૨૦૦૭ ને ધ્યાને લેવામાં આવે તો મુખ્યત્વે તેઓને ગેરકાયદેસરરીતે સામાવાળા સંસ્થાએ છુટા કરેલા છે તેવું મજુર અદાલતે ઠરાવેલ હોવા છતાં પુનઃ સ્થાપિત ન કરતાં માત્ર રૂા. ૨૫,૦૦૦/- ચૂકવવાનો હુકમ કરેલ છે તે ગેરવ્યાજબી અને અન્યાયકર્તા છે અને વધુમાં તેઓને છુટા કરતાં પહેલા કોઈ ચાર્જશીટ આપેલ નથી કે ખાતાકીય તપાસ કરેલ નથી. તેમજ સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ જો ગેરવર્તણુંક સબબ છુટા કરવામાં આવેલ હોય તો, ખાતાકીય તપાસ આવશ્યક છે. અને મજુર અદાલતે જ પુનઃસ્થાપનનો હુકમ કરવો જોઈએ પરંતુ તેમ ન કરેલ હોઈ કાયદાકીય ભુલ કરેલ છે અને તે લેબર કોર્ટનો હુકમ મોડીફાઈ થવા પાત્ર છે. વધુમાં એ□વી પણ રજુઆત છે કે, એક ખાતુ બંધ થવાથી તેમના પુનઃસ્થાપન પર તરાપ ન મારી શકાય અને તેથી લેબર કોર્ટનો હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી છે. આમ મજુર અદાલતના ચૂકાદાને પડકારી તેઓએ ઉપસ્થિત કરેલ અપીલમાં દાદ માંગેલ છે અને તેઓને સંસ્થામાં સળંગ નોકરીએ પડેલ રોજ ભરપાઈ કરી પુનઃસ્થાપિત કરવા અરજી કરેલ છે.

(૪) બંને અપીલોના કામે બંને પક્ષકારોના પ્રતિનિધિઓએ લંબાણપૂર્વકની દલીલ કરેલ છે અને તેમાં તેઓની લેખિત રજૂઆતોને વિગતે દોહરાવી વળગી રહ્યા છે, આમ પક્ષકારોની તમામ રજૂઆતોને ધ્યાને લેતાં અત્રેની અદાલતે એ બાબતનો નિર્ણય કરવાનો રહે છે કે, મજુર અદાલત દ્વારા તા. ૧૮-૧૨-૨૦૦૬ના રોજ આપેલ ચૂકાદો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? આ સંબંધમાં મજુર અદાલતના ચૂકાદાને ધ્યાને લેવામાં આવે તો, મજુર અદાલતે ઠરાવેલ છે કે કામદારને નોકરીમાંથી છુટા કરવાનું કારણ તેઓને ક્વાર્ટર ખાલી કરી આપવાની સુચના આપેલ હોવા છતાં અને તેનું પાલન ન કરવાથી છૂટા કરવામાં આવેલ હોવાનું ઠરાવેલ છે અને તે સંબંધમાં કામદારને સામાવાળાએ કોઈ તક આપેલ નથી તેવું પણ ઠરાવેલ છે. પરંતુ તે કૃત્ય ગેરવર્તણૂંક છે તેવું સાબિત થતું નથી અને મુંબઈ ઔદ્યોગિક ધારાના સ્થાયી હુકમને ધ્યાને લઈ અરજદારને મોકલવાની નોટીસ મોકલેલ નથી તેમ ઠરાવી નોકરીની સમાપ્તિના હુકમને ગેરકાયદેસરનો ઠરાવેલ છે અને એક માસના નોટીસ કે નોટીસ પગારનું પાલન ન કરેલ હોઈ છટણી ગેરકાયદેસર ઠરાવેલ છે અને મીલ્સ કંપની દ્વારા નામદાર હાઈકોર્ટમાં થયેલ સમાધાનની બાબતને ધ્યાને લઈ અને કામદાર જે

INDEX

કામ કરતાં હતા તે જગ્યા નાબૂદ થવાનું ધ્યાને લી પુનઃસ્થાપનનો હુકમ ન કરતાં વળતર પેટે રૂા. ૨૫૦૦૦/-નો હુકમ કરેલ છે હવે હાથ ઉપરના કેસના રેકર્ડને ધ્યાને લેતાં એ નિર્વિવાદ છે કે, કામદારને ક્વાર્ટર ખાલી કરવાની સૂચના આપવા છતાં તેઓ દ્વારા ક્વાર્ટર ખાલી ન કરાતાં તેઓને છુટા કર્યાનો આદેશ કરાયાનું પ્રસ્થાપિત થાય છે.

(૫) હવે આ બાબતને ધ્યાને લેવામાં આવે તો, છુટા કરવાનો હુકમ કરવા પાછળનો સંસ્થાનો ઉદેશ તેઓએ આપેલ સુચનાની અ□વજ્ઞા કરવાનો હોવાનું સામાવાળા સંસ્થાની રજુઆત છે. આ બાબતોને ધ્યાને લેવામાં આ□વે તો જો ઉપરી અધિકારીના કાયદેસરના અને વ્યાજબી હુકમની અ□વજ્ઞા કરવામાં આવી હોય ત્યારે તે પગલું ચોક્કસપણે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની હેઠળ ધડેલા નમૂનારૂપ સ્થાયી હુકમને ધ્યાને લેતાં ગેરવર્તણૂંક હોવાનું ગણી શકાય. હવે જ્યારે ગેરવર્તણૂંક કામદાર પક્ષે થાય ત્યારે તે ગેરવર્તણૂંક સંબંધે કામદારને બચાવની અને ખુલાસો કરવાની તક કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ આપવી જરૂરી બને છે જે હાથ ઉપરના કેસનો અભ્યાસ કરતાં આવી તક અરજદારને બચાવ અને રજુઆત કરવાની આપવામાં આવેલ નથી. આમ જો ગેરવર્તણૂંક સંબંધમાં બચાવ અને રજુઆત કરવાની તક આપવામાં આ□વ્યા સિવાય છૂટા કરવાનું પગલું ભરવામાં આવતા તે પગલુ ચોક્કસપણે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી ઠરાવી શકાય.

(૬) સંસ્થાની રજુઆતો અને દલીલો મુજબ એક સમય માટે એમ માની લેવામાં આવે કે સંસ્થાએ કામદારને આપેલ નિમણૂંક પત્રની શરત મુજબ છટણી કરેલ છે તો પણ કાયદાની જોગવાઈઓ મુજબ છટણી સમયે નોટીસ કે નોટીસ પગાર અને વળતર આપવુ જરૂરી બને છે. હાથ ઉપરના કેસમાં કામદારને છુટા કરતાં સમયે સંસ્થાએ કોઈ છુટા કરવા સંબંધેની નોટીસ કે નોટીસ પગાર કે છટણી વળતર આપેલ હોવાનું પણ જણાય આવતુ નથી અને આ સંજોગોમાં પણ સંસ્થાનું કામદારને છુટા કર્યાનું પગલું ગેરકાયદેસરનું, ગેરવ્યાજબી અને અન્યાયી બને છે. આ મજુર અદાલતે જે કામદારને છૂટા કરેલ પગલાને ગેરકાયદેસરનું ઠેરવેલ છે તે બાબત આ અદાલતના ઉપરોક્ત તારણોને ધ્યાને લેતાં મજુર અદાલતના તે નિર્ણય સાથે સંમત થાય છે પરંતુ મજુર અદાલતે જે આખરી હુકમમાં વળતર પેટે જે રૂા. ૨૫,૦૦૦/-નો હુકમ કરેલ છે તે હુકમ સંબંધમાં હસ્તક્ષેપ કરવાપાત્ર કારણ જણાય છે કારણ કે મજુર અદાલતે આંક-૩૫ના દસ્તાવેજને ધ્યાને લઈ અરજદારની પોસ્ટ નાબુદ થઈ ગયાનું ઠરાવી રૂા. ૨૫,૦૦૦/-નુ વળતર ચુકવવાનો હુકમ કરેલ છે આ સંબંધમાં મુળ રેકર્ડમાં રજુ થયેલાં આંક-૩૫ના લીસ્ટના દસ્તાવેજોને ધ્યાને લેતા જણાય છે કે મીલ્સ કંપનીએ પ્રોસેસીંગ તેમજ તેઓને સંલગ્ન ખાતાઓ બંધ કરવાના કારણે તે ખાતાઓની જગ્યાઓના કામદારોને છુટા કરવાનું નક્કી કરાયેલ હોવાનું જણાય છે અને તેને આંક-૩૫/૭માં દર્શાવેલ શરત મુજબના હક્ક સંસ્થાએ ચુકવી આપવા તેનું સમાધાન નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કર્યાનું માલુમ [illegible] જોગવાઈને ધ્યાને લેવામાં આ□વે તો તા. ૨૧-૬-૨૦૦૦ સુધીના સમયનો

INDEX

ઉલ્લેખ કરી ત્યાં સુધી મળવાપાત્ર થતા હક્કો સમાધાનમાં દર્શાવેલ શરતો મુજબ અસર થતાં કામદારને ચૂકવી આપવાનો ઉલ્લેખ હોવાનું જણાય આવે છે. હવે હાથ ઉપરના કેસોમાં અગાઉ ચર્ચા કરી તે મુજબ જે કામદારને છૂટા કરેલા તે પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી ઠરાવેલ છે તો કામદાર તા. ૭-૫-૯૪ બાદથી તેની નોકરી ઉપર સળંગ નોકરી સાથે પુનઃસ્થાપનનો લાભ મેળવવા હક્કદાર બને છે. હવે અગાઉ ચર્ચા કરી તે મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલ સમાધાનને ધ્યાને લેતાં માનવામાં આવે કે, અરજદાર જે કામગીરી કરતાં હતાં તે કામગીરી બંધ થઈ ગયેલ છે અને તે જગ્યા નાબૂદ થઈ ગયેલ છે તો પણ એવા સંજોગોમાં અરજદાર તા. ૭-૫-૯૪થી તા. ૨૧-૬-૨૦૦૦ સુધીના સમય દરમિયાનના પગારના લાભો જો તેઓ નોકરી ઉપર હોત તો પૂરેપૂરા મેળવી શક્યા હોત તેમ માનવાને કારણ રહે છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના સમાધાન મુજબ થતાં લાભ તેઓને મળવાપાત્ર થાય. હવે હાથ ઉપરના કેસમાં ઉપરોક્ત કરેલ તમામ ચર્ચાને ધ્યાને લેતાં તેમજ તા. ૭-૫-૯૪ થી તા. ૨૧-૬-૨૦૦૦ના ગાળા દરમિયાન તેઓ તેમની કાયદેસરની નોકરીથી વંચિત રહ્યાનું પ્રસ્થાપિત થાય છે તે બાબતને ધ્યાને લેતાં અને પડેલ રોજ બાબતમાં નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા જે પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત છે તેને ધ્યાને લેતાં એટલે કે, નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા જનરલ મેનેજર હરિયાણા રોડવેઝ વિરૂદ્ધ રૂગનાથ સીંગના કેસમાં આપેલ ચૂકાદો જે ચૂકાદો ૨૦૦૫ એસએસસી (સુપ્રિમકોર્ટ કેસીસ) લેબર એન્ડ સર્વીસ પાના નંબર ૭૧૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે. જે ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને ધ્યાને લેતાં તેમાં દર્શાવાયેલ છે કે, પડેલા દિવસના પગાર પેટ જ્યારે કોઈ દાદ કે રાહત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે અદાલતે અલગ અલગ ફેક્ટરને ધ્યાને લેવું જોઈએ તેવું પ્રસ્થાપિત થયેલ છે અને તેમાં કામગીરી, નોકરીનો પ્રકાર, તેમનો હોદો, તેમની શૈક્ષણિક લાયકાત, નોકરી અંગેની વૈકલ્પિક ઉપલબ્ધિ વગેરે તમામ ફેક્ટરને ચકાસીને પડેલા દિવસના પગાર બાબતે નિર્ણય કરવો જોઈએ તેવું ઉપરોક્ત ચુકાદાથી પ્રસ્થાપિત થયેલ છે. તેને ધ્યાને લેતાં તેમજ અરજદાર કામદારની શૈક્ષણિક લાયકાત, તેમના કામનો પ્રકાર, તેમની નોકરીની વૈકલ્પિક ઉપલબ્ધિ અને આંક ૧૯માં આપેલ પૂરાવાને જોતાં કામદારને તા. ૭-૫-૯૪ થી તા. ૨૧-૬-૨૦૦૦ના સમય દરમિયાન થતાં પગાર અને લાભોની રકમના ૫૦ (પચ્ચાસ) ટકા લાભ ચૂકવવાનો હુકમ કરવામાં આવે તો તે હાથ ઉપરના કેસમાં યોગ્ય, વ્યાજબી અને ન્યાયી હુકમ થયાનું ગણાશે તેમજ સંસ્થાએ જે રજૂઆત કરેલ છે કે મીલ્સ કંપનીમાં કામદાર જે કામ કરતાં હતા તે જગ્યા નાબૂદ થઈ ગયેલ હોય નાબૂદ થઈ ગયેલ જગ્યાના કામદારને લાભ આપવાનું જે સમાધાનથી નક્કી થયેલ છે તે તમામ હક્ક અને લાભો અરજદાર પણ મેળવવાને પાત્ર ઠરે છે તેવો હુકમ કરવામાં આવે તો હાથ ઉપરના કેસોમાં તમામ સંજોગોને ધ્યાને લેતાં યોગ્ય, કાયદેસર, ન્યાયી અને વ્યાજબી હુકમ થયાનું ગણાશે. આમ ઉપરોક્ત ચર્ચા કરેલ તમામ બાબતને ધ્યાને લેતાં અદાલત નીચે મુજબ આખરી હુકમ પસાર કરે છે.

INDEX

હુકમ

(૧) સંસ્થાની અપીલ આઈ.સી. ૨/૨૦૦૭ નામંજૂર કરવામાં આવે છે. કામદારની અપીલ આઈ.સી. ૩/૨૦૦૭ અંશતઃ મંજુર કરવામાં આવે છે અને સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, કેસના સંજોગોને ધ્યાને લેતાં પુનઃ સ્થાપનનો મહુકમ કરવામાં આવતો નથી પરંતુ કામદાર શ્રી મોહનસિંહ ડી. રાજપૂતને તા. ૭-૫-૯૪ થી તા. ૨૧-૬-૨૦૦૦ના સમય દરમિયાનના મળવાપાત્ર થતાં તમામ પગાર અને લાભોની રકમના ૫૦ (પચ્ચાસ) ટકા મુજબ થતી રકમ ચુકવી આપવી તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ તા. ૧૮-૧૨-૨૦૦૦ના રોજનું કરેલ સમાધાનની શરતો મુજબ ચુકવવાપાત્ર થતાં તમામ લાભો અને હક્કોની રકમ કામદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચના રૂા. ૨૦૦૦/- કામદારને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮.

અશ્વિન. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલતસ
રાજકોટ.

રાજકોટ, તારીખ ૨જી ડિસેમ્બર, ૨૦૦૮.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૮/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ લી. રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના ડીસેમ્બર માસના ૨જા દિને આથી નોંધ કરૂ છું.

INDEX

આંક-૧૩

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ.

અપીલ (આઇ.સી), ૭/૨૦૦૪ (ઇન.બી.આઇ.આર. અરજી નં. ૭૧/૮૬ થી ૭૪/૮૬)

રાજકોટ ટેક્ષટાઇલ મીલ્સ લી., એપેલન્ટ;
રાજકોટ.

વિરૂધ્ધ

મીલ કામદાર મંડળ, રિસ્પોડન્ટ.
રાજકોટ મજુર મઢી, ભક્તિનગર સર્કલ,
રાજકોટ.

બાબત : ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળની અપીલ.

હાજર રહ્યા : એપેલન્ટ તરફે વિદ્વાન એડવોકેટ : શ્રી એ. એસ. ગોગીયા
રિસ્પોડન્ટ તરફે વિદ્વાન એડવોકેટ : શ્રી વિજયભાઈ ટીમ્બડીયા

ચુકાદો

૧. હાલની અપીલ રાજકોટ મજુર અદાલત દ્વારા બી.આઇ.આર અરજી નંબર ૭૧/૮૬ થી ૭૪/૮૬ના કામે આપેલ ચુકાદાથી નારાજ થવાથી એપેલન્ટ મીલ્સ કંપની દ્વારા હાલની અપીલ દાખલ કરાયેલ છે જેના કારણોને ધ્યાને લેવામાં આવે તો એપેલન્ટ દ્વારા રજુઆત થયેલ છે કે મજુર અદાલત સમક્ષની બી.આઇ.આર. અરજી નંબર ૭૧/૮૬ થી ૭૪/૮૬નો ચુકાદો તા. ૨૩-૪-૨૦૦૪ ના રોજ અપાયેલ છે જેનાથી નારાજ થવાથી હાલની અપીલ ઉપસ્થિત કરેલ છે તેના કારણોને ધ્યાનમાં લેવામાં આવે તો એપેલન્ટ મીલ્સ કંપનીએ રજુઆતમાં જણાવેલ છે કે મજુર અદાલત, રાજકોટના ન્યાયાધીશશ્રીએ અનુમાન દોરીને ચુકાદો આપેલ છે તેમજ મજુર અદાલતે કલમ ૨૨(એ) જે કામદાર વિરૂધ્ધ તેઓની કહેવાતી ગેરવર્તણૂંક માટે પાંચ દિવસથી વધારે નહી તેટલા સમય ચાલુ તપાસ દરમિયાન સસ્પેન્ડ કરી શકાશે અને જો તપાસના પરિણામે તે ગુનેગાર માલુમ પડે તો સસ્પેશનનો કામ વગર પગારની રજામાં ગણવામાં આવશે, તે સંબંધે રજુઆત કરી એપેલન્ટે રજુઆતમાં જણાવેલ છે કે પેન્ડીંગ ઇન્કવાયરી દરમિયાન સસ્પેશન પાંચ દિવસથી વધારે કરી શકાતા નથી અને પાંચ દિવસની અંદર ઇન્કવાયરી પુરી કરવી પડે અને સાથે પાંચ દિવસની અંદર ઇન્કવાયરી

INDEX

પુરી ના થાય તો કામ પર લેવા પડે. આ જોગવાઈને મજુર અદાલતે ધ્યાને ન લઈ બનાવ બન્યા બાદ ૧૪ માસ સુધી સંસ્થામાં કામ કરેલ છે તેવું તારણ મજુર અદાલતે કાઢેલ છે તે સંબંધી રજુઆતો અપીલ મેમોમાં દર્શાવેલ છે તેમજ ખાતાકીય તપાસની યોગ્યતા બાબતે તા. ૨૪-૮-૯૨ના રોજ હુકમ કરેલ છે તેમજ સંબંધિત કામદારને તારણની નકલ મળેલ હોવા સંબંધે અને તે સંબંધે કાર્યવાહી થયેલ હોવા છતાં મજુર અદાલતે ચૂકાદો હકીકતોને જોયા વગર મીકેનિકલ આપેલ છે. વધુમાં એવી પણ અપીલ મેમામાં રજુઆત છે કે, તમામ જજમેન્ટ સાઈટ કરેલ છે તે ડિસ્કશન કરવુ જોઈએ તેમ છતાં મજુર અદાલતે ૭૫ ટકા કામદારને બેક વેજીસ અપાવેલ છે બેક વેજીસ માટે જુબાની ન હોવા સંબંધમાં રજુઆત કરેલ છે તેમજ મજુર અદાલત, રાજકોટ દ્વારા તેઓના ચુકાદાના પાના નંબર ૬ના પેરા ૩ અને ૪ ના ઓબ્જર્વેશન સંબંધે નારાજગી વ્યક્ત કરેલ છે અને વધુ રજુઆતમાં હાથ ઉપરના મુળ કેસમાં અદાલતે એ જોવાનુ રહે છે કે ખરેખર સુપરવાઈઝરને માર મારેલ છે કે કેમ ? બીજો કોઇ પ્રશ્ન રહેતો નથી અને મીલ્સ કંપનીએ બરતરફીની જે સજા કરેલ છે તે બરાબર ઠરાવવા અપીલ કરેલ છે. વધુમાં એવી પણ રજુઆત છે કે ટેકનીશીયન દ્વારા આંક-૩૯ થી જનરલ મેનેજર, રાજકોટ ટેક્ષટાઈલને સુપરવાઈઝરની સલામતીની વ્યવસ્થા અંગે રજુઆત થયેલ છે. આમ છતાં મજુર અદાલત, રાજકોટે કામદારના ગુના સબબના સંજોગોને વધારે પડતા જુલ્મી ઠરાવેલ છે તે સંબંધમાં રજુઆત કરેલ છે અને મજુર અદાલતનો આ પ્રકારનો હુકમ ગેરકાયદેસરનો અને ગેરબંધારણીય છે તેમજ કામદારોના સ્ટેટસ સંબંધી રજુઆત કરી તેઓ મજુર અદાલતના હુકમ મુજબ કોઇપણ પ્રકારનો બેકવેજીસ મેળવવા હક્કદાર થતાં નથી. વધુમાં એવી પણ રજુઆત છે કે સંબંધિત કામદારોને ડીસ્ચાર્જ કર્યા ત્યારે તેઓને ચૂકવવાપાત્ર થતી ગ્રેજ્યુઈટી જે તે સમયે ચુકવી આપેલ છે જે તેઓએ સ્વીકારી પણ લીધેલ છે વધુમાં મીલ્સ બંધ થયા સંબંધમાં રજુઆતને દર્શાવી તેઓના વિધાનોને બાધ ન આવે તે રીતે બેક વેજીસ જો ચુકવવાનો હોય તો પણ તે મીલ્સ કંપની બંધ થઈ ત્યાં સુધીનો પગાર મળી શકે તેવા પ્રકારની રજુઆતોને દર્શાવી મજુર અદાલતના હુકમને ગેરકાયદેસરનો ઠરાવવા અને મજુર અદાલતના હુકમને રદ કરવા એપેલન્ટ મીલ્સ કંપની તરફે રજુઆતો થયેલ છે.

(૨) સામાવાળા મીલ કામદાર મંડળ તરફથી અપીલ મેમોના જવાબ અને વાંધા અપીલના કામે રજુ થયેલા છે જેને ધ્યાને લેતાં મુખ્યત્વે જણાવાયેલ છે કે એપેલન્ટની અપીલ મભમ સ્વરૂપની અને હકીકતો વિરૂધ્ધની અને કાયદાકીય જોગવાઇ વિરૂધ્ધની છે તેમજ એવી પણ રજુઆત થયેલ છે કે નામદાર એપેલેટ ઓથોરીટીની સત્તા મર્યાદા નામદાર ગુજરાત હાઇકોર્ટના એક ચૂકાદાથી નકકી થયેલ છે અને તે ચૂકાદાને ધ્યાને લેતાં એપેલન્ટની અપીલ રદ થવાપાત્ર બને છે વધુમાં મજુર અદાલતે પક્ષકારોની રજુઆતો અને પુરેપુરી તકો આપી પુરાવાઓ, દસ્તાવેજો અને પક્ષકારોની દલીલોને ધ્યાને લઇ વિવાદનો ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કરેલ છે તેથી પણ એપેલેન્ટની અપીલ ટકી શકે નહી તેવી રજુઆત કરેલ છે. વધુમાં મજુર અદાલતને જો સજા વધુ પ્રમાણમાં લાગે તો તેને રદ કરવાની સત્તાઓ રહેલી છે અને એવી

INDEX

પણ રજુઆત થયેલ છે કે એપેલેટ ઓથોરીટીએ રેકર્ડને ફરીવાર તપાસવાનો, અર્થઘટન કરવાનો કે પુનઃઅવલોકન કરવાની સત્તા નથી વધુમાં અપીલ મેમોમાં દર્શાવાયેલી બાબતોનો ઇન્કાર કર્યાનુ માલુમ પડે છે. વધુ રજુઆતમાં મજુર અદાલતે સંપૂર્ણ અભ્યાસ કરીને નિર્ણય કરેલ છે અને કામદાર સામેનો ગુનો નિઃશંક પુરવાર થાય તેવું રેકર્ડ પરથી મજુર અદાલતને ન જણાતાં જે તારણ આપેલ છે તે સંપૂર્ણપણે ન્યાયી અને વાજબી છે તેમજ કામદારોના ભૂતકાળના રેકર્ડ ગુન્હાહીત છે તેવુ કોઈ રેકર્ડ પર આવેલ નથી તેવી બાબતોનો જવાબમાં ઉલ્લેખ કરી મજુર અદાલતે જે હુકમ આપેલ છે તે કાયદેસરનો અને વ્યાજબી છે. વધુ રજુઆતમાં મીલ્સ કંપનીનું પ્રોડકશન તા. ૧-૧૨-૯૨ના રોજ પૂર્ણ થયા બાદ મીલ તારીખ ૬-૫-૨૦૦૨ના રોજ બંધ થયેલ છે તેવી રજુઆત કરવામાં આવેલ છે તેથી તારીખ ૧-૧૨-૯૨ના રોજ પ્રોડકશન બંધ એવા સંબંધે અને પગારની ચુકવણી સંબંધે મીલ્સ કંપનીની રજુઆતો ગેરમાર્ગે દોરનારી છે તેવી રજુઆતો કરેલ છે. આમ મુખ્યત્વે ઉપરોક્ત પ્રકારે તમામ રજુઆતો કરી મજુર અદાલતે જે છુટા કરવાના પગલાને ગેરકાયદેસર ઠેરવી રદ કરવાનો હુકમ કરેલ છે તે સંપૂર્ણપણે કાયદેસરનો, વ્યાજબી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતને અનુરૂપ છે અને એપેલન્ટની અપીલને ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે. આમ અપીલના કામે બંને પક્ષકારો તરફે ઉપરોક્ત દર્શાવ્યા મુજબની લેખિત રજુઆતો કરવામાં આવેલ છે.

(૩) હવે મજુર અદાલતના રેકર્ડને ટુંકમાં ધ્યાને લેવામાં આવે તો, માલુમ પડે છે કે મજુર અદાલત દ્વારા બી.આઈ.આર. અરજી નંબર ૭૧/૮૬ થી ૭૪/૮૬નો સંયુક્ત હુકમ કરવામાં આવેલ હોવાનું માલુમ પડે છે જેને જોતાં જણાય છે કે ઉપરોક્ત ચાર અલગ અલગ કામદારો સંબંધે ઉપસ્થિત થયેલ અલગ અલગ વિવાદનો સંયુક્ત ન્યાય નિર્ણય મજુર અદાલત દ્વારા કરવામાં આવેલ છે અને તે અંગેનો હુકમ બી. આઈ. આર. અરજી નંબર ૭૧/૮૬ના કામે આંક-૬૭થી રેકર્ડ ઉપર છે. હવે આંક-૭૧/૮૬ના રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો એપેલન્ટ અને રિસ્પોડન્ટ બંને તરફે મુળ કામે પુરેપુરી રજુઆતો થયેલ છે અને જે રજુઆતોમાં દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ થયાનું જણાય આવે છે અને મૌખિક પૂરાવાઓના અંતે મજુર અદાલતે આંક-૬૭થી ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય કર્યો છે. હવે મજુર અદાલત દ્વારા જે ન્યાય નિર્ણય થયેલ છે તે અંગેનો ચૂકાદો યોગ્ય, કાયદેસર, ન્યાયી અને વ્યાજબી છે કે કેમ ? તે અત્રેની અદાલતે જોવાનું રહે છે. પક્ષકારોની અપીલના કામે થયેલ રજુઆતો તેમજ મુળ કેસના રેકર્ડને ધ્યાને લેતાં માલુમ પડે છે કે સંબંધિત કામદારોને ગેરવર્તણૂંક સંબંધે મીલ્સ કંપની દ્વારા શો કોઝ નોટીસો આપી અને તે સંબંધે થતી કાયદેસરની કાર્યવાહી કરી તેને નોકરીમાંથી ડીસ્ચાર્જ કરવામાં આવેલા હોવાનુ જણાય આવે છે. કેસનું રેકર્ડ અને મજુર અદાલતના ચુકાદાને ધ્યાને લેતાં હાથ ઉપરના કેસમાં તે નિર્વિવાદ બાબત છે કે સંબંધિત કામદારો સામે કરવામાં આવેલી ખાતાકીય તપાસની કાર્યવાહીની કાયદેસરતાને આંક-૪૨ થી કબુલ રાખેલ છે અને તે સંબંધી તેઓની કોઈ તકરાર નથી પરંતુ કામદારો સામે તપાસની કાર્યવાહીના અંતે જે તારણો આપેલ છે તે તારણો અને કરવામાં સજા સંબંધની તકરારને ઉપસ્થિત

રાખ્યાનું જણાય આવે છે. આમ આ બાબતને જોતાં અદાલતે હવે જે જોવાનું છે તે એ છે કે કામદાર સામેના આક્ષેપો સંબંધે તપાસ અધિકારીએ જે તારણો આપેલ તે તારણો પડેલા પૂરાવાઓ આધારિતના આપેલ છે કે પડેલા પૂરાવાઓને ધ્યાને લીધા સિવાય આપેલ છે અને તે સંબંધે મજુર અદાલતે જે ફાઈન્ડીંગ્સ સંબંધી નિર્ણય કરેલ છે તે અને આખરી નિર્ણય આપેલ છે તે યોગ્ય, કાયદેસરનો, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? આ સંબંધે ચકાસણી કરતાં મુળ રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો મુળ રેકર્ડમાં તપાસ અધિકારીના તારણો ઉપલબ્ધ છે જેનો અભ્યાસ કરતાં એ પ્રસ્થાપિત હકીકત છે કે સંબંધિત કામદારો જેવાં કે હનુસીંગ કરશનભાઈ, કિરીટ હનુસીંગ, દિનેશ મહોબતસિંહ તથા કિશોર બચુભાઈ અને સુપરવાઈઝર ડી. કે. જાનીને તા. ૨૯/૪/૮૫ની આપેલ નોટીસોની સંયુક્ત ખાતાકીય તપાસ કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે અને તે તપાસ કાર્યવાહીમાં તમામે તમામ સંબંધકર્તા વ્યક્તિઓને રજુઆત કરવાની તક આપી તેઓની રજુઆતના અનુસંધાને તપાસ અધિકારી દ્વારા તારણ અપાયેલ હોવાનું સ્પષ્ટ માલુમ પડે છે. તપાસ અધિકારીના તારણો લંબાણપૂર્વક હોવાનું જણાય છે અને તેઓના તારણોમાં તપાસ કાર્યવાહીના રેકર્ડને લગતી તમામ બાબતોને ધ્યાને લીધેલ છે અને તેઓએ અંતે તારણ કાઢેલ છે કે સુપરવાઈઝર શ્રી ડી. કે. જાની સામેનો ગુનો એટલે કે તેઓની શોકોઝ નોટીસમાં જણાવ્યા પ્રમાણેનો ગુનો કર્યાનું સાબિત થતું નથી જ્યારે અન્ય કામદારો શ્રી હનુસીંગ કરશનભાઈ, કિરીટ હનુસીંગ, દિનેશ મહોબતસિંહ અને કિશોર બચુભાઈને આપેલ શોકોઝ નોટીસમાં દર્શાવેલ ગુનો સાબિત થયાનું ઠરાવાયેલ છે. આમ તપાસ અધિકારીના તારણ પરવશ (વિકૃત) હોવા સંબંધમાં જે રજુઆતો રિસ્પોડન્ટ મંડળ તરફે થયેલ છે તે સ્વીકારી શકાય તેમ જણાતું નથી વધુમાં મજુર અદાલતના ચુકાદાને ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ પેજ ૭ ઉપર જે તારણ કાઢેલ છે કે કામદાર સામેના આક્ષેપો સાબિત માનવામાં આવે તો પણ કરવામાં આવેલ સજા વધુ પડતી છે તેવું ઠરાવેલ છે તે બાબતોને પણ ધ્યાને લેવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે મજુર અદાલતે પણ તપાસ અધિકારીના તારણો સંબંધમાં જે તારણ કાઢેલ છે તે એવું કાઢેલ કે તપાસના તારણો કાયદેસરના છે અને પરવશ નથી. આમ તમામ બાબતોને જોતાં એ પ્રસ્થાપિત હકીકત જણાય છે સંબંધિત કામદારોને તેઓ સામેના આક્ષેપો સંબંધમાં જે તારણો તપાસ અધિકારીએ આપી તેઓ સામેના આક્ષેપો જે સાબિત થયાનું તપાસ અધિકારીએ ઠરાવેલ છે તે યોગ્ય, કાયદેસર અને ન્યાયી હોવાનું આ અદાલત સ્પષ્ટ રીતે માને છે.

(૪) બંને પક્ષકારોએ દલીલોમાં તેઓની લંબાણપૂર્વકની જે રજુઆતો કરેલ છે જેમાં સામાવાળા મંડળ તરફે ચૂકાદાઓ રજુ થયેલ છે જે ચુકાદામાં શ્રી જગદીશભાઈ કાનજીભાઈ વિરૂદ્ધ બનાસકાંઠા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંકનો ચુકાદો જે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપેલ છે જે ૨૦૦૪ (૫) એલ. એલ. જે. પાના નંબર ૬૪૩ ઉપર પ્રસિદ્ધ થયેલ છે. આર. એ. પટેલ વિરૂદ્ધ ન્યુ શોરોક મીલ્સ લી. નો ચુકાદો જે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા

INDEX

આપેલ છે જે ૨૦૦૧ (૩) એલ. એલ. જે. પાના નંબર ૭૨૩ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને અમદાવાદ ન્યુ ટેક્ષટાઈલ્સ મીલ્સ લી. વિરૂદ્ધ ટેક્ષટાઈલ લેબર એસોસીએશનનો ચૂકાદો જે ૧૯૯૪ (૩) એલ. એલ. જે. પાનાં નંબર ૧૬૯ ઉપર પ્રસિદ્ધ થયેલ છે ત્રણેય ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને ધ્યાને લીધેલ છે અને સારને ધ્યાને લેતાં પ્રસ્થાપિત થયેલ છે કે મજુર અદાલતને આઈ.ડી. એક્ટની કલમ ૧૧ (એ) જેવા પાવર્સ બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ ૭૮/૭૯માં રહેલા છે.

(૫) હવે વધુમાં રિસ્પોડન્ટ મંડળ તરફે જે એપેલેટ કોર્ટની સત્તાઓ સંબંધે જે રજુઆતો થેયલી છે તેને જોવામાં આંવે તો બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ ૮૪ને ધ્યાને લેતાં ઔદ્યોગિક અદાલતને અપીલના કામે સંપૂર્ણ સત્તાઓ રહેલી છે હવે મજુર અદાલતે જે તારણ આપેલ છે કે સંબંધિત કામદારો સામે કરવામાં આવેલ સજામાં આઈ. ડી. એક્ટની કલમ-૧૧ (એ) હેઠળ હસ્તક્ષેપ ન્યાયી અને વ્યાજબી છે તેવું જે તારણ અદાલતે કાઢેલ છે તે કાયદેસરનું નથી કારણે કે એપેલન્ટ મીલ્સ કંપનીને બી. આઈ. આર. એક્ટની જોગવાઈઓ લાગુ પડે છે અને તે ધ્યાને લેતાં આઈ. ડી. એક્ટની કલમ-૧૧ (એ) ને લાગુ પાડી અને તે સંબંધી જે તારણ આપેલ છે તે કાયદેસરનું નથી, પરંતુ મજુર અદાલતે માલીકના કરેલા હુકમની કાયદેસરતા અને વ્યાજબીપણુ ચકાસવાની સત્તા કલમ ૭૮માં રહેલી છે અને તે જોગવાઈ નીચે મજુર અદાલત ન્યાય નિર્ણય કરી શકે તેવું અદાલત સ્પષ્ટપણે માને છે.

(૬) હવે મજુર અદાલતે જે સંબંધિત કામદારોના આક્ષેપો સંબંધે મીલ્સ કંપની દ્વારા કરાયેલી સજાને વધુ પડતી ઠરાવેલ છે તે સજામાં હસ્તક્ષેપ કરી જે આખરી હુકમ પસાર કરેલ છે અને તે સંબંધી જે તારણ કાઢેલ છે તેનો અભ્યાસ કરવામાં આવે તો સૌ પ્રથમ ફરી વખત અદાલતે એ બાબતો જોવાની રહે છે કે સંબંધિત કામદારો સામેના આક્ષેપો મુકવામાં આવેલ હતા તેને જોતાં જણાય છે કે સંબંધિત કામદારે સુપરવાઈઝર શ્રી બી. કે. જાનીને ગાળાગાળી કરી માર મારી શારિરીક ઈજા પહોંચાડવા સબંધના આપેક્ષો શોકોઝ નોટીસમાં હોવાનું ફલીત થાય છે અને તે તમામ આક્ષેપો અગાઉ ચર્ચા કરી તે મુજબ સાબિત થયેલા હોવાનું પ્રસ્થાપિત થયેલ છે. આમ આ બાબતને જોતાં મજુર અદાલતે જે તારણ આપેલ છે કે ગુનાના પ્રમાણમાં સંબંધિત કામદારો સામે કરાયેલ ડિસ્ચાર્જની સજા વધુ પડતી છે અને સંબંધિત કામદારોને જે રાહત આખરી હુકમથી આપેલ છે તેમાં આ અદાલતને હસ્તક્ષેપ કરવાનું કારણ જણાય છે કારણ કે સંબંધિત અરજદારો સામેની ગુનાની જે ગંભીરતા છે તે ગંભીર પ્રકારની છે અને જ્યારે ગંભીર પ્રકારના ગુના સંબંધમાં આક્ષેપો પ્રસ્થાપિત થતાં હોય ત્યારે મજુર અદાલત માલીક દ્વારા કરવામાં આવેલ સજામાં હસ્તક્ષેપ કરી શકે નહીં અને જે સંબંધનો ચુકાદો ૨૦૦૬, ૧, એલ. એલ. એન. પાના નંબર ૯૧૪ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમજ મજુર અદાલતને પ્રાથમિક દ્રષ્ટિએ જો માલીક દ્વારા કરવામાં આવેલી આઘાતજનક અને વધુ પડતી જણાય તો જ તેમાં હસ્તક્ષેપ કરી શકે તે સિવાયના કિસ્સામાં કરવામાં

INDEX

આવેલી સજા બાબતે મજુર અદાલત હસ્તક્ષેપ કરી શકે નહીં. તેવા સિદ્ધાંતો નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદાઓથી પ્રસ્થાપિત થયા છે. હવે હાથ ઉપરની કેસની હકીકતોને ધ્યાને લેવામાં આવે તો સંબંધિત કામદારો દ્વારા મીલ્સ કંપનીમાં ફરજ દરમિયાન સુપરવાઈઝર ઉપર હુમલો કરી, ગાળાગાળી કરી, માર માર્યાનું રેકર્ડ ઉપરથી જણાય આવે છે જે બાબતને આ અદાલત ખૂબ જ ગંભીરતાવાળી ગણે છે અને સંબંધિત કામદાર સામેનો ગુનો જ્યારે સાબિત થતો હોય તેવાં કિસ્સામાં નોકરીમાં ચાલુ રાખવાનું ઉચિત ગણી શકાય નહી અને તે સંજોગોમાં એપેલન્ટ મીલ્સ કંપનીએ જે નોકરીમાંથી સંબંધિત અરજદાર-કામદારોને ડીસ્ચાર્જ કરવાનો હુકમ પસાર કરેલ છે. તે હુકમને આ અદાલત યોગ્ય, કાયદેસરનો, વ્યાજબી અને ન્યાયી ગણે છે આમ આ હકીકતને ધ્યાને લેતાં મજુર અદાલતે જે તારણોમાં સંબંધિત કામદારો સામેની શિક્ષાને વધુ પડતી ગણી અને જે આખરી હુકમ કરેલ છે તે પણ તદ્દન ગેરકાયદેસરનો, ગેરવ્યાજબી અને ભૂલભરેલ હોવાનું આ અદાલત માને છે અને તે બાબતોને ધ્યાને લેતાં મજુર અદાલતના હુકમમાં હસ્તક્ષેપો કરવો જરૂરી જણાય છે.

(૭) આમ ઉપરોક્ત તમામ હકીકતને ધ્યાને લેતાં મીલ્સ કંપની દ્વારા અપીલ આઈ. સી. ૭/૨૦૦૪ જે ઉપસ્થિત કરાયેલ છે તેને મંજુર રાખવામાં આવેલ છે અને મજુર અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) એપેલન્ટ મીલ્સ કંપનીની હાલની અપીલને મંજુર રાખવામાં આવે છે અને મજુર અદાલતે કરેલ તા. ૨૩-૪-૨૦૦૪ના હુકમને ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી ઠરાવી રદ કરવામાં આવે છે અને સંબંધિત કામદારોને મીલ્સ કંપનીએ જે નોકરીમાંથી ડીસ્ચાર્જ કરવાનો જે હુકમ કરેલ છે તે હુકમને યોગ્ય, કાયદેસરનો અને વ્યાજબી ઠરાવવામાં આવે છે.

(૨) મુળ રેકર્ડ મજુર અદાલતને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૦૮.

અશ્વિન. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ.

રાજકોટ, તા. ૨જી ડીસેમ્બર, ૨૦૦૮.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬
રાજકોટ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૩૯/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, બીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લી., કોડીનાર અને શ્રી હમીરભાઈ ચનાભાઈ બોરડીયા, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના ડીસેમ્બર માસના ૨જા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૮૦

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ.

અપીલ (આઈ.સી), ૧૬/૨૦૦૭ (ઈન.બી.આઈ.આર. અરજી નં. ૧૦/૯૬)

બીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લી., કોડીનાર, જિલ્લો અમરેલી. — એપેલન્ટ;

વિરૂધ્ધ

હમીરભાઈ ચનાભાઈ બોરડીયા C/o. ડી. ડી. છાયા, એડવોકેટ, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, યાજ્ઞિક રોડ, રાજકોટ. — રિસ્પોડન્ટ.

હાજર રહ્યા : એપેલન્ટ તરફે વિદ્વાન એડવોકેટ : શ્રી અનીલભાઈ ગોગીયા

રિસ્પોડન્ટ તરફે : ગેર હાજર

બાબત : બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળની અપીલ બાબતનો ચૂકાદો.

INDEX

ચુકાદો

૧. ઉપરોક્ત અપીલ એપેલન્ટ શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લી. કોડીનાર, જિલ્લો અમરેલી દ્વારા ઉપસ્થિત કરાયેલ છે. મજુર અદાલત, રાજકોટ દ્વારા તા. ૧૯-૭-૨૦૦૭ના રોજ જે આખરી હુકમ પસાર કરેલ છે તે હુકમથી નારાજ થઈ હાલની ઉપરોક્ત અપીલ અદાલત સમક્ષ ઉપસ્થિત કરેલ છે. અપીલના કારણોને ટુંકમાં ધ્યાને લેવામાં આવતા તેમાં દર્શાવાયેલ છે કે મજુર અદાલત, રાજકોટે અનુમાન આધારિત ભુલભરેલ અને ગેરકાયદેસરનો ચુકાદો આપેલ છે તેમજ મજુર અદાલતે જે પોલીસ કેસમાં રિસ્પોન્ડન્ટ નિર્દોષ છુટેલા છે તે બાબતને ધ્યાને લઈ ચૂકાદો આપેલ છે તે ગેરકાયદેસરનો હોવાની રજુઆત કરેલ છે અને તેના કારણોમાં એપેલન્ટે ઉલ્લેખ કરેલ છે કે, વડી અદાલતના કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ક્રિમીનલ કેસ તથા ઈન્કવાયરી પ્રોસીડીંગ્સ બંને અલગ અલગ છે અને જો કોઈ વ્યક્તિ ક્રિમીનલ કેસમાં નિર્દોષ છૂટે તેનાથી તેવો મતલબ નીકળે નહીં કે તેને ગુનો કરેલ નથી. વધુમાં રિસ્પોડન્ટ સામે ચોરી અંગેના આક્ષેપોને મજૂર અદાલતે ખૂબ જ હળવાશથી લીધેલા છે અને માફી પત્ર જે રિસ્પોડન્ટે લખી આપેલ છે તેને બળજબરીથી માફી લખાવેલ હોવાનું તારણ મજુર અદાલતે કાઢતા તેવાં તારણો ભુલભરેલા આપેલ છે. વિશેષમાં ચોરી સંબંધમાં નામદાર મુંબઈ હાઈકોર્ટ દ્વારા ગંભીર પ્રકારની ગેરવર્તણૂંક હોવા અંગે પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોનો ઉલ્લેખ કરેલ છે અને તે ચૂકાદામાં ચોરીનો આર્ટીકલ નાનો હોવાની બાબત હોવા છતાં ચોરીની ગંભીર ગેરવર્તણૂંકને ધ્યાને લઈ બરતરફીની સજાને યોગ્ય હોવાનું ઠરાવ્યાનું પ્રસ્થાપિત થયેલ છે તેવો ઉલ્લેખ કરેલ છે. આમ ઉપરોક્ત પ્રકારે એપેલન્ટ દ્વારા મુખ્યત્વે રજુઆતો કરી મજુર અદાલતના ચુકાદાને ભૂલભરેલ અને ગેરકાયદેસરનો હોવાનું ઠરાવવા અને તે રદ કરવા અપીલ દાખલ કરાયેલ છે.

૨. અપીલની સાથે મનાઈ અરજી પણ રજુ થયેલ છે. જેમાં પણ અપીલ મેમોમાં દર્શાવેલ બાબતોને દોહરાવી રજુઆતો થયેલ છે. અપીલના કામે રિસ્પોડન્ટને હાજર થઈ રજુઆતો કરવા નોટીસ જારી કરાયેલ છે અને જે તેઓને મળી જવા છતાં રિસ્પોડન્ટ તરફે હાજર થઈ કોઈપણ પ્રકારની રજુઆતો કરાયેલ નથી.

૩. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં અત્રેની અદાલતે હવે એ નક્કી કરવાનું રહે છે કે મજુર અદાલત દ્વારા જે મુળ અરજી નંબર ૧૦/૯૬ ના કામે તા. ૧૮-૭-૨૦૦૭ ના રોજ આખરી હુકમ પસાર કરેલ છે તે હુકમ યોગ્ય, કાયદેસર, ન્યાયી અને વ્યાજબી છે કે કેમ ? આ સંબંધમાં એપેલન્ટ તરફે થયેલ દલીલોને ધ્યાને લેતાં તેમજ કેસનું મુળ રેકર્ડ જોતાં જણાય છે કે, રિસ્પોડન્ટ ફરજ પરથી છુટા કરવાનું કારણ સંસ્થામાંથી પ્રવાહી સ્પીરીટની ભરેલ બે બોટલો ચોરી કરી લઈ જતાં પકડાયેલ હોવાથી તેમજ અન્ય આક્ષેપોસર તે સંબંધે શો-કોઝ નોટીસ આપી અને તેની જરૂરી કાર્યવાહી કરી એટલે કે ખાતાકીય હાથ ધરી તેમાં આક્ષેપો પુરવાર થતાં તેઓને નોકરીમાંથી છૂટા કર્યા હોવાનું માલુમ પડે છે જે સંબંધના જરૂરી

INDEX

દસ્તાવેજો મુળ કામે આંક-૧૦ ના લીસ્ટથી એપેલન્ટ કંપની તરફે મુળ કામે રજુ થયાનું જણાય છે. હવે મુળ કામે રજુ થયેલ મુળ અરજી પણ ધ્યાને લેતાં રિસ્પોડન્ટની રજુઆત એ છે કે, સામાવાળા સંસ્થાને કાયદેસરની તપાસ કર્યા વિના બચાવ કે ખુલાસાની તક આપ્યા વિના તેઓને ગેરકાયદેસર છુટા કરી દીધેલ છે.

(૧) નગરપાલિકા તાબા નીચેના પાણી ખાતા, ગટરવ્યવસ્થા ખાતું, ઈલેકટ્રીક ખાતું તથા ફાયર બ્રીગેડના કર્મચારીઓને તાંત્રિક વર્ગમાં ગણવા અને બીજા તાંત્રિક વર્ગના કર્મચારીઓને મળતા લાભ ભથ્થા તેમજ હક્ક હિસ્સા સમાન રીતે ચુકવી આપવા કે કેમ ?

(૨) ત્રીજા-ચોથા વર્ગના તમામ કર્મચારીઓને બુટ-યુનિફોર્મ, ગરમ કાપડ વિગેરે કોઇપણ જાતના ભેદભાવ વગર આપવા કે કેમ ?

(૩) તમામ કર્મચારીઓને માસિક રૂા. ૧૦૦/- સાયકલ ભથ્થા તરીકે ચુકવી આપવા કે કેમ ?

(૪) દરેક પંચ ઓપરેટરને વાયરમેન જેટલું પગાર ધોરણ તેમજ અન્ય હક્ક હિસ્સા સમાન આપવા કે કેમ ?

તેમજ વિવિધ માંગણીઓ જેવી કે સલામતી વ્યવસ્થાના સાધનો, કવાર્ટર્સ ફેસીલીટી, કોમ્પેન્સેટરી એલાઉન્સ, કેન્ટીન ફેસેલીટી, ફાયર બ્રીગ્રેડ સ્ટાફને વધારાના કાર્ય માટે રૂા. ૩૦૦/- ચાર્જ એલાઉન્સ તરીકે આપવા કે કેમ ? અને આ ડીમાન્ડનો અમલ તા. ૧-૧-૧૯૮૨ થી કરવો કે કેમ ?

(૨) આ કામના બીજા પક્ષકારે આંક-૯ થી વચગાળાની રાહત મેળવવાની અરજી તેમજ આંક-૧૦ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેમા તેઓ જણાવે છે કે, નવસારી નગરપાલિકાના નિયંત્રણ હેઠળ પાણી ખાતું ગટરવ્યવસ્થા ખાતું ઈલેકટ્રીક ખાતું તથા ફાયર બ્રીગેડ ખાતુ વિગેરે ખાતાઓ આવેલા છે. આ તમામ ખાતામાં કામ કરતા કર્મચારીઓ પ્રત્યે નગરપાલિકા ભેદભાવભર્યું વલણ દાખવી રહી છે અને તાત્રિક વર્ગમાં આ કર્મચારીઓનો સમાવેશ નહિ કરીને મળવાપાત્ર લાભો અને પગાર ધોરણથી વંચિત રાખવામાં આવે છે જે નગરપાલિકાનું કૃત્ય ગેરવાજબી અને ડીસ્ક્રીમીનેટરી હોઇ, ઉપરોક્ત ખાતાના કર્મચારીઓની માંગણી

INDEX

વાજબી અને ન્યાયી છે. તેમજ યુનિફોર્મ, બુટ મોજો, સાયકલ એલાઉન્સ, પંપ ઓપરેટરના પગાર અંગે, સલામતી વ્યવસ્થાના સાધનો અંગે, જનરલ એમેનેટીઝ પુરી પાડવા અંગે, કવાર્ટસ, ફેસીલીટી, કોમ્પેન્સેટરી એલાઉન્સ, નાઇટ ડ્યુટી એલાઉન્સ, કેન્ટીન ફેસીલીટી વિગેરે માંગણીઓ તા. ૧-૧-૧૯૮૨ થી ચુકવી આપવાની અરજ કરેલ છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકારને ઘણી મુદતો આપવા છતાં તેમણે તેમનો જવાબ રજુ કરેલ નથી અને આ કામના બીજા પક્ષકારે આંક-૧૫ થી પ્રથમ પક્ષકારનું જવાબ રજુ કરવાનું સ્ટેજ બંધ કરવાની રજુઆત કરેલ હોઇ પ્રથમ પક્ષકારનું જવાબ રજુ કરવાનું સ્ટેજ બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામની ચાલુ સુનાવણી દરમ્યાન બીજા પક્ષકાર તરફે આંક-૨૪ થી પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, તેઓ આ વિવાદ બીનશરતી પાછો ખેચે છે. તેથી આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) આ કામના બીજા પક્ષકાર આંક-૨૪ ની પુરસીસ આપી આ વિવાદ પાછો ખેંચતા હોઇ, પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને એ રીતે આ રેફરન્સ ફેસલ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

સુરત, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૨૦૦૮.

એ. જે. રાચ્છ,
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, સુરત.

નવસારી, તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૮.

(સહી) અવાચ્ય,
મદદનીશ શ્રમ આયુક્ત,
નવસારી.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મ.શ્ર.આ./નવ/આઇ.ટી.નિવે. પ્ર.-૨૩૨૧/૦૮/આઇડીએ/રિફરન્સ(આઇ.ટી. નંબર ૪૨/૮૮.– ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૭ અનુસાર શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૨મી માર્ચ, ૯૩ના જાહેરનામાં ક્રમાંક કે./એચ/આર/ /૦૩/ /૨૬. આઇ.ડી.એ. ૨૦૦૦ ૫૧૦૪-મ(૪) અન્વયે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, નવસારી, આથી તારીખ ૧૭મી માર્ચ, ૧૯૮૮ના નાયબ શ્રમ આયુક્તશ્રી, સુરતની કચેરીના હુકમ ક્રમાંક કેએચ/એસ.એચ.એમ.સી./૨૦૫૦૧/૫.૫,-આઇડીઆર/એ.જેએન/૨૧૩૮/૮૭ હેઠળ ન્યાય નિર્ણય માટે લખી મોકલેલી પ્રમુખશ્રી, નવસારી નગરપાલિકા, નવસારી, જિ. નવસારી, અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની ઔદ્યોગિક તકરાર અંગેનો ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતનો નિવેડો આ સાથે સામેલ કરેલ છે, તે પ્રસિધ્ધ કરે છે.

આંક-૨૦૨

શ્રી એ. જે. રાચ્છ, પ્રમુખ અધિકારી, ઔદ્યોગિક ન્યાયપંચ. સુરત સમક્ષ

રેફરન્સ (આઇ.ટી.) નં. ૪૨/૮૮.

પ્રમુખશ્રી, **પ્રથમ પક્ષકાર ;**
નવસારી નગરપાલિકા,
નવસારી.

વિરૂદ્ધ

મંત્રીશ્રી, **બીજા પક્ષકાર ;**
ગુજરાત રાજય અર્ધસરકારી કર્મચારી સંઘ,
C/o શ્રી પ્રકાશ એચ. પાઠક,
૩૭, પંકજ સોસાયટી,
સરખેજ રોડ, અમદાવાદ.

બાબત :-લીસ્ટ મુજબના કામદારોને કાયમી કરવા તથા લાભો આપવા અંગે.

હાજર રહેલ પ્રતિનિધિઓ :-પ્રથમ પક્ષકાર તરફે વિદ્વાન વકીલ શ્રી અનીલભાઇ નાયક.

બીજા પક્ષકાર તરફે વિદ્વાન વકીલ શ્રી આર. સી. પાઠક.

INDEX

એવોર્ડ

(૧) ગુજરાત સરકારના શ્રમ આયુક્તશ્રી, અમદાવાદની કચેરીના હુકમ ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./૨૦૫૦૧/૫. ૫,/આઈડીઆર/એ.જે./એન/૨૧૩૮/૮૭, તારીખ ૧૭મી માર્ચ ૧૯૮૮થી મથાળે દર્શાવેલ પક્ષકારો વચ્ચે અનુસુચિમાં દર્શાવ્યા મુજબની ઔદ્યોગિક તકરાર આ ન્યાયપંચને ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવામાં આવેલ છે.

(૨) આંક-૧૨૯ હેઠળ હુકમ.

(૧) બીજા પક્ષકારે આ અરજી આપી રેફરન્સ (આઈ.ટી.) નં. ૪૨/૮૮, ૫૮/૮૯, ૬૮/૮૯, ૯/૯૧, ૨૯/૯૪ અને ૫૯/૨૦૦૧ ના કેસો એકત્રિત કરી આગળ ચલાવવા અરજી કરી છે અને તેમાં એવું જણાવવામાં આવ્યું છે કે, આ તમામ કેસોની હકીકત, પક્ષકારો તથા રજુઆતો એક જ છે અને આ કેસો પૈકી ૩ કેસો એકત્રિત પણ કરવામાં આવ્યા છે, તે સંજોગોમાં કાર્યવાહીની સુગમતા માટે અન્ય કેસો પણ સાથે ચલાવવા જોઈએ.

(૨) પ્રથમ પક્ષકારે આંક-૧૩૦ ના જવાબથી આ અંગે પોતાનો વાંધો રજુ કરેલ છે અને તેમાં મુખ્ય વાંધો એ છે કે, રેફરન્સમાં સંકળાયેલ કામદારોની દાખલ તારીખ અલગ અલગ છે અને રેફરન્સ (આઈ.ટી.) નં. ૪૨/૮૮ માં આ ન્યાયપંચે પાર્ટ-૧ એવોર્ડ પસાર કર્યો છે, તે સામે પ્રથમ પક્ષકારે વડી અદાલતમાં પીટીશન કરેલ છે.

(૩) બંને પક્ષકારોની રજુઆતો ધ્યાનમાં લેતા અને તેમા સંદર્ભમાં રેકર્ડ જોતા પ્રથમ પક્ષકાર સંસ્થા અને બીજા પક્ષકાર યુનીયન કે જેણે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત કરેલ છે તે તમામ કેસોમાં સમાન છે અને માત્ર કેસના સંબંધિત કામદારોની દાખલ તારીખ જ અલગ છે. તે સિવાય રજુઆતોના મુદ્દા અને તેને લગતા કાયદાના મુદ્દા એ તમામ કેસોમાં સમાન હોવાનું જણાય છે અને તે સંજોગોમાં અગાઉ રેફરન્સ (આ.ટી.) નં. ૬૮/૮૯, ૫૮/૮૯, અને ૯/૮૯ કોન્સોલીડે કરેલા અને કામ સાથે ચાલેલું છે, તે પરિસ્થિતિને ધ્યાને લેતા આંક-૧૨૯ની આ અરજી નામંજુર કરવા માટે કોઈ યોગ્ય કારણ કે વાંધો હોવાનું જણાતું નથી. આ સંજોગોમાં આ તમામ કેસો એકત્રિત કરી સાથે ચલાવવા અને તે રીતે આગળની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

(૨) અનુસુચિ-એ મુજબ એનેક્ષર-એ રજુ કરવામાં આવેલ કર્મચારીઓના નામ પ્રમાણે કર્મચારીઓને નવસારી નગરપાલિકાએ કાયમી કર્મચારી ગણવા તેમજ તેમને કાયમી કર્મચારીઓને મળવાપાત્ર બધા લાભો આપવા. આ અંગેનો રેફરન્સનો વિવાદ ડેપ્યુટી કમિશનર ઓફ લેબર, અમદાવાદથી મોકલવામાં આવેલ છે.

INDEX

(૩) આંક-૩ થી માંગણાનું નિવેદન બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ગુજરાત રાજ્ય અર્ધસરકારી ઔદ્યોગિક કર્મચારી સંઘના યુનીયન દ્વારા આ ડીમાન્ડ ઉપસ્થિત કરવામાં આવેલ છે નવસારી નગરપાલિકાના રોજમદાર કર્મચારીઓ માટે આ વિવાદ યુનીયને ઉપસ્થિત કરેલ છે. તમામ કર્મચારીઓના નામ એનેક્ષર-એ થી રજુ કરવામાં આવેલ છે. પ્રથમ કર્મચારીઓનું આર્થિક રીતે શોષણ કરી રહેલ છે. એનેક્ષર-એ માં કર્મચારીઓના નામની સામે કર્મચારીઓની દાખલ તારીખ જણાવવામાં આવેલ છે. કાયમી કર્મચારીઓને મળતા તમામ લાભો આ કર્મચારીઓને મળવા જોઈએ અને ઈકવલ પે ફોર ઈકવલ વર્કની આધારે આ કર્મચારીઓ પણ કાયમી કર્મચારીઓને મળતા તમામ લાભો મેળવવા હકકદાર છે. નામદાર સુપ્રિમ કોર્ટના ૧૯૮૬ (૧) એલ.એલ.જે પાના ૧૨૭ ઉપરના ચુકાદામાં જણાવ્યા અનુસાર રોજમદાર વર્કરો કાયદા મુજબ બધા લાભો મેળવવા હકકદાર થાય છે. તેમજ બદલી વર્કર હોય કે રોજમદાર વર્કર હોય જે વર્ષોથી ટેમ્પરી વર્કર તરીકે નોકરી કરતા હોઇ તેઓ કાયમી થવા હકકદાર છે. નગરપાલિકાએ આ કર્મચારીઓને રેગ્યુલર કરવા જોઈએ અને કાયમી કર્મચારીઓને મળતા તમામ લાભો આપવા જોઈએ. રોજમદાર કર્મચારીઓનો માંગણી વિવાદ ન્યાયી અને પ્રોપર છે. જેથી તે મંજુર કરવો જોઈએ. આમ જણાવી રેફરન્સ મંજુર કરવા વિનંતી કરેલ છે.

આ સાથે ૧૬૪ કર્મચારીઓના નામ અને તેમની દાખલ તારીખો સાથેની યાદી દાખલ થયેલ છે.

(૪) આંક-૫ થી એક વચગાળાની રાહત મેળવવા માટેની અરજી બીજા પક્ષકારે રજુ કરેલ છે, જેમાં નોટીસ કાઢવામાં આવેલ છે.

(૫) આંક-૭ થી પ્રથમ પક્ષકાર નગરપાલિકાએ જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, સદર રેફરન્સ આઈ.ટી. ૪૨/૮૮ માં યુનીયને જે કામદારોને લાભો અપાવવા અંગે જે સ્ટેટમેન્ટ ઓફ કલેઈમ રજુ કરેલ છે તે જ કામદારોએ બીજા યુનીયન મારફતે રેફરન્સ આઈ.ટી. જુનો નં. ૩૭૯/૮૫, નવો નં. ૧૫૫/૮૭ માં તે જ પ્રકારની માંગણી કરતો રેફરન્સ અગાઉ કરેલ છે. આ બંને રેફરન્સમાં દાદ એક સરખી માંગવામાં આવેલ છે. આથી આ બંને રેફરન્સોમાં માંગેલ દાદ ન્યાયી, કાયદેસરની અને વાજબી નથી, તેથી તે રદ થવાને પાત્ર છે. યુનીયને રજુ કરેલ સ્ટેટમેન્ટ ઓફ કેલઈમ કાયદેસર અને વાજબી નથી અને તેમાં જણાવેલ વિગતો અને વિધાનો ખરા નથી અને કબુલ મંજુર નથી અને તે પુરવાર કરવાની જવાબદારી યુનીયનના કામદારોની છે.

વધુમાં તેઓ જણાવે છે કે, રોજમદાર કામદારોનું એક માત્ર યુનીયન હોવાની હકીકત, નગરપાલિકા શોષણ કરતી આવેલાની અને અનફેર લેબર પ્રેકટીસ એડોપ્ટ કરતી આવેલાની વિગેરે બાબતો ઉપજાવી કાઢેલી અને ગેરમાર્ગે દોરનારી છે. ઔદ્યોગિક ડીસ્પ્યુટ એકની કલમ-૨ મુજબ ઈન્ડસ્ટ્રીની વ્યાખ્યામાં નગરપાલિકાનો સમાવેશ થતો હોવાની હકીકત સામે વાદ નથી. તેમજ

INDEX

એક સરખા કામ અંગે એક સરખો પગાર નગરપાલીકા ચુકવતી નથી તે હકીકત ખોટી છે. હકીકતમાં જરૂરીયાત મુજબના કામ અંગે રોજમદાર તરીકે કામદારોને કામ આપે છે અને ગુજરાત સરકારશ્રીએ ઠરાવેલ લઘુતમ વેતન તથા ખાસ ભથ્થું મુજબ વેતન ચુકવી આપવામાં આવેલ છે. આથી નામદાર સુપ્રિમ કોર્ટની ઓથોરીટીની હકીકત લાગું પાડી શકાય નહિ. નગરપાલિકાએ સ્થાનિક સ્વરાજયની સંસ્થા હોઇ તેનો વહીવટ સને ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઇઓને આધીન કરવાનો છે. આ કાયદા વિરૂધ્ધ નગરપાલિકા કોઇ કાર્યવાહી કરી શકે નહિ. આ જોગવાઇ અનુસાર નગરપાલિકાના નિયામકશ્રીની પૂર્વ મંજુરી વિના કોઇપણ જગ્યાએ કાયમી નિમણુંક કરી શકાય નહિ. વળી સુપ્રિમ કોર્ટે બદલી કામદારો અંગે રીઝર્વ બેંકને સુચના આપેલ છે જયારે આ રેફરન્સ જે કામદારો માટે થયેલ છે તે બદલી કામદારો નથી. તેઓ રોજમદાર કામદારો છે. યુનીયને નગરપાલિકાના વિસ્તાર અને વસ્તીમાં વધારાની વાત કરેલ છે તો વિસ્તાર અને વસ્તી વધારા સામે જે તે સમયે નગરપાલિકાના સ્ટાફમાં પણ વધારો થયેલ છે. તેમ છતાં નિયામકશ્રીની પૂર્વ મંજુરી વિના કાયમી જગ્યા ઉભી કરી શકાતી નથી અને ભરી શકાય નહિ. આથી યુનીયને માંગેલી દાદો રદ થવાને પાત્ર હોઇ સદર રેફરન્સ રદ કરી નવસારી નગરપાલિકાને થયેલ ખર્ચ અપાવવા યોગ્ય હુકમ કરવાની અરજ કરેલ છે.

(૬) આંક-૮ થી વચગાળાની રાહત માટેની અરજીનો જવાબ નગરપાલિકાએ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, સદરહુ અરજીમાં જણાવેલ વિધાનો અને વિગતો ખરા નથી અને આ અરજી કાયદેસરની અને વાજબી નથી કે કાયદામાં કે હકીકતમાં ચાલી શકે કે નભી શકે તેમ નથી તેમજ યુનીયનને આવી અરજી કરવાનો કોઇ હક્ક કે અધિકાર નથી. સદરહુ રેફરન્સ આઇ.ટી. નં. ૪૨/૮૮ ના કામે નગરપાલિકાએ યુનીયનના માંગણાના નિવેદનનો જવાબ રજુ કરી તેમાં જણાવેલ છે કે નિવેદનમાં માંગેલી દાદ કે દાદો મળવાપાત્ર ન હોય અને રેફરન્સ જ રદ થવાને પાત્ર હોઇ વચગાળાની રાહત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ નગરપાલિકાનો વહીવટ સને ૧૯૬૩ ના ગુજરાત નગરપાલિકાના અધિનિયમોની જોગવાઇઓને આધીન કરવાનો હોવાથી તેની વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરી શકે તેમ નથી. નિયામકશ્રીની પૂર્વ મંજુરી વિના કોઇ નવી કાયમી જગ્યા ઉભી કરી શકાય નહિ. આથી નગરપાલિકા વધારાના કામદારોને સરકારશ્રીના ઠરાવેલ લઘુત્તમ વેતન ધારા હેઠળ મળવાપાત્ર પગાર અને ખાસ ભથ્થા સાથે રોજમદાર તરીકે કામે રાખતી આવેલ છે. માટે વચગાળાની રાહતની અરજીમાં માંગેલ દાદ મળવાપાત્ર થતી ન હોય આ અરજી કાયદેસર રીતે ખર્ચ સહીત રદ થવાને પાત્ર હોઇ રદ કરવા અને આ કામે થયેલ ખર્ચ અપાવવા જરૂરી હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૭) આંક-૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ થી બીજા પક્ષકાર અરજદારે સોગંદનામાં રજુ કરેલ છે. તેઓ નવસારી નગરપાલિકાની અલગ અલગ જગ્યાએ ઘણા વર્ષોથી નોકરી કરે છે તેમજ તેમને કાયમી કામદારોને મળતા પગાર ધોરણ તેમજ હક્ક હિસ્સાથી વંચિત રાખવા રોજમદાર તરીકે રાખવામાં આવેલ છે અને નોકરીમાં દાખલ થયા

INDEX

ત્યારથી અત્યાર સુધી સળંગ નોકરી કરેલ છે તેમજ તેમના કામ અને કાયમી કામદારોના કામ વચ્ચે કોઈપણ જાતનો તફાવત નથી અને તમામને કાયમી કામદારોને મળતા પગાર ધોરણ આપવામાં આવતું નથી. જે અંગે સોગંદનામા રજુ કરવામાં આવેલ છે.

(૮) આંક-૨૯ થી ઓથોરીટી લેટર પ્રથમ પક્ષકાર તરફે રજુ કરેલ છે.

ત્યારબાદ આંક-૧૯ ના સોગંદનામાની ઉલટતપાસ આંક-૩૦ થી, આંક-૨૪ ની ઉલટતપાસ આંક-૩૧ થી, આંક-૨૨ ની ઉલટતપાસ આંક-૩૫ થી, આંક-૨૩ ની ઉલટતપાસ આંક-૩૦ થી, આંક-૨૬ ની ઉલટતપાસ આંક-૩૬ થી વગેરેની સંસ્થા તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે.

(૮) પ્રથમ પક્ષકાર તરફે સાક્ષી તરીકે આંક-૪૭ થી અબ્દુલ કાદીર મહમ્મદ સૈયદની જુબાની થયેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, ફાઈલેરીયા ખાતામાં ૧૭ વર્ષથી તેઓ કામ કરે છે. કામદારને તેઓ ઓળખે છે, તેને કેટલો ચોક્કસ પગાર મળે છે તે ખબર નથી અને ઉલટતપાસમાં પણ તેઓ જણાવે છે કે, કામદારની કામગીરી અને પગારની બાબતને તેઓ જાણતા નથી. રોજમદાર તરીકે તેઓ કામ કરે છે તે વાત ખરી જણાવેલ છે.

આંક-૪૮ થી મહેન્દ્રભાઈ ધ્રુવની જુબાની થયેલ છે, જેઓ ૨ વર્ષથી ઈન્ચાર્જ એન્જીનીયર તરીકે ફરજ બજાવે છે. તેઓ મૌખિક રીતે ચીફ ઓફિસરને વાત કરે એટલે રોજમદાર કર્મચારીઓને રાખવામાં આવે છે. રોજમદારને દૈનિક પગાર તરીકે લઘુતમ વેતન ચુકવવામાં આવે છે તેમજ રોજમદાર કર્મચારીને પગાર ૧૫ દિવસે ચુકવવામાં આવે છે. ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેમના હાથ નીચે ૬૦ થી ૭૦ રોજમદારો કામ કરે છે.

(૯) આંક-૬૧ થી બીજા પક્ષકાર તરફે અરજી કરી જણાવેલ છે કે, ખાલી જગ્યા ઉપર રોજમદારોને સીનીયોરીટી પ્રમાણે કામ પ્રથમ પક્ષકાર આપે તેવી અરજી કરેલ. તેમાં જે તે વખતે યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાનો હુકમ થયેલ છે.

(૧૦) આંક-૬૪ થી પ્રથમ પક્ષકાર તરફે ચીમનલાલ રાઠોડની જુબાની થયેલ છે. જેઓ સંસ્થામાં ઓક્ટ્રોઇ ઈન્સ્પેક્ટર તરીકે કામ કરતા હોવાનું જણાવે છે. તેમજ રોજમદાર કામદારોને રાખવા માટે જાહેરાત આપતા નથી. કાયમી અને રોજમદાર કામદારોની કામગીરી એકસરખી હોતી નથી અને રોજમદાર કામદારોને સરકારના નીતિ નિયમો પ્રમાણે પગાર ચુકવવામાં આવે છે.

ઉલટતપાસમાં પણ આ સાક્ષીએ જણાવેલ છે કે, ''રોજમદાર કામદારોને દર મહિને રાખવામાં આવે છે. રોજમદાર કર્મચારીઓને રોજના ૨૧ થી ૨૨ રૂપિયા ચુકવવામાં આવે છે અને પટાવાળાને રોજના ૧૭ થી ૧૮ ચુકવવામાં આવે છે.

INDEX

(૧૧) આંક-૭૭ થી વધુ એક લેખીત જવાબ પ્રથમ પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકારના માંગણાના નિવેદનમાં આક્ષેપો કરવામાં આવેલ છે અને માંગણી કરેલ છે કે માંગણાના નિવેદન સાથે એનેક્ષર-અ માં જણાવેલ કામદારોને કાયમી જગ્યાઓ માટેની નિર્ધારીત કામદારો વર્ષોથી રોજમદાર તરીકે રાખીને લેવામાં આવે છે. તેમજ આ રોજમદારની પાસે કાયમી કર્મચારીઓના જેવું અને, જેટલું કામ લેવામાં આવે છે. તેમજ આ રોજમદાર કામદારોને 'ઇકવલ પે ફોર ઇકવલ વર્ક' આપવો જોઇએ જે આપવામાં આવતો નથી. આ રોજમદાર કામદારોને ''ટાઇમ સ્કેલ'' અને કાયમી કર્મચારીના અન્ય લાભો તથા હક્કો બેનીફીટ્સ એન્ડ પ્રીવીલેજીસ આપવામાં આવતા નથી. તેમજ કાયમી જગ્યા માટેનો મુકરર પગાર ધોરણ આપવામાં આવતું નથી. આ રોજમદારોની નોકરી એકધારી એક વર્ષ તથા ૨૪૦ દિવસની ચાલુ હોવા છતાં વર્ષોથી રોજમદારો તરીકે રીટેટ કરવામાં આવતા હોવાથી નવસારી નગરપાલિકાની આ અનફેર લેબર પ્રેકટીસ છે અને આ સંસ્થા સ્ટેટ અને સ્ટેટ એજન્સી હોવા છતાં મોડેલ એમ્પ્લોયર નથી પરંતુ શોષણનું કારખાનું છે. આ રોજમદારોની નોકરી નિયમીત યાને રેગ્યુલરાઇઝ કરવાની યુનીયનની માંગણી છે. આ રોજમદારોને કાયમી જગ્યાઓ ખાલી હોવા છતા સમાવી લેવામાં આવેલ નથી. નગરપાલિકામાં વસ્તી અને વિસ્તારનો વધારો થતા કામમાં વધારો છતાં કાયમી જગ્યાઓ પુરતા નથી, નવી જગ્યા ઉભી કરતા નથી. ભારતના બંધારણના આર્ટીકલ ૧૪ અને ૧૬ મુજબ નાગરિકના મુળભુત અધિકારોના લાભો રોજમદારોને મળવા જોઇએ. તેમજ વચગાળાની રાહત પણ મળવી જોઇએ. આ રોજમદારોને કાયમી જગ્યાઓમાં તેમની દાખલ તારીખથી જ કાયમી કર્મચારીનો પગાર આપવામાં આવે અને નોકરીની ઇનીસીયલ ડેઇટ એપોઇમેન્ટથી જે એરીયર્સ બાકી હોઇ તે ૧૨ ટકાના વ્યાજ સાથે ચુકવી આપવું જોઇએ. ત્યારબાદ અત્યાર સુધી આ કામે જે કઇ પણ કાર્યવાહી થયેલ છે તેની વિગત દર્શાવેલ છે. તેના જવાબમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમના આંક-૮ના જવાબમાં જે હકીકત જણાવેલ છે તે જ હકીકત દોહરાવેલ છે.

વધુમાં તેઓ જણાવે છે કે, બીજા પક્ષકાર યુનીયને માંગણાના નિવેદનમાં જે હકીકતો જણાવેલ છે તે પુરવાર કરેલ નથી તેમજ ૧૬૪ રોજમદારોમાંથી વ્યકિતગત રીતે કોર્ટમાં હાજર રહીને સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે તેઓ નગરપાલિકામાં રોજમદાર તરીકે કામ કરે છે. ફકત ૧૦ રોજમદારોની જ જુબાની સોગંદ ઉપર થયેલ છે. જયારે બાકીના ૧૫૪ રોજમદારોએ સોગંદનામાં રજુ કર્યા નથી. તેમજ ઇકવલ અને આઇડેન્ટીકલ વર્ક કરતા આવેલ હકીકતને મૌખિક તેમજ લેખીત પુરાવાઓથી પુરવાર કરેલ નથી. સંસ્થા તરફથી રજુ કરવામાં આવેલ સાહેદોએ સરતપાસ અને ઉલટતપાસમાં માંગણાના નિવેદનની હકીકતોનો ઇન્કાર કરેલ છે. જે પુરાવા મંગાવી પુરવાર કરેલ નથી.

વધુમાં તેઓ જણાવે છે કે, પ્રથમ પક્ષકારને કાયદાના જાણકાર એડવોકેટને રોકવાની પરવાનગી ન આપીને તેમજ બીજા પક્ષકારના એડવોકેટ શ્રી પાઠકને તેમના કેસમાં રજુઆત

INDEX

કરવા દઈને પ્રથમ પક્ષકારને અન્યાય કરેલ છે. અને આ કૃત્ય અન્યાયકર્તા છે. તેમજ આંક-૬૧ ઉપર સ્ટેટસ-કો નો હુકમ રદ કરવા જણાવેલ છે. તેમજ આ રેફરન્સ ખર્ચ સહીત રદ કરવા પ્રાર્થના કરેલ છે.

(૧૨) આંક-૮૦ થી આંક-૪ વચગાળાની રાહતની અરજીમાં હુકમ થયેલ છે તેમા જણાવેલ છે કે, આંક-૪ ની અરજી સાથે એનેક્ષર-અ માં જે કામદારોના નામો લખવામાં આવેલ છે તે કાયમી કામદારો જેવું કામ કરે છે અને તે કામદારો સામે કોલમ નં. ૩ માં લખેલ ફરજો બજાવે છે, તેથી કોલમ નં. ૬ માં લખવામાં આવેલ પગાર સ્કેલ પ્રમાણે કોલમ-૪ માં લખેલ દાખલ તારીખ પ્રમાણે ગણતરી કરતા જે પગાર મેળવવા માટે હક્કદાર થાય છે તે પગાર મેળવવા આ રોજમદારો હક્કદાર છે અને તે મુજબ પગાર સ્કેલ આપવાનો હુકમ ઔદ્યોગિક ન્યાયપંચ દ્વારા તા. ૪-૧૦-૮૯ ના રોજ કરવામાં આવેલ છે.

(૧૩) આંક-૯૧ થી બીજી એક વચગાળાની રાહત મેળવવા માટેની અરજી બીજા પક્ષકારે કરેલ છે. જેમા પરિશિષ્ટ-અ થી રજુ કરવામાં આવેલ સામુહિક બદલીનો હુકમ મજુર પ્રથા અયોગ્ય છે તેમ જાહેર કરવા તેમજ કામદારોની સર્વિસ કન્ડીશનમાં કોઈપણ ફેરફાર સામાવાળા કરે નહિ તે માટે દાદ માંગતી અરજી કરેલ છે.

(૧૪) આંક-૯૬ ની અરજી લેખીત જવાબ સાથે બીજા પક્ષકારે રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે, આ કામમાં સંબંધિત કામદારો પૈકી યુનીયનના સભ્ય અને હોદ્દેદારોને વીક્ટીમાઈઝ કરવા માટે કરવામાં આવેલ બદલી હુકમ ગેરકાયદેસર, ગેરવાજબી હોય બીજા પક્ષકાર તરફે આંક-૯૧ ની અરજીથી જરૂરી વચગાળાની રાહતની દાદ માંગેલ છે. તે મુજબ દાદના પેરા (ક) મુજબની દાદ નામદાર કોર્ટ દ્વારા મંજુર કરી તે મુજબ બદલી હુકમનો અમલ સ્થગિત થયેલ છે. આંક-૯૧ ની અરજીનો જવાબ પ્રથમ પક્ષકારે આપેલ છે. જેમાં પક્ષકારોના કથનો તપાસવા બીજા પક્ષકારે કેટલાક દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજામાં હોય તે કોર્ટ સમક્ષ રજુ કરવા અરજ કરેલ છે. આંક-૯૧ ની અરજી મુજબ પ્રથમ પક્ષકારે ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૩૩ અને કલમ-૯ (અ) નો ભંગ કરેલ છે. શ્રી કાન્તીલાલ કાળીદાસ ઢીમ્મરને વોટર-વર્કસ પટાવાળામાંથી લાઈટ હેલ્પરમાં મુકેલ છે. જે બદલી જ નથી પરંતુ યુનીયનના સભ્યને વીક્ટીમાઈઝ કરવા બદલીના આચળા નીચે કામગીરી પણ બદલવામાં આવેલ છે. તે જ રીતે મુકાદમમાંથી નાકા-કારકુનમાં મુકવાનો અને ડ્રેનેજ ફીટરમાંથી વોટર-વર્કસ ફીટરમાં મુકવાના પ્રશ્ન વણઉકલ્યા રહેલ છે. ઉપરોક્ત હકીકત જોતા બીજા પક્ષકાર કામદારોનો કેસ પ્રથમ દર્શનીય છે તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સ બીજા પક્ષકારની તરફેણમાં છે. આથી આંક-૯૧ ની અરજી અન્યવે તા. ૩૧-૭-૯૦ ના રોજ આપવામાં આવેલ મનાઈ હુકમ આંક-૯૧ ની અરજીની સુનાવણી દ્વારા આખરી નિકાલ ન થાય ત્યાં સુધી લંબાવી આપવા ન્યાયના હીતમાં હુકમ કરવા અરજ કરેલ છે.

INDEX

બંને પક્ષકારોને સાંભળીને આંક-૯૬ ની અરજી નીચે હુકમ કરી વચગાળાનો મનાઈ હુકમ લંબાવવામાં આવેલ છે.

(૧૪) આંક-૧૦૪ થી શ્રી યોગેશ દેસાઈ, શ્રી સતીષ એન. દેસાઈ અને વસંત કે. રાઠોડને પ્રથમ પક્ષકાર તરફથી આપવામાં આવેલ પત્રની નકલ રજુ કરેલ છે.

(૧૫) આંક-૧૦૫ થી પ્રથમ પક્ષકાર સંસ્થાએ ઔદ્યોગિક ન્યાયપંચને એક અરજી આપેલ છે જેમાં જણાવેલ છે કે, બીજા પક્ષકારના માંગણાના નિવેદનના જવાબમાં પ્રથમ પક્ષકાર આ કામની સાચી હકીકતોની લેખીત નિવેદન બચાવનામું રજુ કરી જણાવે છે કે, બીજા પક્ષકારે લઘુત્તમ વેતન તરીકે જે તે જગ્યાના ટાઈમ સ્કેલમાં મીનીમમ હોય તે આપવાની વચગાળાની રાહતની માંગણી કરેલ પરિણામે ધારાકીય જોગવાઈ મુજબ જે સંસ્થામાં ટાઈમ સ્કેલ નક્કી થયેલ હોય તે સંસ્થાએ રોજમદાર કે બદલી કામદારોને ટાઈમ સ્કેલમાં મીનીમમ હોય તે વેતન લઘુતમ ન્યાય વેતન તરીકે ચુકવવાનું સુપ્રિમ કોર્ટે ઠરાવેલ હોય અને તે લઘુતમ વેતન ચુકવવાનું નામદાર ઔદ્યોગિક ન્યાયપંચે ઠરાવેલ છે. આ પ્રમાણે આ રેફરન્સના ૧૬૪ રોજમદારોને ટાઈમ સ્કેલમાં મીનીમમ લઘુત્તમ વેતન પ્રથમ પક્ષકારે ચુકવી આપ્યા હતા જે બાબતે માંગણાના નિવેદનમાં કોઇ તકરાર દેખાતી નથી. ૪૨/૮૮ ના એવોર્ડમાં નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતે વચગાળાની રાહતની માંગણીમાં રોજમદાર કે બદલી કામદારોને ટાઈમ સ્કેલમાં મીનીમમ હોય તે લઘુતમ વેતન તરીકે ચુકવવાનું ઠરાવેલ હતુ અને પ્રથમ પક્ષકાર કામદારોને સરકારશ્રીએ જાહેર કરેલ રકમ લઘુતમ વેતન તરીકે ચુકવતા હતા. રેફરન્સ ૪૨/૮૮ ના માંગણામાં શીડ્યુલમાં બતાલેલ માંગણી નામદાર ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતે પ્રથમ પક્ષકારના પ્રાથમિક મુદ્દાની અરજી લક્ષમાં લઈ આગળ ચલાવી ન હતી જે પેન્ડીંગ છે આ પ્રાથમિક મુદ્દો એ હતો કે આ માંગણી અંગેનો રેફરન્સ કરવાનો અધિકાર સરકારશ્રીને છે. ડેપ્યુટી મજુર કમિશનરને અધિકાર નથી. ડેપ્યુટી મજુર કમિશનરે રેફરન્સમાં કરેલા હુકમમાં દર્શાવેલ છે કે, ૧૦૦ થી ઓછા કામદારો રાખતી સંસ્થાના રેફરન્સ કરવાના અધિકારની રૂએ આ રેફરન્સ કરવામાં આવે છે, જ્યારે નગરપાલિકામાં ૭૦૦ ઉપરાંત કામદારો છે જેથી આ રેફરન્સ કરવાનું ડેપ્યુટી લેબર કમિશનરના ક્ષેત્ર અધિકારના બહારનું છે જેથી આ રેફરન્સ ટકી શકે તેમ નથી. તેમજ બીજા પક્ષકારે તા. ૨૦-૪-૯૮ ની અરજીમાં કરેલી રજુઆતો ખોટી, ગેરકાયદેસર, ગેરવાજબી હોય ભારપૂર્વક ઈન્કાર કરીએ છીએ. વધુમાં જે ત્રણ કામદારો કામ કરે છે તે ડ્રેનેજ ખાતાની જગ્યાઓ માટે ઓછામાં ઓછા શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. પાસ સરકારશ્રીએ ઠરાવેલ અને તેથી આ ત્રણ કામદારોને શૈક્ષણિક પ્રમાણપત્ર રજુ કરવાની શરતે અપગ્રેડ કર્યા હતા પરંતુ આ ત્રણે કામદારો એસ.એસ.સી. પાસ ન હોવાથી નગરપાલિકાએ ડીગ્રેડ કરવા પડેલા. જે અંગે તા. ૨૦-૪-૯૮ ની ફરીયાદ સિવાય કોઈ તકરાર નથી.

INDEX

(૧૬) આંક-૧૧૦ થી બીજા પક્ષકાર યુનીયન પ્રતિનિધિએ અરજી આપી પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા સંબંધિત બીજા પક્ષકારના કામદારોની નોકરીની શરતોમાં કોઇ ફેરફાર ન કરવા અને સંબંધિત કોઇપણ કામદારોને નોકરીમાંથી છુટા કરાવે નહિ તે અંગેની દાદ માંગતી અરજી કરેલ છે.

(૧૭) આંક-૧૧૪ થી સંસ્થાએ આ અરજીનો લેખીત જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકારે તેમની સદર અરજીમાં જણાવેલ હકીકતો જુઠી, ઉપજાવી કાઢેલી અને અનુમાન આધારીત છે અને નામદાર ટ્રીબ્યુનલને ગેરમાર્ગે દોરનારી છે તેમજ પ્રથમ પક્ષકારનો વહીવટકર્તાઓ ઉપર ગેરકાયદેસરનું દબાણ સર્જવાના હેતુસરની હોય રદ થવાપાત્ર છે અને આવી અરજી ઉપર હુકમ કરવાની ન્યાયપંચને હકુમત નથી. તેમજ આ અરજી ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની કંઇ કલમ હેઠળ આપેલ છે તે સ્પષ્ટ થતું નથી.

વધુમાં તેઓ જણાવે છે કે આ કામના બીજા પક્ષકારની રજુઆત છે કે, મોટાભાગના કામદારો તેમના યુનીયનના સભ્યો છે તથા સદર યુનીયન દ્વારા હાલનો વિવાદ ઉપસ્થિત કરવામાં આવેલ છે જે સાચુ નથી. નગર પાલિકામાં હાલના રેફરન્સના પડકાર યુનીયન સિવાય બીજા યુનીયનો પણ અસ્તિત્વ ધરાવે છે. બીજા પક્ષકારે કરેલા આક્ષેપો જુઠા અને ઉપજાવી કાઢેલા છે. નગરપાલિકા એ ખાનગી પેઢી નથી. તેનો વહીવટ પ્રજા દ્વારા ચુંટાયેલા પ્રતિનિધિઓ કરે છે. ઔદ્યોગિક વિવાદ ધારા, ૧૯૪૭ ની જોગવાઇઓનું પાલન પ્રથમ પક્ષકાર કરતા આવેલા છે અને ૪૨/૮૮ ના સંબંધિત કામદારોની નોકરીની શરતોમાં કોઇ ફેરફાર કરેલ નથી. તેમજ કામદારોને છુટા કરવાની કાર્યવાહી કરી રહેલાની વિગત પણ ખોટી છે અને તે પુરવાર કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે. તેમજ બીજા પક્ષકારે કરેલ પ્રાયમાફેસી અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સની રજુઆત પણ ગેરમાર્ગે દોરનારી છે જેથી આ અરજીમાં માંગેલ દાદ કાયદેસર મળવાપાત્ર નથી અને સ્ટેટસકોનો હુકમ રદ કરવા તથા આ અરજી ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

(૧૭) આંક-૧૨૦, ૧૨૧ અને ૧૨૨ થી વિવાદીત સંબંધિત કામદારોને પેન્શન ચુકવવા માટેની અરજીઓ છે. આંક-૧૨૩ ની દસ્તાવેજી યાદી સાથે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને લખેલ પત્ર તા. ૧૭-૧૦-૮૮ ના પરિપત્રની નકલ રજુ કરેલ છે. આંક-૧૨૪ અને ૧૨૫ થી આંક-૧૨૦, ૧૨૧ અને ૧૨૨ ની અરજીઓનો લેખીત જવાબ રજુ કરેલ છે.

(૧૮) આ કેસ ચાલુ હતો તે દરમ્યાન આંક-૧૩૩ થી બીજા પક્ષકારની આંક-૧૨૯ ની અરજી હેઠળ હુકમ થયા મુજબ રેફરન્સ ૫૮/૮૯, ૪૨/૮૮, ૬૮/૮૯, ૯/૯૧ ૨૯/૯૪ અને ૫૯/૨૦૦૧ ના કેસો એકત્રિત કરી રેફરન્સ ૪૨/૮૮ માં ચલાવવાનો હુકમ થયેલ છે.

INDEX

(૧૯) ત્યારબાદ આંક-૧૩૫ થી બાજા પક્ષકાર તરફે શ્રી કરશનભાઇ પટેલની જુબાની થયેલ, જેઓ યુનીયનમાં બ્રાન્ચ સેક્રેટરી તરીકે હોદો ધરાવે છે. તેમજ આ રેફરન્સમાં યુનીયનના સભ્ય કામદારોને નોકરીમાં દાખલ થયા તારીખથી કાયમી કરવા અને તેથી મળતા તમામ લાભો આપવા માંગણી કરેલ છે. આ ન્યાયપંચે પાર્ટ-૧ એવોર્ડ કરતા અને તે અન્વયે રોજમદાર કામદારોને પગાર ધોરણ આપવાનું સંસ્થાએ ચાલું કર્યુ છે. આમાંથી પાંચ, છ કર્મચારીઓને બાકાત રાખવામાં આવ્યા છે. આવા કામદારોને જેને પાર્ટ એવોર્ડ લાગું પાડવામાં આવ્યો છે તે કર્મચારી નિવૃત્ત થાય ત્યારે પેન્શન અને ગ્રેજ્યુઈટીના લાભ આપવામાં આવતા નથી, તે માટે અરજી કરેલ, જે પેન્ડીંગ છે. કાયમી મંજુર થયેલ જગ્યા ખાલી પડે ત્યારે નગરપાલિકા લાંબા સમય સુધી તે જગ્યા ભરતી નથી અને જયારે જગ્યા ભરે છે ત્યારે રોજમદારમાંથી સીનીયોરીટી પ્રમાણે જગ્યા ભરવામાં આવે છે. નિયામકશ્રીની મંજુરી મળી હોઇ તેવી ઘણી જગ્યા હાલ ખાલી છે. જે જગ્યા ઉપર રોજમદારો કામ કરે છે પરંતુ તેમને કાયમ કરવામાં આવેલ નથી. ઉલટતપાસમાં આ સાક્ષીએ જણાવેલ છે કે, ઉપરોકત જણાવેલ એકત્રિત કરેલ રેફરન્સ કાયમી થવા માટેના છે, જેમાં આંક-૧૩૩ થી હુકમ થયેલ છે. તે વાત ખરી જણાવેલ છે કે, સંબંધિત રોજમદાર કામદારોને પ્રથમ પક્ષકાર છુટા ન કરે તે માટેની ન્યાયપંચમાં મનાઇ અરજી રજુ કરેલ, જેમાં ન્યાયપંચે વચગાળાનો હુકમ આપી બીજો હુકમ ન થાય ત્યાં સુધી મનાઇ હુકમ આપેલો છે. જે હાલમાં પણ ચાલુ છે. તેના કારણે સંબંધિત કામદારો નોકરી ઉપર ચાલુ છે. કાયમી ભરતી માટે પ્રથમ પક્ષકાર વર્તમાનપત્રમાં જાહેરાત આપેલ છે કે કેમ તે ખબર નથી. સંસ્થાએ નોટીસ બોર્ડ ઉપર ભરતી માટે નોટીસ મુકેલ હતી. આ અંગે કોઇ લેખીત પુરાવો કે લેખીત નોટીસ નથી, તેથી રજુ કરી શકાય તેમ નથી. સંબંધિત કર્મચારીઓના નામની નોંધણી રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ હતી કે કેમ તે વિગત મળશે તો રજુ કરવા જણાવેલ છે.

(૨૦) આંક-૧૪૫ ની દસ્તાવેજી યાદી સાથે બીજા પક્ષકારના પ્રતિનિધિએ બીજા પક્ષકાર યુનીયન દ્વારા પ્રથમ પક્ષકારને લખાયેલ પત્ર, આ પત્ર પ્રથમ પક્ષકારને મળ્યા અંગેની પહોંચ, તથા સરકારશ્રીનો તા. ૧૭-૧૦-૮૮ નો પરિપત્ર રજુ કરેલ છે.

(૨૧) આંક-૧૫૩ ની એક અરજી બીજા પક્ષકાર તરફે આપવામાં આવેલ હતી જે અંગે બંને પક્ષકારોને સાંભળીને જે તે વખતે આ અરજી રદ કરવામાં આવેલ છે.

(૨૨) આંક-૧૫૮ થી આંક-૧૨૦, ૧૨૧, ૧૨૨ ની અરજીઓ રેફરન્સની સુનાવણી બાબતે એક રીવ્યુ અરજી બીજા પક્ષકાર તરફે આપવામાં આવેલ છે.

(૨૩) આંક-૧૬૨ ની દસ્તાવેજી યાદી સાથે નગરપાલિકાના વિવિધ ખાતામાં મહેકમની ખાલી જગ્યા દર્શાવતું પત્રક, આ ખાલી જગ્યા ઉપર હક ધરાવતા કામદારોના નામ દર્શાવતું લીસ્ટ અને નગરપાલિકાનું મંજુર થયેલ મહેકમની નકલ રજુ કરેલ છે.

INDEX

(૨૪) આંક-૧૬૯ થી બીજા પક્ષકાર તરફે સોગંદનામું રજુ કરવામાં આવેલ છે, જેમાં જણાવેલ છે કે, તેઓ પંપ ઓપરેટર તરીકે તા. ૧૭-૯-૮૪ થી તેમની નિમણુંક થયેલ હતી, ત્યારપછી તેઓ કાયમી ખાલી જગ્યા અને મંજુર થયેલ જગ્યા ઉપર કામગીરી કરે છે. કાયમી કામદાર જેવા લાભો આપવામાં આવતી નથી. પંપ ઓપરેટરની જગ્યા પ્રથમ પક્ષકાર નગરપાલિકાની અંદર મંજુર થયેલ અને ખાલી જગ્યા છે, પરંતુ આવી જગ્યાઓ ભરવામાં આવતી નથી.

ઉલટતપાસમાં પણ સાક્ષીએ જણાવેલ છે કે, નોટીસ બોર્ડ ઉપર જગ્યા માટે જાહેરાત વાંચીને નોકરી માટે અરજી કરેલ. તેઓ કાયમી નથી. તેઓ એસ.એસ.સી. ફેઈલ છે. સેકન્ડ કલાસ વાયરમેનની પરીક્ષા ૧૯૭૮ માં પાસ કરેલ છે. નોટીસ બોર્ડ ઉપર જાહેરાત મુકેલી તે મળશે તો રજુ કરીશ. તે વાત ખરી જણાવેલ છે કે, તેમનું નામ રોજગાર કચેરીમાંથી મોકલવામાં આવેલ નથી તેમજ તેમને કાયમી રીતે નિમણુંકનો પત્ર આપવામાં આવેલ નથી.

(૨૫) આંક-૧૭૦ ની દસ્તાવેજી યાદી સાથે નગરપાલિકાએ કરેલ ઠરાવોની નકલ બીજા પક્ષકાર તરફે રજુ કરેલ છે. તેમજ સીનીયોરીટી લીસ્ટ અને નગરપાલિકામાં આપવામાં આવેલ અરજીની નકલ રજુ કરેલ છે.તેમજ આંક-૧૭૦-એ થી બીજા પક્ષકાર તરફે અરવિંદભાઈ વર્માનું એફીડેવીટ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા. ૧૨-૨-૮૪ થી હેલ્પર તરીકે નોકરીમાં છે. નોટીસ બોર્ડ ઉપર જાણકારીને કારણે તેઓએ અરજી કરેલ. તા. ૧-૮-૨૦૦૨ થી પ્રથમ પક્ષકારમાં ક્લાર્ક તરીકે કામગીરી આપે છે. કાયમી કામદાર જેટલો પગાર આપવામાં આવતો નથી. નગરપાલિકામાં આ જગ્યા ખાલી છે. નગરપાલિકા ખાલી જગ્યાઓને રેગ્યુલર કરતી નથી તેમજ બીજા કાયમી કર્મચારીઓને મળતા લાભો આપતી નથી.

ઉલટ તપાસમાં આ સાક્ષીએ જણાવેલ છે કે, તેઓ ૧૨ પાસ છે. ભરતી વખતે નોટીસ બોર્ડ ઉપર જાહેરાત જોઈ અરજી કરેલ હતી. નોટીસ મળશો તો રજુ કરવા જણાવેલ છે. નવસારી રોજગાર વિનીમય કચેરીમાં નામ નોંધાવેલ હતું. કાર્ડ મળશે તો રજુ કરવા જણાવેલ છે. તેમનું નામ રોજગાર કચેરીમાંથી મોકલવામાં આવેલ કે કેમ તે ખબર નથી. હાલના રોજમદાર કામદાર તરીકે કામ કરતા નથી. કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવે છે. કાયમી કર્યા અંગેનો લેખીત પુરાવો મળેથી રજુ કરવા જણાવેલ છે. નગરપાલિકામાં કાયમી જગ્યા માટે ભરતી કરવી હોઈ તે નગરપાલિકાની નિયામકશ્રીની મંજુરી લેવી પડે કે કેમ તે ખબર નથી. આ રીતે બીજા પક્ષકાર તરફે આંક-૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૪ થી સોગંદનામા રજુ થયા છે જેમાં પણ આ કર્મચારીઓને કાયમી કર્મચારીઓના લાભો મળતા નથી. તેમજ નગરપાલિકાએ તેમને રેગ્યુલર કરેલા નથી, તેવી હકીકત જણાવેલ છે.

(૨૬) આંક-૧૭૫ થી બીજા પક્ષકાર તરફે ક્લોઝીંગ પુરસીસ આપેલ છે.

INDEX

(૨૭) આંક-૧૭૮ થી પ્રથમ પક્ષકાર તરફે શ્રી નગીનભાઈ મૈસુરીયાની એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. તેમજ સંસ્થામાં કર્મચારીઓની નોકરીના ભરતીના પ્રોસીઝરથી તેઓ માહીતગાર છે. રેફરન્સ નં. ૪૨/૮૮, ૫૬/૫૯/૬૮/૮૯/૯૧, ૨૯/૯૪, તથા ૫૯/૨૦૦૧ ના કામે પરિશિષ્ટમાં જોડેલ કર્મચારીઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં રોજમદાર તરીકે જોડાયેલા અને હાલમાં પણ તેઓ ફરજ બજાવે છે. સદરહુ કામદારોને રોજમદાર તરીકે નિમણુંક કરતા પહેલા નગરપાલિકાના કર્મચારીઓની ભરતી અને સેવાઓની શરતો માટેના નિયમો મુજબ કરવી જોઈતી કોઈ પ્રોસીઝર કરવામાં આવેલ નથી. નામદાર ઔદ્યગિક અદાલત, સુરતના વચગાળાના મનાઈ હુકમને કારણે સદરહુ રોજમદાર કામદારોને પ્રથમ પક્ષકાર સંસ્થાએ આજદિન સુધી નોકરીમાં ચાલુ રાખેલ છે. તેમજ વધુમા જણાવેલ છે કે, પ્રથમ પક્ષકારે દૈનિક વર્તમાનપત્રમાં કાયમી કર્મચારીઓની ભરતી માટે અરજી મંગાવતી જાહેરાત રજુ કરેલ, જેમાં બીજા પક્ષકારે વચગાળાનો મનાઈ હુકમ મેળવેલ છે. જેથી કાયમી કર્મચારીઓની ભરતી બીજા પક્ષકારે રોકેલ છે. પ્રથમ પક્ષકારે રોજમદાર કામદારોની ભરતી કરતા પહેલા કોઈ નોટીસ બોર્ડ ઉપર કોઈ નોટીસ મુકેલ નથી. અઆ કામદારોનો કોઈ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નથી. સદરહુ રોજમદાર કામદારો કાયમી કામદારો નથી કે તેઓ કાયમી કામદારની પોસ્ટ ધરાવતા નથી કે કાયમી કામદારોને મળતા લાભો મેળવવા હક્કદાર નથી. જોગવાઈઓની વિરૂદ્ધ આ કામના રોજમદારની ભરતી થયેલ હોઈ તેઓની ભરતી ગેરકાયદેસર હોઈ તેઓ નગરપાલિકામાં કાયમી થવા હક્કદાર નથી.

ઉલટતપાસમાં આ સાક્ષીએ જણાવેલ છે કે, તેઓ ચીફ ઓફિસરના હાથ નીચે એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે. ચીફ ઓફિસરની સુચના મુજબ ફરજ બજાવે છે. તેમને કોઈ નિર્ણય લેવાનો હોતો નથી કે માણસો રાખવાની સાક્ષીને કોઈ સત્તા નથી. શરૂઆતમાં તેમને પ્રોબેશન ઉપર લેવામાં આવેલા, પછીથી તેમને કાયમી કરવામાં આવેલા હતા. નગરપાલીકાના ઠરાવો રજુ કરવા જણાવેલ છે. કામદારોની ભરતી અને નીતિ નિયમો અંગે સાક્ષીને માહિતી છે. મેહકમ કલાર્ક તરીકે તેઓએ કામગીરી કરેલ હોવાથી આ માહિતી છે. રેફરન્સના સંબંધિત તમામ કામદારોને ઓળખે છે. સંસ્થાએ ડ્રેનેજ ખાતામાં સેટઅપમાં વધારો કરવા માટે દરખાસ્ત મોકલેલ છે. સંબંધિત કામદારોની ભરતી કરવા અંગે નોટીસ બોર્ડ ઉપર કોઈ નોટીસ મુકવામાં આવેલ નથી. સંબંધિત કામદારોને નોકરી ઉપર રાખતા પહેલા બોર્ડે કોઈ ઠરાવ કરેલ કે કેમ તે ખબર નથી તેમજ સંબંધિત કામદારોની ભરતી કયા અધિકારીએ કરેલ છે તે ખબર નથી.

(૨૮) બીજા પક્ષકાર તરફે લેખીત દલીલો કરવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓનું ડીમાન્ડ જસ્ટીફીકેશન આંક-૩ થી રજુ કરેલ છે. તેમજ આંક-૪ સંબંધિત કામદારોની નોકરીની શરતોમાં કોઈ ફેરફાર ન કરવા માટેની અરજી રજુ કરેલ છે. કામદારોની હાલની ડીમાન્ડ કોર્ટ સમક્ષ પડતર હતી તે દરમ્યાન ૩૦-૧૧-૧૯૮૮ના પત્રથી પ્રથમ પક્ષકારએ

INDEX

નવા કામદારોને રાખેલા અને કાયમી કરવામાં આવેલા. આ કામના સંબંધિત કામદારોની નોકરીની ઉંમર પુરી થઈ જવાના કારણે નગરપાલિકાએ નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલા છે પરંતુ પેન્શન આપવામાં આવતું નથી. આંક-૧૩૯ થી સંસ્થાના એક સાક્ષીનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે. તેમજ તેની ઉલટતપાસ પણ થયેલ છે. પરંતુ આ સાક્ષી જવાબદાર અધિકારી નથી. જવાબદાર અધિકારી એટલે કે ચીફ ઓફિસરને હાજર રાખવા મુદત માંગવામાં આવેલ પરંતુ તેઓને સાક્ષી તરીકે હાજર કરવામાં આવેલ નથી.

વધુમાં તેઓ દલીલમાં જણાવે છે કે, નગરપાલિકામાં જે જે કેટેગરીના કામદારોની નિમણુંક કરવાનો અવસર આવે ત્યારે ખાલી જગ્યા પડયેથી નગરપાલિકા જાહેર જગ્યાએ એટલે કે નોટીસ બોર્ડ ઉપર જાણ કરવામાં આવતી હતી અને સંબંધિત કામદારો દ્વારા અરજી કરવામાં આવતી હતી અને ત્યાર પછી ઈન્ટરવ્યુ લઈ પસંદ કરવામાં આવેલા અને તે રીતે સંબંધિત કામદારોની ભરતી નીતિનિયમો અને કાર્યવાહી પ્રમાણે નગરપાલિકામાં કરી નિમણુંક આપવામાં આવેલી પરંતુ ત્યાર પછીથી આ કામદારોને મળવાપાત્ર પગારધોરણ અને હક્ક હિસ્સા આપવામાં આવતા ન હતા. ટેમ્પરરી કે હેડહોક કામદાર જણાવીને કેટેગરીનું કામ કાયમી કામદારો જેવું હતું, પરંતુ તેમનો પગાર કાયમી કામદારો જેટલો નહિ પરંતુ તેમનાથી ઓછું વેતન ચુકવવામાં આવતું હતું તેમજ બીજા લાભો પણ આપવામાં આવતા ન હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ કે વર્ષોથી ફરજ બજાવતા રોજમદાર કામદારોને તેમની નોકરીની સાતત્યના કારણે તેમને નોકરીમાં કાયમી કરી શકાય નહિ પરંતુ જો મંજૂર થયેલ મહેકમની જગ્યા ખાલી હોય અને સંબંધિત કામદારો યોગ્યતા ધરાવતા હોઈ તો પસંદગીમાં તેમને અગ્રતા આપીને તેમની નિમણુંક કરી શકાય અને તેમને કાયમી કરી શકાય. તે મુજબ હાલના સંબંધિત કામદારોની નિમણુંક મંજુર થયેલ મહેકમ ઉપર કાયમી ખાલી જગ્યા ઉપર નિમણુંક કરવામાં આવેલ અને તેઓ શૈક્ષણિક કે અન્ય તમામ લાયકાત ધરાવે છે તેમ છતાં સંબંધિત કામદારોને કાયમી કામદારોને મળતા પગાર તથા લાભોથી વંચિત રાખવામાં આવેલ છે. સુપ્રિમ કોર્ટનો ૨૦૦૬-એ. આઈ. આર. પાના નં. ૩૮૬૫ ઉપરનો ચુકાદામાં પણ સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, લાંબા સમયથી ફરજ બજાવતા અને લાયકાત ધરાવતા કામદારોને જગ્યા મંજુર થયેલ હોય તો આવા કામદારોને કાયમી કરવા પ્રાયોરીટી આપવી જોઈએ. ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૨૫ (ટી) અન્વયે શીડ્યુલ - પની આઈટમ નં. ૯ અને ૧૦ મુજબ કામદારોને વર્ષો સુધી રોજમદાર તરીકે રાખવા તે અયોગ્ય મજુર પ્રથમ ઠરાવેલ છે જે કૃત્ય ફોજદારી ગુનો બને છે. તેને અટકાવવું જોઈએ. આમ યુનીયન દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ વિવાદ વ્યાજબી અને માન્ય હોઈ મંજુર કરવા નમ્ર અરજ કરેલ છે.

(૨૯) આંક-૧૯૦ થી પ્રથમ પક્ષકાર તરફે એક એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે, જેની ઉલટ તપાસ થયેલ છે, ત્યારબાદ દસ્તાવેજો રજુ કરવાના હોવાથી ઉલટતપાસ મુલતવી રાખવામાં આવેલ હતી પરંતુ ત્યારબાદ આ આંક-૧૯૦ના સાક્ષી કોર્ટમાં હાજર થયેલ નથી કે દસ્તાવેજો રજુ કરેલ નથી. ઘણી મુદતો આપવા છતા તેઓ હાજર રહેતા ન હોઈ આંક-૧૯૦ થી

INDEX

આપેલ સોગંદ ઉપર આપેલ જુબાની ઉલટ તપાસમાં સાક્ષી આવતા ન હોવાથી રદ કરવામાં આવેલ છે.

(૩૦) આંક-૨૦૦ થી પ્રથમ સંસ્થાએ પોતાના મૌખિક પુરાવાઓ બંધ કરેલ છે.

(૩૧) પ્રથમ પક્ષકાર સંસ્થાના વકીલશ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, ઉપરોક્ત પાંચ રેફરન્સ કેસો રેફરન્સ ૪૨/૮૮માં ચલાવવાના હતા તે મુજબ રેફરન્સ એકત્રિત કરવામાં આવેલ છે. ઉપરોક્ત રેફરન્સમાં નં. ૪૨/૮૮નો કેસ રેફરન્સ ૫૯/૨૦૦૧નો કેસ ડેપ્યુટી કમિશ્નરશ્રીએ કરેલ હોવાથી તેઓને આ રેફરન્સ કરવાની સત્તા ન હોઈ આ બંને રેફરન્સ રદ કરવા જોઈએ. ઉપરોક્ત તમામ રેફરન્સમાં આ કર્મચારીઓ રોજમદાર કર્મચારીઓ છે. તેમજ તેઓએ રેગ્યુલર કરવા માટેની માંગણી કરેલ હોઈ અને તેવી માંગણી માટેની કોઈ જોગવાઈ ન હોઈ આ રેફરન્સ રદ થવાપાત્ર છે. તેમજ નામદાર કોર્ટને રેગ્યુલરાઈઝ કરવાના પાવર નથી. તેથી ટર્મ્સ ઓફ રેફરન્સની બહાર હુકમ થઈ શકે નહિ. નગરપાલિકાના ભરતી અંગેના નિયમો છે અને આ કર્મચારીઓની નિયમ મુજબ ભરતી કરવામાં આવેલ નથી કે રોજગાર કચેરીમાંથી નામ મંગાવીને ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નથી. બીજા પક્ષકાર તરફે એવી રજુઆત છે કે, નોટીસ બોર્ડ ઉપર પ્રથમ પક્ષકારે નોટીસ મુકેલી હતી. પરંતુ આવી કોઈ નોટીસ બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ નથી. રોજમદાર કર્મચારીઓએ વચગાળાનો મનાઈહુકમ મેળવેલ છે. અને તેવા હુકમના કારણે તમામ કર્મચારીઓની નોકરી ચાલુ છે. તેથી તેઓ કાયમી કામદારોની જગ્યાએ કાયમ થવા માટેના લાભો મેળવવા કે પગાર મેળવવા હક્કદાર થતા નથી. બીજા પક્ષકાર તરફે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી. સામાવાળા તરફે જે સાક્ષીને તપાસેલ છે. તેઓએ જણાવેલ છે કે, નગરપાલિકામાં કામદારોની ભરતી માટેના નિયમો છે અને આ રેફરન્સમાના કામદારો બધા રોજમદારો છે. તેમની ભરતી પ્રોસીઝર મુજબ થયેલ નથી. આમ આ કર્મચારીઓની નિમણુંક ઈલીગલ હોઈ આ તમામ રેફરન્સ રદ કરવા જણાવેલ છે.

(૩૨) રેફરન્સ (આઈ. ટી.) નં. ૪૨/૮૮માં આંક-૧૨૯ની અરજી અન્વયે આંક-૧૩૩ના હુકમથી રેફરન્સ કેસ આઈ. ટી. નં. ૫૮/૮૯, ૬૮/૮૯, ૯/૯૧,૨૯/૯૪, ૫૯/૨૦૦૧ના કેસો એકત્રિત કરવામાં આવેલા છે. રેફરન્સ કેસ આઈ.ટી. નં. ૪૨/૮૮ નો બંને પક્ષકારોએ ચલાવેલ છે. આ રેફરન્સની અનુસૂચિ સાથે એનેક્ષર-એ થી દર્શાવેલ કર્મચારીઓની યાદી મુજબ તેઓને નવસારી નગરપાલિકાના કાયમી કર્મચારીઓ ગણવા અને કાયમી કર્મચારીઓને મળતા લાભો આપવા અંગનો વિવાદ ન્યાયપંચને સુપરત કરેલ છે. રેફરન્સ આઈ.ટી. ૫૮/૮૯માં અનુસૂચિમાં એનેક્ષર-એ અને બી. મુજબના નગરપાલિકા, નવસારીનો વિવાદ ન્યાયપંચને સુપરત કરેલ છે. રેફરન્સ આઈ. ટી. ૬૮/૮૯ની અનુસૂચિ મુજબ નગરપાલિકા, નવસારીએ એનેક્ષર-બી માં દર્શાવેલ તમામ કર્મચારીઓને જે દિવસથી કામ ઉપર નિમ્યા હોય ત્યારથી કાયમી ગણવા અને આ એનેક્ષર-બીમાં દર્શાવેલ તમામ કર્મચારીઓને નગરપાલિકાના

INDEX

કાયમી કર્મચારીઓને મળતા તમામ લાભો નોકરીમાં દાખલ થયા ત્યારથી આપવા અંગેનો વિવાદ આ ન્યાયપંચને સોંપવામાં આવેલ છે. રેફરન્સ આઈ. ટી. ૯/૯૧માં અનુસૂચિ મુજબ નગરપાલિકા નવસારીએ એનેક્ષર-બીમાં દર્શાવેલ તમામ કર્મચારીઓને જે દિવસથી કામ ઉપર નિમ્યા હોઈ ત્યારથી કાયમી કરવા કે કેમ ? અને કાયમી કર્મચારીઓને મળતા લાભો નોકરીમાં દાખલ થયા તારીખથી આપવા કે કેમ ? તે અંગેનો વિવાદ આ ન્યાયપંચને સુપરત કરવામાં આવેલ છે. રેફરન્સ આઈ. ટી. નંબર ૫૯/૨૦૦૧માં જણાવેલ અનુસૂચિ મુજબ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ સંસ્થામાં કામ કરતા તમામ કર્મચારીઓને દાખલ થયા તારીખથી કાયમી કર્મચારીઓના લાભો આપવા કે કેમ ? તેમજ તેમને કાયમી કરવા કે કેમ?

ઉપરોક્ત તમામ રેફરન્સો એક પ્રકારની દાદ માંગતા હોવાનું જણાય આવે છે. મુખ્યત્વે આ મુદ્દો બધા રેફરન્સ કેસમાં એવો સમાયેલ છે કે, નવસારી નગરપાલિકાએ આ કર્મચારીઓને જ્યારથી કામે રાખેલ છે ત્યારથી કાયમી ગણવા કે કેમ ? અને કાયમી કર્મચારીઓને મળતા લાભો તે તારીખથી આપવા કે કેમ ? આ અંગે રેફરન્સ આઈ. ટી. નં. ૪૨/૮૮ નો કેસ ચાલેલો છે જેમાં બીજા પક્ષકાર તરફે આંક-૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ તથા ૧૬૯ થી સોગંદનામા રજુ કરવામાં આવેલ છે તેમજ આંક-૧૩૫ થી એક કર્મચારીની જુબાની લેવામાં આવેલ છે. અને તેમની ઉલટ તપાસ પણ થયેલ છે. ત્યાર પહેલા આંક-૩થી બીજા પક્ષકાર તરફે માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. અને આંક-૭થી સંસ્થાએ લેખીત જવાબ રજુ કરેલ છે.

(૩૩) પક્ષકાર તરફે આંક-૧૭૮ થી શ્રી નગીનભાઈ મૈસુરીયાની એફીડેવીટ રજુ થયેલ છે અને તેમની ઉલટ તપાસ પણ કરવામાં આવેલ છે.

(૩૪) બીજા પક્ષકાર તરફે એવી રજુઆત થયેલ છે કે, તેઓએ નોટીસ બોર્ડ ઉપર સંસ્થાએ જે નોટીસ મુકેલ હતી તેના આધારે અરજી કરેલ અને સંસ્થાએ તેમને નોકરીમાં રાખેલ. જ્યારે પ્રથમ પક્ષકાર તરફે એવી રજુઆત છે કે, ઔદ્યોગિક અદાલત, સુરતના વચગાળાના મનાઈ હુકમને કારણે સદરહુ રોજમદાર કામદારોને પ્રથમ પક્ષકારે આજદિન સુધી નોકરીમાં ચાલુ રાખેલ છે. તેમજ પ્રથમ પક્ષકારે દૈનિક વર્તમાનપત્રમાં કાયમી કર્મચારીઓની ભરતી માટે અરજીઓ મંગાવતી જાહેરાત કરેલ, તે માટે પણ બીજા પક્ષકારે વચગાળાનો મનાઈ હુકમ મેળવેલ છે. રોજમદાર કામદારોની ભરતી કરતા પહેલા સંસ્થાએ નોટીસ બોર્ડ ઉપર કોઈ નોટીસ મુકેલ નથી કે આ કામદારોના કોઈ ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નથી. સદરહુ રોજમદાર કામદારો કાયમી કામદારો નથી કે તેઓ કાયમી કામદારોની પોસ્ટ ધરાવતા નથી કે કાયમી કામદારોને મળતા લાભો મેળવવા હક્કદાર નથી. ભરતીની જોગવાઈથી વિરૂદ્ધ રોજમદાર કામદારોની ભરતી થયેલ છે અને આ ભરતી ગેરકાયદેસર છે. તેમજ નગરપાલિકામાં કાયમી થવા માટે તેઓ હક્કદાર નથી.

INDEX

ત્યારબાદ આંક-૧૯૦ થી પ્રથમ પક્ષકાર તરફે એક એફીડેવીટ રજુ કરવામાં આવેલ છે, જે સાક્ષીની થોડી ઉલટ તપાસ થયેલ, ત્યારબાદ વધુ ઉલટતપાસ માટે ન્યાયપંચ સમક્ષ હાજર થતા ન હોવાથી તેમની જુબાની રદ કરવામાં આવેલ છે.

(૩૪) બીજા પક્ષકાર તરફે લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ જણાવેલ છે કે, જે જે કેટેગરીમાં નગરપાલિકાના કામદારોની નિમણૂંક કરવાનો અવસર આવે ત્યારે ખાલી જગ્યા પડ્યે નગરપાલિકા નોટીસ બોર્ડ ઉપર જાણ કરતી હતી અને સંબંધિત કામદારો દ્વારા અરજી કરવામાં આવતી હતી. સંબંધિત કામદારોની ભરતી નીતિ નિયમો અને કાર્યવાહી પ્રમાણે કરવામાં આવી છે, પરંતુ કામદારોને મળવાપાત્ર કાયમી કર્મચારીઓનું પગારધોરણ આપવામાં આવતું ન હતું કે કાયમી કર્મચારીઓને મળતા લાભો આપવામાં આવતા ન હતા.

(૩૫) પ્રથમ પક્ષકારના વકીલશ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, આ પાંચ રેફરન્સો એકત્રિત કરવામાં આવેલ છે. તેમાના રેફરન્સ કેસ આઈ. ટી. નં. ૪૨/૮૮ તેમજ રેફરન્સ કેસ આઈ. ટી. નં. ૫૯/૨૦૦૧ નો કેસ ડેપ્યુટી કમિશ્નરે રેફરન્સ કરેલ હોવાથી તેઓને રેફરન્સ કરવાની સત્તા ન હોઈ આ બંને કેસ રદ કરવા જોઈએ.

ઉપરોક્ત તમામ કેસોમાના કર્મચારીઓ રોજમદાર કર્મચારીઓ છે. તેઓએ રેગ્યુલર કરવા માટેની માંગણી કરેલ હોઈ અને કોર્ટને રેગ્યુલરાઈઝ કરવાના પાવર ન હોઈ રેફરન્સ રદ થવાપાત્ર છે. તેમજ નગરપાલિકામાં ભરતી અંગેના નિયમો છે આ તમામ કર્મચારીઓની નિમણુંક નિયમો મુજબ કરવામાં આવેલ નથી કે રોજગાર કચેરીમાંથી નામ મંગાવીને ઈન્ટરવ્યુ લેવામાં આવેલ નથી તેમજ પ્રથમ પક્ષકાર તરફે કોઈ નોટીસ મુકેલ ન હતી, તેથી આ કર્મચારીઓ કાયમી થવાના લાભો મેળવા હક્કદાર થતા નથી અને કર્મચારીઓની ભરતી પ્રોસીઝર મુજબ થયેલ ન હોઈ તમામ રેફરન્સ રદ કરવા જણાવેલ છે.

(૩૬) આ દલીલોનો જવાબ આપતા બીજા પક્ષકારના પ્રતિનિધિએ જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર તરફે વધુ કોઈ મૌખિક પુરાવો લેવામાં આવેલ નથી. ચીફ ઓફિસરની જુબાની રદ થયેલ છે. નગરપાલિકા તેનો કેસ સાબિત કરી શકતી નથી તેમજ પ્રથમ પક્ષકાર તરફે જે જજમેન્ટો રજુ કરવામાં આવેલ છે તે માટે તેઓએ દલીલમાં જણાવેલ છે કે, શ્રી ઉમાદેવીના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે કર્મચારીઓને કાયમી ન કરવા જોઈએ તેમ જણાવેલ નથી, પરંતુ તેમાં જણાવેલ અમુક નિયમોને આધિન રહીને કાયમી કરવા જોઈએ, તે રીતે આ રેફરન્સ મંજુર કરવા જણાવેલ છે. બીજા પક્ષકાર તરફે નીચે મુજબના ચુકાદાઓ દલીલના સમર્થનમાં રજુ કરવામાં આવેલ છે.

INDEX

(૧) સ્પે. સી. એ. નં. ૪૩૫૫/૨૦૦૬ નામદાર ગુજરાત હાઈકોર્ટ.

ઉપરોક્ત ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પાર્ટ-ટાઈમ કામદારોને વર્ષો પછી કાયમ કરવા જોઈએ અને કાયમી મુજબના વેતન આપવા જોઈએ તેવો ચુકાદો આવેલ છે. આ ચુકાદા અંગે પ્રથમ પક્ષકારના વકીલશ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે, આ ચુકાદો પાર્ટ-ટાઈમ કામદારો અંગે આવેલ છે અને આ ટ્રીબ્યુનલમાં ચાલતા કેસની વિગત અલગ છે. આ રેફન્સના કર્મચારીઓને મનાઈ હુકમ મેળવેલ છે તેને આધારે નોકરી ચાલુ છે, તેથી આ ચુકાદો લાગુ પડતો નથી. પ્રથમ પક્ષકારના વકીલશ્રીએ કરેલ દલીલો સાથે હું સંમત થાઉ છું કારણ કે મારી સમક્ષના આ કેસની વિગત અલગ છે તેમજ ન્યાયપંચના મનાઈ હુકમના આધારે આ કર્મચારીઓની નોકરી ચાલુ છે, તેવા સંજોગોમાં હાલનો આ ચુકાદો બીજા પક્ષકારના કેસને મદદકર્તા રહેતો નથી.

(૨) ૨૦૦૬, એ. આઈ. આર., એસ. સી. ડબલ્યુ, પાના નં. ૩૮૬૫, નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટ.

ઉપરોક્ત કેસમાં ટેમ્પરરી રોજમદાર કર્મચારીઓ હતા જેમને રેગ્યુલર કર્મચારીઓના બેનીફીટ આપવા માટે હુકમ થયેલ હતો. આ ચુકાદા સામે પ્રથમ પક્ષકારના વકીલશ્રીએ નામદાર સુપ્રિમ કોર્ટનું એક જજમેન્ટ રજુ કરેલ છે જે ૨૦૦૭ (૧૧૨) એફ. એલ. આર. પાના ૮૧૦ ઉપર આવેલ છે. આ ચુકાદામાં ઉપરોક્ત બીજા પક્ષકાર તરફે રજુ કરવામાં આવેલ ચુકાદો રદ કરીને કેસ નવેસરથી ચલાવવા માટે ટ્રીબ્યુનલને મોકલવામાં આવેલ છે, તેવા કારણોસર ઉપરોક્ત ચુકાદો પણ બીજા પક્ષકારને મદદકર્તા રહેતો નથી.

(૩૭) પ્રથમ પક્ષકાર તરફે નીચે મુજબના ચુકાદાઓ રજુ કરવામાં આવે છે.

(૧) સ્પે. સી. એ. નં. ૮૫૨૬/૨૦૦૪, નામદાર ગુજરાત હાઈકોર્ટ

(૨) ૧૯૯૭ (૭૫), એફએલઆર પાના ૩૮૨, નામદાર દિલ્હી હાઈકોર્ટ.

(૩) ૧૯૭૯ (૩૮), એફએલઆર પાના ૩૮, નામદાર સુપ્રિમ કોર્ટ

(૪) ૨૦૦૬ (૧૦૯), એફએલઆર પાના ૮૨૮, નામદાર સુપ્રિમ કોર્ટ

(૫) ૨૦૦૬ (૧૧૦), એફએલઆર પાના ૨૧૧, નામદાર સુપ્રિમ કોર્ટ

(૬) ૨૦૦૭ (૧૧૨), એફએલઆર પાના ૮૧૦, નામદાર સુપ્રિમ કોર્ટ

(૭) ૨૦૦૭ (૧૧૩), એફએલઆર પાના ૧૯૯, નામદાર સુપ્રિમ કોર્ટ

INDEX

(૮) ૨૦૦૭ (૧૧૨), એફએલઆર પાના ૪૫૬, નામદાર સુપ્રિમ કોર્ટ

(૯) ૨૦૦૭ (૧૧૨), એફએલઆર પાના ૩૪૫, નામદાર સુપ્રિમ કોર્ટ

(૧૦) ૨૦૦૭ (૧૧૨), એફએલઆર પાના ૪૭૪, નામદાર સુપ્રિમ કોર્ટ

(૧૧) ૨૦૦૬ (૧૦૯), એફએલઆર પાના ૬૨૫, નામદાર સુપ્રિમ કોર્ટ

(૧૨) ૨૦૦૩ (૯૮), એફએલઆર પાના ૫૯૯, નામદાર સુપ્રિમ કોર્ટ.

ઉપરોક્ત નં. ૧ નો ચુકાદો ડેપ્યુટી લેબર કમિશનરના પાવર અંગેનો છે અને આ ચુકાદો પક્ષકારની વકીલશ્રી દલીલોને સમર્થન આપે છે, તે મુજબ ઉપરોક્ત જે રેફરન્સ કરવામાં આવેલ છે, તેમાંથી બે રેફરન્સ આઇ.ટી. નં. ૪૨/૮૮ અને ૫૯/૨૦૦૧, ડેપ્યુટી લેબર કમિશનર દ્વારા કરવામાં આવેલ હોવાથી તેઓને આ રેફરન્સ કરવાની સત્તા ન હોઇ ઉપરોક્ત બંને રેફરન્સ પુરતો કેસ રદ કરવામાં આવે છે.

ઉપરોક્ત નં. ૨ અને ૩ ના ચકાદામાં નામદાર દિલ્હી હાઇકોર્ટે લેબર કોર્ટ અને ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલને મળતી સત્તા અંગેના ચુકાદો આપેલ છે.

ઉપરોક્ત નં. ૪ ના ચુકાદામાં સુપ્રિમ કોર્ટે રેગ્યુલર અને પરમેનન્ટ આ બે શબ્દનો તફાવત દર્શાવતો ચુકાદો આપેલ છે જે પ્રથમ પક્ષકાર તરફે રજુ થયેલ છે.

ઉપરોક્ત નં. ૫ ના ચુકાદામાં સુપ્રિમ કોર્ટે કોઇપણ જાહેરાત આપ્યા સિવાય એમ્પ્લોઇમેન્ટ એક્ષચેઇન્જમાંથી નામ મંગાવ્યા સિવાય કર્મચારીઓની નિમણૂંક કરવામાં આવેલ હોય તો તે ઇલીગલ ગણવામાં આવેલ છે તેમ ઠરાવેલ છે.

ઉપરોક્ત નં. ૬ ના ચુકાદામાં સુપ્રિમ કોર્ટનો ઇલીગલ એપોઇન્ટમેન્ટ અંગેનો છે.

ઉપરોક્ત નં. ૭ અને ૮ ચુકાદામાં સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે, રેગ્યુલરાઇઝેશન કરવાના પાવર્સ કોર્ટને નથી.

ઉપરોક્ત નં. ૯ અને ૧૦ ના ચુકાદામાં સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે, રોજમદાર કામદારો કાયમી કરવા માટે માંગણી કરી શકે નહિ કે તેઓને રેગ્યુલર કરી શકાય નહિ.

ઉપરોક્ત નં. ૧૧ ના ચુકાદામાં સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે પ્રોસીઝર અનુસર્યા વગર જે નિમણુંક થયેલ હોઇ તે બેક ડોર એન્ટ્રી ગણાય અને આવી નિમણુંક રદ કરેલ છે.

INDEX

ઉપરોક્ત નં. ૧૨ ના ચુકાદામાં સુપ્રિમ કોર્ટે જણાવેલ છે કે, ઈકવલ પે ફોર ઈકવલ વર્કના આધારે કલીયરકટ ઈકવલ પોસ્ટ અને ઈકવલ વર્ક અને ઈકવલ નિમણુંક તે રીતે તેની આઈડેન્ટીટી સાબિત થઈ શકતી હોઈ તો જ ઈકવલ પે ફોર ઈકવલ વર્કની માંગણી થઈ શકે.

(૩૮) બીજા પક્ષકાર તરફે ઘણા શ્રમયોગીઓની સોગંદ ઉપર જુબાની લેવામાં આવેલ છે. પરંતુ તેમની જુબાની ઉપરથી એ સ્પષ્ટ જણાય આવે છે કે નગરપાલિકામાં તેઓ રોજમદાર કર્મચારી તરીકે કામે રહેલા હતા. ભરતીની કોઈ પ્રક્રિયામાંથી પસાર થયેલ નથી કે રોજગાર કચેરીમાંથી તેમના નામ નગરપાલિકાએ મંગાવેલ હોઈ અને તેમના ઈન્ટરવ્યુ લીધેલ હોઈ અને ઈન્ટરવ્યુમાં પાસ થયેલ હોય અને ત્યારબાદ તેમની નિમણુંક આપેલ હોય તેમ બનેલ નથી. આમ રજુ થયેલ તમામ પુરાવાઓ જોતા એ હકીકત અંગે કોઈ તકરાર રહેતી નથી કે, આ તમામ કર્મચારીઓ ઘણા વર્ષોથી નોકરી કરતા હોવા છતાં રોજમદાર તરીકે નોકરી કરે છે. સંસ્થા તરફે ૨૦૦૬, સી.એલ.આર., પાના નં. ૨૬૧, નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો રજુ થયેલ છે જે ચુકાદો તમામ અદાલતને બંધનકર્તા છે અને તેથી અગાઉ આપવામાં આવેલ તમામ ચુકાદાઓ બદલી નાંખવામાં આવેલ છે. ઉપરોકત ચુકાદામાં જે ચર્ચા કરવામાં આવી છે તે જોઈએ તો આ કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટના ૫ ન્યાયમૂર્તિઓએ તેમના ચુકાદામાં સરકારી, અર્ધસરકારી, જાહેર સંસ્થાઓ તેમજ સરકારની જમા નાણાકીય સહાય પુરી પાડવામાં આવતી હોય, તેવી સંસ્થાઓમાં કર્મચારીઓને કાયમી કરવાના કેસમાં ચુકાદો આપતા નીચે મુજબ ઠરાવ્યુ છે કે, પ્રવર્તમાન નિયમો અનુસાર નિમણુંક કરવામાં આવી ન હોય, તો નિમણુંકકારોના કોઈ જાતના હક્ક રહેતા નથી. કરાર ઉપર અપાયેલ નિમણુંકો કરારના અંતે પુરી થાય છે. નિમણુંકની સમય મર્યાદા પુરી થતાં હંગામી કામદારો તેમને કાયમી કરવાનો દાવો કરી શકે નહિ. તેઓને તેમની નિમણુંક સમય મર્યાદા વિત્યા બાદ પણ ચાલું રાખવામાં આવેલ હતા. ફકત એ કારણસર જ તેઓને નિયમીત નોકરીમાં સમાવી લેવા અથવા કાયમ બનાવવા માટે તેઓ હક્કદાર બનતા નથી. કર્મચારીની હંગામી ધોરણની લાંબા ગાળાની નોકરી તેઓને કાયમી ધોરણે નિમણુંક આપવા માટે હક્કદાર થતી. ભારતનું બંધારણ, ૧૯૫૦, કલમ-૩૨, ૧૪૨, ૨૨૬ કાયમી નિયમન-સમય મર્યાદા-એવું ઠરાવવામાં આવ્યું કે બંધારણની કલમ-૩૨ અથવા ૨૨૬ ની જોગવાઈ અનુસારના ન્યાયે અથવા કલમ-૧૪૨ હેઠળ આપવામાં આવેલી સત્તાની રૂએ વ્યક્તિઓની લાંબા ગાળાની નોકરી અથવા નિમણુંકના આધારે તેઓને કાયમી કરવાની મંજુરીનો હુકમ આપવો તે ન્યાયીક અને વ્યાજબી નથી. કોર્ટોએ એવી રાહત આપવી ન જોઈએ કે જે બિનકાયદેસરતામાં પરિણમે. ઉપરોકત કેસમાં કર્મચારી હંગામી ધોરણે ૧૦ વર્ષથી વધુ સમયની નોકરી કરી હતી અને કાયમી કરવાની માંગણી કરી હતી. એડમીનીસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલ દ્વારા તેઓની માંગણી નકારવામાં આવી હતી અને નામદાર હાઈકોર્ટ દ્વારા સમાન કક્ષાના કાયમી કર્મચારીઓને મળતો પગાર તેમજ ભથ્થાઓનું વેતન મળવાપાત્ર છે, તેવું ઠરાવવા કાયમી કરવાની બાબત ઉપર વિચારણા કરવા માટે રાજયને આદેશ આપ્યો હતો. જાહેર નોકરીઓની જોગવાઈ

INDEX

અનુસાર જે નિમણુંક લાગું પડવા નિયમ અનુસાર ન હોય અને લાયકાત ધરાવતા વ્યક્તિઓ વચ્ચે વાજબી હરિફાઇ ન થઇ હોય તો તે નિમણુંક મેળવનાર માટે કોઇ હક્ક સ્થાપિત કરતા નથી. નિમણુંક રોજમદાર વેતનના આધારે અથવા છુટક ધોરણે હોય તો તે જ્યારે ચાલું રાખવામાં નથી આવતી ત્યારે તેઓની નોકરીનો અંત આવે છે. આ જ રીતે કોઇ હંગામી કર્મચારી તેમની નિમણુંકની મુદત પુરી થયેથી તેમને કાયમી કરવાનો દાવો કરી શકે નહિ. આ જ રીતે હંગામી કર્મચારી અથવા છુટક વેતનના કર્મચારીને તેમની નિમણુંકની મુદત પુરી થયા બાદ પણ ચાલું રાખવામાં આવે તો ફક્ત તે જ કારણોસર તે નિયમીત કાયમી નોકરીમાં સમાવી લેવાને પાત્ર બનતા નથી.

સાર્વભૌમ સરકાર દેશની આર્થિક પરિસ્થિતિને લક્ષમાં રાખી કોઇ કામગીરી કરાવવાની જરૂરી હોય તો તેઓને હંગામી કલાર્ક અથવા રોજમદાર વેતન ઉપર કામદારને રાખવા પડે તો તે માટે બાધ નથી. પરંતુ જરૂરી પ્રક્રિયાને અનુસરવામાં આવતી નથી અને જાહેર નોકર માટેના બંધારણને નજર અંદાજ કરવામાં આવે છે. યોગ્ય પધ્ધતિ તેમજ યોગ્ય નિયમો પ્રમાણે નિમણુંક કરવાની ફરજ હોવા છતાં અનિયમીત નિમણુંક ખાસ કરીને નીચલી કક્ષામાં કરવામાં આવે છે અને આવી નિમણુંક એક વર્ષ અને ત્યારબાદ વર્ષો સુધી રાખવામાં આવે છે. આથી આ હોદા માટે લાયકાત ધરાવનાર બાકાત રહી ગયા છે અને હોદા માટેની હરિફાઇ કરવાની તકથી તેઓ વંચિત રહી ગયા છે. આના પરિણામે આવી નિયમીત પ્રક્રિયા વગર અથવા પાછલા બારણેથી અથવા રોજમદાર વેતન ઉપર નિમણુંક પામેલ તેઓના હોદા ઉપર કાયમી બનાવવામાં આવે, તેવા આદેશો મેળવવા અને આ હોદા ઉપર નિયમીત ભરતી રોકાઇ જાય, તે રીતે કોર્ટનો આશરો લે છે અને કોઇવાર નિમણુંકની પ્રક્રિયા સામે પણ મનાઇ હુકમ લે છે. મનાઇ હુકમના નામે આવા કર્મચારીઓ વર્ષો સુધી કામ કરે છે. આમ પ્રસ્થાપિત પધ્ધતિ દ્વારા જ્યારે નિયમીત નિમણુંક મેળવેલ નથી, તેઓને ચાલું રાખવાના આદેશો જારી રહે છે અને જાહેર નોકરો માટે બંધારણીય પધ્ધતિનો મુળભૂત હેતુ માર્યો જાય છે. જો નિમણુંક માટે નિયમ બનાવવામાં આવ્યા હોઇ તો તે નિયમ મુજબ જ નિમણુંક થવી જોઇએ. કાયદાની સત્તા હેઠળ ઘડાયેલા કાનુની નિયમોનું સ્થાન કોઇપણ સરકારી હુકમ, જાહેરાત, કે પરિપત્ર લઇ શકે નહિ. બંધારણની કલમ-૩૨૦ માં જાહેર સેવા આયોગની કાર્યવાહી દર્શાવવામાં આવી છે. બંધારણની કમલ-૧૬ ના માન્ય હકારાત્મક પગલાના ભાગ રૂપે ખાસ કલમ-૩૩૫ માં શેડ્યુલ્ડ કાસ્ટ અને શેડ્યુલ્ડ ટ્રાઇબ્સના નોકરી માટેના દાવાઓની માન્યતા આપવાની જોગવાઇ છે. રાષ્ટ્રમાં અને રાજયમાં નોકરી માટેની કોઇપણ ભરતીને આ કાયદા, ધારા ધોરણો અને નિયમો લાગુ પડે છે અને આવા ધારાધોરણ અનુસર્યા સિવાયની નિમણુંકો અમાન્ય છે. જરૂરીયાત મુજબ વ્યક્તિઓને હંગામી અથવા દૈનિક વેતન ઉપર રાખી શકાય છે. પરંતુ પસંદગીની બંધારણીય પધ્ધતિને અનુસર્યા વગર જેઓને રાખવામાં આવ્યા હોય, તેઓને બંધારણની કલમ-૨૨૬ તથા કલમ-૩૨ નો આધાર લઇ કાયમી નોકરીમાં સમાવી લેવાના આદેશો આપવા તે કોર્ટ માટે વ્યાજબી નથી. લાયકાત ધરાવનાર દરેક નાગરિકને નિમણુંક માટે અધિકારનો હક્ક છે. આમ કરવામાં ન આવે, તો બીજા ઘણા લોકો જાહેર નોકરી માટે હરિફાઇ કરવાની તકથી વંચિત

INDEX

રહી જાય છે. વાસ્તવિકતામાં નક્કી કરેલ સાધનો દ્વારા સંપૂર્ણરીતે ભરતી કરવી જોઈએ, પરંતુ વહીવટની તાત્કાલિક જરૂરીયાત માટે તાત્કાલિક ભરતી અથવા હંગામી નિમણુંકની આવશ્યકતા રહે છે. આવી પરિસ્થિતિમાં આ હંગામી કર્મચારીઓના સ્થાને નિયમ પ્રમાણે પસંદગી કરાયેલ કર્મચારીની વહેલી તકે નિમણુંક કરવી જોઈએ. હંગામી કર્મચારીઓ પણ બીજાઓ સાથે હરિફાઈ કરી શકે છે. જો તે પસંદગી પામે તો ઘણું સારૂ. પરંતુ જો પસંદગી ન પામે તો પસંદગી પામેલ ઉમેદવાર માટે રસ્તો કરી આપવો જોઈએ. આ જ રીતે એક હંગામીના સ્થાને બીજા હંગામીને નિમવા ન જોઈએ. રાજ્ય નિયમીત અને વ્યાજબી ભરતી કરે તે તેઓની ફરજ છે. જો આવી રીતે કાયમી કરવામાં આવે તો નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરવાને પ્રોત્સાહન મળે.

આ પાસા ઉપરના નિર્ણયોનો ગુણાકાર કરવો જરૂરી નથી. ભારતના બંધારણની કમલ-૧૬૨ હેઠળ રાજ્યને નિમણુંક કરવાની કોઈ સત્તા છે નહિ અને જો આવી કોઈ સત્તા હોઈ તો પણ ધારાકીય નિયમોની વિરૂધ્ધમાં જઈને કોઈ નિમણુંક થઈ શકે નહિ. કોર્ટે એવું પણ ઠરાવ્યું છે કે, ભુતકાળનું કહેવાતું નિયમીતીકરણ અથવા નિમણુંકનો અર્થ એમ નથી કે હજી વધુમાં નિયમીતીકરણ અથવા નિમણુંક કરી શકાય. હાઈકોર્ટને તેઓ પોતે નિયમીતીકરણ માટે યોજના બનાવાનો અથવા એમ કરવા માટેનો હુકમ આપવાનો અધિકાર નથી.

આમ સ્ટેટ ઓફ કર્ણાટક વિરૂધ્ધ ઉમાદેવી અને બીજાઓના કેસનો ટુંકસાર જોઈએ તો જયાં સરકારી, અર્ધસરકારી અને જાહેર સંસ્થામાં ભરતી અંગેના નિયમો છે, ત્યાં ભરતીની પ્રક્રિયા કરીને કર્મચારીની પસંદગી થવી જોઈએ. કોઈ કર્મચારી હંગામી કે રોજમદાર તરીકે અમુક વર્ષો સુધી કામ કર્યું છે, તેટલા જ કારણસર તેઓને કાયમી થવાનો અધિકાર મળી જતો નથી. નામદાર સુપ્રિમકોર્ટે જણાવ્યું છે કે, આવી પાછલા બારણે હંગામી રોજમદારોને કાયમી કરવાની પધ્ધતિ યોગ્ય અને વ્યાજબી નથી. દરેક નાગરિકને આવી નોકરીમાં સમાન તક મળવી જોઈએ. આ બીજા પક્ષકારના કેસમાં પણ કર્મચારીઓ હંગામી કર્મચારીઓ છે. રજુ થયેલ પુરવો જોતા પાછળના તબક્કે સેટઅપમાં જગ્યા ખાલી પડી છે પરંતુ સેટઅપમાં જગ્યા ખાલી પડી છે તેટલા કારણોસર આ કર્મચારીને કાયમી કરવાનો હુકમ થઈ શકે નહિ. કર્મચારીએ ભલે ગમે તેટલા વર્ષ હંગામી તરીકે વર્ષમાં ગમે તેટલા દિવસો કામ કરેલ હોઈ, તેનાથી તેઓની નોકરીને નિયમીત કરવાનું આ અદાલત કહી શકતી નથી. આવી ખાલી પડતી જગ્યા માટે જે તે સંસ્થાએ લાગું પડતા નિયમો મુજબ પસંદગીની પ્રક્રિયા કરવી જોઈએ અને તેમાં આ સંબંધિત કામદારોને પણ ભાગ લેવાની તક મળવી જોઈએ. આવા કર્મચારીઓ માટે ઉંમરમાં છુટછાટ મુકી શકાય. પરંતુ ભરતીની કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વગર આવી ભરતી નિયમીત કરી શકાય નહિ. આમ સ્પષ્ટપણે કર્મચારીઓ હંગામી કર્મચારીઓ છે. અમુક વર્ષો નોકરી કરી છે, તેટલા જ કારણોસર આ કર્મચારીઓની નોકરી નિયમીત કરવા કોઈ હુકમ થઈ શકે નહિ. સંસ્થાએ આવી ખાલી પડેલ જગ્યાઓ વર્ષો સુધી હંગામીના બહાના હેઠળ ન ભરવાનું પગલું પણ યોગ્ય અને વ્યાજબી નથી. આવી ખાલી પડેલ જગ્યાઓ ભરતીની પ્રક્રિયા કરી, તાત્કાલિક ભરવી જોઈએ. બીજી એ પણ હકીકત છે કે, જો આવી

INDEX

કામગીરી માટે વધુ કાયમી કર્મચારીઓની જરૂરીયાત હોઈ તો સેટઅપમાં કાયમી જગ્યામાં વધારો કરવો જોઈએ. પરંતુ આ ઔદ્યોગિક ન્યાયપંચ આવા રોજમદાર કર્મચારીઓના કેસમાં કાયમી જગ્યામાં વધારો કરવા માટે કે હંગામી કે રોજમદાર કર્મચારીને કાયમી કરવા માટે કોઈ હુકમ કરી શકતી નથી.

નામદાર સુપ્રિમ કોર્ટે ઉમાદેવી વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકના કેસમાં તારણ આપતા જણાવ્યું છે કે, પસંદગીની નિયમ પ્રમાણેની પ્રક્રિયા જે તે સંસ્થાએ તે હોદો ભરવા માટે તાત્કાલિક પગલા ભરવાના રહેશે અને આવી જ્યારે ભરતી કરવામાં આવે ત્યારે ભરતી માટેની વય મર્યાદા જતી કરીને જે વિભાગમાં તેઓએ નોંધપાત્ર સમયે શું કામ કર્યુ છે તે મુદ્દાને થોડું મહત્વ આપીને હરિફાઇ કરવા દેવી જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટે એમ પણ ઠરાવ્યું હતુ કે, આ દૈનિક વેતનના કર્મચારીને તેઓની કક્ષાના કર્મચારીને જે ન્યુનતમ વેતન મળતુ હોઈ તે હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના ચુકાદાની તારીખથી અપાવવું જોઈએ અને આ કર્મચારીઓ દૈનિક વેતન કમાનાર હોઈ તેઓને બીજા કોઈ ભથ્થાઓ ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નામદાર સુપ્રિમ કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે, મંજુર થયેલ ખાલી જગ્યા જે ભરવી જરૂરી છે તે નિયત ભરતી દ્વારા ભરવામાં આવે, અને નામાદર સુપ્રિમ કોર્ટના હુકમની તારીખથી છ માસની અંદર ચાલું કરી દેવી જોઈએ. નામદાર સુપ્રિમ કોર્ટે આડેધડ રોજમદાર કર્મચારીઓને રાખવામાં આવતા હતા અને તે પાછલે બારણે બેક ડોર એન્ટ્રી લઈ અને કામયી થતા હતા, તેના ઉપર એક અંકુશ મુક્યો છે તે સાથે કર્મચારીએ લાંબા વર્ષો સુધી નોકરી કરી છે તેને વય મર્યાદા અને થોડી લાયકાતમાં પણ છુટ મુકીને પણ આવી જગ્યા માટે સમાન તકની જોગવાઇ કરી છે. તે સાથે એમ પણ ઠરાવ્યું છે કે, જે તે કેડરનો લઘુતમ પગાર પણ આપી શકાય છે. પરંતુ આવો પગાર નિમણુંકની તારીખથી આપી શકાય નહિ. સંબંધિત કર્મચારીના કેસમાં જોઈએ તો આજે છેલ્લા ૧૫ વર્ષ ઉપરાંતથી કાયમી પ્રકારનું કામ કરતા હોવાં છતાં અને સતત આખું વર્ષ કામ કરતા હોવા છતાં લઘુતમ વેતન દરે તેઓને પગાર ચુકવવામાં આવે છે. જ્યારે આ જ પ્રકારના કામ કરતા કાયમી કર્મચારીઓને સરકારના ધોરણો મુજબ પગાર પગાર મળતા, પગારમાં ઘણો મોટો તફાવત રહેલ. ઉપરોકત હકીકતે સંબંધીત કર્મચારીને કાયમી કરવાની માંગણી નકારવી જોઈએ પરંતુ તે સાથે એવો જરૂરી હુકમ કરવો જોઈએ કે જેનાથી સંબંધિત કર્મચારીને યોગ્ય ન્યાય મળી રહે. આજ રીતે કાયમી જગ્યા સેટઅપમાં ખાલી હોવા છતા વર્ષો સુધી ખોટી રીતે ભરવામાં આવતી નથી તેને સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ ભરવી જરૂરી છે.

(૩૯) મારી સમક્ષના ઉપરોક્ત કેસોમાં રેફરન્સ આઈ.ટી. નં. ૪૨/૮૮ માં કેસો એકત્રિત કરવામાં આવેલ છે, જેમાના બે રેફરન્સ કેસ ડેપ્યુટી લેબર કમિશનરે મોકલેલ હોય અને તેઓને પાવર્સ ન હોવાથી આ રેફરન્સ કેસો રદ થવા પાત્ર છે. બાકીના ૪ રેફરન્સ કેસોમાં કેસની અનુસૂચિમાં જણાવ્યા મુજબ નવસારી નગરપાલિકાએ ક નેક્ષરમાં દર્શાવેલ તમામ કર્મચારીઓને જે દિવસથી કામ ઉપર નિમ્યા હોય ત્યારથી કાયમી ગણવા કે કેમ ? અને આ

INDEX

માંગણી ૨૮– સંસ્થામાં બહારગામથી આવ-જાવ કરનારા તમામ શીફટના કામદારોને ભરૂચ રેલ્વે સ્ટેશન સુધી લાવવા-લઇ જવા સંસ્થાએ સુવિધા પુરી પાડવી કે કેમ ?

માંગણી ૨૯– **યુનીયન પ્રતિનિધિઓને સુવિધા** : યુનીયનના પ્રતિનિધિઓ જ્યારે જ્યારે યુનીયનના કામ અર્થે બહારગામ જાય ત્યારે -ત્યારે તેમની સ્પેશ્યલ લીવ આપવી કે કેમ ? અને આવવા જવાનો અને ભોજન ખર્ચ સંસ્થાએ આપવો કે કેમ ?

INDEX

માંગણી ૩૦– રીટ્રોસ્પેકટીવ ઈફેકટ : યુનિયને રજુ કરેલ ઉપરોક્ત તમામ માંગણીઓનો અમલ તા. ૧/૦૭/૦૮થી કરવો કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૯મી માર્ચ, ૨૦૦૯.

(સહી), અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ.એસએચ.એમ.સી/૩૮૯૫૯/૫.૨/આઈડીઆર/એજે/૧૦૯/૦૮.–નીચે સહી કરનારનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી કીષ્ના કેશવ લેબોરેટરીઝ પ્રા.લી. અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગર આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

કંપનીમાં એનેક્ષરમાં જણાવેલ શ્રમયોગીઓને જે દિવસે કંપનીમાં દાખલ થયા હોય ત્યારથી તેઓને કંપનીના કાયમી શ્રમયોગીઓને મળવાપાત્ર પગાર, મોંઘવારી ભથ્થા અને અન્ય તમામ લાભો-સવલતો આપવી કે કેમ ?

INDEX

એનેક્ષર

અ.નં.	કામદારનું નામ	અ.નં.	કામદારનું નામ
(૧)	પટેલ ચંદ્રેશકુમાર શંકરલાલ	(૨૩)	પરમાર વિજયકુમાર હસમુખભાઇ
(૨)	પટેલ રાજેશકુમાર બચુભાઇ	(૨૪)	મકવાણા જગદીશકુમાર નટવરભાઇ
(૩)	શાહ જયેશકુમાર કાન્તીલાલ	(૨૫)	ડાભી વિનયકુમાર માઇકલભાઇ
(૪)	શર્મા યોગેશકુમાર મણીલાલ	(૨૬)	રાઠોડ નરેશકુમાર ભાઇલાલભાઇ
(૫)	પરમાર ભરતકુમાર સુમનલાલ	(૨૭)	પરમાર ગીરીશભાઇ ખુશાલભાઇ
(૬)	પરમાર જીગ્નેશકુમાર કુસાંભાઇ	(૨૮)	પરમાર ભુપેન્દ્રકુમાર કંચનલાલ
(૭)	પરમાર લલીતકુમાર હરિભાઇ	(૨૯)	બજાણીયા સંજયભાઇ દામોદરલાલ
(૮)	સોલંકી અતુલકુમાર જગદીશભાઇ	(૩૦)	સોલંકી ચંકીકુમાર મહેશભાઇ
(૯)	પરમાર પ્રવીણકુમાર હરિભાઇ	(૩૧)	પંચાલ વિજયકુમાર જગદીશભાઇ
(૧૦)	પરાતે હરિશકુમાર કાશીનાથ	(૩૨)	સોલંકી વિજયકુમાર નટવરભાઇ
(૧૧)	વણકર પ્રકાશકુમાર કાન્તીભાઇ	(૩૩)	મકવાણા ધીરજકુમાર જયંતીભાઇ
(૧૨)	પરમાર તુષારકુમાર કાન્તિલાલ	(૩૪)	ચાવડા વિજયકુમાર બાબુભાઇ
(૧૩)	ખત્રી કૌશીકકુમાર જગન્નાથ	(૩૫)	ચૌહાણ ચિરાગ નારાયણભાઇ
(૧૪)	રાવળ જગદીશભાઇ ભાઇલાલભાઇ	(૩૬)	પરમાર સતીષકુમાર ગફુરભાઇ
(૧૫)	દેસાઇ વિષ્ણુકુમાર સોમાભાઇ	(૩૭)	પરમાર બીપીનકુમાર ખેમચંદભાઇ
(૧૬)	પ્રજાપતિ ભીખાભાઇ જીવાભાઇ	(૩૮)	રાઠોડ ભાવેશ વાલજીભાઇ
(૧૭)	નાયકા જીગ્નેશકુમાર હસમુખભાઇ	(૩૯)	સોલંકી ભાવેશ વિઠ્ઠલભાઇ
(૧૮)	જીત્યા પ્રકાશકુમાર હરજીવનભાઇ	(૪૦)	સોલંકી હિતેશ હરિભાઇ
(૧૯)	પરમાર મહેશકુમાર જગાભાઇ	(૪૧)	મકવાણા મહેશકુમાર કેશવલાલ
(૨૦)	સોલંકી અતુલકુમાર ડાઙાભાઇ	(૪૨)	કુઠેરીયા દિપકકુમાર લાખનભાઇ
(૨૧)	પરમાર મુકેશકુમાર કુસાભાઇ	(૪૩)	રાજકુમાર રાજાબાબુ
(૨૨)	શર્મા વિષ્ણુ લિમ્બાભાઇ	(૪૪)	મકવાણા મહેશકુમાર જયંતીભાઇ

INDEX

અ.નં.	કામદારનું નામ	અ.નં.	કામદારનું નામ
(૪૫)	વાણીયા જયેશકુમાર રામજીભાઇ	(૬૮)	પિલ્લે રાજા મણેકનાથ
(૪૬)	પરમાર ચંદ્રકાંન્ત ભાનુભાઇ	(૬૯)	પરમાર રાજુભાઇ બીજલભાઇ
(૪૭)	જાદવ જીતેન્દ્ર ચીમનભાઇ	(૭૦)	પરમાર અનીલકુમાર લવજીભાઇ
(૪૮)	પરમાર રજનીકાન્ત ભાનુભાઇ	(૭૧)	પરમાર રિતેષકુમાર હસમુખભાઇ
(૪૯)	મકવાણા વિજયકુમાર નટવરલાલ	(૭૨)	દવે સુરેશચંદ્ર ગંગારામ
(૫૦)	શ્રાવક નીરજકુમાર કિશોરભાઇ	(૭૩)	પરમાર કિસ્મતકુમાર ખુશાલભાઇ
(૫૧)	સોલંકી હિતેશકુમાર નગીનભાઇ	(૭૪)	પરમાર કાર્તિકકુમાર જશવંતભાઇ
(૫૨)	જાની ગૌરાંગ રમાકાન્ત	(૭૫)	સોલંકી દીપકકુમાર જગદીશભાઇ
(૫૩)	શાહ ચેતનકુમાર અજીતભાઇ	(૭૬)	અગ્રવાલ જીતેન્દ્રકુમાર ગોવિંદભાઇ
(૫૪)	મકવાણા રજની જયંતીલાલ	(૭૭)	વાઘેલા આનંદકુમાર ધીરૂભાઇ
(૫૫)	મંડોળા ચંન્દ્રસિંહ ડી.	(૭૮)	પરમાર રાકેશકુમાર શામળભાઇ
(૫૬)	પરમાર મહેશકુમાર લવજીભાઇ	(૭૯)	રાઠોડ અનીલકુમાર ડાઙાભાઇ
(૫૭)	જાદવ નિતીનકુમાર રતિલાલ	(૮૦)	પરમાર મહેશકુમાર વાલજીભાઇ
(૫૮)	વાઘેલા આનંદ મુળજીભાઇ	(૮૧)	બારોટ રાગેનકુમાર મુળજીભાઇ
(૫૯)	વાઘેલા બળદેવ રતિલાલ	(૮૨)	રાઠોડ હિંમતકુમાર ભવાનભાઇ
(૬૦)	રાશિયા વિનોદકુમાર ગોવિંદભાઇ	(૮૩)	જાદવ મુકેશચંદ્ર નાથાલાલ
(૬૧)	પટેલ પ્રહલાદભાઇ ત્રિકમલાલ	(૮૪)	પરમાર વિનોદકુમાર મોહનલાલ
(૬૨)	પટેલ રાજુભાઇ નારાયણભાઇ	(૮૫)	મકવાણા હર્ષદકુમાર માવાભાઇ
(૬૩)	પરમાર વિશાલ કુસાભાઇ	(૮૬)	ઠાકોર જગદીશભાઇ ડાઙાભાઇ
(૬૪)	લેઉઆ દિનેશ નરસિંહભાઇ	(૮૭)	ઠાકોર મણીલાલ ડાઙાભાઇ
(૬૫)	વાઘેલા ભૌનિક ધીરૂભાઇ	(૮૮)	સોલંકી જયેશકુમાર રાજેશભાઇ
(૬૬)	ખત્રી મહેન્દ્ર ઇશ્વરભાઇ	(૮૯)	જાદવ નવનીતકુમાર નટવરભાઇ
(૬૭)	પરમાર રમેશકુમાર અમરતલાલ	(૯૦)	પરમાર તેજસકુમાર હસમુખભાઇ

INDEX

અ.નં.	કામદારનું નામ	અ.નં.	કામદારનું નામ
(૯૧)	ગીત રણજીતસિંહ સુરજીતસિંહ	(૧૧૪)	પરમાર નિરવકુમાર મયુરભાઇ
(૯૨)	પરમાર હર્ષદકુમાર પ્રેમજીભાઇ	(૧૧૫)	મકવાણા મુકેશ મહેન્દ્રભાઇ
(૯૩)	શર્મા આનંદ ગુલાબભાઇ	(૧૧૬)	કૃણાલકુમાર ભવનસી ચૌહાણ
(૯૪)	ગોહીલ વિજય મનસુખભાઇ	(૧૧૭)	કૌશિકકુમાર સરતાનજી ચૌહાણ
(૯૫)	કોષ્ઠી ચંદુભાઇ ધમાભાઇ	(૧૧૮)	સનિલકુંમાર ભીખુસિંહ પરમાર
(૯૬)	સોલંકી રમેશકુમાર ત્રિકમલાલ	(૧૧૯)	હર્ષદકુમાર ભીખુસિંહ પરમાર
(૯૭)	મકવાણા હિતેષ મગનભાઇ	(૧૨૦)	બજાણીયા જલ્પાબેન સંજયભાઇ
(૯૮)	સુતરિયા ચિરાગ હીરાલાલ	(૧૨૧)	સોલંકી કમળાબેન રાજેશભાઇ
(૯૯)	પરમાર રણજીત દોલતરાય	(૧૨૨)	બેન્કર ઉર્મિલાબેન પંકજભાઇ
(૧૦૦)	પરમાર દિપક દોલતરાય	(૧૨૩)	પરમાર વિનુબેન અમરતભાઇ
(૧૦૧)	પરાતે પ્રકાશકુમાર કાશીનાથ	(૧૨૪)	શ્રીમાળી મીનાબેન ભરતભાઇ
(૧૦૨)	પરમાર જયંતિભાઇ કુબેરભાઇ	(૧૨૫)	સોલંકી આશાબેન લક્ષ્મણભાઇ
(૧૦૩)	પ્રજાપતિ ક્રિષ્ના	(૧૨૬)	પરમાર પુષ્પાબેન ભરતભાઇ
(૧૦૪)	ઠાકોર મહેન્દ્રકુમાર ડાઙ્ઘાભાઇ	(૧૨૭)	પરમાર મધુબેન મુકેશભાઇ
(૧૦૫)	પરમાર ભરતભાઇ પિતામ્બરદાસ	(૧૨૮)	પરમાર મીનાક્ષીબેન મહેશભાઇ
(૧૦૬)	મકવાણા કેતનકુમાર મહેન્દ્રભાઇ	(૧૨૯)	કાપડિયા ગીતાબેન પુનીતભાઇ
(૧૦૭)	રાવત ગૌતમ રણછોડભાઇ	(૧૩૦)	પટેલ દક્ષાબેન ખેગારભાઇ
(૧૦૮)	કુષ્વા કાર્તિક રામકિશોર	(૧૩૧)	કટારિયા લક્ષ્મીબેન પ્રકાશભાઇ
(૧૦૯)	ચૌહાણ ઉમેશ અમૃતભાઇ	(૧૩૨)	કટારિયા ઉષાબેન જશુભાઇ
(૧૧૦)	વાઘેલા નરેશકુમાર મુળજીભાઇ	(૧૩૩)	પટેલ ડિમ્પલબેન ખેગારભાઇ
(૧૧૧)	સોલંકી અશ્વીન ગીરીશભાઇ	(૧૩૪)	પરમાર વર્ષાબેન હર્ષદભાઇ
(૧૧૨)	સોલંકી રોહીતકુમાર ગોવીંદભાઇ	(૧૩૫)	મકવાણા મીનાબેન મુકેશભાઇ
(૧૧૩)	પરમાર ભાવેશ ગોવીંદભાઇ	(૧૩૬)	બજાણીયા કૈલાસબેન વિજયભાઇ

INDEX

અ.નં.	કામદારનું નામ	અ.નં.	કામદારનું નામ
(૧૩૭)	મકવાણા પિનાકીનીબેન મુકેશભાઇ	(૧૬૦)	પરમાર કેતનબેન સોમાભાઇ
(૧૩૮)	પરમાર રમીલાબેન ગીરધરભાઇ	(૧૬૧)	પરમાર જસવંતીબેન જયંતીભાઇ
(૧૩૯)	ડોડીયા જ્યોતીબેન નરેશભાઇ	(૧૬૨)	પરમાર જ્યોત્સનાબેન અનીલભાઇ
(૧૪૦)	પરમાર રંજનબેન મણીલાલ	(૧૬૩)	લેઉઆ જશોદાબેન પિયુષભાઇ
(૧૪૧)	પરમાર પુષ્પાબેન પ્રવીણભાઇ	(૧૬૪)	સોલંકી લીનાબેન ઇશ્વરભાઇ
(૧૪૨)	પરમાર નિરંજનાબેન જયેશભાઇ	(૧૬૫)	પરમાર ગીતાબેન કાંતિભાઇ
(૧૪૩)	પરમાર વિદ્યાબેન બીપીનભાઇ	(૧૬૬)	પરમાર વીણાબેન ગોવિંદભાઇ
(૧૪૪)	પરમાર મીનાબેન કાંતિલાલ	(૧૬૭)	પરમાર જશોદાબેન જયેશભાઇ
(૧૪૫)	નાયકા બબીતાબેન હસમુખભાઇ	(૧૬૮)	પરમાર નીતાબેન વિનોદભાઇ
(૧૪૬)	પરમાર ભારતીબેન અનીલભાઇ	(૧૬૯)	વોરા ગીતાબેન અશોકભાઇ
(૧૪૭)	સોલંકી રિનાબેન અમૃતભાઇ	(૧૭૦)	મકવાણા જ્યોતિકાબેન સુરેશભાઇ
(૧૪૮)	જાદવ લીલાબેન રતિલાલ	(૧૭૧)	કશ્યપ ગીતાબેન લક્ષ્મણપ્રસાદ
(૧૪૯)	પરીખ સ્નેહલબેન મનજિભાઇ	(૧૭૨)	પરમાર જ્યોતિકાબેન ભીમાભાઇ
(૧૫૦)	રાઠોડ શાન્તુબેન મુકેશભાઇ	(૧૭૩)	સોલંકી મંજુલાબેન રમણભાઇ
(૧૫૧)	સોલંકી મોનાબેન મહેશભાઇ	(૧૭૪)	વાઘેલા ગીતાંજલિ હિંમતભાઇ
(૧૫૨)	વર્મા અનીતાબેન મનજિભાઇ	(૧૭૫)	સોલંકી રમીલાબેન બિપીનભાઇ
(૧૫૩)	પરમાર હિરલબેન નીરવભાઇ	(૧૭૬)	યાદવ ગુડીયાદેવી કૃષ્ણકાન્ત
(૧૫૪)	પરમાર રેખાબેન નવીનભાઇ	(૧૭૭)	ઠાકુર સાધનાબેન ગોપાલભાઇ
(૧૫૫)	પઢીયાર જશોદાબેન પ્રતાપભાઇ	(૧૭૮)	નાયકા આશાબેન ઇશ્વરભાઇ
(૧૫૬)	સોલંકી લીલાબેન ભરતભાઇ	(૧૭૯)	વાઘેલા રમીલાબેન બળદેવભાઇ
(૧૫૭)	પરમાર કુસુમબેન કાંતિલાલ	(૧૮૦)	સોલંકી હીરાબેન બાબુભાઇ
(૧૫૮)	ચૌહાણ જયશ્રીબેન પ્રવીણભાઇ	(૧૮૧)	પરમાર રમીલાબેન મુળજીભાઇ
(૧૫૯)	વાઘેલા ઉષાબેન દિનેશભાઇ	(૧૮૨)	સોલંકી પારૂલબેન રજનીકાંત

INDEX

અ.નં.	કામદારનું નામ	અ.નં.	કામદારનું નામ
(૧૮૩)	શ્રીમાળી મીનાબેન કાંતિભાઇ	(૨૦૪)	વાઘેલા પરસોત્તમ ચતુરભાઇ
(૧૮૪)	પરમાર જશીબેન ચતુરભાઇ	(૨૦૫)	સોલંકી રાકેશ બુધાભાઇ
(૧૮૫)	પરમાર ગીતાબેન દિનેશભાઇ	(૨૦૬)	વાઘેલા મુકેશ મનુભાઇ
(૧૮૬)	પરમાર રેણુકાબેન વિનોદભાઇ	(૨૦૭)	વાઘેલા ભાવેશ જગદીશભાઇ
(૧૮૭)	લેઉવા આરતીબેન બિપીનભાઇ	(૨૦૮)	વાઘેલા નરેશ બબાભાઇ
(૧૮૮)	મકવાણા મીનાબેન જીતેન્દ્રભાઇ	(૨૦૯)	વાઘેલા અમીત બાબુભાઇ
(૧૮૯)	પુરબીયા રસીક અમરતભાઇ	(૨૧૦)	વાઘેલા નીતીન ઇશ્વરભાઇ
(૧૯૦)	પુરબીયા રમેશ વ્રજાભાઇ	(૨૧૧)	વાઘેલા બીપીન રામાભાઇ
(૧૯૧)	વાળોદરા ભરતભાઇ બાબુલાલ	(૨૧૨)	વાઘેલા મહેશભાઇ બબાભાઇ
(૧૯૨)	પુરબીયા રાજેશ અમરતભાઇ	(૨૧૩)	વાઘેલા રાકેશ ગણપતભાઇ
(૧૯૩)	વાઘેલા રમેશ જયંતીભાઇ	(૨૧૪)	ચાવડા દિનેશ જેઠાલાલ
(૧૯૪)	વાઘેલા હરીશ લક્ષ્મણભાઇ	(૨૧૫)	મકવાણા જગદીશ મહેશભાઇ
(૧૯૫)	વાઘેલા જીતેન્દ્ર સોમાભાઇ	(૨૧૬)	સોલંકી રાજેશભાઇ અંબારામ
(૧૯૬)	વાઘેલા દિનેશ કરશનભાઇ	(૨૧૭)	સોલંકી દિનેશકુમાર ગાભાભાઇ
(૧૯૭)	વાઘેલા બળવંત બબાભાઇ	(૨૧૮)	મકવાણા જયંતીભાઇ મગનભાઇ
(૧૯૮)	વાઘેલા બાબુભાઇ જેયતીભાઇ	(૨૧૯)	વાઘેલા સુરેશભાઇ કાળુભાઇ
(૧૯૯)	કાકડા સુનીલ કનુભાઇ	(૨૨૦)	સોલંકી અનિલભાઇ કેશવભાઇ
(૨૦૦)	પુરબીયા હેમંત કાંતિભાઇ	(૨૨૧)	ડોરીયા હિતેશભાઇ હાજીભાઇ
(૨૦૧)	વાઘેલા પ્રવીણ કાળીદાસ	(૨૨૨)	દેસાઇ ગોવીંદભાઇ ઇશ્વરભાઇ
(૨૦૨)	વાઘેલા ગોવિંદભાઇ બબાભાઇ	(૨૨૩)	પરમાર જ્યોત્સનાબેન જીતેન્દ્રભાઇ
(૨૦૩)	મકવાણા સુરેશ પાનાચંદ		

ગાંધીનગર, તારીખ ૯મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ.એસએચ.એમ.સી/૩૮૯૬૦/૫.૨/આઇડીઆર/એજે/૧૧૧/૦૮.–નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી ક્રીષ્ના કેશવ લેબોરેટરીઝ પ્રા.લી. અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

કંપનીમાં કામ કરતા (૧)શ્રી મુન્નાસિંહ (૨) શ્રી નટુભાઇ પટેલ (૩) શ્રી દલસુખભાઇ સોલંકી (૪) શ્રી કાનજીભાઇ વાઘેલા (૫) શ્રી ગંભીરભાઇ વાઘેલા (૬) શ્રી ત્રીવેણી યાદવ (૭) શ્રી શિવપ્રસાદ આહીર (૮) શ્રી વિનોદભાઇ વી. સોની (૯) શ્રી રમેશભાઇ કે. મકવાણા (૧૦) રામબીજ પ્રજાપતિ (૧૧) શ્રી બાબુભાઇ સોલંકી (૧૨) શ્રી મનસુખભાઇ હરિજન (૧૩) શ્રી મનુભાઇ પુરબીયા (૧૪) શ્રી સીતારામ યાદવ (૧૫) શ્રી રામબાબુ કઠરીયાને તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૮થી ઓપરેટર તરીકે ફરજો બજાવતા હોવાથી તેઓને કંપનીના ઓપરેટરોને આપવામાં આવતા વેતન અને અન્ય તમામ લાભો/સવલતો આપવી કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૯મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ.એસએચ.એમ.સી/૩૮૯૬૧/૫.૨/આઇડીઆર/એજે/૧૧૩/૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી ક્રીષ્ના કેશવ લેબોરેટરીઝ પ્રા.લી. અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

કંપનીમાં કામ કરતા જે તે શ્રમયોગીઓના કહેવાતા કોન્ટ્રાકટરોના ચોપડામાં આવેલ છે તેઓ કાયમી પ્રકારની અને કંપનીના કાયમી શ્રમયોગીઓ જેવી જ કામગીરી કરતા હોવાથી તેઓને કંપનીના કાયમી શ્રમયોગીઓ જાહેર કરી તેઓ જે તારીખથી કંપનીમાં કામ કરે છે તે તારીખથી તેઓને કંપનીના કાયમી શ્રમયોગીઓને આપવામાં આવતા વેતન અને અન્ય તમામ લાભો-સવલતો આપવા કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૯મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ.એસએચ.એમ.સી/૩૮૯૬૨/પ.૨/આઇડીઆર/એજે/૧૨૩/૦૮.–નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સંફારી ઇન્ડસ્ટ્રીઝ (ઇ) લી. અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગરને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

પરિશિષ્ટ

માંગણી નં. ૧–સને ૨૦૦૬-૨૦૦૭માં શ્રમયોગીઓને બોનસ ૨૦ % આપવુ જોઇએએ કે કેમ?

માંગણી નં. ૨–સને ૨૦૦૬-૨૦૦૭માં વાર્ષિક કમાણીના ૧૦૦૦/-શ્રમયોગીઓને એકસગ્રેસીયા રકમ તરીકે આપવા જોઇએ કે કેમ ?

માંગણી નં. ૩–સંસ્થાના શ્રમયોગીઓને દિવાળીના આગલા દિવસે ૧ કિલો મીઠાઇ આપવી જોઇએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૯મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૪૧/૦૯/આઇડીઆર/એજે/૪૫/૨૦૦૯.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. નડીયાદ વિભાગ, કપડવંજ રોડ, નડીયાદ, જી. ખેડા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એ-લિ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

નડીયાદ ડેપોના કંડકટરશ્રી એમ. આર, સોલંકી, બેજ નં. ૧૩૧૨૨ને શિક્ષાત્મક હુકમ ૬૬/૨૦૦૮થી હવે પછીનો વાર્ષિક પગાર વધારો ૩ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ શિક્ષા રદ કરવી જોઇએ કે કેમ? અને થયેલ વાર્ષિક નુકશાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૩ જી માર્ચ, ૨૦૦૯.

એમ. ઓ. ભટ્ટ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૪૨/૦૯/આઇડીઆર/એજે/૪૬/૨૦૦૯.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. નડીયાદ વિભાગ, કપડવંજ રોડ, નડીયાદ, જી. ખેડા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

નડીયાદ ડેપોના કંડકટરશ્રી કે. ટી. પરમાર બેજ નં. ૧૦૩૯૮ને શિક્ષાત્મક હુકમ ૧૭ થી આગામી મળતો વાર્ષિક પગાર વધારો ૩ વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ શિક્ષા રદ કરવી જોઇએ કે કેમ? તથા થયેલ વાર્ષિક નુકશાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૯.

એમ. ઓ. ભટ્ટ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૪૩/૨૦૦૯/આઇડીઆર/એજે/નામક/વડો/૪૯/૨૦૦૯.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. નડીયાદ વિભાગ, કપડવંજ રોડ, નડીયાદ, જી. ખેડા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

ડાકોર ડેપોના કંડ. શ્રી આર. બી. ચૌહાણ બેજ નં. ૮૪૬૬ને શિક્ષાત્મક હુકમ ૫૨, નં. ડીએમએન્ડ ડાકોર કેસ નં. ૧૯/૦૫ તા. ૩૧-૩-૦૫ અનુસાર તેમનો આગામી વાર્ષિક પગાર વધારો છ (૬) માસ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ રદ કરવો જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૯.

એમ. ઓ. ભટ્ટ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસ્એચએમસી/૪૪/૦૯/આઇડીઆર/એજે/૫૦/૨૦૦૯.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. નડીયાદ વિભાગ, કપડવંજ રોડ, નડીયાદ, જી. ખેડા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એ-લ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે, રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

ખેડા ડેપોના કંડ. શ્રી એ. આર, ચૌહાણ બેજ નં. ૩૨૩૭ને વિ. મ. હુકમ નં. ૫૧૮/૦૫ થી નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલ જેથી પ્રથમ અપીલ કરતાં પત્ર નં. વિનિ/નડી/વહી/અપીલ/૪-૦૬/૧૨૫૫૮, તા. ૬-૧૦-૦૭ થી નોકરીમાં પુનઃસ્થાપિક કરી ટાઇમરસ્કેલ પર લેવામાં આવે ત્યારથી વાર્ષિક પગાર વધારો પાંચ (૫) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો જોઇએ કે કેમ ?

વડોદરા, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૯.

એમ. ઓ. ભટ્ટ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૪૫/૦૯/આઈડીઆર/એજે/૫૧/૨૦૦૯.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. નડીયાદ વિભાગ, કપડવંજ રોડ, નડીયાદ, જી. ખેડા અને તેનાં શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એ-લિ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

ડાકોર ડેપોના ડ્રાઈવર શ્રી એ. એચ. પટેલ, બેજ નં. ૧૧૩૧૯ને શિક્ષાત્મક હુકમ નં. ૩૮૪/૨૦૦૦ નં. વિનિ/ભરૂચ/પરિ/૨૧૫/૦૦ તા. ૩૦-૯-૨૦૦૦ થી આગામી વાર્ષિક પગાર વધારો પાંચ (૫) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો જોઈએ કે કેમ ?

વડોદરા, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૯.

એમ. ઓ. ભટ્ટ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૪૬/૦૯/આઈડીઆર/એજે/૫૨/૨૦૦૯.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. નડીયાદ વિભાગ, કપડવંજ રોડ, નડીયાદ, જી. ખેડા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એ-લ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

ખેડા ડેપોના કંડ. શ્રી બી. જે. ચૌહાણ, બેજ નં. ૯૬૦૧ને શિક્ષાત્મક હુકમ નં. ૨૦/ડી.સીકે/ટીઆર/૧૨૩/૦૪/૫૭૧ તા. ૨૧-૩-૦૫ અનુસાર આગામી વાર્ષિક પગાર વધારો પાંચ (૫) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ શિક્ષાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૩૭ માર્ચ, ૨૦૦૯.

એમ. ઓ. ભટ્ટ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૪૭/૦૯/આઈડીઆર/એજે/૫૩/૨૦૦૯.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. નડીયાદ વિભાગ, કપડવંજ રોડ, નડીયાદ, જી. ખેડા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એ-લિ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

ખેડા ડેપોના ડ્રાઈવરશ્રી વી. એસ. ચૌહાણ, બેજ નં. ૧૧૬ને શિક્ષાત્મક હુકમ નં. ૩૮૮/૨૦૦૫ નં. ડીએમએ/ખેડા/ડી/કેસ નં. ૧૮૪/૦૫ તા. ૩૦-૯-૦૫ થી હાલમાં મળતા પગારમાંથી ૩૪૨૦/- સ્ટેજ ડાઉન કરી ૩૦૨૫/- પગાર પર મુકવામાં આવે છે. સદર શિક્ષા રદ કરવી જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૯.

એમ. ઓ. ભટ્ટ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૪૭/૦૯/આઇડીઆર/એજે/૫૪/૨૦૦૯.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. નડીયાદ વિભાગ, કપડવંજ રોડ, નડીયાદ, જી. ખેડા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

ખેડા ડેપોના ડ્રાઇવર શ્રી આઈ. એ. મનસુરી, બેજ નં. ૧૦૩૮ને શિક્ષાત્મક હુકમ નં. ડીએમએ/ખેડા/ડી/કેસ નં. ૫૩૭/૨૦૦૬, તા. ૩૧-૧-૦૭ થી રૂા. ૩૬૦૦/- (ત્રણ હજાર છસ્સો પુરા) વીસ સરખા હપ્તેથી વસુલાત કરવાનો કરેલ હુકમ રદ કરવો જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૩જી માર્ચ, ૨૦૦૯.

એમ. ઓ. ભટ્ટ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

POSTAL REGISTRATION
No. VDR-E/14/2009-2011

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLX] THURSDAY, JUNE. 11, 2009 / JYAISTHA 21, 1931 [No.24

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૪૧/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, શ્રી રસિકલાલ જમનાદાસ શેઠ, રાજકોટ અને ધી ધ્રાંગધ્રા પીપલ્સ કો. ઓ. બેંક લી., ધ્રાંગધ્રાની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૯ના મે માસના ૧૨માં દિને આથી નોંધ કરૂ છું.

INDEX

આંક-૨૧

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ

અપીલ ૯/૨૦૦૪ (ઈન બી. આઈ. આર. અરજી નં. ૪૭/૧૯૮૯)

શ્રી રસિકલાલ જમનાદાસ શેઠ — એપેલન્ટ;
C/o. શ્રી મહેન્દ્રભાઈ આર. કરથીયા
ઢેબર ચોક પાસે, ડી. ડી. એજન્સી પાસે,
રાજકોટ.

વિરૂદ્ધ

ધી ધ્રાંગધ્રા પીપલ્સ કો. ઓપ. બેંક લી., — રિસ્પોન્ડન્ટ.
ધ્રાંગધ્રા-૩૬૩૩૧૦,
જિ. સુરેન્દ્રનગર.

હાજર રહ્યા : એપેલન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી મહેન્દ્રભાઈ આર. કરથીયા
રિસ્પોડન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી અનીલભાઈ એસ. ગોગીયા.

બાબત : મુંબઈ અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળની અપીલનો ચુકાદો.

(૧) હાલની અપીલ મુળ બી.આઈ.આર. અરજી નંબર ૪૭/૧૯૮૯ના કામે મજુર અદાલતે તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૦૩ના રોજ કરેલ હુકમ સામે નારાજ થવાથી એપેલન્ટ દ્વારા ઉપસ્થિત કરાયેલ છે. અપીલમાં દર્શાવેલ બાબતોને મુખ્યત્વે ધ્યાને લેવામાં આવે તો એપેલન્ટે દર્શાવેલ છે કે તેઓ રીસ્પોડન્ટ બેંકમાં તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૭૫થી સિનીયર કલાર્ક તરીકે નોકરીમાં દાખલ થયાં હતાં. તારીખ ૧લી એપ્રિલ, ૧૯૮૨થી એકાઉન્ટન્ટ-કમ-આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતાં હતા અને તેઓને બેંકે ઉચાપત સંબંધના આક્ષેપમાં સસ્પેન્ડ કરેલ હતાં. તેઓની ઉપર અપ્રમાણિકતા અને દગા સંબંધના ચાર્જ મુકેલ છે અને તારીખ ૨૪મી માર્ચ, ૧૯૮૨ના રોજ ખાતા નંબર ૫૧૫માંથી રૂા. ૧,૨૦,૦૦૦/- ના ઉપાડના પેમેન્ટ સંબંધમાં અપ્રમાણિકતા અને દગો કરેલ હોવા બાબતે ચાર્જશીટ આપી જે ખાતાકીય તપાસ કરેલ તે તટસ્થ અને કાયદાકીય કરેલ નથી અને તેમ છતાં મજુર અદાલતે તપાસ અધિકારીએ કરેલ કાર્યવાહીને ધ્યાને લીધેલ નથી અને તપાસ અધિકારીએ બેંકને મદદ કરેલ છે, તે બાબતો પણ મજુર અદાલતે ધ્યાને લીધેલ નથી. વધુમાં એવી પણ રજુઆત કરાયેલ છે કે, અરજદાર ઉપર ચાર્જ સાબિત થતો નથી અને ખાતાકીય તપાસ પરવર્સ છે અને તેથી એપેલન્ટને ડીસમીસ કરવાનું લેબર કોર્ટનું તારણ ગેરકાયદેસરનું અને ભુલભરેલુ છે. વધુમાં એવી પણ રજુઆત છે કે મજુર અદાલતે આખી તપાસ પરવર્સ થયેલ હોવા છતાં એપેલન્ટનો કેસ ડીસમીસ કરીને નુકશાન કરેલ છે અને તપાસ કાયદેસરની હોવાનું જે તારણ કરેલ છે તે

INDEX

લેબર કોર્ટનો હુકમ ભુલભરેલો છે. વધુમાં એવી પણ રજુઆત છે કે તપાસ અધિકારીનું ફાઈડીંગ્સ તપાસ્યા વગર નિર્ણય કરેલ છે અને બેંકના બોર્ડ ઓફ ડાયરેકટરે એપેલન્ટને બિલકુલ તપાસેલ નથી. ભૂતકાળમાં કોઈ ભૂલ કરેલ નથી, આ બાબતો મજુર અદાલતે જોયેલ નથી અને આમ મજુર અદાલતનું જજમેન્ટ ભુલભરેલ અને ક્ષતિવાળુ છે. વધુમાં અપીલ મેમોમાં એવી પણ રજુઆત કરાયેલ છે કે ફોજદારી કેસમાં ક્રિમીનલ કેસ ચાલેલ તે તેઓની તરફેણમાં આવેલ હતો, જેમાં રિસ્પોડન્ટ સંસ્થાએ ફોજદારી કેસના હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરેલ હતી જે અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટે રદ કરેલ હતી તેથી પણ મજુર અદાલતનું તારણ ભૂલભરેલ અને કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરૂદ્ધનું છે અને આમ મુખ્યત્વે અપીલ મેમોની ઉપરોકત પ્રકારની રજુઆતો કરી મજુર અદાલતે જે હુકમ કરેલ છે તે રદ કરવા અને રિસ્પોડન્ટે મુળ અરજદારને નોકરીમાંથી છૂટા કરવાનો હુકમ કરેલ છે, તે રદ કરવા તથા તમામ પડેલા રોજના પગાર ભરપાઈ કરી સળંગ નોકરી સાથે પુનઃસ્થાપિત કરવા જણાવાયેલ છે.

(૨) અપીલના કામે બંને પક્ષકારો તરફે લંબાણપૂર્વક મૌખિક અને લેખિત દલીલો થયેલ છે અને બંને પક્ષકારોએ કેટલાક ચુકાદાઓ પણ રજુ કરેલ છે હવે બંને પક્ષકારોની દલીલોના કેટલાક મુદ્દાઓ ધ્યાને લેવામાં આવે તો જેમા સૌ પ્રથમ એપેલન્ટની દલીલના મુદ્દાઓ જોતાં તેઓએ જણાવેલ છે કે તેઓને જે ચાર્જશીટ અપાયેલ છે, જેની તેઓએ ઈન્કાર કરેલ છે અને તેઓએ કોઈ રકમની ઉચાપત કરી નથી તેમજ પોલીસ રીમાન્ડમાં પણ તેમની પાસેથી કોઈ રકમ હાથ થયેલ નથી અને આ તમામ બાબત તપાસ અધિકારી સમક્ષ પણ તેમણે જણાવી હતી. વધુમાં પટેલ એન્ડ કંપનીનું જે ખાતુ ખોલવામાં આવેલ તે દિવસે મેનેજર તરીકે શ્રી પ્રાગજીભાઈ મારવી હાજર હતા અને બેંકના નિયમો મુજબ મેનેજરના સહી સિક્કા થાય તો જ નવા ખાતેદારનું ખાતુ ખુલી શકે અને તેથી તે મેનેજરની સહીથી થયેલ હતુ તેમજ કોઈપણ ગ્રાહક રકમ ઉપાડવા આવે ત્યારે મેનેજરની સહી કર્યા બાદ રકમ ઉપાડી શકે છે અને મેનેજર ગેરહાજર હોય ત્યારે તેઓનો ચાર્જ એકાઉન્ટન્ટ-કમ-આસીસ્ટન્ટ મેનેજરને સોંપાય છે. આમ હકીકતો હોવા છતાં તેઓને એકને જ ગુનેગાર ઠેરવ્યા છે તે ન્યાયના હિતમાં નથી અને બેંકના અન્ય કોઈ કર્મચારીએ કોઈ કાર્ય કર્યુ નથી તેવો હેતુ જણાય તેવી દલીલમાં રજુઆતો કરેલ છે. વધુમાં ખાતુ ખોલવા અંગેની પ્રક્રિયા બાબતનો ઉલ્લેખ કરાયેલ છે. તેમજ જો કોઈપણ ચેક સ્લીપથી ઉપાડવાનો હોય તો તે લેજર કલાર્ક પાસેથી ચકાસણી થયા બાદ પાર્સીંગ ઓફિસરની સહી, રકમ અને તારીખ વગેરેને તપાસીને પે-કેશનો સીક્કો લગાવે છે અને આમ પોતે નિર્દોષ છે ફોજદારી કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટે અરજદારને નિર્દોષ જાહેર કરેલા છે. તેમજ વેરીફાઈનુ કામ મેનેજર તથા એકાઉન્ટન્ટ મેનેજરે કરવાનુ હોય છે, ફક્ત એપેલન્ટની જવાબદારી ઠરતી નથી અને તેમ છતાં એપેલન્ટને ચાર્જશીટ આપી ગેરકાયદેસર તપાસ કરી અને તપાસનુ પરિણામ તટસ્થતાથી આપેલ નથી તેવી દલીલો કરેલ છે, જે અંગે ખુલાસા જે તે વખતે વિગતે કરેલ હોવા છતાં તેને ધ્યાને લીધેલ

INDEX

નથી. વધુમાં દલીલમાં એવી રજુઆત છે કે તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૮૨ સુધી બેંકમાં એક જ કેશિયર હતા. બેંકમાં તારીખ ૧૩મી માર્ચ, ૧૯૮૨ના રોજ ખોલવામાં આવેલ પટેલ એન્ડ કંપનીના ચાલુ ખાતાના ફોર્મ મેનેજરશ્રીએ ગ્રાહકને ભરવા આપેલ અને તેમાં કેટલીક બાબતો અધુરી અને ખોટી જણાતા મેનેજરશ્રીએ તેમના હસ્તાક્ષરમાં સુધારા કર્યા છે અને મેનેજરની રૂબરૂમાં જ ગ્રાહકે સહી કરીને ફોર્મ ભરવુ તેવી પ્રોસીઝર છે અને તેથી તેઓની રૂબરૂમાં ખાતુ ખોલવામાં આવેલ હતુ. તેમજ ઓળખાણ આપનારના સહી-સીક્કા તપાસવાનુ કામ મેનેજરનુ છે તેથી તેઓએ બેદરકારી, ગફલત કે ગુનો કરેલ નથી. વધુમાં જણાવેલ છે કે પોલીસે પણ બેંકના મકાનમાંથી રકમ મેળવેલ છે અને મેનેજરશ્રીએ પોલીસને લઈ જઈ રકમ બેંકના મકાનમાંથી જપ્ત કરેલ છે અને તેથી તેઓ ફોજદારી કેસમાંથી નિર્દોષ છૂટેલ છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાંથી પણ નિર્દોષ છૂટેલ છે. આ તમામ બાબતોને વિગતે દોહરાવી મજુર અદાલતે આપેલ ચુકાદો ગેરકાયદેસરનો ભુલભરેલો અને ક્ષતિવાળો છે, તેવી દલીલો કરેલ છે.

(૩) બેંક તરફે લેખિત અને મૌખિક દલીલો કરેલ છે, જેને ધ્યાને લેવામાં આવે તો બેંકે જણાવેલ છે કે અપીલ મેમોમાં ખાતાકીય તપાસની વેલીડીટીને પડકારેલ છે, તે સંબંધમાં તેઓએ દર્શાવેલ છે કે મુળ કેસમાં આંક-૧૦૨ થી ઈન્કવાયરીને વેલીડ ઠરાવેલ છે જે હુકમને એપેલન્ટે પડકારેલ નથી અને ત્યારબાદ આંક-૧૧૯ થી બેંકવેજીસનો વધુ પુરાવો લીધેલ છે. આમ સમયસર એપેલન્ટ દ્વારા મજુર અદાલતના આંક-૧૦૨ ના ચુકાદાને ચેલેન્જ કરેલ નથી. તેથી ઈન્કવાયરીની લીગાલીટી અને વેલીડીટીને પડકારવાનો પ્રશ્ન રહેતો નથી વધુ દલીલમાં એવી પણ રજુઆત છે કે અપીલમાં ગ્રાઉન્ડમાં લેબર કોર્ટે કાયદાની કઈ ભુલ કરેલ છે તે દર્શાવવુ જોઈએ પરંતુ અપીલ મેમોમાં એવો કોઈ ઉલ્લેખ નથી અને વિશેષમાં તેઓ ઉચાપત સંબંધે ચાર્જશીટ આપેલ છે તેવો ઉલ્લેખ કરી રૂા. ૧,૨૦,૦૦૦/- ની ઉચાપત કરાયેલ હોવાની રજુઆત કરેલ છે અને તે ચેકનું પેમેન્ટ સાઈન એન્ડ વેરીફાઈ એપેલન્ટે જાતે કરેલ છે. કારણ કે તે અરસામાં અરજદાર બેંકમાં આસિસ્ટન્ટ મેનેજરની ફરજ પર હતા અને જે અંગેની કબૂલાત આંક-૨૨ ની ઉલટ તપાસમાં કરવામાં આવી હોવાનો ઉલ્લેખ લેખિત દલીલમાં કરેલ છે. સાથે વિશેષ દલીલમાં એવો પણ ઉલ્લેખ કરેલ છે કે તારીખ ૧૩-૩-૧૯૮૨ ના રોજ પટેલ એન્ડ કંપનીના નામે ખાતુ ખોલાવેલ અને ત્યારબાદ તેમાં તારીખ ૧૮-૩-૧૯૮૨ ના રોજ રૂા. ૭૦,૦૦૦/- અને રૂા. ૬૦,૦૦૦/- જમા દર્શાવેલ છે પરંતુ તેવી કોઈ રકમ જમા થયેલ ન હતી તેમ છતાં તા. ૨૪-૩-૧૯૮૨ના રોજ સ્લીપના ચેકથી રૂા. ૧,૨૦,૦૦૦/- ની રકમ ઉપાડી લેવામાં આવેલ છે અને આમ દસ જ દિવસમાં એકાઉન્ટ ખોલી રકમ ઉપાડી લેવામાં આવેલ છે અને તે અરસામાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે એપેલન્ટ ફરજ પર હતા અને તેથી ચેન્જ ઓફ ઈવેન્ટથી સ્પષ્ટ થાય છે કે એપેલન્ટે જે ખાતા ઓપનીંગ ફોર્મ વેરીફીકેશન કરેલ છે તેમજ સ્લીપના ચેકને મંજુરી પણ આપેલ છે તેથી નાણાંકીય ઉચાપત એપેલન્ટે કરેલ છે, તેવી દલીલ કરેલ છે. વધુમાં એવો પણ ઉલ્લેખ છે કે ખાતાકીય

INDEX

તપાસ દરમિયાન સાત કર્મચારીઓના નિવેદનો જે લેવામાં આવેલા તે પણ એપેલન્ટને રજિસ્ટર એ. ડી. મારફતે મોકલી આપેલ હતા અને તે બાબતે એપેલન્ટે આંક-૨૨ ની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના પેરા-૯ નો ઉલ્લેખ કરેલ છે અને તે તમામ બાબતોને દર્શાવેલ છે. અરજદારે ઉચાપત અંગેની ગંભીર ગેરવર્તણુંક કર્યાનો દલીલોમાં દર્શાવી અરજદારે ઉપરનો વિશ્વાસ ગુમાવેલ છે તેથી મજુર અદાલતનો ચુકાદો યોગ્ય અને કાયદેસર છે. વધુમાં એવુ પણ દલીલમાં દર્શાવેલ છે કે એપેલન્ટે વીકટીમાઈસ સંબંધે કોઈ દસ્તાવેજી પુરાવા કે મૌખિક પુરાવા આપેલ નથી તેમજ દલીલમાં એવો પણ ઉલ્લેખ કરેલ છે કે કોઈપણ વ્યક્તિ ક્રિમીનલ કેસમાંથી મુક્ત થાય તો તેનો એ મતલબ થતો નથી કે ખાતાકીય તપાસમાં પણ નિર્દોષ થાય. વધુમાં એવો પણ ઉલ્લેખ કરેલ છે કે ક્રિમીનલ ટ્રાયલ અને ડીપાર્ટમેન્ટલ પ્રોસીડીંગ બંને અલગ અલગ પ્રક્રિયા છે. આમ તમામ રજુઆતને નોંધાવી મજુર અદાલતે આપેલ ચુકાદાને યોગ્ય, વ્યાજબી અને કાયદેસરનો ઠરાવવા અરજ કરેલ છે.

(૪) આમ પક્ષકારોને લંબાણપૂર્વકની રજુઆતોને જોતાં અદાલતે એ બાબત નક્કી કરવાની રહે છે કે મજુર અદાલતે આપેલ હુકમો યોગ્ય, કાયદેસર, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? હાલની અપીલમાં અરજદારે મજુર અદાલતના બે ચૂકાદાને ટાંકેલ છે, જેને ધ્યાને લેવામાં આવે તો આંક-૧૦૨ નીચે ખાતાકીય તપાસની કાયદેસરતા સંબંધે તારીખ ૨૮-૮-૨૦૦૨ નો ચુકાદો સામેલ રાખેલ છે અને આંક-૧૨૨, તારીખ ૨૬-૯-૨૦૦૩ ના રોજ મજુર અદાલતે આપેલ આખરી ચુકાદાને સામેલ રાખેલ છે. ઉપરોક્ત બાબતોના ચુકાદાઓ સંદર્ભે અપીલ મેમોમાં સંયુક્ત રજુઆત એપેલન્ટ તરફે કરાયેલ છે અને તેને જોતાં એપેલન્ટે બંને ચુકાદાઓને પડકારેલ હોવાનુ દર્શાવી રજ્ઞા છે. આ સંબંધમાં રિસ્પોડન્ટ બેંકની રજુઆત એવી છે કે આંક-૧૦૨ ની ખાતાકીય તપાસના કાયદેસરતાના મુદ્દા બાબતનો ચુકાદો પસાર કર્યા બાદ એપેલન્ટ તરફે તે ચુકાદાને જે તે વખતે પડકારેલ ન હોવાથી તેઓ ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતનો વિવાદ હાલમાં એપેલન્ટ ઓથોરીટી સમક્ષ ઉપસ્થિત કરી શકે નહી તેવી રજુઆતો કરેલ છે પરંતુ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લેતાં રિસ્પોડન્ટ બેંકની આ રજુઆત ગ્રાજ્ઞા રાખી શકાય તેમ નથી. કારણ કે જે તે વખતે એપેલન્ટે ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદ્દા સંબંધે મજુર અદાલતે આપેલ ચુકાદાને એપેલન્ટ કોર્ટમાં પડકારેલ ન હતો તેથી તેનો મતલબ અત્રે એવો ન નીકળે કે તે મુદ્દા સંબંધે એપેલન્ટ કોર્ટમાં રજુઆત ન કરી શકે. હાલના કેસમાં એપેલન્ટે બંને ચુકાદાઓને પડકાર્યા છે તેથી બંને મજુર અદાલતના ચુકાદાનો યોગ્ય, કાયદેસર, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? તે અત્રેની અદાલતે ચકાસવાનો રહે છે.

(૫) સૌ પ્રથમ ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતે આંક-૧૦૨ થી મજુર અદાલતે જે ચુકાદો આપેલ છે તેને ધ્યાને લેવામાં આવે તો મજુર અદાલતે તપાસની કાર્યવાહીનો ચુકાદામાં ઉલ્લેખ કરેલ છે અને આ સંબંધમાં મુળ કેસમાં રજુ થયેલ રેકર્ડને જોતાં આંક-૪૭ થી એપેલન્ટે

INDEX

જે બેંકના તપાસ અધિકારીને જવાબ આપેલ છે તેને ધ્યાને લેવામાં આવે તો, તેઓએ ઉલ્લેખ કરેલ છે કે તેઓની સામેના આક્ષેપો સંબંધમાં પોલીસ તપાસ ચાલી રહેલ છે અને તેથી બે પ્રોસીડીંગ્સ હોઈ શકે નહીં અને તેથી ખાતાકીય તપાસની કાર્યવાહી બંધ કરવી જોઈએ તેવી રજુઆત કરેલ છે. તેમજ એપેલન્ટની સામે થયેલ ખાતાકીય તપાસ તેને બંધનકારક રહેશે નહી તેવી રજુઆત કર્યાનું આંક-૨૬ નો પત્ર ધ્યાને લેતાં પણ જણાય છે અને તે બાબતને ધ્યાને લેતાં અને મુળ રેકર્ડને જોતાં તપાસમાં હાજર થવા માટે પુરતી તકો આપેલ હોવાનુ અને પત્રો લખ્યાનુ જણાય છે અને તેમ છતાં સંબંધિત એપેલન્ટ તપાસની કાર્યવાહીમાં હાજર થવાનુ ટાળતા હોવાનુ માલુમ પડે છે અને તે તમામ બાબતોના અંતે તપાસ અધિકારીએ તપાસ પુરી કરેલ હોવાનું માલુમ પડે છે અને તેમની ઉપર મુકેલા આક્ષેપો સાબિત થતા તેઓને તારીખ ૨-૪-૧૯૮૫ના હુકમથી બરતરફ કર્યાનો હુકમ પસાર કર્યાનુ માલુમ પડે છે કે જે હુકમ મુળ કામે આંક-૪૧ થી રેકર્ડ ઉપર છે. આમ ખાતાકીય તપાસના કાયદેસરતાના મુદાને જયારે તપાસવાનો હોય ત્યારે અદાલતે એ બાબતને ધ્યાને લેવાનુ હોય છે કે ખાતાકીય તપાસમાં સંબંધિત આક્ષેપિત કર્મચારીને કુદરતી ન્યાયના સિદ્ધાત મુજબનો બચાવ અને રજુઆત કરવાની તકો આક્ષેપ મુકનાર પક્ષ દ્વારા પુરી પાડવામાં આવેલ છે કે કેમ ? અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ચુસ્તપણે પાલન થયેલ છે કે કેમ ? તે બાબતો ચકાસવાની હોય છે. હવે હાથ ઉપરના કેસમાં ઉપરોક્ત ચર્ચા કરેલ બાબતોને જોતાં ખાતાકીય તપાસની સમગ્ર કાર્યવાહીમાં એપેલન્ટ કામદારને રજુઆતો કરવા પુરતી તક આપેલ હોવાનું ફલિત થાય છે અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન થયાનુ પણ ફલિત થાય છે. આમ ખાતાકીય તપાસની કાર્યવાહી સંબંધે મજુર અદાલતે આંક-૧૦૨ થી જે તારણો કાઢેલા છે તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાનું કારણ જણાય આવતુ નથી અને તેથી મજુર અદાલતે ખાતાકીય તપાસને કાયદેસરની ઠરાવ્યાનો જે હુકમ પસાર કરેલ છે તે યોગ્ય, કાયદેસર અને ન્યાયી છે.

(૬) હવે ઉપરોક્ત બાબતને ધ્યાને લેતાં મજુર અદાલતે એ બાબતો ચકાસવાની રહે છે કે એપેલન્ટ ઉપરના આક્ષેપોને ધ્યાને લેતાં રિસ્પોડન્ટ બેંકે જે શિક્ષાત્મક પગલુ ભરેલ છે તે યોગ્ય, કાયદેસર, ન્યાયી અને વ્યાજબી છે કે કેમ ? તે બાબત મજુર અદાલતે જોવાની રહે છે. આ સંબંધમાં અત્રેની અદાલત દ્વારા મુળ કેસના રેકર્ડમાં ચકાસણી કરતા તેઓ ઉપર જે આક્ષેપ ગફલત, બેદરકારી, દગો અને અપ્રાણિકતા સંબંધમાં મુકાયેલા છે તેને આ અદાલત દ્વારા ફરીથી ચકાસણી કરવામાં આવે તો મુળ બનાવ બનવાનુ કારણ પટેલ એન્ડ કંપનીનું ચાલુ ખાતુ ૫૧૫ નંબરનુ ખોલવામાં આવ્યેથી થયાનુ માલુમ પડે છે અને તે ખાતામાં રૂા. ૭૦,૦૦૦/- અને રૂા. ૬૦,૦૦૦/- ની બે જમા એન્ટ્રીઓ કર્યાબાદ તે રકમનો ઉપાડ તારીખ ૨૪-૩-૮૨ ના રોજ કરવામાં આવેલ છે તેવુ રકેર્ડ જોતાં જણાય છે આ સંબંધમાં આંક-૭૧ નુ ખાતુ ખોલવા સંબંધનું અરજીપત્રક આંક-૭૧ થી મુળ કેસના રેકર્ડમાં છે જે વંચાણે લેતાં પ્રાથમિક દ્રષ્ટિએ ભરાયેલ વિગતોને તપાસનાર ઓફિસરની જે સહી કરાયેલ

INDEX

છે તેમાં સંબંધિત એપેલન્ટની સહી હોવાનું માલુમ પડે છે તે બાબતને જોતાં પ્રાથમિક દ્રષ્ટિએ તેવુ માની શકાય કે સંબંધિત ખાતુ ખોલ્યા અંગેની તપાસ એપેલન્ટે જે તે વખતે કરેલ છે અને એ મતલબની સહી પણ તેઓએ કરેલ છે. ત્યારબાદ આંક-૭૩ માં સંબંધિત ખાતાના લેજરના ઉતારાની કોપી છે જેમાં રૂા. ૭૦,૦૦૦/- અને રૂા. ૬૦,૦૦૦/- ની જમા એન્ટ્રીનો ઉલ્લેખ છે. તેમાં ઈનીશિયલ તેમની હોવા અંગેની તેમણે કબુલાત કર્યાનુ આંક-૪૦ ના જવાબ વાચતા જણાય છે. કારણ કે મુળ રેકર્ડમાં આંક-૪૦ મા પેજ નંબર ૩ ઉપરના પેરા-૨ ને વાંચવામાં આવે તો તેઓએ જણાવેલ છે કે રૂા. ૭૦,૦૦૦/- અને રૂા. ૬૦,૦૦૦/- ની લેજરની એન્ટ્રી તેમના હસ્તાક્ષરમાં છે કે કેમ ? તે કહી શકે નહી કારણ કે તેઓ હસ્તાક્ષર નિષ્ણાંત નથી પરંતુ જમા વાઉચર્સમાં ઈનીશિયલ તેમની નથી પરંતુ તેમના જેવી લાગે છે તેવી બાબતે હકીકતે રજુઆત કરેલ છે. આ ઉપરાંત આંક-૭૪ થી રજુ થયેલ ચેકની ઝેરોક્ષમાં પણ પે-કેશ પણ એપેલન્ટ દ્વારા થયાનુ પ્રસ્થાપિત થયેલ છે આમ મુખ્યત્વે ઉપરોક્ત બાબતને એટલે કે ખાતુ ખોલવાથી લઈ પેમેન્ટની કાર્યવાહી સુધીની બાબતોમાં અરજદાર એક યા બીજી રીતે સીધા સંકળાયેલ હોવાનુ માનવાને કારણ બને છે તેવું અદાલતનું માનવુ છે કારણ કે સને ૧૯૮૨ની સાલમાં એકાઉન્ટન્ટ-કમ-આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજમા હતા તે બાબત તેઓએ શરૂઆતથી દર્શાવેલ છે અને આંક-૭૪ ના ચેકમાં આસિસ્ટન્ટ મેનેજરનો સીક્કો પણ છે તે તમામ બાબતને ધ્યાને લેતા એપેલન્ટ ઉપર રિસ્પોડન્ટ બેંકે જે આક્ષેપો મુકેલા હતા તે આક્ષેપોને સાબિત થયાનુ ગણી બેંકે એપેલન્ટને જે છુટા કરવાનો હુકમ કરેલ છે તે હુકમને યોગ્ય, કાયદેસરનો અને વ્યાજબી હોવાનો ગણી શકાય તેમ છે અને આ સંબંધમાં મજુર અદાલતે જે આખરી હુકમ પસાર કરેલ છે. તેમાં પણ તે બાબતનો ઉલ્લેખ કરી અને જે ખાતરી તારણ આપેલ છે કે ઉચાપત અંગેની ગેરવર્તણુંક એપલન્ટે કરેલ છે તે અરજદારને આપવામાં આવેલ બરતરફીનો હુકમ કિન્નાખોરીથી કરવામાં આવેલ હોય તેવું પુરવાર થતું નથી. આ તમામ સંજોગોમાં તારીખ ૨-૪-૧૯૮૫ ના બરતરફીના હુકમને મજુર અદાલતે જે કાયદેસરનો ઠરાવેલ છે તેમાં કોઈ ક્ષતિ માલુમ પડતી હોય તેવું જણાતુ નથી આથી મજુર અદાલતનો હુકમ યોગ્ય, કાયદેસર, વ્યાજબી અને ન્યાયી હોવાનુ ઠરાવવામાં આવે છે.

(૭) આ તબક્કે એ ચર્ચા કરવી જરૂરી છે કે કોઈપણ આક્ષેપ સંબંધી જ્યારે ફોજદારી કાર્યવાહી અને ખાતાકીય કાર્યવાહી સમાંતર રીતે ચાલતી હોય ત્યારે ફોજદારી કાર્યવાહીમાં પુરાવાને ખુબજ ઉંડાણથી જોવામાં આવે છે અને જો તેમાં એવી કોઈપણ શંકા રહી જતી હોય તો તે શંકાનો લાભ આરોપીને આપવામાં આવતો હોય છે જ્યારે ખાતાકીય કાર્યવાહીમાં પડેલ પુરાવાઓને ધ્યાને લઈ યોગ્ય નિર્ણય લેવામાં આવતો હોય છે. આમ બંને કાર્યવાહીમાં ઘણો ફરક રહેલો હોય છે આ તમામ બાબતો બંને એકબીજા સાથે સાંકળી શકાય નહીં કે બંનેમાથી એકપણ કાર્યવાહીના નિર્ણયને એકબીજા આધારિત ગણી શકાય નહી તેથી પણ અરજદારની આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી.

INDEX

(૮) ઉપરોક્ત તમામ બાબતને જોતાં મજુર અદાલતે આપેલ ચૂકાદો આંક-૧૦૨ અને આંક-૧૨૨ ના ચુકાદામાં કોઈપણ હસ્તક્ષેપ કરવાપાત્ર બનતો નથી અને નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

હુકમ

એપેલન્ટની અપીલ આથી નાંમજુર કરવામાં આવે છે અને મજુર અદાલતે પસાર કરેલ આંક-૧૦૨ નો તારીખ ૨૮-૮-૨૦૦૨ના રોજના હુકમને અને આંક-૧૨૨ નો તારીખ ૨૬-૯-૨૦૦૩ ના રોજના હુકમને યોગ્ય, કાયદેસર અને વ્યાજબી ઠરાવવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૯મી નવેમ્બર, ૨૦૦૮.

અશ્વિન. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ.

રાજકોટ, તા. ૧૨મી મે, ૨૦૦૯.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૪૨/આર. યુ.–સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ગુજરાત બેંક વકર્સ યુનિયન, રાજકોટ અને ધી કો-ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી. રાજકોટ ની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૯ના મે માસના ૧૨મા દિને આથી નોંધ કરૂ છું.

આંક-૯

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ

અપીલ (આઈ. સી.) ૧/૨૦૦૫

INDEX

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન,
રાહબર, ૧૩, જાગનાથ પ્લોટ,
રાજકોટ. એપેલન્ટ;

વિરૂધ્ધ

ધી કો. ઓપરેટીવ બેંક ઓફ રાજકોટ લી.,
સહકાર સરિતા, પંચનાથ રોડ,
રાજકોટ. રિસ્પોન્ડન્ટ.

હાજર રહ્યા :એપેલન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી પી.. એસ. વસાવડા

રિસ્પોડન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી પ્રિતીબહેન મહેતા.

બાબત : મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળની અપીલનો ચુકાદો.

ચુકાદો

૧. હાલની અપીલ મજુર અદાલત દ્વારા મૂળ અરજી નંબર ૪/૨૦૦૦ના કામે તા. ૨૦-૧૨-૨૦૦૪ ના રોજ આપેલ ચુકાદાથી નારાજ થવાથી એપેલન્ટ યુનિયન દ્વારા ઉપસ્થિત કરાયેલ છે.

૨. અપીલના કારણોને ધ્યાને લેવામાં આવે તો, એપેલન્ટ-યુનિયન તરફે રજુઆત થયેલ છે કે એપેલન્ટ અને સામાવાળા વચ્ચે તા. ૨૬-૪-૯૬ના રોજના સમાધાન મુજબ બેંકમાં જ્યારે કોઈ ઉપલી જગ્યા ભરવાની થાય ત્યારે બેંકે નીચેના વર્ગમાંથી બઢતી આપી તે ભરવાની હોય છે પરંતુ બેંકે તા. ૧-૩-૨૦૦૦ના અરસામાં જુનિયર ઓફિસરોની બે જગ્યા આવી બઢતી આપીને ભરવાને બદલે સીધી ભરતી કરી બહારથી ભરતી કરતા બેંકના પગલાને ગેરકાયદેસર ઠરાવવા મુજર અદાલત સમક્ષ અરજી કરાયેલ તે અરજી મજુર અદાલત દ્વારા રદ કરતાં હાલની અપીલ ઉપસ્થિત કરાયેલ છે. વધુમાં કારણોને ધ્યાને લેવામાં આવે તો જણાવાયેલ છે કે, સમાધાનમાં બઢતીની જોગવાઈને ધ્યાને લેતાં તેનો અર્થ એવો થાય કે જગ્યા બઢતીથી ભરવાની છે, જગ્યા સીધી ભરતીથી ભરી શકાય નહીં. વધુ રજુઆતમાં કોઈ કિસ્સામાં યુનિયને ભૂતકાળમાં વાંધો લીધો ન હોય તેનો અર્થ એવો ન થઈ શકે કે યુનિયન બીજા પ્રસંગે વાંધો ન લઈ શકે. તેવા પ્રકારે મુખ્યત્વે અપીલના કારણોમાં વિગતે યુનિયન દ્વારા રજુઆતો કરી બેંક દ્વારા જે બે કર્મચારીઓની બહારથી ભરતી કરી લાગતા વળગતા સમાધાનનો ભંગ કરેલ છે અને ગેરકાયદેસર ફેરફાર કરેલ છે. તેવો હુકમ કરવા અને બેંકના કર્મચારીઓના યુનિયનમાંથી રાજીનામા લેવાના સંદર્ભના અભિગમની નોંધ લેવા અને યોગ્ય દાદ અપાવવા અરજી કરેલ છે.

INDEX

(૩) અપીલના જવાબને ધ્યાને લેતાં બેંકની રજુઆત એ છે કે તા. ૨૬-૪-૯૬ના યુનિયન અને બેંક સાથેના સમાધાનના પેજ-૭માં જણાવેલ પ્રમોશન પોલીસીની શરતો એ છે કે પ્રમોશન સિનીયોરીટી-કમ-મેરિટ પ્રમાણે આપવામાં આવે છે. વધુમાં એવી રજુઆત છે કે જે કર્મચારીની ભરતી થયેલ છે તે મેરિટની દ્રષ્ટિએ અન્ય કર્મચારી કરતાં ચડિયાતા છે. વધુમાં બેંકની એવી પણ રજુઆત છે કે, જે સંબંધિત વર્ગની સીધી ભરતી થઈ છે તે વખતે બીજા પાંચ કર્મચારીને પ્રમોશન આપવામાં આવેલ છે. તેથી અન્ય કોઈના હક્ક ડુબાડી કે અન્યાય કરેલ નથી. વધુમાં બેંકની એવી રજુઆત છે કે અગાઉ આ પ્રકારની ભરતી સંબંધે યુનિયને કોઈ વાંધો કે તકરાર લીધેલ નથી. યોગ્ય મેરિટ હોય તો સંસ્થાના હીતમાં ભરતી થઈ શકે. વધુમાં યુનિયનને ભવિષ્યની અસર માટેની રજુઆતને ધ્યાને લઈ સંસ્થાને આજના હીતને નુકશાન કરી શકાય નહીં. તેમજ એવી પણ રજુઆત છે કે સમાધાનની શરતોમાં કોઈની સીધી ભરતી બેંક ન કરી શકે તેવું જણાવેલ નથી આમ મંજુર અદાલતે કરેલ હુકમને યોગ્ય, ન્યાયી અને ગુણવત્તાના ધોરણે કરેલ હોવાની બેંક દ્વારા રજુઆત થયેલ છે.

(૪) વધુમાં અપીલના કામે બંને પક્ષકારો તરફે દલીલો થયેલ છે જેમાં યુનિયન તરફે મૌખિક દલીલો થયેલ છે જે લંબાણપૂર્વક દલીલોમાં સમાધાનની જોગવાઈઓને ભંગ થવા સંબંધે અને તા. ૨૬-૪-૯૬ના સમાધાન મુજબ બેંક દ્વારા સમાધાનની જોગવાઈઓને ભંગ કર્યા અંગે રજુઆત કરેલ છે અને વધુમાં એવી પણ દલીલોમાં ભારપૂર્વક રજુઆત કરેલ છે કે યુનિયન તરફે જે કર્મચારી આવી ગયા છે તેઓને દૂર થાય તેવું તેઓ ઈચ્છતા નથી અને મુળ રેકર્ડને દોહરાવી અને રિપ્રેઝન્ટેટીવ યુનિયનની સત્તા સંબંધમાં દલીલો કરી મજુર અદાલતના હુકમને ગેરકાયદેસરનો ઠરાવવા અને મજુર અદાલત સમક્ષ મુળ અરજીમાં માંગેલ દાદ ગ્રાન્ના રાખવી જોઈએ તેવી દલીલ કરેલ છે.

(૫) અપીલના કામે બેંક તરફે દલીલોમાં રજુ થયેલ છે જેને ધ્યાને લેવામાં આવે તો અપીલના કામે રજુ થયેલ લેખિત જવાબની બાબતને દોહરાવેલ છે અને બેંક અને યુનિયન વચ્ચે થયેલ સમાધાનને ધ્યાને લેવાં અને તેની જોગવાઈને ધ્યાને લેતાં બેંકે હાઈલી ક્વોલીફાઈડ વ્યકિતને અને બેંકના વ્યવહાર અત્યંત આધુનિક પદ્ધતિથી થઈ શકે તેટલા માટે આવી વ્યક્તિની સીધી ભરતી કરી હોવાની રજુઆત કરેલ છે. વધુમાં બેંક એ નાણાંકીય વ્યવહારો કરતી સંસ્થા છે. સમાજના હીતને ધ્યાનમાં રાખી અંગત રીતે યોગ્ય ફેરફાર કરવાની બેંકને સત્તા છે. અને તેમાં અદાલત હસ્તક્ષેપ કરી શકે નહીં અને આમ સમાધાનની કોઈ શરતોનો ભંગ થયેલ નથી તેથી એપેલન્ટની અપીલને રદ કરવા અને મજુર અદાલતના હુકમને ન્યાયી ઠરાવવા સંબંધમાં લેખિત દલીલો થયેલ છે.

(૬) મુળ રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો મુળ રેકર્ડમાં જે સમાધાનની જોગવાઈ સંબંધમાં તકરાર ઉપસ્થિત કરેલ છે તે સમાધાનની નકલ મુળ કામે આંક-૪૧થી રજુ છે અને મુળ અરજીમાં

INDEX

પણ બેંક દ્વારા તા. ૨૬-૪-૯૬ના રોજના સમાધાનની જોગવાઈઓને ભંગ કરેલ હોવાનું કારણ રજુ કરી તે ભંગને ગેરકાયદેસરનો ફેરફાર ઠરાવવા અરજી કરેલ છે. મુળ રેકર્ડમાં પક્ષકારોએ કોઈપણ મૌખિક પુરાવા લીધેલ નથી પરંતુ લેખિત રજુઆતોને વળગી રહેલ છે અને એકબીજાના દસ્તાવેજોને વળગી રહેલ છે. ત્યારબાદ મજુર અદાલતે આખરી હુકમ તા. ૨૦-૧૨-૨૦૦૪ના રોજ આપેલ છે. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં અત્રે અદાલતે એ બાબતે ન્યાય નિર્ણય કરવાનો રહે છે કે મજુર અદાલતે પસાર કરેલ આખરી હુકમ યોગ્ય, કાયદેસર, ન્યાયી અને વ્યાજબી છે કે કેમ ?

(૭) ઉપરોક્ત અપીલનો ન્યાય નિર્ણય કરતાં સમયે સૌ પ્રથમ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬નો કાયદો જે ઘડાયેલ છે તે કાયદાના ઉદ્દેશની ચર્ચા કરવી જરૂરી જણાય છે. તેથી તેની ચર્ચા કરવામાં આવે તો આ કાયદો એ માલિકો અને કામદારોના સંબંધોનું નિયમન કરવા તેમજ ઔદ્યોગિક તકરારની પતાવટ કરવા માટે જોગવાઈ કરવા અને બીજા અમુક હેતુઓ માટે જોગવાઈ કરવા બાબતનો અધિનિયમ છે. આ કાયદામાં રિપ્રેઝન્ટેટીવ યુનિયન સંબંધે જે જોગવાઈ કરેલ છે તે જોગવાઈનો ઉદેશ કલેકટીવ બારગેનીંગ એટલે કે સામુહિક સોદાબાજીનો છે. જ્યારે ઉદ્યોગમાં ઉપસ્થિત થતાં ઔદ્યોગિક વિવાદ અને ઔદ્યોગિક બાબતને રિપ્રેઝન્ટેટીવ યુનિયન કામદારોના વિશાળ સમુદાયના હીતોને ધ્યાને લઈ કલેકટીવ બારગેનીંગના સિદ્ધાંતને અનુસરી અને વ્યક્તિગત હીતને ન જોતા સામુહિક હીતોને જોવાનો છે. આમ આ સમગ્ર બાબતને ધ્યાને લેતાં હાથ ઉપરના કેસનો જે વિવાદ ઉપસ્થિત થયેલ છે તે રિપ્રેઝન્ટેટીવ યુનિયન દ્વારા કામદારના વિશાળ સમુદાયને સ્પર્શતી ઔદ્યોગિક બાબત છે. અને તેથી ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરાયેલ છે. વધુમાં કાયદામાં રિપ્રેઝન્ટેટીવ યુનિયનને કામદારોના વિશાળ હીત સંબંધિત બાબતોએ રજુઆતો કરવા અંગે અને કાર્યવાહી કરવા અંગે ફરજો અને અધિકારો કાયદા દ્વારા બક્ષવામાં આવેલ છે.

હવે મુળ વિવાદને જોવામાં આવે તો, એપેલન્ટ-યુનિયન અને રિસ્પોડન્ટ-બેંક વચ્ચે કામદાર કર્મચારીઓની નોકરીની શરતો સંબંધે તા. ૨૬-૪-૯૬ના રોજનું સમાધાન થયેલ છે, જે નિર્વિવાદ બાબત છે. આ સમાધાન મુજબ પ્રમોશન પોલીસી બાબતે પણ જે જોગવાઈઓ કરેલ છે તે જોગવાઈઓ સમાધાનમાં નિર્દિષ્ટ કરેલ છે જે જોગવાઈનો ઉલ્લેખ આ ચુકાદામાં ફરીથી કરેલ છે, જે નીચે મુજબ છે.

(1) It is agreed that in case of vacancy arising in higer cadre promotion will be given to an employee on the basis of seniority-cum merits from the immediately next lower cadre.

(2) It is futher agreed that for the post above the cadre of manager, promotion will on the basis of selection employees working in managers cadre will be allowed to compete in the selection process provided he/she is qualified as per the norms decided by the bank.

INDEX

(૮) ઉપરોક્ત જોગવાઈનો બેંકે ભંગ કરેલ છે કેમ ? તેટલી માત્ર બાબતે મજુર અદાલતે કરેલ ન્યાય નિર્ણયને અદાલતે ચકાસવાનો છે. વધુમાં અગાઉ ચર્ચા કરી તે મુજબ કાયદો રિપ્રેઝન્ટેટીવ યુનિયનને ઔદ્યોગિક વિવાદ અને ઔદ્યોગિક બાબત સંબંધમાં રજુઆતો કરવા મુળભુત હક્ક અને અધિકાર કાયદા દ્વારા બક્ષવામાં આવેલ છે. અને જે અંગે જોગવાઈઓ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૨૭ (એ), કલમ-૩૦, કલમ-૩૨, કલમ-૩૩ અને કલમ ૩૩ (એ) માં કરવામાં આવેલ છે, જે જોગવાઈઓને ધ્યાને લેતાં રિપ્રેઝન્ટેટીવ યુનિયન સંસ્થાને કામદારો વતી સામુહીક રજુઆતો કરી શકે છે અને તેથી કોઈ વ્યક્તિગત કામદારને પ્રતિનિધિત્વ કરવા સામે બાન મુકવા સંબંધમાં જોગવાઈ કરેલ છે. હાલના કેસમાં એપેલન્ટ યુનિયન પ્રતિનિધિત્વ ધરાવતું યુનિયન કામદારના વિશાળ હીતોને સ્પર્શતી કોઈપણ બાબતે યોગ્ય ફોરમ સમક્ષ વિવાદ ઉપસ્થિત કરવાનો અબાધિત હક્ક ધરાવે છે અને આ બાબતને ધ્યાને લેતાં રિપ્રેઝન્ટેટીવ યુનિયનમાં કામદાર કર્મચારી યુનિયનના સભ્ય છે કે કેમ ? તે વિષયમાં ચકાસણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેવું અદાલતનું સ્પષ્ટ માનવુ છે. વધુમાં કાયદાના સિદ્ધાંતથી પ્રસ્થાપિત બાબતને ધ્યાને લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ડીવીઝન બેંચ દ્વારા નવજાગૃત લેબર યુનિયન વિરુદ્ધ અમદાવાદ ઈલેકટ્રીસીટી કંપનીના કેસમાં આપેલ ચુકાદો જે ૨૦૦૭, ૩ સી.એલ.આર. પાના નંબર ૪૩૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે જે ચુકાદાના જરૂરી પેરાનો ઉલ્લેખ કરવાની જરુર જણાતી હોય હાલના ચૂકાદામાં કરવામાં આવે છે, જે નીચે મુજબ છે.

(30) After having heard learned advocates appearing for the respective parties and after having gone through the memo of Civil Application, affidavit-in reply filed by the opponent Nos. 1 & 2 as well as the written submissions filed by the learned advovates on behalf of the respective parties and after having considered the relevant statutory provisions and case law on the subject, the issues which arose for Court's consideration are as to whether under the relevant provisions of BIR Act, when one representative Union is there in any industrial establishment, is it open for any individual member of that Union or any other union to represent the case of the members of the Union ? The other issue which arose for the Court's consideration is that after an amendment by the State Government in BIR Act, 1946 by way of an insertion of sub-section (6) in Section 2 and after publication of Notification dated 19-4-2006, granting exemption to the opponent No. 1 Company from the provisions of the BIR Act, with a rider that provisions of Section 7 of the Bombay General Clauses Act, 1904 shall apply to such cessor as if the said BIR Act had been repealed in relation to the opponent No. 1 Company, whether, by virtue of this amendment as well as Notification, the opponent No. 1 Company is still governed by the provisions of BIR Act in so far as the pending proceedings are concerned ? As far as the first issue is

INDEX

બ. ઉપરોકત લોનની મંજુરી જે તે સ્થાનિક અધિકારીને લોન મંજુર કરવાની સત્તા આપવી કે કેમ ?

માંગણી ૩૨– **હાઉસીંગ લોન :** મકાન હાઉસીંગ લોન માટે સૈધાન્તીક સ્વીકાર કરવામાં આવેલ છે. હાઉસીંગ લોન માચે ફાયનાન્સ સાથે વ્યવસ્થા ગોઠવવી અને આ લોન પર જે વ્યાજ કામદારોને ચુકવવુ જોઈએ તે કંપનીએ ચુકવવું કે કેમ ? અથવા કંપનીએ રૂપીયા ૧.૫૦ લાખની વગર વ્યાજની લોન આપવી કે કેમ ?

બ. સંસ્થામાં કામ કરતા કામદારોને મકાન રીપેરીંગ કરવા માટે રૂા. ૫૦,૦૦૦/- ની લોન આપવી કે કેમ ?

માંગણી ૩૩– **દરેક શીફટમાં ચા-બીસ્કીટ આપવા :** સંસ્થામાં કામ કરતા કામદારોને શીફટ શરૂ થાય ત્યારે મફતમાં એક ચા અને એક બીસ્કીટનું ૧૦૦ ગ્રામનું પેકેટ આપવું કે કેમ ?

માંગણી ૩૪– **બસ વ્યવસ્થા :** સંસ્થામાં કામ કરતા કામદારોને ઝંડા ચોકથી કંપની સુધી અને કંપનીથી ઝંડા ચોક સુધી દરેક શીફટના છુટવાના અને આવવાના સમય મુજબ લાવવા લઈ જવા માટે વિના મુલ્યે બસની સગવડ કરી આપવી કે કેમ ?

માંગણી ૩૫– **પ્રોત્સાહિત ઈનામ :** સંસ્થામાં જે કામદારો પેઈડ હોલીડેમાં વધારાની બીજી પાળીમાં કામ કરે છે ત્યારે તે પાળીનું ઈન્સેટીવ એલાઉન્સ કામદારને આપવામાં આવતું નથી આથી જે કામદાર વધારાની પાળીમાં કામ કરે તેને તે પાળીનું ઈન્સેટીવ એલાઉન્સ આપવું કે કેમ ? તથા પ્રોત્સાહિત ઈનામ તરીકે માસીક રૂપીયા ૨૦૦.૦૦ આપવા કે કેમ ?

માંગણી ૩૬– **સાયકલ સ્ટેન્ડ :** સંસ્થામાં કામ કરતા કામદારો માટે સલામતી વાળુ સાઈકલ સ્ટેન્ડ બનાવવું કે કેમ ? જયારે કામદારોની સાયકલો ચોરાઈ જાય ત્યારે સાયકલની મુળ કિંમત સંસ્થાએ ચુકવી આપવી કે કેમ ? તથા સાયકલ ચોરીના બનાવ ન બને તેવી વ્યવસ્થા કરવી કે કેમ ?

માંગણી ૩૭– **હોદ્દાઓનું સ્પષ્ટીકરણ :** સંસ્થામાં કામ કરતા કામદારો/કર્મચારીઓને હોદ્દાઓનું સ્પષ્ટીકરણ કરી તેમની કઈ કામગીરી છે તે દર્શાવી અને તે કામદારને તે હોદ્દાનો પગાર ગ્રેડ અને તમામ લાભાલાભો આપવા કે કેમ ?

માંગણી ૩૮– **સુપર એન્યુએશન સ્કીમા :** સંસ્થામાં જે કામદાર નિવૃત્ત થાય તે સમયે હક્કની રકમ ઉપરાંત રૂપીયા ૧ લાખ જેવી રકમ મળી રહે તેવી દુધસાગર ડેરી સુપર એનુએશન સ્કીમ બનાવવી કે કેમ ? અથવા વેલ્ફેર ફંડની સ્થાપના કરવી કે કેમ ?

INDEX

માંગણી ૩૯– **યુનીયનને સગવડ :** (૧) સંસ્થા તરફથી યુનિયનને ૧૦ બાય ૧૦ ની ઓફીસ, તેમાં નવું ફર્નીચર, જેમાં એક ટેબલ, એક ખુરશી તથા કામદારોને બેસવા માટે વીઝીટર્સ ૬ ચેર્સ સહીત આપવી કે કેમ ?

(૨) યુનીયનના પ્રતિનિધિને કોર્ટ/કન્શીલીએશન કે મીટીંગમાં જાય ત્યારે ભર પગારે રજા આપવી કે કેમ ?

(૩) કોઈપણ સેટલમેન્ટમાં જે વધારો થાય તેટલો વધારાની રકમનો તફાવતનો કુલ પગારની રકમ દરેક કામદારના સેટલમેન્ટ તફાવતની રકમમાંથી કાપી યુનીયનના મહામંત્રીને દિવસ ૭માં આપવી કે કેમ ?

માંગણી ૪૦– **અમલ :** યુનીયને રજુ કરેલ ઉપરોકત માંગણીઓનો અમલ તા. ૧-૦૭-૨૦૦૮થી કરવો કે કેમ ?અને કામદારને મળવાપાત્ર તફાવતની રકમ તથા અન્ય લાભો તાત્કાલિક ચુકવી આપવા કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ.એસએચ.એમ.સી/૩૮૯૬૭/પ.૨/આઇડીઆર/૧૧૮/૦૮.–નીચે સહી કરનારનો એવો અભિ-નય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) બી. એલ. બી. લીમી., નવી દિલ્હી (૨) બી. એલ. બી. લીમી., અમદાવાદ (અમદાવાદ શાખા) અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગરને સુ-ત કરેલ છે.

INDEX

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

માંગણી નં. ૧ : પરિશિષ્ટમાં દર્શાવેલ ૩૨ શ્રમયોગીઓ પાસેથી એક તરફી બોન્ડ અને અન્ડરટેકીંગ રદ કરવા કે કેમ ?

માંગણી નં. ૨ : પરિશિષ્ટમાં દર્શાવેલ શ્રમયોગીઓ દ્વારા સંસ્થામાંથી જે રાજીનામા આપેલ છે તેનો સ્વીકાર કરેલ નથી. જે પગલુ ગેરકાયદેસર હોઈ આ દરેક શ્રમયોગીઓના રાજીનામુ આપ્યા તારીખથી મંજુર કરી તેઓને કોઈપણ શરત વગર નોકરીમાંથી મુકત કરવા કે કેમ ?

પરિશિષ્ટ

અમદાવાદ શાખામાં નોકરી કરતા નીચેના કર્મચારીઓ (૧) અંકિતકુમાર એસ. શાહ (૨) ચૈતન્ય એન. મોદી (૩) દિપેશ જે. સકડેચા (૪) ગૌરવ એમ. પારેખ (૫) બ્રીજરાજ પી. હાડા (૬) હિરલ પી. શાહ (૭) હિરેન એ. રબારી (૮) ઈન્દ્રેશકુમાર જે. ઓઝા (૯) પ્રીતેશ બી. જાપેજા (૧૦) કલ્પેશ એસ. રાઠોડ (૧૧) કલ્પીત એસ. રાઠોડ (૧૨) કિશન જે. વસાણી (૧૩) મૌલિક બી. કંસારા (૧૪) નીરવ જે. પટેલ (૧૫) પરવર આર. ગાંધી (૧૬) પુનિત એસ. ધીનોજા (૧૭) આર. કે. ગોંસલીયા (૧૮) સંદિપ એસ. દેશપાંડે (૧૯) સંદિપ રાવલ (૨૦) તરુણ શર્મા (૨૧) વિશાલ આર. ત્રિવેદી (૨૨) તુષાર આર. શાહ (૨૩) વિશાલ કે. મહેતા (૨૪) ચિંતન પ્રવિણચંદ્ર રાસણીયા (૨૫) નીરવ અરવીંદભાઈ શાહ (૨૬) દિનેશ બાબુલાલ પ્રજાપતિ (૨૭) તેજસ હસમુખભાઈ પ્રજાપતિ (૨૮) ધર્મેશ મનસુખભાઈ પ્રજાપતિ (૨૯) સંજય જશવંતભાઈ ગજજર (૩૦) નિશાંત ચંદુભાઈ ભીમાણી (૩૧) દિશાંત જયેશકુમાર ભટ્ટ (૩૨) કમલ રમેશ વરયાની.

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

POSTAL REGISTRATION
No. VDR-E/14/2009-2011

The Gujarat Government Gazette
PUBLISHED BY AUTHORITY

Vol. XLX] THURSDAY, JUNE. 18, 2009 / JYAISTHA 28, 1931 [No.25

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૪૪/આર.યુ.- સને, ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી જુનાગઢ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી., જુનાગઢ અને શ્રી કેતનભાઈ લાલભાઈ રાઠોડ, જુનાગઢની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૯ના મે માસના ૧૨માં દિને આથી નોંધ કરૂ છું.

આંક-૮

શ્રી એ. બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ

અપીલ (આઈ. સી.) ૮/૨૦૦૮

INDEX

ધી જુનાગઢ ડિસ્ટ્રીકટ કો. ઓપ. બેંક લી., એપેલન્ટ;
સહકાર ભવન, બસ સ્ટેશન સામે,
જુનાગઢ.

વિરૂદ્ધ

શ્રી કેતનભાઈ લાલભાઈ રાઠોડ રિસ્પોન્ડન્ટ.
ઠે. કાળવા ચોક, દરબાર લોજ,
મુ. જુનાગઢ

હાજર રહ્યા : એપેલન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી અભયભાઈ શાહ.
રિસ્પોડન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી ડી. ડી. છાયા.

બાબત : મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળની અપીલનો ચુકાદો.

(૧) મજુર અદાલત, જુનાગઢના ન્યાયાધીશશ્રી દ્વારા મુળ બી. આઈ. આર. અરજી નંબર ૪/૨૦૦૬ માં તા. ૨૧-૪-૨૦૦૮ ના રોજ કરેલ આખરી હુકમથી નારાજ થવાથી હાલની અપીલ ઉપસ્થિત કરેલ છે જેના કારણોને ધ્યાને લેતાં મુખ્યત્વે એપેલન્ટે જણાવેલ છે કે રિસ્પોડન્ડ હંગામી (એડહોક) ધોરણે બાંધી મુદતના હુકમ મુજબ કામ કરતાં હતા. વધુમાં જણાવેલ છે કે રિસ્પોડન્ટને બેંકના તા. ૧૨-૫-૨૦૦૬ ના હુકમથી કાયદેસર છુટા કરવામાં આવતા મુળ અરજી નંબર ૪/૨૦૦૬, મજુર અદાલત સમક્ષ દાખલ કરી પડેલા દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત થવા દાદ માગેલ છે.

વધુમાં મુખ્યત્વે ઉલ્લેખ કરાયેલ છે કે મજુર અદાલતે કાયદાની તેમજ હકીકતની મુલવણી કરવામાં ભુલ કરેલ છે અને રિસ્પોડન્ટને છુટા કરવાનુ પગલુ ગેરકાયદેસર છે તેમ ઠરાવવા માટેના જે કારણો અને તારણો આપેલ છે તે કાયદાની જોગવાઈઓ અદાલતોના ચુકાદા મુજબ મજુર અદાલતે ભુલભરેલુ અર્થઘટન કરેલ છે અને મજુર અદાલતે ગંભીર ભુલ કરેલ છે. વધુમાં એવી પણ રજુઆત છે કે મજુર અદાલતના વાદગ્રસ્ત હુકમમા ઘણી જ વિસંગતતા તથા એમબીગ્યુટી રહેલ છે તેથી હુકમ ભુલભરેલો છે. વધુ રજુઆતોમાં એમ પણ જણાવાયેલ છે કે મજુર અદાલત, જુનાગઢે એપેલન્ટ બેંક અને બેંક વર્કર્સ યુનિયન વચ્ચે થયેલ સમાધાનનુ અર્થઘટન કરવામાં ગંભીર ભુલ કરેલ છે અને આમ મુખ્યત્વે રજુઆતો કરી મજુર અદાલત, જુનાગઢનો તા. ૨૧-૪-૨૦૦૮ નો વાદગ્રસ્ત હુકમ રદ કરવો અને સંબંધિત રિસ્પોડન્ટને તા. ૧૨-૫-૨૦૦૬ ના રોજના છુટા કરવાના હુકમને કાયદેસરનો ઠરાવવા અરજ કરાયેલ છે. અપીલ અરજી સાથે એપેલન્ટ દ્વારા કલમ-૧૧૯-ડી અન્વયેની અરજી પણ દાખલ કરાયેલ છે.

(૨) અપીલના કામે રિસ્પોન્ડન્ટ કર્મચારી તરફે પણ હાજર થઈ લેખિત જવાબ સ્વરૂપે રજુઆતો કરેલ છે જેની પણ મુખ્યત્વે બાબતોને ધ્યાને લેતાં મજુર અદાલત, જુનાગઢ દ્વારા જે હુકમ

INDEX

કરાયેલ છે તે અપીલેબલ હુકમ નથી અને તેથી અપીલ ટકી શકે તેમ નથી વધુમાં એવી પણ રજુઆત છે કે અપીલ કાયદેસરની નથી અને પ્રિમેચ્યોર હોય રદ થવાને પાત્ર છે. વધુમાં એવી પણ રજુઆત છે કે, મજુર અદાલતના હુકમ મુજબ એપેલન્ટ બેંકે અરજદારની અરજીનો પ્રથમ નિર્ણય કરવાનો રહે છે અને જે નિર્ણય ક્યાંબાદ આગળની કાર્યવાહી થઇ શકે અને તે સંજોગોને કારણે પણ અપીલ ચાલી શકે તેમ નથી. વધુમાં એવી રજુઆત છે કે એપેલન્ટ બેંકે સ્થાયી આદેશો રજુ કરેલ નથી અને તેની જોગવાઇઓ સંબંધે પણ ઉલ્લેખ કરેલ નથી આમ મુખ્યત્વે રજુઆતો કરી એપેલન્ટ અપીલના પેરા ૫ મુજબની દાદ મેળવવાપાત્ર થતા નથી તેમજ મજુર અદાલતના હુકમમાં સ્ટેટ્યુટરી ફોર્સ ન હોઇ અને ફક્ત ડાયરેકટીવ પ્રકારનો હુકમ હોઇ હાલની અપીલ ચલાવવાપાત્ર થતી નથી અને તેને રદ કરવા વિનંતી કરાયેલ છે. અપીલના કામે બંને પક્ષકારો તરફે લંબાણપૂર્વકની દલીલો કરવામાં આવેલ છે.

(૩) હાલના કામે અત્રેની અદાલતે એ બાબતે ન્યાય નિર્ણય કરવાનો રહે છે કે જુનાગઢ મજુર અદાલત દ્વારા મુળ બી.આઇ.આર. અરજી નંબર ૪/૨૦૦૬ ના કામે પસાર કરેલ આખરી હુકમ યોગ્ય, કાયદેસર, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? પક્ષકારોની રજુઆતોને અનુસંધાને મુળ રેકર્ડ સાથે મજુર અદાલતના આખરી હુકમને ધ્યાને લેવામાં આવે તો અન્ય અરજદારના કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે કરેલ હુકમને ધ્યાને લઇ મજુર અદાલત, જુનાગઢે હાલના રિસ્પોડન્ટ સંબંધે જે આખરી હુકમ પસાર કરેલ છે તે હુકમને વંચાણે લેતાં હુકમ આદેશાત્માક પ્રકારનો હોય તેવુ જણાય આવતુ નથી. કારણ કે હુકમના પ્રથમ નંબરમા મજુર અદાલતે ઠરાવેલ છે કે અરજદારની અરજી હાલના તબક્કે મંજુર કરવામાં આવે છે તે બાબતને ધ્યાને લેવામાં આવે તો જ્યારે અદાલતે મુળ અરજીમાં ગુણદોષ ઉપર આખરી નિર્ણય પસાર કરી દીધેલ હોય તો તેવા સંજોગોમાં આ અદાલતનુ એવુ માનવુ છે કે હાલના તબક્કે અરજી મંજુર કરવામાં આવે છે તેવો ઉલ્લેખ આખરી હુકમમાં હોઇ શકે નહીં. વધુમાં હકમના આ ઓપરેટીવ પાર્ટને ધ્યાને લેતાં એવુ સ્પષ્ટ તરી આવે છે કે, મજુર અદાલતનો આ હુકમ તેનો આખરી તેનો આખરી હુકમ ગણવો કે કેમ ? તે બાબતે પણ વિસંગતતા ઉભી થાય છે. કારણ કે મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ ની જોગવાઇની કલમ-૮૪ ને ધ્યાને લેવામાં આવે તો મજુર અદાલતના આખરી હુકમ સામેની જ અપીલ અરજી કલમ-૮૪ અન્વયે દાખલ થઇ શકે. આમ અગાઉ ચર્ચા કરી તે મુજબ મજુર અદાલતના હુકમને આખરી હુકમ તરીકે ચોક્કસપણે ઠરાવી શકાય તેમ નથી. વધુમા રિસ્પોડન્ટની મજુર અદાલતના હુકમ સંબંધી જે લેખિત રજુઆત છે તેને પણ વિચારણામાં લઇ શકાય તેવુ કારણ જણાય છે કારણ કે હુકમના પેરા નંબર-૨ માં જણાવાયેલ છે કે મુળ અરજદારે એટલે કે હાલના રિસ્પોન્ડન્ટે સંસ્થા સમક્ષ હક્ક, હીતને નુકશાન ન જાય તે રીતે દિન-૩૦ માં રજુઆત કરવી અને હુકમના નંબર-૩ થી એવો આદેશ કરાયેલ છે કે અરજદારના હક્ક, હિતને નુકશાન ન જાય તે રીતે કોઇપણ દ્વેષભાવ વગર અરજદારની અરજીને ધ્યાને લઇ ફરીથી ફરજ પર હાજર લેવાનો હુકમ કરાયેલ છે. આ તમામ આખરી હુકમમાં દર્શાવાયેલ

INDEX

બાબતોને જોતા મજુર અદાલત ખરેખર આખરી હુકમથી કોઇ ચોક્કસ પ્રકારનો આદેશ કરે છે તેવી કોઇ બાબત હુકમને વંચાણે લેતાં જણાય આવતી નથી. આમ ઉપરોક્ત બાબતે જોતાં મજુર અદાલતના આખરી હુકમમાં વિસંગતતા જણાય આવેલ છે આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની વિસંગતતાને ધ્યાને લેતાં મુળ અરજીને ફેર સુનાવણી માટે ગુણદોષ પર ફરી ચલાવવા અને ત્યારબાદ ગુણદોષ ઉપર આખરી હુકમ કરવા સારુ મુળ અરજીને રિમાન્ડ કરવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયના હીતમાં યોગ્ય, ન્યાયી અને વ્યાજબી હુકમ થયાનુ ગણાશે તેવું અદાલતનુ માનવુ છે આ હુકમથી મુળ અપીલનો નિકાલ કરવામાં આવતો હોઇ મનાઇ અરજીનો પણ નિકાલ થયાનું ગણવામાં આવે છે અને આ સંજોગોને ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) મજુર અદાલતની અરજી નંબર ૪/૨૦૦૬ માં તા. ૨૧-૪-૨૦૦૮ના રોજ કરેલ હુકમને ગેરકાયેદસર અને અન્યાયી ઠરાવી રદ કરવામાં આવે છે અને મુળ અરજીને ફરીથી ગુણદોષ પર ચલાવવા અને તેનો આખરી ન્યાય નિર્ણય કરવા સારુ મુળ અરજીને પરત મોકલવાનો (રિમાન્ડ કરવાનો) હુકમ કરવામાં આવે છે.

(૨) મુળ રેકર્ડ અદાલતને પરત કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૮.

અશ્વિન બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ.

રાજકોટ, તા. ૧૨મી મે, ૨૦૦૯.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૪૫/આર.યુ.-સને-૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી જૂનાગઢ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક લી., જુનાગઢ અને

INDEX

રાજુભાઈ નગાભાઈ કોડીયાતર મું. બાટવાની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૯ના મે માસના ૧૨માં દિને આથી નોંધ કરૂ છું.

આંક-૮

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ

અપીલ (આઈ.સી.) ૭/૨૦૦૮.

ધી જુનાગઢ ડિસ્ટ્રીક્ટ કો. ઓપ. બેંક લી., એપેલન્ટ;
સહકાર ભવન, બસ સ્ટેશન સામે,
જુનાગઢ.

વિરૂદ્ધ

શ્રી રાજુભાઈ નગાભાઈ કોડીયાતર રિસ્પોન્ડન્ટ.
રહેવાસી : બાટવા.

હાજર રહ્યા : એપેલન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી અભયભાઈ શાહ
રિસ્પોડન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી ડી. ડી. છાયા

બાબત : મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળની અપીલનો ચુકાદો.

(૧) મજુર અદાલત જુનાગઢના ન્યાયાધીશશ્રી દ્વારા મુળ કામે બી. આઈ. આર. અરજી નંબર ૩/૨૦૦૬માં તા. ૨૧-૪-૨૦૦૮ના રોજ કરેલ આખરી હુકમથી નારાજ થવાથી હાલની અપીલ ઉપસ્થિત કરેલ છે. જેના કારણોને ધ્યાને લેતાં મુખ્યત્વે એપેલન્ટે જણાવેલ છે કે રિસ્પોડન્ટ હંગામી (એડહોક) ધોરણે બાંધી મુદતના હુકમ મુજબ કામ કરતાં હતા. વધુમાં જણાવેલ છે કે રિસ્પોડન્ટને બેંકના તા. ૧૨-૫-૨૦૦૬ના હુકમથી કાયદેસર છુટા કરવામાં આવતા મુળ અરજી નંબર ૩/૨૦૦૬ મજુર અદાલત સમક્ષ દાખલ કરી પડેલા દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત થવા દાદ માગેલ છે.

વધુમાં મુખ્યત્વે ઉલ્લેખ કરાયેલ છે કે મજુર અદાલતે કાયદાની તેમજ હકીકતની મુલવણી કરવામાં ભુલ કરેલ છે અને રિસ્પોન્ડન્ટને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે તેમ ઠરાવવા માટેના જે કારણો અને તારણો આપેલ છે, તે કાયદાની જોગવાઈઓ અદાલતોના ચુકાદા મુજબ મજુર અદાલતે ભુલભરેલુ અર્થઘટન કરેલ છે અને મજુર અદાલતે ગંભીર ભુલ કરેલ છે. વધુમાં તેવી પણ રજુઆત છે કે મજુર અદાલતના વાદગ્રસ્ત હુકમમાં ઘણીજ વિસંગતતા તથા એમબીગ્યુટી રહેલ છે તેથી હુકમ ભુલભરેલો છે. વધુ રજુઆતોમાં એમ પણ જણાવાયેલ છે કે મજુર અદાલત, જુનાગઢે એપેલન્ટ બેંક અને બેંક વર્કર્સ યુનિયન વચ્ચે થયેલ સમાધાનનું

INDEX

અર્થઘટન કરવામાં ગંભીર ભુલ કરેલ છે અને આમ મુખ્યત્વે રજુઆતો કરી મજુર અદાલત, જુનાગઢનો તા. ૨૧-૪-૨૦૦૮નો વાદગસ્ત હુકમ રદ કરવો અને સંબંધિત રિસ્પોડન્ટને તા. ૧૨-૫-૨૦૦૬ના રોજના છુટા કરવાના હુકમને કાયદેસરનો ઠરાવવા અરજી કરાયેલ છે. અપીલ અરજી સાથે એપેલન્ટ દ્વારા કલમ ૧૯-ડી અન્વયેની અરજી પણ દાખલ કરાયેલ છે.

(૨) અપીલના કામે રિસ્પોડન્ટ કર્મચારી તરફે પણ હાજર થઈ લેખિત જવાબ સ્વરૂપે રજુઆતો કરેલ છે જેની પણ મુખ્યત્વે બાબતોને ધ્યાને લેતાં મજુર અદાલત, જુનાગઢ દ્વારા જે હુકમ કરાયેલ છે તે અપીલેબલ હુકમ નથી અને તેથી અપીલ ટકી શકે તેમ નથી. વધુમાં એવી પણ રજુઆત છે કે અપીલ કાયદેસરની નથી અને પ્રિમેચ્યોર હોય રદ થવાને પાત્ર છે. વધુમાં એવી પણ રજુઆત છે કે, મજુર અદાલતના હુકમ મુજબ એપેલન્ટ બેંકે અરજદારની અરજીનો પ્રથમ નિર્ણય કરવાનો રહે છે અને જે નિર્ણય કર્યા બાદ આગળની કાર્યવાહી થઈ શકે અને તે સંજોગોને કારણે પણ અપીલ ચાલી શકે તેમ નથી. વધુમાં એવી રજુઆત છે કે એપેલન્ટ બેંકે સ્થાયી આદેશો રજુ કરેલ નથી અને તેની જોગવાઈઓ સંબંધે પણ ઉલ્લેખ કરેલ નથી આમ મુખ્યત્વે રજુઆતો કરી એપેલન્ટ અપીલના પેરા ૫ મુજબની દાદ મેળવવાપાત્ર થતા નથી તેમજ મજુર અદાલતના હુકમમાં સ્ટેટયુટરી ફોર્સ ન હોઈ અને ફક્ત ડાયરેક્ટીવ પ્રકારનો હુકમ હોઈ હાલની અપીલ ચલાવવાપાત્ર થતી નથી અને તેને રદ કરવા વિનંતી કરાયેલ છે. અપીલના કામે બંને પક્ષકારે તરફે લંબાણપૂર્વકની દલીલો કરવામાં આવેલ છે.

(૩) હાલના કામે અત્રેની અદાલતે એ બાબતે ન્યાય નિર્ણય કરવાનો રહે છે કે જુનાગઢ મજુર અદાલત દ્વારા મુળ બી.આઈ.આર. અરજી નંબર ૩/૨૦૦૬ ના કામે પસાર કરેલ આખરી હુકમ યોગ્ય, કાયદેસર, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? પક્ષકારોની રજુઆતોને અનુસંધાને મુળ રેકર્ડ સાથે મજુર અદાલતના આખરી હુકમને ધ્યાને લેવામાં આવે તો અન્ય અરજદારના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ હુકમને ધ્યાને લઈ મજુર અદાલત, જુનાગઢે હાલના રિસ્પોડન્ટ સંબંધે જે આખરી હુકમ પસાર કરેલ છે તે હુકમને વંચાણે લેતાં હુકમ આદેશાત્મક પ્રકારનો હોય તેવું જણાય આવતુ નથી. કારણ કે હુકમના પ્રથમ નંબરમાં મંજુર અદાલતે ઠરાવેલ છે કે અરજદારની અરજી હાલના તબક્કે મંજુર કરવામાં આવે છે તે બાબતને ધ્યાને લેવામાં આવે તો જ્યારે અદાલતે મુળ અરજીમાં ગુણદોષ ઉપર આખરી નિર્ણય પસાર કરી દીધેલ હોય તો તેવા સંજોગોમાં આ અદાલતનું એવુ માનવું છે કે હાલના તબક્કે અરજી મંજુર કરવામાં આવે છે તેવો ઉલ્લેખ આખરી હુકમમાં હોઈ શકે નહીં. વધુમાં હુકમના આ ઓપરેટીવ પાર્ટને ધ્યાને લેતાં એવું સ્પષ્ટ તરી આવે છે કે, મજુર અદાલતનો આ હુકમ તેનો આખરી હુકમ ગણવો કે કેમ ? તે બાબતે પણ વિસંગતતા ઉભી થાય છે. કારણ કે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની જોગવાઈની કલમ-૮૪ને ધ્યાને લેવામાં આવે તો મજુર અદાલતના આખરી હુકમ સામેની જ અપીલ અરજી કલમ-૮૪ અન્વયે દાખલ થઈ શકે. આમ અગાઉ ચર્ચા કરી તે મુજબ મજુર અદાલતના હુકમને આખરી હુકમ તરીકે

INDEX

ચોક્કસપણે ઠરાવી શકાય તેમ નથી. વધુમાં રિસ્પોડન્ટની મજુર અદાલતના હુકમ સંબંધી જે લેખિત રજુઆત છે તેને પણ વિચારણામાં લઈ શકાય તેવું કારણ જણાય છે કારણ કે હુકમના પેરા નંબર-૨માં જણાવાયેલ છે કે મુળ અરજદારે એટલે કે હાલના રિસ્પોન્ડન્ટે સંસ્થા સમક્ષ હક્ક, હીતને નુકશાન ન જાય તે રીતે દિન-૩૦માં રજુઆત કરવી અને હુકમના નંબર-૩થી એવો આદેશ કરાયેલ છે કે અરજદારના હક્ક, હિતને નુકશાન ન જાય તે રીતે કોઈપણ દ્વેષભાવ વગર અરજદારની અરજીને ધ્યાને લઈ ફરીથી ફરજ પર હાજર લેવાનો હુકમ કરાયેલ છે. આ તમામ આખરી હુકમમાં દર્શાવાયેલ બાબતોને જોતા મજુર અદાલત ખરેખર આખરી હુકમથી કોઈ ચોક્કસ પ્રકારનો આદેશ કરે છે તેવી કોઈ બાબત હુકમને વંચાણે લેતાં જણાય આવતી નથી. આમ ઉપરોક્ત બાબતે જોતાં મજુર અદાલતના આખરી હુકમમાં ઘણી વિસંગતતા જણાય આવેલ છે આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની વિસંગતતાને ધ્યાને લેતાં મુળ અરજીને ફેર સુનાવણી માટે ગુણદોષ પર ફરી ચલાવવા અને ત્યારબાદ ગુણદોષ ઉપર આખરી હુકમ કરવા સારુ મુળ અરજીને રિમાન્ડ કરવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયના હીતમાં યોગ્ય, ન્યાયી અને વ્યાજબી હુકમ થયાનું ગણાશે તેવું અદાલતનું માનવું છે. આ હુકમથી મુળ અપીલનો નિકાલ કરવામાં આવતો હોઈ મનાઈ અરજીનો પણ નિકાલ થયાનું ગણવામાં આવે છે અને આ સંજોગોને ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) મજુર અદાલતની અરજી નંબર ૩/૨૦૦૬માં તા. ૨૧-૪-૨૦૦૮ના રોજ કરેલ હુકમને ગેરકાયદેસર અને અન્યાયી ઠરાવી રદ કરવામાં આવે છે અને મુળ અરજીને ફરીથી ગુણદોષ પર ચલાવવા અને તેને આખરી ન્યાય નિર્ણય કરવા સારૂ મુળ અરજીને પરત મોકલવાનો (રિમાન્ડ કરવાનો) હુકમ કરવામાં આવે છે.

(૨) મુળ રેકર્ડ મજુર અદાલતને પરત કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૮.

અશ્વિન બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

રાજકોટ, તારીખ ૧૨મી મે, ૨૦૦૯.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬,
રાજકોટ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૪૬-આર.યુ.- સને, ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી જુનાગઢ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી., જુનાગઢ અને શ્રી સુરેશભાઈ એમ. કામરીયા, માધવપુર ઘેડની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૯ના મે માસના ૧૨માં દિને આથી નોંધ કરૂ છું.

આંક-૮

શ્રી એ. બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ

અપીલ (આઈ. સી) ૬/૨૦૦૮

ધી જુનાગઢ ડીસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી., એપેલન્ટ;
સહકાર ભવન, બસ સ્ટેશન સામે,
જુનાગઢ.

વિરૂદ્ધ

શ્રી સુરેશભાઈ એમ. કામરીયા, રિસ્પોન્ડન્ટ.
માધવપુર (ઘેડ), તા. જિ. પોરબંદર

હાજર રહ્યા : એપેલન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી અભયભાઈ શાહ
રિસ્પોન્ડન્ટ તરફે વિદ્વાન એડવોકેટ શ્રી ડી. ડી. છાયા.

બાબત : મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળની અપીલનો ચુકાદો.

(૧) મજુર અદાલત, જુનાગઢના ન્યાયાધીશશ્રી દ્વારા મુળ કામે બી.આઈ.આર. અરજી નંબર ૨/૨૦૦૬માં તા. ૨૧-૪-૨૦૦૮ના રોજ કરેલ આખરી હુકમથી નારાજ થવાથી હાલની અપીલ ઉપસ્થિત કરેલ છે જેના કારણોને ધ્યાને લેતાં મુખ્યત્વે એપેલન્ટે જણાવેલ છે કે રિસ્પોન્ડન્ટ હંગામી (એડહોક) ધોરણે બાંધી મુદતના હુકમ મુજબ કામ કરતાં હતાં વધુમાં જણાવેલ છે કે રિસ્પોન્ડન્ટને બેંકના તા. ૧૨-૫-૨૦૦૬ના હુકમથી કાયદેસર છુટા કરવામાં આવતા મુળ અરજી નંબર ૨/૨૦૦૬ મજુર અદાલત સમક્ષ દાખલ કરી પડેલા દિવસોના પગાર સાથે પુનઃ સ્થાપિત થવા દાદ માગેલ છે.

વધુમાં મુખ્યત્વે ઉલ્લેખ કરાયેલ છે કે મજુર અદાલતે કાયદાની તેમજ હકીકતની મુલવણી કરવામાં ભુલ કરેલ છે અને રિસ્પોન્ડન્ટને છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર છે તેમ ઠરાવવા માટેના જે કારણો અને તારણો આપેલ છે તે કાયદાની જોગવાઈઓ અદાલતોના ચુકાદા મુજબ મજુર અદાલતે ભુલભરેલું અર્થઘટન કરેલ છે અને મજુર અદાલતે ગંભીર ભુલ કરેલ છે. વધુમાં

INDEX

એવી પણ રજુઆત છે કે મજુર અદાલતના વાદગ્રસ્ત હુકમમાં ઘણી જ વિસંગતતા તથા એમ્બીગ્યુટી રહેલ છે તેથી હુકમ ભુલભરેલો છે. વધુ રજુઆતોમાં એમ પણ જણાવેલ છે કે મજુર અદાલત, જુનાગઢે એપેલન્ટ બેંક અને બેંક વર્કર્સ યુનિયન વચ્ચે થયેલ સમાધાનનું અર્થઘટન કરવામાં ગંભીર ભુલ કરેલ છે અને આમ મુખ્યત્વે રજુઆતો કરી મજુર અદાલત જુનાગઢનો તા. ૨૧-૪-૨૦૦૮નો વાદગ્રસ્ત હુકમ રદ કરવો અને સંબંધિત રિસ્પોન્ડન્ટને તા. ૧૨-૫-૨૦૦૬ના રોજના છુટા કરવાના હુકમને કાયદેસરનો ઠરાવવા અરજ કરાયેલ છે. અપીલ અરજી સાથે એપેલન્ટ દ્વારા કલમ-૧૧૯ ડી અન્વયે અરજી પણ દાખલ કરાયેલ છે.

(૨) અપીલના કામે રિસ્પોન્ડન્ટ કર્મચારી તરફે પણ હાજર થઈ લેખિત જવાબ સ્વરૂપે રજુઆતો કરેલ છે જેની પણ મુખ્યત્વે બાબતોને ધ્યાને લેતાં મજુર અદાલત, જુનાગઢ દ્વારા જે હુકમ કરાયેલ છે તે અપીલેબલ હુકમ નથી અને તેથી અપીલ ટકી શકે તેમ નથી. વધુમાં એવી પણ રજુઆત છે કે, મજુર અદાલતના હુકમ મુજબ એપેલન્ટ બેંકે અરજદારની અરજીનો પ્રથમ નિર્ણય કરવાનો રહે છે અને જે નિર્ણય કર્યાબાદ આગળની કાર્યવાહી થઈ શકે અને તે સંજોગોને કારણે પણ અપીલ ચાલી શકે તેમ નથી. વધુમાં એવી રજુઆત છે કે એપેલન્ટ બેંકે સ્થાયી આદેશો રજુ કરેલ નથી અને તેની જોગવાઈઓ સંબંધે પણ ઉલ્લેખ કરેલ નથી. આમ મુખ્યત્વે રજુઆતો કરી એપેલન્ટ અપીલના પેરા-૫ મુજબની દાદ મેળવવાપાત્ર થતા નથી તેમજ મજુર અદાલતના હુકમમાં સ્ટેટયુટરી ફોર્સ ન હોઈ અને ફક્ત ડાયરેકટીવ પ્રકારનો હુકમ હોઈ હાલની અપીલ ચલાવવાપાત્ર થતી નથી અને તેને રદ કરવા વિનંતી કરાયેલ છે. અપીલના કામે બંને પક્ષકારો તરફે લંબાણપૂર્વકની દલીલો કરવામાં આવેલ છે.

(૩) હાલના કામે અત્રેની અદાલતે એ બાબતે ન્યાય નિર્ણય કરવાનો રહે છે કે જુનાગઢ મજુર અદાલત દ્વારા મુળ બી. આઈ. આર. અરજી નંબર ૨/૨૦૦૬ના કામે પસાર કરેલ આખરી હુકમ યોગ્ય, કાયદેસર, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? પક્ષકારોની રજુઆતોને અનુસંધાને મુળ રેકર્ડ સાથે મજુર અદાલતના આખરી હુકમને ધ્યાને લેવામાં આવે તો અન્ય અરજદારના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ હુકમને ધ્યાને લઈ મજુર અદાલત, જુનાગઢે હાલના રિસ્પોન્ડન્ટ સંબંધે જે આખરી હુકમ પસાર કરેલ છે તે હુકમને વંચાણે લેતાં હુકમ આદેશાત્મક પ્રકારનો હોય તેવું જણાય આવતું નથી કારણ કે હુકમના પ્રથમ નંબરમાં મજુર અદાલતે ઠરાવેલ છે કે અરજદારની અરજી હાલના તબક્કે મંજુર કરવામાં આવે છે તે બાબતને ધ્યાને લેવામાં આવે તો જ્યારે અદાલતે મુળ અરજીમાં ગુણદોષ ઉપર આખરી નિર્ણય પસાર કરી દીધેલ હોય તો તેવા સંજોગોમાં આ અદાલતનું એવું માનવું છે કે હાલના તબક્કે અરજી મંજુર કરવામાં આવે છે તેવો ઉલ્લેખ આખરી હુકમમાં હોઈ શકે નહીં. વધુમાં હુકમના આ ઓપરેટીવ પાર્ટને ધ્યાને લેતાં એવુ સ્પષ્ટ તરી આવે છે કે, મજુર અદાલતનો આ હુકમ તેનો આખરી હુકમ ગણવો કે કેમ ? તે બાબતે પણ વિસંગતતા ઉભી થાય છે. કારણ કે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની જોગવાઈની કલમ-૮૪ને ધ્યાને લેવામાં આવે તો મજુર અદાલતના આખરી હુકમ સામેની જ અપીલ અરજી કલમ-૮૪ અન્વયે દાખલ થઈ

INDEX

શકે. આમ અગાઉ ચર્ચા કરી તે મુજબ મજુર અદાલતના હુકમને આખરી હુકમ તરીકે ચોક્કસપણે ઠરાવી શકાય તેમ નથી. વધુમાં રિસ્પોન્ડન્ટની મજુર અદાલતના હુકમ સંબંધી જે લેખિત રજુઆત છે તેને પણ વિચારણામાં લઈ શકાય તેવુ કારણ જણાય છે. કારણ કે હુકમના પેરા નંબર-૨ માં જણાવાયેલ છે કે મુળ અરજદારે એટલે કે હાલના રિસ્પોન્ડન્ટે સંસ્થા સમક્ષ હક્ક, હીતને નુકશાન ન જાય તે રીતે દિન-૩૦માં રજુઆત કરવી અને હુકમના નંબર-૩થી એવો આદેશ કરાયેલ છે કે અરજદારના હક્ક, હિતને નુકશાન ન જાય તે રીતે કોઈપણ દ્વેષભાવ વગર અરજદારની અરજીને ધ્યાને લઈ ફરીથી ફરજ પર હાજર લેવાનો હુકમ કરાયેલ છે. આ તમામ આખરી હુકમમાં દર્શાવાયેલ બાબતો જોતાં મજુર અદાલત ખરેખર આખરી હુકમથી કોઈ ચોક્કસ પ્રકારનો આદેશ કરે છે તેવી કોઈ બાબત હુકમને વંચાણે લેતાં જણાય આવતી નથી. આમ ઉપરોકત બાબતે જોતાં મજુર અદાલતના આખરી હુકમમાં ઘણી વિસંગતતા જણાય આવેલ છે. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબની વિસંગતતાને ધ્યાને લેતાં મુળ અરજીને ફેર સુનાવણી માટે ગુણદોષ પર ફરી ચલાવવા અને ત્યારબાદ ગુણદોષ ઉપર આખરી હુકમ કરવા સારૂં મુળ અરજીને રિમાન્ડ કરવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયના હીતમાં યોગ્ય, ન્યાયી અને વ્યાજબી હુકમ થયાનું ગણાશે તેવું અદાલતનું માનવું છે, આ હુકમથી મુળ અપીલનો નિકાલ કરવામાં આવતો હોઈ મનાઈ અરજીનો પણ નિકાલ થયાનું ગણવામાં આવે છે અને આ સંજોગોને ધ્યાને લેતાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) મજુર અદાલતની અરજી નંબર ૨/૨૦૦૬માં તા. ૨૧-૪-૨૦૦૮ના રોજ કરેલ હુકમને ગેરકાયદેસર અને અન્યાયી ઠરાવી રદ કરવામાં આવે છે અને મુળ અરજીને ફરીથી ગુણદોષ પર ચલાવવા અને તેનો આખરી ન્યાય નિર્ણય કરવા સારૂ અરજીને પરત મોકલવાનો (રિમાન્ડ કરવાનો) હુકમ કરવામાં આવે છે.

(૨) મુળ રેકર્ડ મજુર અદાલતને પરત કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૦૮.

અશ્વિન. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ.

રાજકોટ, તારીખ ૧૨મી મે, ૨૦૦૯.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 25, *Gujarat Government Gazette,* Part I—L, dated 18th June, 2009 and for pages VAD–2645 to VAD-2825 (in 1 set) *read* page Nos. 2761 to 2941.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૮મી જૂન, ૨૦૦૯ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક-૨૫માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૨૬૪૫ થી વીએડી-૨૮૨૫ (૧ બંચમાં) ને પાન નંબર ૨૭૬૧ થી ૨૯૪૧ વાંચવા.

Vadodara, 18th June, 2009.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ.એસએચ.એમ.સી/૩૮૯૬૮/પ.૨/આઈડીઆર/૩૦/૦૯.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર યુનીમાર્ક રેમીડીઝ પ્રા. લી., મુ. કેરાલા, તા. બાવળા જિ. અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૨/૧.૭.૨/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ-અ

આઈ.ડી.સી.-૩૨/૨૦૦૮.

માંગણી નં. ૧ : પગાર વધારા અંગે :- સંસ્થામાં કામ કરતાં કોન્ટ્રાકટરના તથા કંપની કામદારોને નીચે મુજબની રીતે પગાર વધારો આપવો.

(અ) તા. ૧-૪-૨૦૦૮ થી દૈનિક પગાર રૂા. ૨૫-૦૦નો પગાર વધારો આપવો કે કેમ ?

(બ) તા. ૧-૪-૨૦૦૯ થી દૈનિક પગાર રૂા. ૩૦-૦૦નો પગાર વધારો આપવો કે કેમ ?

(ક) તા. ૧-૪-૨૦૧૦ થી દૈનિક પગાર રૂા. ૩૫-૦૦નો પગાર વધારો આપવો કે કેમ ?

માંગણી નં. ૨ : કોન્ટ્રાકટરના કામદારોને કંપનીના કામદારો ગણવા અંગે:-

આપણી સંસ્થામાં કામ કરતાં કોન્ટ્રાકટરના કામદારોને કંપનીના કામદારો ગણી, કંપનીના કામદારોને મળતાં લાભો આપવા કે કેમ ?

INDEX

માંગણી નંબર ૩ : ફીકસ મોંઘવારી ભથ્થું :-

સંસ્થામાં કામ કરતાં કંપનીના તથા કોન્ટ્રાકટરના કામદારોને ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવામાં આવતું મોંઘવારી ભથ્થુ ઉપરાંત માસીક રૂા. ૨૦૦૦-૦૦ ફીકસ મોંઘવારી ભથ્થાં આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ : રજાઓ અંગે તમામ કામ કરતાં કામદારોને નીચેની રજાઓ ભરપગારે આપવી કે કેમ ?

(અ) હક્ક રજાંઓ : તમામ કામદારોને દર વર્ષે ૩૦ દિવસની હક્ક રજા આપવી કે કેમ?

(બ) તહેવારની રજા : તમામ કામદારોને દર વર્ષે ૧૦ તહેવારની રજા આપવી કે કેમ?

(ક) માંદગીની રજા : તમામ કામદારોને દર વર્ષે ૧૦ માંદગીની રજા આપવી કે કેમ?

(ડ) કેજયુઅલ રજા : તમામ કામદારોને દર વર્ષે ૧૦ કેજયુઅલ રજા આપવી કે કેમ?

માંગણી નં. ૫ : યુનિયનનો ફાળો અને લવાજમ:-

ઉપરોક્ત તમામ માંગણીઓમાં સમાધાન થયા અથવા તો એવોર્ડ આવે અને તેમાંથી કામદારો જે પણ નાણાંકિય લાભો થાય તેના ૧૫ ટકા લેખે ફાળાની રકમ અથવા તો ૧ માસના પગાર - વધારાની રકમ બેમાંથી જે વધુ હોય તે આપવી કે કેમ ? તથા દર વર્ષે રૂા. ૨૫૦-૦૦ લેખે લવાજમ કામદારોના પગારમાંથી કાપી તે રકમ યુનિયનને ચેક - મારફતે મોકલી આપવી કે કેમ ?

માંગણી નંબર ૬ : અમલ અંગે ઉપરોક્ત માંગણીઓનો અમલ તા. ૧-૪-૨૦૦૮ થી કરવો કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચએસએચ.એમ.સી/૩૮૯૬૯/પ.૨/આઇડીઆર/૧૮/૦૯.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર નેબ્રોસ ફાર્મા પ્રા.લી.. મુ. કાજીપુરા તા. માતર જી. ખેડા તથા તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

પરિશિષ્ટ

(૧) **પગાર વધારા અંગે :** સંસ્થાના કર્મચારીઓને હાલ મળતા લઘુત્તમ વેતન ઉપરાંત ૧/૪/૦૮ થી દૈનિક રૂા. ૩૦, ૧/૪/૦૯ થી દૈનિક રૂા.૪૦, ૧/૪/૧૦ થી દૈનિક રૂા. ૫૦નો વધારો આપવા કે કેમ ?

(૨) **મોંઘવારી ભથ્થા અંગે :** સંસ્થાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાની રકમ માસિક રૂા. ૨૦૦૦/- આપવા કે કેમ ?

(૩) **ભથ્થાઓ :-** સંસ્થાના કર્મચારીઓને

(૧) મકાનભાડું : માસિક રૂા. ૫૦૦/-

INDEX

(૨) કન્વેયન્સ એલાઉન્સ : માસિક રૂા. ૩૦૦/-

(૩) એજયુકેશન ભથ્થુ : માસિક રૂા. ૨૦૦/-

(૪) મુસાફરી ભથ્થુ : વાર્ષિક રૂા. ૧૫૦૦/-

(૫) વોશીંગ એલાઉન્સ : માસિક રૂા. ૨૦૦/-

(૬) મેડીકલ એલાઉન્સ : માસિક રૂા. ૨૦૦/- આપવા કે કેમ ?

(૪) રજાઓ અંગે : સંસ્થાના કર્મચારીઓ વાર્ષિક તહેવારો ઉજવી શકે તે માટેની ૧૦ દિવસની તહેવારોની રજાઓ, કર્મચારી અને તેના કુટુંબના૧૦ દિવસની માંદગીના સમયમાં ફરજ બજાવી ના શકે તે માટે માંદગીની રજાઓ, આકસ્મિક અને સામાજીક પ્રસંગોના સમયમાં ફરજ બજાવી ના શકે તે માટે ૧૦ દિવસની કેજયુઅલ રજાઓ, તથા લાંબા સમય સુધીના સામાજીક પ્રસંગોના સમયમાં ફરજ બજાવી ના શકે તે માટે ૩૦ દિવસની હક્કરજા આપવી કે કેમ ?

(૫) યુનિફોર્મ અંગે : સંસ્થાના કર્મચારીઓને વાર્ષિક ત્રણ જોડી ટેરીકોટનના યુનિફોર્મ બે જોડી બાટાના બુટ, શીયાળામાં વુલન જર્શી, ચોમાસામાં રેઈનકોટ અથવા છત્રી, બે જોડી મોજા આપવા કે કેમ ?

(૬) લોન : સંસ્થાના કર્મચારીઓ પૈકી જે કર્મચારીઓએ ૫ વર્ષ નોકરી કરી હોઇ તેની ફરજના વર્ષો ધ્યાનમાં રાખી રૂા. ૫૦૦૦/- થી ૧૫૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન આપવા કે કેમ ?

(૭) યુનિયનના ફાળા અંગે : મંડળની માંગણીઓ અંગે સમાધાન કે ચુકાદાથી કર્મચારીઓને જે લાભ તેના ૧૫% લેખેની રકમ ચેક મારફતે તથા દર માસે તમામ કામદારોના પગારમાંથી કાપીને રૂા. ૧૦/- યુનિયનને આપવા કે કેમ ?

(૮) અમલ અંગે : સદર માંગણીઓનો અમલ ૧-૧-૨૦૦૮થી કરવા કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ./એસએચ.એમ.સી/૩૮૯૭૦/૫.૨/આઇડીઆર/૨૧/૨૦૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મે. પિરામલ ગ્લાસ લી., સુરત અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

કન્સી. કેસ નં. ૨૩/૨૦૦૮.

માંગણી નં. ૧ : બેઝીક પગાર વધારો : સંસ્થામાં હાલમાં કોન્ટ્રાચ્યુઅલ કામદારોને જે પગાર આપવામાં આવે છે તે પગારમાં માસીક રૂા. ૭૦૦/-નો વધારો કરી નવો બેઝીક પગાર તા. ૧-૧-૦૭ થી ચુકવી આપવો કે કેમ ? તથા ઓછામાં ઓછો માસીક રૂા. ૫૦૦૦/- પગાર ચુકવવી આપવો કે કેમ ?

માંગણી નં. ૨ : મોંઘવારી ભથ્થુ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને સીમલા ઇન્ડેક્ષ મુજબની મોંઘવારી ચુકવી આપવી કે કેમ ?

માંગણી નં. ૩ : એચ.આર.એ. : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને માસીક રૂા.૫૦૦/- એચ.આર.એ. તા. ૧-૧-૦૭ થી ચુકવી આપવું કે કેમ ?

માંગણી નં. ૪ : વોશીંગ એલાઉન્સ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને વોશીંગ એલાઉન્સ પેટે માસીક રૂા. ૩૦૦/- ચુકવી આપવા કે કેમ ?

INDEX

માંગણી નં. ૫ : એટેન્ડન્ટ એલાઉન્સ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને એટેન્ડન્ટ એલાઉન્સ પેટે માસીક રૂા. ૫૦૦/- ચુકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૬ : પ્રોડકશન એલાઉન્સ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને પ્રોડકશન એલાઉન્સ પેટે દૈનિક રૂા. ૧૫/- ચુકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૭ : કાઈઝન એલાઉન્સ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારો જેઓ કંપનીના કોઈ પ્રોડકશનમાં કંપનીને ફાયદો અને કંપનીના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરે અને સમય બચાવે તેમજ બીજી કોઈ રીતે કંપનીને ફાયદો થાય તેવું કોઈપણ કાઈઝન કરનાર કામદારને એક કાઈઝન પેટે રૂા. ૫૦૦/- આપવા કે કેમ ?

માંગણી નં. ૮ : કન્વેયન્સ એલાઉન્સ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને હાલમાં જે કન્વેયન્સ એલાઉન્સ મળે છે તેમાં રૂા. ૩૦૦/-નો વધારો કરીને કન્વેયન્સ એલાઉન્સ તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૦૭ થી ચુકવી આપવું કે કેમ ? તથા જે કપાત કરવામાં આવે છે તે કપાત કરવી કે કેમ ?

માંગણી નં. ૯ : એલ.ટી.સી. : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને દર વરસે રૂા. ૨૫૦૦/- એલ.ટી.સી. ચુકવી આપવું કે કેમ ? અને સાત દિવસની ભર પગારે રજા આપવી કે કેમ ?

માંગણી નં. ૧૦ : રજાઓ :

અ. કેજયુઅલ રજા : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને વાર્ષિક ૨૦ દિવસની કેજયુઅલ રજા આપવી કે કેમ ?

બ. હક્ક રજા : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને ૨૪૦ દિવસની હાજરીએ ૨૦ દિવસની હક્ક રજા ભર પગારે એલાઉન્સ સહીતની આપવી કે કેમ? અને ૨૪૦ દિવસની ઉપરની હાજરીએ ૧૦ દિવસની હાજરીએ ૧ દિવસ લેખે ગણીને હક્ક રજા ભર પગારે એલાઉન્સ સહીત ભરી આપવી કે કેમ ?

ક. માંદગીની રજા : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને વાર્ષિક માંદગીની રજા આપે છે તેના બદલે વાર્ષિક ૩૦ દિવસની માંદગીની રજા ભરપગારે આપવી કે કેમ ?

ડ. તહેવારની રજા : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને નીચે જણાવ્યા મુજબની રજા સહીતની વરસની ૧૭ તહેવારની રજા પેઈડ હોલીડે તરીકે

INDEX

આપવી કે કેમ ?

મે મજુર દિન, રમજાન ઈદ, બકરી ઈદ, રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ વિસર્જન, નાતાલ અને બીજી અન્ય.

માંગણી નં. ૧૧ : ફીટર એલાઉન્સ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારો ફીટરનું કામ કરતાં હોય તેઓને ફીટર એલાઉન્સ તરીકે દૈનિક રૂા. ૨૫/- ફીટર એલાઉન્સ ચુકવી આપવું કે કેમ ?

માંગણી નં. ૧૨ : હોદ્દાનો નિમણૂંક પત્ર અને ગ્રેડ આપવા : સંસ્થામાં જે કામદારો જે હોદ્દા એક વર્ષ અગાઉ કામ કરતા હોઈ તે હોદ્દાનો નિમણૂંક પત્ર આપવો કે કેમ ? અને તે હોદ્દાનો ગ્રેડ નક્કી કરી હોદ્દા મુજબ આપવા કે કેમ ?

માંગણી નં. ૧૩ : કાયમી કરવા બાબત : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારો/કર્મચારીઓ જેમણે નોકરીમાં દાખલ થયા તારીખથી ૧૮૦ દિવસ પુરા કરેલ હોય તે તમામને કાયમી કરવા કે કેમ ? અને કાયમી કામદારોને મળતાં તમામ લાભો નોકરીમાં દાખલ થયા તારીખથી ચુકવી આપવા કે કેમ ?

માંગણી નં. ૧૪ : સીનીયોરીટી લીસ્ટ બનાવવું : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોનું સીનીયોરીટી લીસ્ટ બનાવી સંસ્થાના નોટીશ બોર્ડ ઉપર મુકવું કે કેમ ?

માંગણી નં. ૧૫ : યુનીફોર્મ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને ટેરીકોટનના ૪ જોડી પેન્ટ, ૪ જોડી શર્ટ યુનીફોર્મ તરીકે આપવા કે કેમ ? તદ્ઉપરાંત ૧ રેઈન કોટ તથા એક ગરમ જરસી આપવી કે કેમ ?

માંગણી નં. ૧૬ : બુટ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને વર્ષે બે જોડી બાટા કંપનીના બુટ જાન્યુઆરી માસમાં આપવા કે કેમ ?

માંગણી નં. ૧૭ : સાબુ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોને માસિક છ નંગ લાઈફ બોય સાબુ આપવા કે કેમ ? તથા હાથ ધોવા માટે વોશ બેશીંગની વ્યવસ્થા કરી આપવી કે કેમ ?

માંગણી નં. ૧૮ : વિનામૂલ્યે ઈન્સ્યુરન્સ : (૧) સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાચ્યુઅલ કામદારોનો રૂા. ૨ લાખનો સંસ્થાએ ઈન્સ્યુરન્સ ઉતારવો કે કેમ ? અને તેનું પ્રિમીયમ સંસ્થાએ ભરવું કેમ ?

INDEX

(૨) સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાક્ચ્યુઅલ કામદારોનો રૂા. ૨ લાખનો મેડીકલેઈમ લેવો કે કેમ ? અને તેમાં કટુંબના ચાર વ્યક્તિઓ પતિ, પત્ની અને બે બાળકોનો સમાવેશ કરવો કે કેમ ?

માંગણી નં. ૧૯ : મૃત્યુ લાભ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાક્ચ્યુઅલ કામદારોનું ચાલુ નોકરીએ કોઈપણ કારણોસર મૃત્યુ થાય ત્યારે તમામ કામદારના પગારમાંથી એક દિવસનો પગાર કાપી મૃત્યુ પામનાર કામદારને મૃત્યુ લાભ તરીકે સદર રકમ એકત્રિત થાય તેટલી બીજી રકમ સંસ્થા તરફથી ઉમેરી કુલ રકમ મૃત્યુ પામનાર કર્મચારીના વારસદારને વહેલી તકે આપવી કે કેમ ? અને તેમના વારસદારોને કાયમી જગ્યાએ નોકરી ઉપર રાખવા કે કેમ ?

માંગણી નં. ૨૦ : લોન : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાક્ચ્યુઅલ કામદારોને હાઉસીંગ લોન પેટે રૂા. ૧,૦૦,૦૦૦/- આપવા કે કેમ ? અને તે માસિક રૂા. ૨૦૦૦/- ના હપ્તાથી કપાત કરવાં કે કેમ ?

માંગણી નં. ૨૧ : યુનીયનને સગવડ :

(૧) સંસ્થા તરફથી યુનીયનને ૧૦ બાય ૧૦ની ઓફીસ, તેમાં નવું ફર્નીચર જેમાં એક ટેબલ, એક ખુરશી તથા કામદારોને બેસવા માટે વીઝીટર્સ ૬ ચેર્સ સહીત આપવી કે કેમ ?

(૨) યુનીયનના પ્રતિનિધિને કોર્ટ, કન્શીલીએશન, કે મીટીંગમાં જાય ત્યારે ભર પગારે રજા આપવી કે કેમ ?

(૩) કોઈપણ સેટલમેન્ટમાં જે વધારો થાય તેટલો વધારાની રકમનો તફાવતનો કુલ પગારની રકમ દરેક કામદારના સેટલમેન્ટ તફાવતની રકમમાંથી કાપી યુનીયનના મહામંત્રીને દિવસ ૭માં આપવી કે કેમ ?

માંગણી નં. ૨૨ : અમલ : સંસ્થામાં કામ કરતાં તમામ કોન્ટ્રાક્ટ કામદારો માટે રજુ કરેલ ઉપરોક્ત તમામ માંગણીઓનો અમલ તારીખ ૧લી જાન્યુઆરી ૨૦૦૭ થી કરવો કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી), અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચએસએચ.એમ.સી/૩૮૯૭૧/પ.૨/આઇડીઆર/૨૭/૦૯.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મે. પીરામલ ગ્લાસ લી., સુરત અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગર, આથી, ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

સંસ્થામાં કામ કરતાં જે કામદારોને નોકરીના ૨૪૦ દિવસ પુરા થયા હોય તેઓને તેમની નોકરીની દાખલ તારીખથી કાયમી કરી કંપનીના કાયમી કામદાર જેટલો પગાર ભથ્થાં અને અન્ય સવલતો દાખલ તારીખથી તફાવત સહિત ચૂકવી આપવી કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચએસએચ.એમ.સી/૩૮૯૭૨/પ.૨/આઈડીઆર/૨૬/૦૯.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મે. પીરામલ ગ્લાસ લી., સુરત અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી, ઔદ્યોગિક ન્યાયપંચ, સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

માંગણી નં. ૧ : સંસ્થામાં કામ કરતાં લઘુત્તમ વેતન મેળવતા કામદારોના પગારમાં જે ભેદભાવ છે તે દૂર કરવો કે કેમ અને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ થી કેટલાક કામદારોને માસિક રૂા. ૮૦૦ થી ૯૦૦/-નો વધારો આપેલ છે તે મુજબ એક સરખો પગાર વધારો તમામ લઘુત્તમ વેતન મેળવતા કામદારોને તફાવત સહિત આપવો કે કેમ ?

માંગણી નં. ૨ : સંસ્થામાં કામ કરતાં ૨૭ કામદારોને પ્રમોશન આપી સ્કીલ એલાઉન્સના નામે સ્પે. ઈન્ક્રીમેન્ટ અને પગાર વધારો આપેલ છે તે મુજબ તેમનાથી સીનીયર કામદારોને તેટલો જ સ્પે. ઈન્ક્રીમેન્ટ આપી માસિક પગાર વધારો તેમને જે તારીખથી (૧-૪-૨૦૦૭) તફાવત સહિત આપવો કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચએસએચ.એમ.સી/૩૮૯૭૩/૫.૨/આઇડીઆર/એજે/૧૩૧/૦૮.— નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શૈલી એન્જીનીયરીંગ એન્ડ પ્લાસ્ટીક લીમીટેડ, વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજય, ગાંધીનગર, આથી, ઔદ્યોગિક ન્યાયપંચ, ગાંધીનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

માંગણી નં. ૧ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૧૦૦૦/-નો બેઝીક પગારમાં વધારો આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૨ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૧૦૦૦/-સ્પે.. એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૩ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને પ્રોડકશન એલાઉન્સ પેટે માસિક રૂા. ૫૦૦/-નો વધારો કરવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૪ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને હાજરી બોનસ પેટે માસિક રૂા. ૫૦૦/- ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૫ : ગ્રેડેશન પ્રથા નક્કી કરી દરેક કામદારને તેઓની કામગીરી મુજબ હોદ્દો નક્કી કરવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૬ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને વાર્ષિક રૂા. ૨૫૦૦/- એલ.ટી.સી પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

INDEX

માંગણી નં. ૭ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૫૦૦/- ટ્રાવેલીંગ એલાઉન્સ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૮ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૧૦૦૦/- ઘરભાડા પેટે વધારો ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૯ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૫૦૦/- શિક્ષણ ખર્ચ પેટે ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૦ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને વાર્ષિક ત્રણ જોડી સારી કંપનીનું ટેરીકોટન યુનિફોર્મ, એક જોડી ચામડાના બુટ, એક જોડી ગમબુટ, બે જોડી મોજાં, એક જોડી રેઈન કોટ, એક જોડી સ્વેટર તથા ટોપી આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૧ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને વાર્ષિક જે રજાઓ આપવામાં આવે છે તે કાયદાકીય રીતે નક્કી થયેલ રજાઓ કરતાં ઓછી છે હાલમાં મળતી રજાઓમાં વધારો કરી આપવો જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૨ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને માસિક રૂા. ૩૦૦/- વોશીંગ એલાઉન્સ ચુકવવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૩ : દરેક કામદારને રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)ની વિના વ્યાજની લોન આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૪ : સંસ્થામાં કામ કરતાં દરેક કામદારને દરેક શીફ્ટમાં બે ટાઈમ ચા-નાસ્તો આપવા જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૫ : કુદરતી આપત્તિના સમયે અથવા અકસ્માત સમયે યોગ્ય આયોજન કરી યોજના બનાવી અથવા એક કમિટિનું ગઠન કરી કામદારને રાહત મળી રહે તે માટે રૂા. ૧૦,૦૦૦/-ની સહાય પુરી પાડવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૬ : દર વર્ષે દિવાળીમાં ૨૦ ટકા લેખે બોનસ અને ગીફ્ટ આપવી જોઈએ કે કેમ ?

માંગણી નં. ૧૭ : સંસ્થામાં ઈ.એસ.આઈ. લાગુ પડતાં ન હોઈ અકસ્માત કે બીમારીના સમયે કામદારને પુરતી સહાય મળી રહે તે માટે મેડીકલની જોગવાઈ કરવી જોઈએ કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચએસએચ.એમ.સી/૩૮૯૭૪/૫.૨/આઇડીઆર/૧૧૦/૦૯.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી ક્રિષ્ના કેશવ લેબોરેટરી લી., અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

કંપનીમાં કામ કરતાં તમામ શ્રમયોગીઓ/કર્મચારીઓને જુન-૨૦૦૮ના કામ કરેલા દિવસોનો પગાર જે સાતમી જુલાઈની તારીખે ચુકવવો જોઈએ તે નિયત તારીખે ચુકવવામાં આવેલ નથી. જે ગેરકાયદેસર અને ગેર વ્યાજબી છે. આથી કંપનીના તમામ શ્રમયોગીઓ/કર્મચારીઓને જેટલા દિવસ મોડો પગાર ચુકવવામાં આવે તે પ્રત્યેક દિવસ દીઠ રૂા. ૫૦૦/- વળતર પેટે ચુકવી આપવા કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા
હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચએસએચ.એમ.સી/૩૮૯૭૫/પ.૨/આઇડીઆર/૮૮/૦૮.— નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે સામેલ કરેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મે. ડાયરેક્ટર, ઈન્ડીયન ડેરી મશીનરી કં. લી., વિ.યુનગર, તા.જિ. આણંદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી, ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસુચિ

પરિશિષ્ટ-અ કન્સી. કેસ નં. ૪૨/૨૦૦૮

માંગણી નં. ૧ : ઉક્ત માંગણીમાં સંસ્થામાં કેન્ટીન ચાલુ કરી અને કંપનીના અને કોન્ટ્રાક્ટરના તમામ કામદારોને નીચે મુજબના દરે તથા નીચે જણાવેલ કીમતે વસ્તુ પુરી પાડવી કે કેમ ?

૧. ચ્હા : રૂા. ૦.૨૫ પૈસા એક કપના.
૨. કોફી : રૂા. ૦.૪૦ પૈસા એક કપના.
૩. ઠંડા પીણાં : રૂા. ૧.૫૦ પૈસા ૩૦૦ મી.લી.
૪. નાસ્તો : રૂા. ૧.૫૦ પૈસા ૧૦૦ ગ્રામના.
૫. લંચ/ડીનર : રૂા. ૩.૦૦ પૈસા એક થાળીના.

મંડળની માંગણી ગ્રાહ્ય રાખવી કે કેમ ?

માંગણી નં. ૨ : મંડળની માંગણીઓનો અમલ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૮ થી કરવા અંગેની માંગણી ગ્રાહ્ય રાખવી કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૮૧૧૦/ઔ.વિ.રે./૩૧/૦૯.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, જુનાગઢ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં જુનાગઢ વિભાગનાં બાંટવા ડેપો ખાતે કંડક્ટર તરીકે ફરજ બજાવતાં શ્રી કાંતીલાલ રામજીભાઈ કોરડીયાને દફતરી હુકમ નં. ૬૮/૧૯૯૪, પત્ર નં. ગુ.રા.મા./પરિવહન/લા.ચે./ડી/૩૭-૯૩/૨૯૫૩ તા. ૧૫-૯-૧૯૯૪ થી કંડક્ટર કક્ષામાં કાયમી ધોરણે મૂળ પગારમાં મુકવાની સજા કરેલ છે.

આમ, કંડક્ટર કક્ષાનાં પગાર વધારો કાયમી અસરથી મૂળ પગારમાં મુકવાની સજાનો હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી, કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો અને પ્રસ્થાપિત કાયદાઓની જોગવાઈ વિરૂધ્ધનો છે કે કેમ ? તે રીતે કરેલ સજાનો હુકમ રદ કરવો કે કેમ ? તેમજ પગાર તફાવતની રકમ તેનાં એરીયર્સ સાથે અને તેનાં પર ૧૮ ટકા લેખે વ્યાજ સાથે માલીક કામદારને ચુકવી આપે કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૯.

સહી (અવાચ્ય),
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા
હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૮૧૧૧/ઔ.વિ.રે./૩૨/૦૯.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, જુનાગઢ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ, હું, શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં જુનાગઢ વિભાગનાં કેશોદ વિભાગમાં નોકરી કરતા કંડક્ટર કમલેશ પી. પરમાર, બેઈઝ નં. ૯૬૯ને એસ.ટી.એ (૧) દફ્તરી હુકમ ૩૨૨/૨૦૦૩, ડીફોલ્ટ કેસ નંબર : ૨૧૧/૨૦૦૨, ક્રમાંક નં. ડીસીજે/ટ્રા/ડી/૭૫૦/૨૦૦૩, તા. ૩૦-૧૦-૨૦૦૩ના હુકમથી તેઓને આગામી વાર્ષિક પગાર વધારો ૨ (બે) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. (૨) દફ્તરી હુકમ ૧૭૬/૨૦૦૪, ડીફોલ્ટ કેસ નંબર : ૪૧/૨૦૦૩, ક્રમાંક નં. વિની/જુના/પરિ/ટ્રા/ડી/૨૫૫૫/૦૪, તા. ૨૭-૭-૨૦૦૪ના હુકમથી તેઓને આગામી વાર્ષિક પગાર વધારો ૨ (બે) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

તે હુકમો તદ્દન ગેરવ્યાજબી, ગેરકાયદેસરનો કુદરતી ન્યાયનાં સિધ્ધાંતો અને પ્રસ્થાપિત કાયદાઓની જોગવાઈ વિરૂધ્ધનો છે કે કેમ ? તે રીતે કરેલ હુકમો રદ કરવા જોઈએ કે કેમ ? તેમજ જે તે તારીખથી એસ.ટી.એ કામદારનાં પગારમાંથી કરેલ કપાત તફાવત એરીયર્સની તમામ રકમ ઉપરોક્ત સમયનાં પગાર વધારા, ઈન્ક્રીમેન્ટો અને નોકરી પરત્વેનાં અન્ય તમામ લાભો સાથે ૧૮ ટકા લેખેનાં વ્યાજ સાથે માલીક કામદારને ચુકવી આપે કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૬મી માર્ચ, ૨૦૦૯.

સહી (અવાચ્ય),
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/૮૧૧૨/ઔ.વિ.રે./૩૩/૦૯.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ પ્રિન્સીપાલશ્રી, ડો. જીવરાજ મહેતા સરકારી પોલીટેકનીક, અમરેલી અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ, હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમરેલીને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

૭૪૩ ઉપર રિપોર્ટ થયેલ તેના પારા ૨૬નો ઉલ્લેખ કરેલ છે અને એપેલન્ટની રજુઆત યોગ્ય ન હોવાની રજુઆત કરેલ છે. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે રિસ્પોન્ડન્ટ નંબર-૧ને બેંક દ્વારા નોકરીએ રાખેલા અને બેંક દ્વારા જ લાંબા સમયની નોકરી બાદ વોચ એન્ડ વોર્ડના વાઉચર ઉપર પગાર આપવાનું શરૂ કરાયેલ, તેમજ તે સંસ્થાના વકીલો કોમન છે તે સંજોગોમાં પણ એપેલન્ટ નંબર-૧ અને નંબર-૨ વચ્ચેના મેળાપીપણાનો ઉલ્લેખ કરી વોચ એન્ડ વોર્ડ કન્સલ્ટન્સી ફકત ઉભી કરાયેલ એજન્સી છે તેવી રજુઆત કરાયેલ છે અને વધુમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૮૪ અને કલમ-૮૫ની ભાષા ભારતના બંધારણના આર્ટિકલ્સ-૨૨૬ અને ૨૨૭ જેવી હોવાનું અને મહદઅંશે એક સરખી હોવાનું ઉલ્લેખ કરી અત્રેની અદાલતને મર્યાદિત સત્તાઓ હોવાનું અને ફાઈન્ડીંગ ઓફ ફેકટમાં જવાની હકુમત નથી, તેમજ મંબઈ ઔદ્યોગિક સંબંધક ધારામાં જે માન્ય મંડળની જોગવાઈ સંબંધમાં રજુઆતો કરી છે તે સંબંધે જણાવેલ છે કે મુળ કેસમાં બેંકમાં કોઈ માન્ય મંડળ છે કે કેમ ? અને માન્ય મંડળ સાથે સમાધાન કરાર થયેલ છે કે કેમ ? તેવી કોઈ રજુઆત એપેલન્ટ બેંકે કરેલ નથી. અને આ બાબતને ધ્યાને લેવા તેમજ તે સંજોગોને ધ્યાને લઈ વ્યકિતગત કામદાર પોતાના પ્રશ્ન અંગે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા હેઠળ આવી જ ન શકે એવી કોઈ જોગવાઈ નથી અને વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે કામદારને અસરકર્તા બહોળા પ્રશ્નો હોય કે માન્ય મંડળને તેમને કરેલ સમાધાનને વિપરીત અસરકર્તા હોય તો માન્ય મંડળ પક્ષકાર થયું હોત અને વધુમાં એવો ઉલ્લેખ કરેલ છે કે એપેલન્ટ નંબર-૧ દ્વારા વોચ એન્ડ વોર્ડ કન્સલ્ટન્સીને પક્ષકાર બનાવવાની અરજી કરવામાં આવેલ છે તો તેવી જે અરજી માન્ય મંડળને પણ પક્ષકાર બનાવવા સંબંધે કરવામાં આવી હોત. આમ આ પ્રકારે રજુઆતો કરી રિસ્પોન્ડન્ટ નંબર-૧ દ્વારા રજુઆત થયેલ છે કે એપેલન્ટ બેંકે રિસ્પોન્ડન્ટ નંબર-૧ના વ્યકિતગત અવાજને રૂંધવાનો અને કાયદાની જોગવાઈઓનું ખોટું અર્થઘટન કરેલ હોવાની રજુઆત કરેલ છે. વધુમાં રિસ્પોન્ડન્ટ નંબર-૧ તરફે એવી પણ રજુઆત થયેલ છે કે કાયદાનો હેતુ કામદાર અને માલિક વચ્ચે સમાધાનકારી વલણથી વિવાદનો નિવેડો લાવવાનો છે અને મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૪૨(૨)ને ધ્યાને લેતી વખતે કલમ-૪૬ને ધ્યાને લેવી જરૂરી છે અને તેનો ઉલ્લેખ કરી બેંક દ્વારા શેડયુલ-૨ ની આઈટમોનો ભંગ થયો હોવાની રજુઆત કરેલ છે અને વધુમાં રજુઆત કરેલ છે કે ૧૯૫૪ની સિધ્ધપુર મીલના કેસમાં નક્કી કરાયેલ જે રિપ્રેઝન્ટેટીવ યુનિયન વ્યકિતગત કામદારના પ્રશ્ને આગળ ન આવે ત્યારે વ્યકિતગત કામદાર અચુકપણે અદાલત સમક્ષ આવી શકે છે. આમ ઉપરોકત પ્રકારે રિસ્પોન્ડન્ટ નંબર-૧ તરફે રજુઆતો કરાયેલ છે.

૩. ત્યારબાદ અદાલત સમક્ષ આંક-૧૨ થી રિસ્પોન્ડન્ટ નંબર-૧ દ્વારા લેખિત રજુ થયેલ છે અને જેને ધ્યાને લેતાં લેખિત જવાબમાં જે બાબતનો ઉલ્લેખ કરેલ છે તે તમામ બાબતોનો ફરી

INDEX

ઉલ્લેખ કરેલ છે અને લેખિત દલીલો સાથે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, જેને નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચ દ્વારા આપેલ છે તેની નકલ પણ રજુ કરાયેલ છે.

૪. આંક-૪ થી રિસ્પોન્ડન્ટ નંબર-૨ તરફે એડવોકેટ શ્રી મુકેશ એમ. તન્નાનું વકીલપત્ર રજુ થયેલ છે અને આંક-૧૫ થી તેમનું લેખિત નિવેદન રજુ થયેલ છે. લેખિત નિવેદનની બાબતોને ધ્યાને લેતાં મુખ્યત્વે રજુઆત છે કે રિસ્પોન્ડન્ટ નંબર-૧ એ રિસ્પોન્ડન્ટ નંબર-૨ ના કામદાર હતા અને રિસ્પોન્ડન્ટ નંબર-૨ દ્વારા તેઓના તા. ૪-૨-૨૦૦૩ના લેખિત પત્રથી મેસર્સ, રવિરત્ના એકસપોર્ટના યુનિટ, વેરાવળ ખાતે ટ્રાન્સફર કરેલ છે અને તે જગ્યાએ તેઓ હાજર થયેલ નથી આમ રિસ્પોન્ડન્ટ નંબર-૧ તેઓના કાયમી કર્મચારી હોવાની રજુઆતને વળગી રહી મજુર અદાલતે જે મુળ અરજદાર સંબંધે જે તારણ આપેલ છે, તે ભુલભરેલા હોવાનું અને ગેરકાયદેસર હોવાની રજુઆત કરેલ છે.

૫. આંક-૧૩થી એપલન્ટ નંબર-૧ અને નંબર-૨ તરફથી લંબાણપૂર્વક લેખિત દલીલો રજુ થયેલ છે જેને ધ્યાને લેતાં અપીલ મેમોમાં દર્શાવેલ બાબતોનું પુનરાવર્તન હોવાનું માલુમ પડે છે અને લેખિત દલીલોના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો નવજાગૃત લેબર યુનિયન અને બીજા વિરૂધ્ધ અમદાવાદ ઈલેકટ્રીસીટી કંપની લી. અને બીજાઓના કેસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૭, ૩, સી. એલ. આર. પાના નંબર ૪૩૦ પર પ્રસિધ્ધ થયેલ છે તેની નકલ રજુ થયેલ છે.તેમજ નામદાર મુંબઈ હાઈકોર્ટના ઉખ્મા હબીબ અને સ્ટેટ ઓફ બોમ્બે અને બીજાના કેસમાં આપેલ ચુકાદો કે જે ૧૯૫૫, ૨, એલ. એલ. જે. પાના નંબર ૪૯૪ પર પ્રસિધ્ધ થયેલ છે તેની નકલ તેમજ અત્રેની અદાલત દ્વારા અપીલ આઈ. સી. નંબર ૧૧/૨૦૦૩ માં આપેલ ચુકાદાની નકલ અત્રેની અદાલત દ્વારા રીવીઝન આઈ. સી. નંબર ૬/૨૦૦૭ માં આપેલ ચુકાદાની નકલ તેમજ ફોજદારી અરજી નંબર ૧/૨૦૦૬ માં મજુર અદાલતે આપેલ ચુકાદાની નકલ રજુ કરેલ છે. આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની રજુઆતો અપીલના કામે પક્ષકારો દ્વારા થયેલ છે.

૬. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં અત્રેની અદાલતે એ બાબત ન્યાય નિર્ણય કરવાનો રહે છે કે મજુર અદાલત, જુનાગઢ દ્વારા મુળ બી. આઈ. આર. અરજી નંબર ૩/૨૦૦૩ માં તા. ૧૬-૧-૨૦૦૮ ના રોજ આપેલ ચુકાદો કાયદેસર, ન્યાયી અને યોગ્ય છે કે કેમ ? તે અંગે ન્યાય નિર્ણય કરવાનો રહે છે. આ ચૂકાદાથી મુળ અપીલનો ન્યાય નિર્ણય કરવામાં આવતો હોય મનાઈ અરજીનો પણ નિકાલ થયેલ હોવાનું ગણવામાં આવે છે.

હવે સૌ પ્રથમ હાલની ઉપસ્થિત કરાયેલ અપીલમાં અત્રેની અદાલતે કલમ ૮૪ અન્વયે સંપૂર્ણ સત્તા છે અને કલમ ૮૫ અન્વયે મર્યાદિત સત્તાઓ રહેલી છે. એટલે કે કલમ-

INDEX

૮૫ અન્વયે ઔદ્યોગિક અદાલતને સુપરવાઈઝરી પાવર્સ છે જ્યારે મજુર અદાલત દ્વારા પ્રથમ દર્શનીય કોઈ ભુલ જણાય આવે ત્યારે ઔદ્યોગિક અદાલતને મળેલ સત્તાનો ઉપયોગ કરી શકે છે.જ્યારે કલમ-૮૪ અન્વયે ઉપસ્થિત થયેલ અપીલમાં મજુર અદાલતના નિર્ણયમાં ચકાસણી કરવાની સંપૂર્ણ સત્તા રહેલી છે તેવું અદાલતનું સ્પષ્ટ માનવું છે. હવે ઉપરોક્ત કેસમાં કરેલ ચર્ચાઓને ધ્યાને લેતાં મુખ્ય વિવાદનો મુદ્દો એ છે કે મુળ અરજી જે અરજદાર દ્વારા મજુર અદાલત, જુનાગઢ સમક્ષ ઉપસ્થિત કરવામાં આવેલ એ અરજી કાયદેસરરીતે અરજદારને મજુર અદાલત સમક્ષ ઉપસ્થિત કરવાનો હક્ક છે કે કેમ ? તે બાબતે કાયદાની કેટલીક જોગવાઈઓની ચર્ચા કરવાની જરૂર છે. જેથી અદાલતને આ ચુકાદામાં કેટલીક કલમોનો ઉલ્લેખ કરવો જરૂરી જણાતો હોય નીચે મુજબ ઉલ્લેખ કરવામાં આવે છે.

કલમ ૩(૧૭) : **''ઔદ્યોગિક તકરાર''** એટલે, માલીકો અને કામદારો વચ્ચે અથવા કામદારો અને કામદારોની વચ્ચે તકરાર અથવા મતભેદ, જે કોઈ ઔદ્યોગિક બાબત સાથે સંબંધ ધરાવતી હોય ;

કલમ ૩(૧૮): '' **ઔદ્યોગિક બાબત** '' એટલે નોકરી, કામ, મજુરી, કામનો સમય, માલીકો અથવા કામદારોના વિશેષાધિકાર, હક્ક અથવા ફરજો અથવા નોકરીની પદ્ધતિ, બંધણીઓ અને શરતોને લગતી કોઈ બાબત અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે.-

(ક) માલિકો અને કામદારો વચ્ચેના સંબંધને લગતી અથવા કોઈ વ્યક્તિને બરતરફ કરવાની અથવા નોકરીમાં નહી રાખવાને લગતી તમામ બાબતોનો,

(ખ) કોઈ કામદારો અંથવા કામદારોના વર્ગના કામોને મુકરર કરવાને લગતી તમામ બાબતોનો,

(ગ) આ અધિનિયમ હેઠળ કરેલ નોંધણી કબુલાત અથવા સોંપણી, પતાવટ અથવા ચુકાદા મુજબની અથવા તેના સંબંધી અથવા તેને લગતાં કોઈ હક્ક અથવા દાવાને લગતી તમામ બાબતોનો,

(ઘ) કોઈ ઔદ્યોગિક બાબત સંબંધમાં તેની સાથે સીધો સંબંધ ધરાવતી વ્યક્તિનો તથા સમસ્ત સમાજનો હિત સંબંધ ધ્યાનમાં રાખીને, વાજબી અને ખરૂ શુ છે, તે વિશેના તમામ પ્રશ્નોનો.

હાલના રિસ્પોન્ડન્ટ નંબર-૧નો સમાવેશ કામદારની વ્યાખ્યામાં થાય છે. આ સંબંધે માલીકની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે કે જેમાં ૩(૧૪)ની જોગવાઈને જોવામાં આવે તો

INDEX

બી. આઈ. આર. એક્ટમાં કોઈ અન્ડરટેકીંગનું કોઈ સામાન્ય ભાગનુ કામ અન્ય વ્યક્તિને કોન્ટ્રાકટથી આપવાની જોગવાઈ હોય તેવું જણાય આવતું નથી. આમ આ હકીકતોને ધ્યાને લેતાં તેમજ મુળ કેસના રેકર્ડમાં રજુ થયેલ આંક-૬ના લીસ્ટના આંક-૬૧ થી આંક-૬૬ના વાઉચરોને ધ્યાને લેતાં તે બેંકના હોવાનુ અને બેંક દ્વારા સીધા અને આડકતરી રીતે પગાર પેટે રિસ્પોન્ડન્ટ નંબર-૧ ને ચુકવણું કરવામાં આવેલ હોવાના વાઉચરો જણાય આવે છે. આ બાબતને જોતાં એવા સ્પષ્ટ તારણ ઉપર આવી શકાય તેમ છે કે બેંક દ્વારા રિસ્પોન્ડન્ટ નંબર-૧ને શરૂઆતના સમયે સીધા પગારની ચુકવણી કરવામાં આવેલ હોવાનું અને ત્યારબાદ વોચ એન્ડ વોર્ડ કન્સલ્ટન્સી સંસ્થાના કોન્ટ્રાકટરના માધ્યમ દ્વારા પગારની ચુકવણી કરવામાં આવી હોવાનું જણાય આવે છે, કે જે બાબત ઉપરોક્ત કરેલ ચર્ચાઓને ધ્યાને લેતાં એપેલન્ટ બેંકની ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી હોવાનુ કહી શકાય તેમ છે અને આ સંબંધે મજુર અદાલત, જુનાગઢે જે વોચ એન્ડ વોર્ડ કન્સલ્ટન્સી કોન્ટ્રક્ટર સાથે થયેલ કરાર અંગે કોન્ટ્રાક્ટ એક્ટ અન્વયેની લાગુ પડતી જોગવાઈઓ અને નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના કેસમાં આપેલ ચુકાદાની જે ચર્ચા કરેલ છે અને ત્યારબાદ જે તારણનો ઉલ્લેખ કરેલ છે તે તારણ સાથે અત્રેની અદાલત પણ સહમત થાય છે.

૭. વિશેષમાં મુખ્ય રજુઆત એવી છે કે જે એપલન્ટ બેંકની હાલની અરજીમાં આપેલ ૪૨(૪) અન્વયેનો પત્ર બેંકને આપ્યા બાદ અરજદાર દ્વારા ૧૫ દિવસના સમયની રાહ જોવાયેલ નથી અને તેથી મુળ અરજી પ્રિમેચ્યોર બને છે તે રજુઆતને સ્વીકારી શકાય તેમ નથી કારણ કે નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેંચ દ્વારા જે અમરસીંઘ સ્વરૂપસીંઘ અને બીજાઓ અને જગદીશ પ્રોસેસર્સના કેસમાં જે સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે અને તેમાં કાયદાની કલમ ૪૨ અને નિયમ ૫૩ સબંધે જે ઉલ્લેખ કરી ચુકાદાથી જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તે હાલના કેસ સાથે સંબંધકર્તા છે અને તેમાં કલમ ૪૨(૪)ના નિયમ ૫૩ ના ઉદ્દેશની વિગતે નામદાર હાઈકોર્ટ દ્વારા ચર્ચા થયેલ છે અને જેને જોતાં મુળ અરજીમાં અરજદારે જે વિવાદ ઉપસ્થિત કરી અરજી દાખલ કરેલ છે તેને દેખિતી રીતે નિયમસરની ગણી શકાય તેમ છે અને તેથી પણ એપેલન્ટ બેંકની રજુઆતને ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૮. હવે જ્યારે એપેલન્ટ બેંકની રજુઆતોમાં જણાવેલ રિસ્પોન્ડન્ટ નંબર-૧, કે તેઓના કામદાર નથી પરંતુ રિસ્પોન્ડન્ટ નંબર-૨ એટલે કે વોચ એન્ડ વોર્ડના કામદાર છે અને તેથી પણ મજુર અદાલનો હુકમ ગેરકાયદેસર હોવાની જે રજુઆત કરેલ છે, તે સંબંધે ચર્ચા કરવામાં આવે તો બેંકીંગ ઉદ્યોગ માટે લાગુ પડતા નમૂનારૂપ સ્થાયી હુકમોને ધ્યાને લેવા જરૂરી જણાય છે અને જે માટે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ હેઠળ ઘડેલ નમૂનારૂપ સ્થાયી

INDEX

હુકમો કે જે (સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર માટેના) બેંકીંગ વ્યવસાય માટેના છે તેને ધ્યાને લેતાં તેની કલમ-૩માં જે કર્મચારીનુ વર્ગીકરણ કરવામાં આવેલ છે જેમાં ચાર પ્રકારના કર્મચારી બાબતે ઉલ્લેખ કરાયેલ છે. જેમાં કાયમી કર્મચારી, અજમાયશી કર્મચારી, હંગામી કર્મચારી અને શીખાઉ કર્મચારીનો ઉલ્લેખ છે. ઉપરોકત વર્ગીકરણ સીવાયના અન્ય કોઇ કર્મચારીઓ સંબંધમાં સંબંધિત સ્થાયી હુકમમાં કોઇ ઉલ્લેખ નથી. હવે આગળ નમૂનારૂપ સ્થાયી હુકમોમાં કલમ-૪માં નિમણુંક કર્મચારીના હુકમોની જોગવાઇ છે જેમાં નીચે મુજબ ઉલ્લેખ છે.

નિમણુંક વગેરેના હુકમો :

દરેક કર્મચારીને તેની નિમણુંક વેળા, તેને કાયમી કરતી વેળા, તેને બઢતી વેળા અથવા તેનું ફરી વર્ગીકરણ કરતી વેળા, યથા પ્રસંગ, તેની નિમણુંક થયાની, તે કાયમી થયાની, તેને બઢતી આપ્યાનો અથવા તેનું ફરી વર્ગીકરણ કર્યાની બાબત નિર્દિષ્ટ કરતા લેખિત હુકમ બેન્ક દ્વારા આપવામાં આવશે.

આમ ઉપરોકત જોગવાઇને જોતાં હાથ ઉપરના કેસમાં બેંકને વહીવટી નિયમો લાગુ પડે છે. અને તેને ધ્યાને લેતાં હાલના રિસ્પોન્ડન્ટ નંબર-૧ને એપેલન્ટ બેંક દ્વારા કોઇપણ પ્રકારનો નિમણુંકનો હુકમ અપાયેલ નથી તે સ્પષ્ટરીતે છતુ થાય છે અને આ સંબંધે એપેલન્ટ બેંક તરફથી આંક-૭૬ થી જે સિનિયર ઓફિસરશ્રી હિંડોચાનું જે સોગંધનામું રજુ થયું છે તે સોગંદનામાની ઉલટ તપાસના જવાબમાં હિંડોચાએ જણાવેલ છે કે વોચ એન્ડ વોર્ડ કન્સલ્ટન્સીનો કરાર નોંધાયેલ નથી અને અરજદાર ૧૯૯૨ થી ફરજો બજાવતા હતા કે કેમ ? તેનો તેઓને ખ્યાલ નથી. તેમજ તેમની દાખલ તારીખથી દરેક વર્ષમાં ૧૮૦ દિવસથી વધારે હાજરી હોવાનો ખ્યાલ નથી. તેમજ અરજદારની ૧૯૯૪ થી ૧૯૯૬ સુધી કઇ કામગીરી કરતા હતા તેનો પણ ખ્યાલ નથી. એવા જવાબો આપી ૧૯૯૪ થી ૧૯૯૬ ના સમયના વાઉચર રજુ કરવા સંમતિ આપેલ હોવાનો જવાબ રજુ કરેલ છે. આ જવાબોની બાબતને જોવામાં આવે તો મુળ કામે આંક-૬૧ થી આંક-૬૬ના વાઉચરોને જોતાં બેંક દ્વારા દેખિતી રીતે રિસ્પોન્ડન્ટ નંબર-૧ પાસેથી કાયમી પ્રકારની કામગીરી લઇ અને અને નિમણુંક હુકમ ન આપી લાગુ પડતા નમૂનારૂપ સ્થાયી હુકમોનો ભંગ કર્યાનું જણાય આવે છે. આમ જયારે બેંક દ્વારા લાગુ પડતા સ્થાયી હુકમોનો ભંગ થાય ત્યારે કલમ-૪૬ અન્વયે બેંક દ્વારા ગેરકાયદેસરના ફેરફારનું કૃત્ય થયેલ હોવાનું પણ હાલના કેસમાં કહી શકાય તેમ છે. આમ જયારે સંબંધિત રિસ્પોન્ડન્ટ નંબર-૧ એપેલન્ટ બેંકમાં ૧૯૯૨ થી ફરજો બજાવતા હોય ત્યારે તેઓની મૌખિક વિનંતીઓ છતાં જો તેઓને તેમના કામનુ સ્ટેટસ આપવામાં ન આવે તો કાયદાની જોગવાઇને જોતાં તે વ્યક્તિગત રીતે તેમનો વિવાદ ઉપસ્થિત કરવા માટે હકદાર બને છે અને તે સંબંધે કલમ-૭૮નો

INDEX

જોગવાઈ અને કલમ-૭૯ની જોગવાઈ અન્વયે મજુર અદાલત ન્યાય નિર્ણય કરી શકે છે તેવું અદાલતનુ સ્પષ્ટ માનવુ છે અને આમ હાથ ઉપરના કેસમાં રિસ્પોન્ડન્ટ નંબર-૧ દ્વારા મજુર અદાલત સમક્ષ કલમ-૭૮ અને કલમ-૭૯ અન્વયે જે વર્ગીકરણ સંબંધે એટલે કે તેમના સ્ટેટસ સંબંધે જે વિવાદ ઉપસ્થિત કરેલ છે તે વિવાદ શિડ્યુલ-૧ મુજબનો હોવાનુ ગણી શકાય તેમ છે અને તે મુજબ મજુર અદાલતને ઉપસ્થિત કરેલ વિવાદમાં ન્યાય નિર્ણય કરવાની હકુમત પ્રાપ્ત થાય છે અને આ તબક્કે માની લઈએ કે હાલનો વિવાદ બહોળા વર્ગને અસર કરતો છે તો પણ માન્ય મંડળ દ્વારા મુળ કામે કોઈ રજુઆત હોવાનુ જણાય આવતુ નથી આમ રિસ્પોન્ડન્ટ નંબર-૧ ની રજુઆતો અને કાયદાની પરિસ્થિતીને જોતાં તેમનો વિવાદ વ્યક્તિગત રીતે ઉપસ્થિત કરવામાં આવેલ છે. તે ઉપસ્થિત કરવા સક્ષમ છે અને તેથી અરજદારની મુળ અરજી કાયદેસરરીતે ચાલવાપાત્ર બને છે આમ ઉપરોક્ત તમામ ચર્ચાને ધ્યાને લેતાં મુળ અરજીમાં ગુણદોષ ઉપર મજુર અદાલતે જે ન્યાય નિર્ણય કરેલ છે તેમાં અત્રેની અદાલતને હસ્તક્ષેપ કરવા કોઈ યોગ્ય કારણ જણાતું નથી અને આથી તમામ સંજોગો અને હકીકતો જોતાં નીચે મુજબનો હુકમ પસાર કરવામાં આવે છે.

હુકમ

(૧) એપેલન્ટની અપીલ નામંજુર કરવામાં આવે છે અને મજુર અદાલતે મુળ અરજી નંબર ૪/૨૦૦૩ ના કામે તા. ૧૬-૧-૨૦૦૮ ના રોજ પસાર કરેલ હુકમને કાયદેસર, યોગ્ય અને ન્યાયી ઠરાવવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) મજુર અદાલતને અસલ રેકર્ડ મોકલી આપવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૨૦૦૯.

અશ્વિન. બી. પંચાલ
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ.

રાજકોટ, તારીખ ૧૨મી મે, ૨૦૦૯.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૫૨/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઓદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૨ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઓદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી કોમર્શીયલ કો.ઓપ. બેંક લી., જામનગર અને ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૯ના મે માસના ૧૯ માં દિને આથી નોંધ કરૂં છું.

આંક - ૯

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, રાજકોટ સમક્ષ

રીવીઝન અરજી નંબર ૫/૨૦૦૮. (ઇન બી.આઈ.આર. અરજી નં. ૫/૧૯૯૩)

ધી કોમર્શીયલ કો. ઓપ. બેંક લી.,, અરજદાર ;
અંજારીયા ચેમ્બર, દક્ષા માળે,
કે.વી. રોડ, જામનગર.

વિરૂધ્ધ

ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, સામાવાળા.
''રાહબર'', ૮, જાગનાથ પ્લોટ,
રાજકોટ.

હાજર રજ્ઞા :

અરજદાર તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી જે. સી. દોશી,

સામાવાળા તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી પી. એસ. વસાવડા.

ચુકાદો

૧. અરજદાર બેંક તરફે હાલની અરજી ઉપસ્તિત કરી રજુઆત કરવામાં આવેલ છે કે મજુર અદાલત, જામનગર દ્વારા મુળ બી. આઈ. આર. અરજી નંબર ૫/૯૩ના કામમાં આંક-૩૦ હેઠળ જે હુકમ કરવામાં આવેલ છે તે મજુર અદાલતનો હુકમ કાયદાકીય રીતે ટકી શકે તેવો નથી. અને ભૂલભરેલો છે અને તેથી હાલની રીવીઝન અરજી દાખલ કરેલ છે. રીવીઝન અરજીની કાર્યવાહીમાં મુખ્યત્વે જણાવાયેલ છે કે મજુર અદાલતે માઈન્ડ એપ્લાય કરેલ નથી. અને

INDEX

ફાઇલના પેપર વાંચેલ નથી તેમજ અરજદાર બેંકે ઇન્કવાયરીનું ફાઇન્ડીંગ્સ મોકલી આપેલ હોવા છતાં ઇન્કવાયરી ફાઇન્ડીંગ મોકલેલ નથી. વધુ કારણોમાં એવો પણ ઉલ્લેખ છે કે અરજદાર બેંકને લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ સેકન્ડ શો કોઝ નોટીસ આપવાની જોગવાઇ નથી. તેમ છતાં સેકન્ડ શો કોઝ નોટીસ આપેલ નથી તેમ માનીને ખાતાકીય તપાસ કાયદેસર નથી તેવું ઠરાવેલ છે. વધુમાં એવી પણ રજુઆત છે કે ખાતાકીય તપાસમાં સંબંધિત કામદારને બચાવના પ્રતિનિધિ રોકવા દેવામાં આવેલ હોવા છતાં ખાતાકીય તપાસ કાયદેસરની નથી તેવું મજુર અદાલતે ઠરાવેલ છે. અરજદાર બેંકના નામદાર મજુર અદાલતે દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધેલ નથી અને મજુર અદાલતે યોગ્ય, વ્યાજબી અને ન્યાયી કારણો આપેલ નથી, તેવા કારણો રજુ કરી અરજદાર બેંક દ્વારા હાલની રીવીઝન અરજી દાખલ કરી દાદ માંગેલ છે કે મુળ બી.આઇ.આર. અરજી નંબર ૫/૯૩ના કામમાં આંક-૩૦ હેઠળનો મજુર અદાલતના હુકમને ગેરકાયદેસર ઠરાવવા અને તેને રદ કરવા અરજી કરાયેલ છે અને અરજદાર બેંકની રીવીઝન અરજી મંજુર કરવા અને અરજદાર બેંક દ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસને કાયદેસરની ઠરાવવા અને અન્ય દાદ આપવા સંબંધમાં અરજી કરાયેલ છે.

૨. રીવીઝન અરજીના કામે સામાવાળા તરફે ગ્રેજયુઇટીની રકમ મળવા બાબતે રજુઆત થયેલ જે સંબંધે અદાલત દ્વારા ન્યાય-નિર્ણય કરવામાં આવેલ. આંક-૯થી સામાવાળા તરફે ચુકાદાઓની યાદી રજુ થયેલ છે. રીવીઝનના કામે બંને પક્ષકારોએ લંબાણપૂર્વક રજુઆતો કરેલ છે તેમાં અરજદાર બેંક તરફથી મૌખિક દલીલોમાં તેઓની રીવીઝન અરજીનાં કામે કરેલ લેખિત રજુઆતને લંબાણપૂર્વક દોહરાવેલ છે અને મુળ રેકર્ડને દલીલોમાં ઉલ્લેખ કરી ભારપૂર્વકની રજુઆતમાં દર્શાવેલ છે કે સેકન્ડ શો કોઝ નોટીસ અરજદારને આપેલ છે અને કુદરતી ન્યાયના સિધ્ધાંતનું પુરેપુરૂ પાલન કરેલ છે અને ખાતાકીય તપાસની કાર્યવાહી બેંક દ્વારા જે કરાયેલ છે તેને કાયદેસરની ઠરાવવા અરજી કરેલ છે અને મજુર અદાલતના હુકમને ગેરકાયદેસરનો ઠરાવવાની ભારપૂર્વકની દલીલો કરેલ છે. સામાવાળા તરફે પણ લંબાણપૂર્વક દલીલો કરાયેલ છે, જેમાં મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે મુંબઇ ઇન્ડસ્ટ્રીયલ રીલેશન એકટમાં એકટ જે સંસ્થાને લાગુ પડતો હોય ત્યાં વકીલ ઇન્કવાયરી કરી શકે નહી અને તેવા સંજોગોમાં ખાતાકીય તપાસની કરેલ કાર્યવાહીને ગેરકાયદેસરની ઠરાવવી જરૂરી છે. વધુ દલીલમાં એવી પણ રજુઆત છે કે ખાતાકીય તપાસના મુદા અંગે મજુર અદાલતે કરેલ હુકમ સામે અજદાર બેંકની રીવીઝન અરજી ચાલી શકે નહી. આમ ઉપરોકત દલીલોના સમર્થનમાં રીવીઝન અરજીના કામે ચુકાદાઓની યાદી રજુ કરેલ છે તેનો દલીલોમાં લંબાણપૂર્વક ઉલ્લેખ કરેલ છે અને દલીલમાં જણાવાયેલ છે કે ખાસ કરીને જ્યારે બેંક દ્વારા ઇન્કવાયરી કરવાનો પ્રસંગ બને ત્યારે બેંકના ઓફિસર જ ઇન્કવાયરી કરી શકે તેવી દલીલો કરેલ છે અને વધુમાં મજુર અદાલતે જે બીજી કારણદર્શક નોટીસ સંબંધે તારણ કાઢી ખાતાકીય તપાસની કાર્યવાહીને જ ગેરકાયદેસર ઠેરવેલ છે જે મુજર અદાલતનો હુકમ યોગ્ય છે અને જીવન નિર્વાહ ભથ્થા બાબતમાં પણ દલીલો કરી રજુઆત કરેલ છે કે ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરે છે તેવા તારણો મજુર અદાલતે કાઢેલ છે તે કાયદેસરના

INDEX

હોવાનો દલીલમાં ઉલ્લેખ કરેલ છે અને આમ સામાવાળા તરફે દલીલો કરી મજુર અદાલતનો હુકમ યોગ્ય, કાયદેસર અને ન્યાયી હોવાની રજુઆત કરેલ છે.

૩. ઉપરોકત ચર્ચા કર્યા મુજબની બાબતોને ધ્યાનમાં લેતાં અત્રેની અદાલતે નીચેના મુદાઓ બાબતે ન્યાય નિર્ણય કરવાનો રહે છે.

મુદ્દાઓ :

૧. હાલની રીવીઝન અરજીમાં અત્રેની અદાલતને ન્યાય નિર્ણય કરવાની સત્તા છે કે કેમ ?

૨. મુજર અદાલતે આપેલ હુકમ યોગ્ય, કાયદેસર, ન્યાયી અને વ્યાજબી છે કે કેમ ?

જવાબ :

૧. હકારમાં.

૨. હકારમાં.

કારણો :

સૌ પ્રથમ મુદા નંબર-૧ બાબતે વિચારણા કરવામાં આવે તો રીવીઝન અરજીના કામો ઔદ્યોગિક અદાલતની સત્તા અંગે સૌ પ્રથમ ચર્ચા કરીએ તો મજુર અદાલત દ્વારા પ્રથમ દર્શનીય રીતે કોઇ ભૂલ કરવામાં આવી હોય ત્યારે ઔદ્યોગિક અદાલત તેની સત્તાનો ઉપયોગ કરી શકે. તેમજ મજુર અદાલત દ્વારા જ્યારે કોઇ નિર્ણય કરાયેલ હોય અને તે નિર્ણય હકુમત ન હોવા છતાં હકુમતનો ઉપયોગ કરેલ હોય અથવા હકુમત હોવા છતાં હકુમતનો ઉપયોગ કરવામાં આવેલ ન હોય અથવા મજુર અદાલત હકુમતનો ઉપયોગ કરવામાં ગેરકાયદેસર વર્તેલ હોય અથવા તેમાં મહત્વની અનિયમિતતા કરેલ હોય તેવાં સંજોગોમાં ઔદ્યોગિક અદાલતને હસ્તક્ષેપ કરવાની સત્તા છે. હવે હાથ ઉપરના કેસમાં મજુર અદાલતને મળેલ હકુમતનો ઉપયોગ કરીને હુકમ કરેલ છે કે કેમ ? તે જોવામાં આવે તો ખાતાકીય તપાસની કાયદેસરતાના મુદામાં જ્યારે વિવાદ હોય ત્યારે તેને પ્રથમ પ્રાથમિક મુદા તરીકે ન્યાય નિર્ણય મજુર અદાલતે કરવાનો રહે છે અને તે બાબતને જોતાં મજુર અદાલતે આંક-૩૦ અન્વયે જે હુકમ કરેલ છે તે મજુર અદાલતને મળેલ સત્તાનો ઉપયોગ કરીને કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાય આવે છે.

વધુમાં હાથ ઉપરના કેસમાં મજુર અદાલતના આંક-૩૦ અન્વયેના હુકમ સંબંધમાં નારાજ પક્ષકાર એટલે કે અરજદાર બેંક દ્વારા અત્રેની અદાલત સમક્ષ જે રીવીઝન અરજી અન્વયે

INDEX

વિવાદ ઉપસ્થિત કરાયેલ છે તેવો વિવાદ ઉપસ્થિત કરવાનો અરજદાર બેંકને કાયદાકીય અધિકાર છે કે કેમ ? તે અંગે વિચારણા કરવામાં આવે તો મજુર અદાલતના હુકમથી નારાજ થવાથી અરજદાર બેંક તરફે જે રીવીઝન અરજી ઉપસ્થિત કરી છે તે રીવીઝન અરજી ઉપસ્થિત કરવાની અરજદાર બેંકને કાયદેસર રીતે અધિકાર રહેલા છે કારણ કે આ સંબંધમાં સામાવાળા તરફે જે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો રાજકોટ પીપલ્સ કો.ઓપ. બેંક લી., વિરૂધ્ધ ભરત હજારેના કેસનો રજુ થયેલ છે તે ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા અત્રેની અદાલત દ્વારા રીવીઝન અરજીની બાબતમાં આપેલ ચુકાદાને માન્ય ઠરાવેલ છે. આમ નામદાર ગુજરાત હાઈકોર્ટના આ ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સારને જોવામાં આવે તો સંબંધિત કેસમાં મજુર અદાલતના હુકમ સામે રીવીઝન અરજી થયેલ અને જેમાં મજુર અદાલતે ખાતાકીય તપાસની કાર્યવાહીને કાયદેસરની અને યોગ્ય હોવાનું ઠરાવેલ જેથી કામદાર તરફે રીવીઝન અરજી ઉપસ્થિત કરવામાં આવેલ જેમાં ઔદ્યોગિક અદાલતે કલમ-૮૫ અન્વયેની જોગવાઈઓને ધ્યાને લઈ રીવીઝન અરજીનો ન્યાય નિર્ણય કરેલ હતો. આમ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સંબંધિત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સારને ધ્યાને લેતાં અત્રેની અદાલતનું સ્પષ્ટ માનવું છે કે જ્યારે ખાતાકીય તપાસની કાર્યવાહીની કાયદેસરતાના મુદ્દા બાબતમાં મજુર અદાલત દ્વારા ન્યાય નિર્ણય થાય અને તેનાથી નારાજ પક્ષકાર ઔદ્યોગિક અદાલત સમક્ષ બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ની કલમ-૮૫ અન્વયે વિવાદ ઉપસ્થિત કરી શકે છે અને તે વિવાદનો ન્યાય નિર્ણય કરવાની અત્રેની અદાલતને કાયદેસરની સત્તા અને હકુમત છે. આથી હાલની રીવીઝન અરજીમાં અત્રેની અદાલતને ન્યાય નિર્ણય કરવાની સત્તા, હકુમત રહેલા છે તેમ ઠરાવવામાં આવે છે.

૪. મુદ્દા નંબર-૨ સંબંધમાં કારણોની ચર્ચા કરવામાં આવે તો મજુર અદાલતે જે આંક-૩૦ અન્વયે તા. ૧૪-૩-૨૦૦૮ના રોજ આંક-૩૪થી જે ન્યાય નિર્ણય કરેલ છે જેના કારણોમાં મજુર અદાલતે મુખ્યત્વે ખાતાકીય તપાસની કાર્યવાહીમાં વકીલ ઈન્કવાયરી ઓફિસર તરીકે રહી શકે તેવું ઠરાવેલ છે. આ સંબંધે સૌ પ્રથમ કુદરતી ન્યાયના સિધ્ધાંતોના ઉદેશને જોવામાં આવે તો મુખ્ય ઉદેશ કોઈએ પોતાના કેસમાં પોતે ન્યાયધીશ ન બનવું અને કોઈની વિરૂધ્ધનો આદેશ કરતા પહેલા તેઓને જે કહેવું હોય તે કહેવાની તક આપવી જોઈએ. આ બે કુદરતી ન્યાયના મુખ્યત્વે સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા હાથ ઉપરના કેસમાં ખાતાકીય તપાસ કાર્યવાહી કરવા સારૂ ખાતાકીય તપાસ અધિકારી તરીકે બહારના વ્યકિતની નિમણુંક કરાયેલ હોવાનું જણાયેલ છે અને તે વ્યકિત બેંકના ઓફિસર નહી હોવાનું જણાયેલ છે. આ સંબંધિત ઈન્કવાયરી ઓફિસરની નિમણુંક સામે ખાતાકીય તપાસની કાર્યવાહી દરમિયાન કોઈ વાંધો ઉપસ્થીત જે તે સમયે કામદારે કર્યો હોય તેવું જણાય આવતું નથી અને ઉલ્ટાનું સમગ્ર ખાતાકીય તપાસની કાર્યવાહીમાં હાજર રહી બચાવ પ્રતિનિધિ તરીકે કામદાર તેમની પસંદગીના યુનિયનના ઉપપ્રમુખને રાખી ખાતાકીય તપાસમાં ભાગ લધેલ છે. આમ અગાઉ ચર્ચા કરી તે મુજબ

INDEX

સંબંધિત કામદાર સામે કરવામાં આવેલ ખાતાકીય તપાસમાં બહારના વ્યકિતને તપાસ અધિકારી તરીકે નીમવાથી અથવા એડવોકેટને તપાસ અધિકારી તરીકે નીમવાથી કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ભંગ થાય છે તેમ કહી શકાય નહિં તેવું અદાલતનું માનવું છે. વધુમાં હાલનો મુળ વિવાદ ઉપસ્થિત થયો ત્યારે સહકારી બેંકને લાગુ પડતા બેંકીંગ વ્યવસાયના નમૂનારૂપ સ્થાયી હુકમોને ધ્યાને લેવામાં આવે અને તેની કલમ-૨૨(૪)ને ધ્યાને લેતાં તેમજ તેનો ઉલ્લેખ કરવો જરૂરી જણાતો હોઇ જે કરેલ છે.

૨૨. ગેરવર્તણુંક માટે શિક્ષા :

૪. જે કામદારની વિરૂધ્ધ તપાસ કરવાની હોય તેમની સામે ઉપસ્થિત થતા સંજોગો સ્પષ્ટરીતે જણાવાતું સ્પષ્ટતા કરવા જણાવાતું એક તહોમતનામું તેને આપવું તહોમતનો જવાબ આપવાની તેને તક આપવી અને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૩૦ હેઠળ પોતાના પ્રતિનિધિ મારફત બચાવ કરવાની તક આપવી. તપાસ કરનાર અધિકારીએ લેખિત નોંધવાના કારણોસર હોય તે સિવાય, કામદારને સ્વબચાવમાં સાક્ષીઓ રજુ કરવાની અને જેમના પુરાવા ઉપર તહોમતનો આધાર હોય તેવા કોઇ સાક્ષીની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવી. બેમાંથી કોઇ એક પક્ષે આપેલા પુરાવાનો ટુંકસાર અને કામદારની દલીલોની નોંધ કરવી જોઈએ.

ઉપરોક્ત કલમ ૨૨(૪)ને ધ્યાને લેતા કામદારે બચાવ કરવા સારૂ પ્રતિનિધિ રોકવા સંબંધે જોગવાઈનો ઉલ્લેખ છે અને તેમાં મુખ્યત્વે એ જ ઉલ્લેખ છે કે કામદારને તહોમતનામું આપી તેનો જવાબ આપવાની તક આપવી, સાક્ષીઓ રજુ કરવાની અને સાક્ષીઓની ઉલટ તપાસ રજુ કરવાની અને કાર્યવાહીનો ટુંકસાર અને કામદારની દલીલો નોંધ કરવા સંબંધની જોગવાઇ છે. આમ ઉપરોક્ત જોગવાઇને પણ ધ્યાને લેવામાં આવે તો બેંકનો વિવાદ ઉપસ્થિત થયો તે સમયે બેંકનો સ્થાયી હુકમ ન હોય તેમ માની અને નમૂનારૂપ સ્થાયી હુકમોને જોવામાં આવે તો પણ તેમાં એવો ક્યાંય ઉલ્લેખ નથી કે ખાતાકીય તપાસની કાર્યવાહી માત્ર બેંકના ઓફિસર દ્વારા જ કરી શકાય. આમ ઉપરોક્ત બાબતોને ધ્યાને લેતાં સામાવાળાની જે દલીલમાં રજુઆત છે કે ખાતાકીય તપાસની કાર્યવાહી માત્ર બેંકના ઓફિસર જ કરી શકે તે બાબતને ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. આ તબક્કે સામાવાળા તરફે નામદાર રાજસ્થાન હાઇકોર્ટ અને નામદાર કલકત્તા હાઇકોર્ટના જે ચુકાદાને ટાંકેલ છે તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને આ અદાલતે નમ્રતાપૂર્વક સ્વીકાર કરેલ છે પરંતુ સંબંધિત ચુકાદાઓની હકીકતો અને હાથ ઉપરના કેસની હકીકતો ઉપરોક્ત કરેલ ચર્ચાને ધ્યાને લેતાં કઇક અંશે અલગ હોય તેને હાથ ઉપરના કેસમાં લાગુ પાડી શકાય નહી.

૫. હવે મજુર અદાલતે જે હુકમ આપેલ છે તેમાં ઉલ્લેખ કરેલ છે કે સંબંધિત અરજદારને જીવનનિર્વાહ ભથ્થુ પુરેપુરૂ ચુકવેલ ન હોવાને કારણે ખાતાકીય તપાસને ગેરકાયદેસર ઠરાવેલ છે અને તારણમાં નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરેલ છે તે મજુર અદાલતના હુકમમાં

INDEX

કાઢેલ તારણમાં કોઇપણ પ્રકારનો હસ્તક્ષેપ કરવાનું કારણ નથી અને તે મુજબ મજુર અદાલતના હુકમના પેરા-૧૨માં જે તારણ કાઢેલ છે તેમાં પણ હસ્તક્ષેપ કરવાનું કોઇ કારણ જણાતું નથી. આમ છતાં મુળ રેકર્ડને ફરી વખત જોવામાં આવે તો બેંક તરફે જે દલીલ થયેલ છે કે બીજી કારણદર્શક નોટિસ સંબંધિત કામદારને આપેલ છે અને જે તા. ૨૮-૫-૯૩ના રોજ આપેલ છે જે મુળ રેકર્ડમાં આંક-૧૨/૯ થી છે તેને જોતા તેમાં મુખ્યત્વે ઉલ્લેખ છે કે જે પત્રનો અત્રે નીચે ઉલ્લેખ કરવો જરૂરી જણાતો હોય નીચે ઉલ્લેખ કરવામાં આવે છે.

The Commercial Co-op. Bank Ltd.,
Regd./Admn. Office

Anjaria Chambers, 8th Floor, Kashivishwanath Road,
JAMNAGAR-361001.

Ref. No. સીસીબી/૨૨૨/૯૩. Date : ૨૮-૫-૧૯૯૩.

પ્રતિ,
શ્રી પ્રવિણ એસ. મહેતા,
જામનગર.

ભાઇશ્રી,

જયભારત સાથે આથી તમોને જણાવવાનું કે તમોને આપવામાં આવેલા તા. ૨૪મી મે, ૧૯૯૩ના ચાર્જશીટ-શોકોઝ નોટિસના કામની ડોમેસ્ટીક ઇન્કવાયરી તમારી પોતાની તેમજ તમારા પ્રતિનિધિ શ્રી એલ. જે. કનખરાની રૂબરૂમાં કરવામાં આવેલ હતી, આ ડોમેસ્ટીક ઇન્કવાયરીનું ફાઇન્ડીંગ ઇન્કવાયરી ઓફિસર શ્રી એમ. વી. રાવલ સાહેબ તરફથી તા. ૨૪-૫-૯૩નું આવેલ છે જેની ઝેરોક્ષ નકલ આ સાથે મોકલીએ છીએ જેમાં તમારા સામેના ચાર્જશીટમાં બતાવેલા ચાર્જ નંબર ૪ સિવાયના તમારા આક્ષેપો સાબીત થયેલા છે. આ સબંધમાં મેનેજમેન્ટ વિચારણાં બાદ ઘટતો નિર્ણય લેશે તેની નોંધ લેશો.

(સહી) અવાચ્ય,
જનરલ મેનેજર.

બિડાણ : ઉપર મુજબ આ ટપાલ મળેલ છે.
પ્રવિણ એસ. મહેતા

૬. ઉપરોક્ત દસ્તાવેજને ધ્યાને લેવામાં આવે તો પણ અદાલતનું એવુ સ્પષ્ટ માનવુ છે કે બીજી કારણદર્શક નોટિસનો ઉદ્દેશ એ છે કે સંબંધિત કામદાર સામે સાબીત થયેલા આક્ષેપ સંબંધમાં મેનેજમેન્ટ શું પનીશમેન્ટ કરવા માગે છે તે દર્શાવવું જરૂરી છે અને તે સાથે તેનું તારણ બીડવું પણ જરૂરી છે. હવે ઉપરોક્ત આંક ૧૨/૯ના પત્રને ધ્યાને લેતાં સંબંધિત કામદાર સામે સાબીત થયેલ

INDEX

આક્ષેપો સંબંધમાં મેનેજમેન્ટ ખરેખર શું શિક્ષાત્મક પગલા ભરવા માગે છે તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી આથી ૧૨/૯ના પત્રને બીજી કારણદર્શક નોટિસ તરીકે ગણી શકાય નહી તેવું મારુ માનવુ છે. આ તમામ સંજોગોને ધ્યાને લેતાં મજુર અદાલતે જે હુકમ પસાર કરેલ છે તેમાં ખાતાકીય તપાસની કાર્યવાહીને ગેરકાયદેસરની ઠરાવેલ છે તે હુકમમાં અત્રેની અદાલતે કોઈ હસ્તક્ષેપ કરવા જેવું કારણ જણાતું નથી અને આથી હાલની રીવીઝન અરજીએ કાયદેસર રીતે ટકી શકે તેમ ન હોય તેને રદ કરવાનો નિર્ણય કરવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ પસાર કરવામાં આવે છે.

હુકમ

અરજદાર બેંક દ્વારા દાખલ કરેલ રીવીઝન અરજી નંબર ૫/૨૦૦૮ નામંજુર કરવામાં આવે છે અને મજૂર અદાલતે તા. ૧૪-૩-૨૦૦૮ના રોજ આંક ૩૦ની અરજી અન્વયે આંક-૩૪થી પસાર કરેલ હુકમને યોગ્ય, કાયદેસર અને ન્યાયી ઠરાવવામાં આવે છે.

મૂળ રેકર્ડ મજૂર અદાલતને પરત કરવું.

રાજકોટ, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૯

અશ્વિન બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ.

રાજકોટ, તારીખ ૧૨મી મે, ૨૦૦૯.

એમ. ડી. સાતા,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 28, *Gujarat Government Gazette*, Part I—L, dated 9th July, 2009 and for pages VAD-3081 to VAD 3168 (in 1 set) *read* page Nos. 3231 to VAD-3318.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૯મી જુલાઈ, ૨૦૦૯ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલના અંક-૨૮માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૩૦૮૧ થી વીએડી-૩૧૬૮ (૧ બંચમાં) ને પાન નંબર ૩૨૩૧ થી ૩૩૧૮ વાંચવા.

Vadodara , 9th July, 2009.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

સુધારો

વિષય :- ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ (૧) હેઠળ ન્યાય નિર્ણય બાબત. કેસ નં. ૧૦ (૧) ૧૦૦/૦૮.

ક્રમાંક મશ્રઆ/વડો/૮૨૬૨/૨૦૦૯.–ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેથી તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૦૯ના પત્ર ક્રમાંક નાશ્રઆ/વડો/૩૬૮૩/૦૯ ના પત્રથી ઉકત કેસ ન્યાય નિર્ણય અર્થે આપશ્રી તરફ મોકલેલ જે હાલ આપની અદાલતમાં પડતર છે. સદરહુ કેસમાં એસ.ટી. મઝદુર સંઘ વડોદરા વિભાગ દ્વારા તા. ૭-૩-૨૦૦૯ના પત્રથી અરજદારના નામમાં જરૂરી સુધારા બાબતે રજુઆત કરેલ છે. જે સંદર્ભે ઉકત કેસમાં અરજદારના નામમાં સુધારા બાબતે યુનિયનની રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે.

અત્રેથી રજુ કરેલ આપની અદાલતમાં પડતર કેસ નં. આઈ.ડી./૧૦ (૧) ૧૦૦/૦૮માં અરજદારનું નામ : 'જસપાલસિંહ ખોડાભાઈ રાજપુત' લખાયેલ છે જેના બદલે **'જશવંતસિંહ ખોડાભાઈ રાજપુત'** વંચાણે લેવા વિનંતી.

વડોદરા, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૯. **(સહી) અવાચ્ય,**
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

વંચાણે લીધો :- શ્રમયોગી શ્રી કશાજી સોમાજી પરમારનો તા. ૨૬-૩-૦૮નો અરજીપત્ર.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મશ્રઆ/હિંમત/૨૦૦૮/૧૩૬૪/૨૦૦૯.–આ કચેરીના તા. ૨૮મી ઓગસ્ટ, ૨૦૦૩ના હુકમ નં. કેએચ/એસએચએમસી/૯૮/૦૩/એજે/બી/એમ/આઈડીઆર/૧૧૮/૦૬ થી મદદનીશ શ્રમ આયુકતશ્રી હિંમતનગરે શ્રમયોગી શ્રી કેશાજી સોમાજી પરમાર અને સામાવાળા સંસ્થાના પક્ષકાર નં. (૧) બારાની કેન્દ્ર, મુ. ઢાંખરોલ, તા. મોડાસા અને (૨) મદદનીશ નિયામક (જ.સં.), ગુજરાત રાજય જમીન વિકાસ નિગમ, હિંમતનગર વચ્ચેનો ઔદ્યોગિક તકરાર ન્યાય નિર્ણય અર્થે મોકલી આપેલ હતી. હવે તેમાં ઉકત વંચાણે લીધેલ અરજીપત્ર અન્વયે સુધારો કરીને સામાવાળા સંસ્થા પક્ષકાર નંબર (૩) તરીકે સરપંચ/તલાટીશ્રી, બાયડ-ઢાંખરોલ ગ્રામ પંચાયત, મુ.પો. બાયલ ઢાંખરોલ, તા. મોડાસા, જી, સાબરકાંઠાને જોડવામાં આવે છે.

હિંમતનગર, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૯. **કે. બી. લાલવાણી,**
મદદનીશ શ્રમ આયુકત,

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૯૮૩/૫.૨/આઇડીઆર/એજે/૧૨/૦૯.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર આર.એમ.પી. બેરીંગ, રાણપુર, જી. અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું શ્રમ આયુક્ત, ગુ. રા., ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ :

કંપનીમાં વિવિધ ખાતાઓમાં કાચાકામવાલાના નામથી રાખવામાં આવતા હંગામી કામદારોને તેમની દાખલ તારીખ અને સીનીયોરીટી વગેરે ધ્યાનમાં લઈ કુલ ૪૯ (લીસ્ટમાં સામેલ છે.) જેટલા કામદારોને તારીખ ૧-૬-૦૭ના રોજથી કાયમી કરી કાયમી કામદારોને ચુકવવામાં આવતા પગાર ગ્રેડ તથા બીજા ઇતર તમામ લાભો ચુકવવા કે કેમ ? અને પગાર તફાવતની રકમ ચુકવી આપવી કે કેમ ?

માંગણી નં. ૨ :

આ માંગણીનો અમલ તાત્કાલિક કરવો કે કેમ ?

INDEX

આરએમપી બેરીંગ લીમીટેડ-રાણપુરના કાચાકામવાળા કામદારોનું લીસ્ટ

અ.નં.	કામદારનું નામ	દાખલ તારીખ
૧.	જયંતિભાઈ નારણભાઈ	૧/૮/૨૦૦૩.
૨.	ભુપતભાઈ મફાભાઈ	૭/૪/૨૦૦૨.
૩.	વજાભાઈ પુંજાભાઈ	૪/૪/૨૦૦૩.
૪.	વલ્લભભાઈ મફાભાઈ	૨૪/૨/૨૦૦૩.
૫.	માનુભાઈ ભીખાભાઈ	૧૫/૫/૨૦૦૩.
૬.	યાસીનભાઈ કરીમભાઈ	૨૫/૧૨/૨૦૦૩.
૭.	કાળુભાઈ ગટોરભાઈ	૨૨/૮/૨૦૦૩.
૮.	પંકજભાઈ ઘનશ્યામભાઈ	૧/૭/૨૦૦૪.
૯.	વિપુલભાઈ રમણીકલાલ	૧૩/૭/૨૦૦૪.
૧૦.	કલ્પેશભાઈ વિનુભાઈ	૧૦/૩/૨૦૦૪.
૧૧.	વિપુલભાઈ લાલજીભાઈ	૧૦/૫/૨૦૦૪.
૧૨.	ધર્મેશભાઈ વિનુભાઈ	૭/૯/૨૦૦૪.
૧૩.	લક્ષ્મણભાઈ કરમશીભાઈ	૧૨/૭/૨૦૦૪.
૧૪.	મુન્નાભાઈ ભીખાભાઈ	૨૫/૪/૨૦૦૪.
૧૫.	મેહુલભાઈ મેરામભાઈ	૧૫/૯/૨૦૦૪.
૧૬.	રમેશભાઈ લક્ષ્મણભાઈ	૯/૮/૨૦૦૪.
૧૭.	ઈશ્વરભાઈ પ્રાણજીભાઈ	૨/૯/૨૦૦૪.
૧૮.	યુનુસભાઈ ઈકબાલભાઈ	૧૦/૨/૨૦૦૫.
૧૯.	રાકેશભાઈ વ્રજલાલભાઈ	૫/૬/૨૦૦૫.
૨૦.	ભરતભાઈ ઉકાભાઈ	૩/૯/૨૦૦૫.
૨૧.	હિંમતભાઈ ભીખાભાઈ	૬/૯/૨૦૦૫.
૨૨.	કીર્તીભાઈ ત્રિભોવનભાઈ	૯/૯/૨૦૦૫.
૨૩.	ઈમરાનબાઈ ઈકબાલભાઈ	૧૦/૯/૨૦૦૫.
૨૪.	રમેશભાઈ વિરાભાઈ	૨૩/૮/૨૦૦૫.
૨૫.	નજીરભાઈ નુરાભાઈ	૨૨/૯/૨૦૦૫.
૨૬.	બશીરભાઈ અહેમદભાઈ	૨૦/૧૦/૨૦૦૫.
૨૭.	મુસ્તાકભાઈ હારુનભાઈ	૩/૭/૨૦૦૫.
૨૮.	ધુળાભાઈ જીવાભાઈ	૨૫/૭/૨૦૦૫.
૨૯.	અશ્વિનભાઈ છનાભાઈ	૧૦/૮/૨૦૦૫.

INDEX

અ.નં.	કામદારનું નામ	દાખલ તારીખ
૩૦.	મહેશભાઈ હકાભાઈ	૧૦/૮/૨૦૦૫.
૩૧.	ફારુકભાઈ દાદનભાઈ	૧૧/૨/૨૦૦૬.
૩૨.	મનજીભાઈ પોપટભાઈ	૧૧/૨/૨૦૦૬.
૩૩.	બળદેવભાઈ મનસુખભાઈ	૧૧/૨/૨૦૦૬.
૩૪.	કરશનભાઈ ભીખાભાઈ	૧૬/૧/૨૦૦૬.
૩૫.	કૈલાશભાઈ જીવરાજભાઈ	૭/૭/૨૦૦૬.
૩૬.	દલસુખભાઈ રૂપાભાઈ	૧/૨/૨૦૦૬.
૩૭.	વિપુલભાઈ થોભણભાઈ	૩/૫/૨૦૦૬.
૩૮.	ફિરોજભાઈ મહંમદભાઈ	૧૧/૩/૨૦૦૬.
૩૯.	નસીદભાઈ અહેમદભાઈ	૯/૫/૨૦૦૬.
૪૦.	પ્રવિણભાઈ નરસીંહભાઈ	૯/૧૦/૨૦૦૬.
૪૧.	પ્રવિણભાઈ જયંતિભાઈ	/૨૦૦૩.
૪૨.	યુવરાજસિંહ રણજિતસિંહ	/૧૦/૨૦૦૫.
૪૩.	ખનીબેન ગનીબાઈ	પાંચ વર્ષ.
૪૪.	સવિતાબેન મેઘાભાઈ	પાંચ વર્ષ.
૪૫.	ઇલ્યાસભાઈ યાકુબભાઈ	પાંચ વર્ષ.
૪૬.	નજીરભાઈ નુરાભાઈ	પાંચ વર્ષ.
૪૭.	વસંતબા મલેકસાબ	પાંચ વર્ષ.
૪૮.	ફતુબેન ઉસ્માનભાઈ	છ વર્ષ.
૪૯.	બશીરભાઈ મહંમદભાઈ	/૧૦/૨૦૦૫.

અમદાવાદ, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૯૮૫/૫.૨/આઇડીઆર/એજે/૧૨/૦૯.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર બ્રેડી એન્ડ મોરીસ એન્જીનીયરીંગ કંપની લી., અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું શ્રમ આયુક્ત, ગુ. રા., ગાંધીનગર આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ "અ"

અ.નં. માંગણીઓ :

(૧) બેઝીક પગાર અંગે ગ્રેડેશન :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોનો સમાવેશ ગ્રેડ-એ માં કરી તેમના બેઝીક પગારમાં નીચે મુજબનો વધારો તા. ૧-૪-૨૦૦૮ના રોજથી આપવો કે કેમ ?

તા. ૧-૪-૨૦૦૮ થી માસિક રૂા. ૪૦૦૦-૦૦.

તા. ૧-૪-૨૦૦૯ થી માસિક રૂા. ૪૦૦૦-૦૦.

તા. ૧-૪-૨૦૧૦ થી માસિક રૂા. ૪૦૦૦-૦૦.

INDEX

(૨) ફીકસ ડી.એ. :

કન્ઝયુમર્સ પ્રાઇઝ ઇન્ડેક્ષ ૧૯૬૦ = ૧૦૦ ગણીને ૧૦૦ પોઇન્ટ માટે માસિક રૂા. ૫૦૦-૦૦ ફીકસ ડી.એ. કામદારોને આપવું કે કેમ ?

(૩) વેરીએબલ ડી.એ. :

કન્ઝયુમર્સ પ્રાઇઝ ઇન્ડેક્ષ ૧૯૬૦ = ૧૦૦ ગણીને ૧૦૦ પોઇન્ટ ફીકસ ડી.એ. તરીકે બાદ કરીને ૧ પોઇન્ટના વધારા માટે દરેક પોઇન્ટ દીઠ રૂા. ૨-૦૦ વેરીએબલ ડી. એ. તરીકે કામદારોને આપવું કે કેમ ?

(૪) રજાઓ :

૧. હક્ક રજા :

સંસ્થામાં કામ કરતા કામદારોને દર વરસે ૩૦ દિવસની હક્ક રજા ભર પગારે આપવી કે કેમ ?

૨. કેજયુઅલ રજા :

સંસ્થામાં કામ કરતા કામદારોને દર વરસે ૧૫ દિવસની કેજયુઅલ રજા ભર પગારે આપવી કે કેમ ?

૩. જાહેર તહેવારની રજાઓ :

સંસ્થામાં કામ કરતા કામદારોને દર વરસે ૧૫ દિવસની જાહેર તહેવારની રજા ભર પગારે આપવી અને તહેવારની રજાઓના દિવસો યુનિયન સાથે અગર તો કામદાર સાથે ચર્ચા વિચારણા અને વાટાઘાટો કરી નક્કી કરવા કે કેમ ?

(૫) કન્વેયન્સ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા કામદારોને માસિક રૂા. ૧૫૦૦-૦૦ કન્વેયન્સ એલાઉન્સ પેટે આપવા કે કેમ ?

(૬) વોશીંગ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા કામદારોને માસિક રૂા. ૨૫૦-૦૦ વોશીંગ એલાઉન્સ પેટે આપવા કે કેમ ?

INDEX

(૭) હાઉસ રેન્ટ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને હાઉસ રેન્ટ એલાઉન્સ પેટે માસિક રૂા. ૧૫૦૦-૦૦ આપવા કે કેમ ?

(૮) એજયુકેશન એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૧૦૦૦-૦૦ એજયુકેશન એલાઉન્સ પેટે આપવા કે કેમ ?

(૯) મેડીકલ એલાઉન્સ :

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસિક રૂા. ૧૦૦૦-૦૦ મેડીકલ એલાઉન્સ પેટે આપવા કે કેમ ?

(૧૦) એલ.ટી.સી. :

સંસ્થામાં કામ કરતા કામદારોને દર વરસે દિવાળીના તહેવાર નિમિત્તે અગર તો ઉનાળાના વેકેશન પહેલા એક ફૂલ પગાર એલ.ટી.સી. પેટે આપવો કે કેમ ?

(૧૧) યુનિફોર્મ :

સંસ્થામાં કામ કરતા કામદારોને દર વરસે ૪ જોડી સારી કવોલીટીના યુનિફોર્મ દર વર્ષના જુન માસના અંત સુધીમાં આપવા કે કેમ ?

(૧૨) બુટ-મોજા :

સંસ્થામાં કામ કરતા કામદારોને દર વરસે બે જોડી સારી કવોલીટીના બૂટ-મોજા આપવા કે કેમ ?

અમદાવાદ, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૯૯૬/૫.૨/આઇડીઆર/એજે/૧૫/૦૯.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) ગુડલાસ નેરોલેક પેઈન્ટસ લી., અમદાવાદ (૨) કોન્ટ્રાકટરશ્રી, ઈબ્રાહીમભાઈ આઈ. મલેક (૩) કોન્ટ્રાકટરશ્રી, કાલેખાન પઠાણ (૪) કોન્ટ્રાકટરશ્રી બચુભાઈ વાઘેલા, સ્ટેશનરોડ, વટવા, (૫) કોન્ટ્રાકટરશ્રી, રામભાઈ પરમાર ઠે. વટવા, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧-૧૭૩-આઇડીએ-૧૦૨૦૦૧-૬૦૭-મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે. શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું શ્રમ આયુક્ત, ગુ. રા., ગાંધીનગર આથી ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧.–આ સાથે સામેલ પરિશિષ્ટ ''અ''માં જણાવ્યા મુજબના કાયમી કામદારો તથા કહેવાતા કોન્ટ્રાકટરના કામદારોને તા. ૨૮-૧૨-૨૦૦૧ના રોજથી જયા સુધી નોકરી ઉપર ન રાખે ત્યાં સુધી પડેલા દિવસોના પુરા પગાર, આનુષાંગિક લાભો, તથા કાયમી કામદારોને મળતા લાભો સહિત તેમને મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

INDEX

પરિશિષ્ટ "અ"

અ.નં.	કામદારનું નામ	કહેવાતા	દાખલ તારીખ	છુટા કર્યા તારીખ
૧.	અસ્ફાક એસ. સૈયદ	કાલેખાન	૧-૬-૯૩	૨૮-૦૨-૦૧
૨.	સઈદઅહેમદ એસ. સૈયદ	,,	૫-૭-૮૮	,,
૩.	રમેશભાઈ એમ. મેઘા	બચુભાઈ વાઘેલા	૧-૪-૯૩	,,
૪.	વિનોદ કાનાજી વણજારા	,,	૭-૫-૯૨	,,
૫.	ભરતભાઈ ડાહયાભાઈ	,,	૫-૭-૯૫	,,
૬.	રફીક એ. શેખ	કાલેખાન	૯-૪-૯૬	,,
૭.	મો. સીદીક એચ. સૈયદ	સંસ્થાના	૫-૧-૯૩	,,
૮.	બંસીભાઈ કાનાજી	બચુભાઈ	૫-૮-૯૪	,,
૯.	લાલભાઈ શનાભાઈ ભોઈ	,,	૧૦-૪-૮૭	,,
૧૦.	નાસીરખાન એસ. પઠાણ	,,	૨-૩-૮૯	,,
૧૧.	ધર્મીષ્ઠાબેન એસ. પટેલ	,,	૩-૫-૮૭	,,
૧૨.	ડાહયાભાઈ વણઝારા	,,	૫-૧-૯૩	,,
૧૩.	બાબુજી ચેહરાજી	,,	૫-૬-૮૮	,,
૧૪.	અૈયુબખાન સવેખાન	,,	૫-૭-૯૫	,,
૧૫.	રમેશભાઈ કીશનભાઈ કહાર	,,	૧-૪-૯૩	,,
૧૬.	સુરેશભાઈ ડાહયાભાઈ	ઈબ્રાહીમ	૭-૬-૯૫	,,
૧૭.	જાકીરહુસેન જી. શેખ	,,	૧-૨-૯૦	,,
૧૮.	સુરેશ એલ. જાદવ	કાલેખાન	૨-૫-૮૮	,,
૧૯.	દશરથભાઈ એમ. ઠાકોર	બચુભાઈ	૮-૧૦-૮૭	,,
૨૦.	આરીફ જી. શેખ	કાલેખાન	૭-૧-૯૫	,,
૨૧.	જાકીર એચ. સૈયદ	,,	૫-૧-૯૩	,,
૨૨.	ગુલાબખાન કે. પઠાણ	,,	૫-૫-૮૮	,,
૨૩.	મોહંમદરજજા કે. બુખારી	સંસ્થાના	૧૯૯૬	,,
૨૪.	હેમુભાઈ બી. ચુનારા	રામાભાઈ	૧૯૯૬	,,
૨૫.	નાસીર એમ. શેખ	ઈબ્રાહિમભાઈ	૧-૧-૯૭	,,
૨૬.	કનુભાઈ એસ. ઠાકોરના વારસાદર	બચુભાઈ વાઘેલા	૫-૧૦-૯૯	,,

અમદાવાદ, તારીખ ૩૦મી માર્ચ, ૨૦૦૯.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

સુધારો

વંચાણે લીધો : આ કચેરીના તારીખ ૨૨-૧-૧૯૯૭ના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/૧૦૦/એજે/આઈડીઆર/૫, ૬, ૭/૦૧.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મશ્રઆ/વલ/આઈડીઆર/સુધારો/૧૫૬૮/૨૦૦૯.—આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે ઉપરોકત વંચાણે લીધેલ હુકમમાં નીચે મુજબનો સુધારો કરવો ઇષ્ટ છે. અને તે મુજબ મુળ હુકમમાં અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સુધારો કરવામાં આવે છે. જે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ-૧ના કલોઝ 'સી' થી મળેલ સત્તાની રૂએ હું, એમ. એચ. મંદાની, મદદનીશ શ્રમ આયુકત વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮-૫-૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫/આઈસીઈ/૧૦૯૯/૫૩૨૦-મ (૪) થી રચાયેલ વલસાડ જિલ્લાની મજુર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય અર્થે લખી મોકલું છું.

અનુસૂચિ

મુળ હુકમની વિગત	પક્ષકાર સંસ્થાનું નામ
થેમીસ કેમીકલ્સ લી., ૬૯/જી.આઈ.ડી.સી., વાપી જી. વલસાડ.	થેમીસ મેડીકેર લી., ૬૯/જી.આઈ.ડી.સી., વાપી જી. વલસાડ.

વલસાડ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૯.

એમ. એચ. મંદાની,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

સુધારો

વંચાણે લીધો : આ કચેરીના તારીખ ૫-૧૦-૨૦૦૦ના હુકમ ક્રમાંક કેએચ/એસએચ-એમસી/૭૨૦૩/એજે/આઈડીઆર/૧૨૨/૦૨.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મશ્રઆ/વલ/આઈડીઆર/સુધારો/૧૫૭૨/૨૦૦૯.—આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે ઉપરોકત વંચાણે લીધેલ હુકમમાં નીચે મુજબનો સુધારો કરવો ઇષ્ટ છે. અને તે મુજબ મુળ હુકમમાં અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સુધારો કરવામાં આવે છે. જે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ-૧ના કલોઝ 'સી' થી મળેલ સત્તાની રૂએ હું, એમ. એચ. મંદાની, મદદનીશ શ્રમ આયુકત વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮-૫-૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫/આઈસીઈ/૧૦૯૯/૫૩૨૦-મ (૪) થી રચાયેલ વલસાડ જિલ્લાની મજુર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય અર્થે લખી મોકલું છું.

અનુસૂચિ

મુળ હુકમની વિગત	પક્ષકાર સંસ્થાનું નામ
જયસીંથ ડાયસ્ટફ (ઈ) લી. પ્લોટ નં. ૨ જી.આઈ.ડી.સી., વાપી જી. વલસાડ.	થેલોકલર્સ ઈન્ડીયા લી. પ્લોટ નં. ૨. જી.આઈ.ડી.સી., વાપી જી. વલસાડ.

વલસાડ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૯.

એમ. એચ. મંદાની,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

સુધારો

વંચાણે લીધો : આ કચેરીના તારીખ ૨૪-૯-૯૬ના હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૪૮૧/એજે/આઈડીઆર/૭૦૧ થી ૭૦૨/૦૨.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક મશ્રઆ/વલ/આઈડીઆર/સુધારો/૧૫૭૬/૨૦૦૯.–આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે ઉપરોકત વંચાણે લીધેલ હુકમમાં નીચે મુજબનો સુધારો કરવો ઈષ્ટ છે. અને તે મુજબ મુળ હુકમમાં અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સુધારો કરવામાં આવે છે. જે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા કલમ-૧ના કલોઝ 'સી' થી મળેલ સત્તાની રૂએ હું, એમ. એચ. મંદાની, મદદનીશ શ્રમ આયુકત વલસાડ આથી શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮-૫-૨૦૦૦ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫/આઈસીઈ/૧૦૯૯/૫૩૨૦-મ (૪) થી રચાયેલ વલસાડ જિલ્લાની મજુર અદાલત, વલસાડને આ તકરાર તેના ન્યાય નિર્ણય અર્થે લખી મોકલું છું.

અનુસૂચિ

મુળ હુકમની વિગત	પક્ષકાર સંસ્થાનું નામ
સ્ટર્લીંગ કોમ્પોનન્ટસ અબ્રામા, જી. વલસાડ	સિલ્કેન ઈન્ડસ્ટ્રીઝ, મુ. પો. ધમડાચી, પીરુફળિયા.

વલસાડ, તારીખ ૨૫મી માર્ચ, ૨૦૦૯.

એમ. એચ. મંદાની,
મદદનીશ મજુર કમિશનર,
વલસાડ.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આઈડીએ/સુ/૪૫/૨૦૦૯/આઈડીઆર/એજેએસ/૨૦૦૯.—નીચે સહી કરનારનો એવો અભિ-ાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જીવરાજ ટી કંપની અને જીવરાજ ટી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી. પ્લોટ નં. ૫૩૮, જી. આઈ. ડી. સી., સુરત અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એન્િલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકતશ્રી સુરતને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ-૧ (બી) થી મળેલી સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ મજુર અદાલત નં. ૨ સુરતને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

કન્શી. કેસ. નં. ૭૯/૦૮

પરિશિષ્ટ

માંગણી નં. (૧) સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને નીચે મુજબનો માસિક પગાર વધારો કરવો કે કેમ ?

કુશળ કામદાર

તા. ૧/૪/૨૦૦૭થી તા. ૩૧/૩/૦૮ સુધીના માસે રૂા. ૯૦૦/-

તા. ૧/૪/૨૦૦૮ થી તા. ૩૧/૩/૦૯ સુધીના દર માસે રૂા. ૭૦૦/-

તા. ૧/૪/૨૦૦૯ થી તા. ૩૧/૩/૧૦ સુધીના દર માસે રૂા. ૫૦૦/-

INDEX

અર્ધ-કુશળ કામદાર

તા. ૧/૪/૨૦૦૭ થી તા. ૩૧/૩/૦૮ સુધીના દર માસે રૂા. ૮૦૦/-

તા. ૧/૪/૨૦૦૮ થી તા. ૩૧/૩/૦૯ સુધીના દર માસે રૂા. ૬૦૦/-

તા. ૧/૪/૨૦૦૯ થી તા. ૩૧/૩/૧૦ સુધીના દર માસે રૂા. ૪૫૦/-

અકુશળ :

તા. ૧/૪/૨૦૦૭ થી ૩૧/૩/૦૮ સુધીના દર માસે રૂા. ૭૦૦/-

તા. ૧/૪/૨૦૦૮ થી ૩૧/૩/૦૯ સુધીના દર માસે રૂા. ૬૦૦/-

તા. ૧/૪/૨૦૦૯ થી ૩૧/૩/૧૦ સુધીના દર માસે રૂા. ૫૦૦/-

માંગણી નં. ૨:- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને મોંઘવારી ભથ્થું તા. ૧/૪/૨૦૦૭ થી તા. ૩૧/૩/૦૮ સુધીના દર માસે રૂા. ૯૦૦/- તા. ૧/૪/૨૦૦૮ થી તા. ૩૧/૩/૦૯ સુધીના દર માસે રૂા. ૭૦૦/- તા. ૧/૪/૨૦૦૯ થી તા. ૩૧/૩/૧૦ સુધીના દર માસે રૂા. ૫૦૦/- મોંઘવારી ભથ્થું આપવું કે કેમ ?

માંગણી નં. ૩ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને નીચે જણાવ્યા મુજબની હક્ક રજાઓ આપવી કે કેમ ?

(૧) **હક્ક રજા**:- તા. ૧/૪/૨૦૦૭ થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે ૨૧ દિવસની ભરપગારી હક્ક રજા આપવી કે કેમ ?

(૨) તા. ૧/૪/૨૦૦૭ થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે ૩ થી ૪ દિવસની આકસ્મિક રજા આપવી કે કેમ ?

(૩) તા. ૧/૪/૨૦૦૭ થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે ૧૦ દિવસની કેઝ્યુઅલ રજા તથા સી. એલ. રજા દર મહીને ચાર વખત ભોગવવા દેવી કે કેમ ?

(૪) તા. ૧/૪/૨૦૦૭ તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે ડોક્ટરી પ્રમાણપત્ર મુજબ ભરપગાર માંદગીની રજા આપવી કે કેમ ?

INDEX

(૫) તા. ૧/૪/૨૦૦૭થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે નીચે જણાવ્યા મુજબની તહેવારની રજા આપવી કે કેમ ?

(૧) ૨૬મી જાન્યુઆરી
(૨) મહોરમ
(૩) હોળી
(૪) ધુળેટી
(૫) ૧લી મે
(૬) રમઝાન ઈદ
(૭) બકરી ઈદ
(૮) ૧૫મી ઓગસ્ટ
(૯) ૨જી ઓક્ટોબર
(૧૦) જન્માષ્ટમી
(૧૧) રક્ષાબંધન
(૧૨) દશેરા
(૧૩) હિન્દુ નવુ વર્ષ
(૧૪) દિવાળી
(૧૫) ભાઈબીજ
(૧૬) નાતાલ
(૧૭) મહા શિવરાત્રી
(૧૮) રામનવી
(૧૯) ૧૪મી જાન્યુઆરી મકરસંક્રાતી

તેમજ યાદી મુજબના કામદારોને દર મહિને બે શોર્ટ લીવ એક કલાક, અને એક હાફ ડે રજા ચાલુ પગારે આપવી કે કેમ ?

માંગણી નં. ૪ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭ થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર મહીને ઘરભાડાના રૂા. ૧૦૦૦/- આપવા કે કેમ ?

માંગણી નં. ૫ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર મહીને મળતા માસિક પગાર ઉપરાંત કન્વેયન્સના રૂા. ૭૫૦/- આપવા કે કેમ ? તથા સંસ્થામાં નોકરી પર આવવા-જવા માટે ટ્રાવેલીંગ એલાઉન્સના રૂા. ૭૫૦/- અલગથી આપવા કે કેમ ?

માંગણી નં. ૬ :- ઓળખ કાર્ડ સદર માંગણી સમાધાન કાર્યવાહીમાં દાખલ કરેલ નથી.

માંગણી નં. ૭ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર મહિને મળતા માસિક પગાર ઉપરાંત વોશીંગ એલાઉન્સના રૂા. ૩૦૦/ આપવા કે કેમ ?

INDEX

માંગણી નં. ૮ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર મહિને મળતા માસિક પગાર ઉપરાંત પ્રોડકશન ઈન્સેન્ટીવના રૂા. ૫૦૦/ આપવા કે કેમ ?

માંગણી નં. ૯ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર મહિને મળતા માસિક પગાર ઉપરાંત એલ. ટી. એ. ના રૂા. ૧૫૦૦/ આપવા કે કેમ ?

માંગણી નં.૧૦ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી ડકબેક કંપનીના રેઈનકોટ અને છત્રી આપવી કે કેમ ?

માંગણી નં.૧૧ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી યુનીફોર્મ તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે બે જોડી લાબી બાંયના શર્ટનું કાપડ તથા પેન્ટનું કાપડ રેમન્ડ કંપનીનું આપવું કે કેમ ? તથા સિલાઈ પેટે પૈસા ચુકવવા કે કેમ ? તથા પહેરવેશની કાપડની ક્વોલીટી રંગ, ચેકસ તથા લાઈનીંગવાળું કાપડ યુનીયન પ્રતિનિધિ નક્કી કરશે કે કેમ ? તેમજ તે દર વર્ષે જાન્યુઆરી માસની ૩૧ પહેલા આપવા કે કેમ ?

માંગણી નં. ૧૨:- આ માંગણી સમાધાન કાર્યવાહીમાં દાખલ કરેલ નથી.

માંગણી નં.૧૩ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે રૂા. ૮૦૦/- એજયુકેશન એલાઉન્સના નાણાં હાલના પગાર ઉપરાંત ચુકવવા કે કેમ ?

માંગણી નં.૧૪ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી દર વર્ષે બેંકમાં જમા કરાવવા તેમજ અગાઉના ગ્રેજયુઈટીના નાણાં તાત્કાલિક બેંકમાં જમા કરાવવા કે કેમ ?

માંગણી નં.૧૫ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે દિવાળીના સમયે બક્ષિસ આપવી કે કેમ ? તથા એક કિલો મીઠાઈ અને એક કિલો ડ્રાઈફ્રુટ આપવું કે કેમ ?

માંગણી નં.૧૬ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે ૨૦% બોનસ દિવાળીનાં એક માસ અગાઉ ચુકવવું કે કેમ ?

INDEX

માંગણી નં.૧૭ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે શિયાળામાં બે મફલર, બે સ્વેટર, અથવા જેકેટ તથા બે ગરમ ટોપી તથા બે જોડી મોજા ઉત્તમ બ્રાન્ડનાં આપવા કે કેમ તથા તેની ક્વોલીટી તથા કલર યુનીયન પ્રતિનિધિ નક્કી કરશે કે કેમ ?

માંગણી નં.૧૮ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી બે બુટ અથવા ચંપલ આપવા કે કેમ ? તથા સીવીલ શુઝ દરેક વર્ષે કામદારોને લીબર્ટી બ્રાન્ડના આપવા કે કેમ ? જેની ક્વોલીટી યુનીયન પ્રતિનિધિ નક્કી કરી શકશે કે કેમ ? તેમજ તે જાન્યુઆરી માસની ૩૧મી તારીખ સુધીમાં આપવા કે કેમ ? તથા બે જોડી પગનાં મોજા આપવા કે કેમ ?

માંગણી નં.૧૯ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી દર વર્ષે હાથ મોજા રબરના, હાથ ધોવા માટે સાબુ તથા રૂમાલ (કોટનના) આપવા કે કેમ ? તથા ફરજ દરમ્યાન રીશેષમાં અથવા ચોમાસાની ઋતુમાં કામદારોને દરેક શીફ્ટ અગાઉ એક કલાક અગાઉ એન્ટ્રી કરવા તથા કપડા બદલવા માટે એક આરામ રૂમની સગવડ આપવી કે કેમ?

માંગણી નં.૨૦ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી દર માસે તમામ દિવસોમાં હાજર રહેતા કામદારોને પ્રોત્સાહન મળે માટે તે માટે બે દિવસોના પુરો પગાર એટેન્ડન્ટ એલાઉન્સ તરીકે આપવો કે કેમ ?

માંગણી નં.૨૧ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી કન્ઝ્યુમર લોન રૂા. ૨૫૦૦૦/- તથા મકાન મિલ્કતની લોન રૂા. ૧૦૦૦૦૦/- સુધીની વ્યાજ મુક્ત લોન આપવી કે કેમ ? તથા જેના હપ્તા સરળ રાખવા કે કેમ ? જેથી કામદારને પોતાના કુટુંબના જીવન નિર્વાહમાં મુશ્કેલી ન પડે.

માંગણી નં.૨૨ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી ૧૨ હપ્તાથી કપાત થઈ શકે તેવી રીતે વર્ષે રૂા. ૬૦૦૦/- ફુડ એલાઉન્સ આપવું કે કેમ ?

માંગણી નં.૨૩ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોને તા. ૧/૪/૨૦૦૭થી ૩૧/૩/૨૦૧૦ સુધી મફત દવા સારવાર આપવી કે કેમ ? તથા સંસ્થામાં કામ કરતાં કામદાર તથા તેના કુટુંબના સભ્યો માટે એક એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી આપવી કે કેમ ?

INDEX

માંગણી નં.૨૪ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોમાંથી જે કામદાર કામ દરમ્યાન શારિરીક તંદુરસ્તીને નુકશાન જે વિભાગમાં થતો હોય તે વિભાગના કામદારોને દૈનિક રૂા. ૨૦/- નો વધારો કરી મુળ પગારમાં ચુકવી આપવો કે કેમ ?

માંગણી નં.૨૫ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોમાંથી તા. ૧/૧/૨૦૦૭થી તા. ૩૧/૩/૨૦૦૭ સુધી જુથ વિમા યોજનામાં સાંકળી તેઓના રૂા. ૨૦૦૦૦/- સુધીનું પ્રિમીયમ સંસ્થા દ્વારા ભરી ગૃપ ઈન્સ્યુરન્સનો લાભ આપો કે કેમ ?

માંગણી નં.૨૬ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોમાંથી કોઈ કામદારનું સંસ્થામાં કે સંસ્થા બહાર નોકરી દરમ્યાન મૃત્યુ થાય તો તે કામદારના પરીવારને સહાય માટે કંપનીમાં કામ કરતાં કામદારોનો એક દિવસનો ગ્રોસ પગાર કાપી તેમાં કંપનીએ જે રકમના ત્રણ ગણા ઉમેરી કામદારના કાયદેસરના વારસદારને આપવા કે કેમ ? તેમજ કામદારનું મૃત્યુ થાય અથવા તેના પરીવારના સભ્યનું મૃત્યુ થાય તે કામદાર અથવા તેના પરીવારને અંતિમ ક્રિયા માટે રૂા. ૧૦,૦૦૦/- તાત્કાલિક આપવા કે કેમ?

માંગણી નં.૨૭ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોના પ્રશ્નો તથા રોજબરોજની ફરીયાદ માટે અને કામદારો યુનીયનનો સંપર્ક કરી શકે અને મીટીંગો કરી શકે તે માટે ફર્નીચર સાથે ઓફીસની સગવડ તા. ૧/૪/૨૦૦૭થી આપવી કે કેમ ? તથા યુનીયનના કામો માટે મીટીંગો માટે કામદારોને અને કર્મચારીઓને વધુમાં વધુ ત્રીસ દિવસની રજા આપવી કે કેમ ?

માંગણી નં.૨૮ :- સંસ્થામાં કામ કરતાં નામાવલી મુજબના કામદારોની સદર માંગણીનો આમલ તા. ૧/૪/૦૭ થી તા. ૩૧/૩/૨૦૧૦ સુધીની રાખવી કે કેમ ? તથા નવું માંગણી પત્રક ન મોકલાય ત્યાં સુધી માંગણી પત્રકના કરેલ કરારનામાના કામી લાભો ચાલુ રાખવા કે કેમ ?

સુરત, તારીખ ૨૬મી માર્ચ, ૨૦૦૯.

એમ. વી. જાડેજા
નાયબ શ્રમ આયુકત,
સુરત.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૬/૨૦૦૯.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રીલાયન્સ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ, અમદાવાદ અને તેના શ્રમયોગી શ્રી જગદીશભાઇ પ્રેમજીભાઇ પરમાર વચ્ચેની છે.

હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક : કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. એસ. પરમાર, મદદનીશ શ્રમ આયુક્ત, પાટણ, આથી મજુર અદાલત, પાલનપુરને સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી જગદીશભાઇ પ્રેમજીભાઇ પરમારને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

પાટણ, તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૯.

એમ. એસ. પરમાર,
મદદનીશ શ્રમ આયુક્ત,
પાટણ.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૮/૨૦૦૯.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) કાર્યપાલક ઈજનેરશ્રી, ડીસા સિંચાઇ વિભાગ, ડીસા (૨) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સમૌ સિંચાઇ પેટા વિભાગ મુ. સમૌ, તા. ડીસા, જિ. બનાસકાંઠા અને તેના શ્રમયોગી શ્રી જયંતીજી કપુરજી ઠાકોર વચ્ચેની છે.

હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક : કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. એસ. પરમાર, મદદનીશ શ્રમ આયુક્ત, પાટણ, આથી મજુર અદાલત, પાલનપુરને સદરહું તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

